# શ્રી ભાવના કલ્પલતા

## ભાગ ૧ લો

કર્તા

આચાર્યશ્રી વિજયપદ્મસૂરિઃ

॥ श्री नेमिपद्म ग्रंथमाला पुष्प – ६ ॥

॥ ॐ नमः श्री सिद्धचक्राय ॥

તપોગચ્છાધિપતિ–શાસનસમ્રાટ્–સૂરિચક્રચક્રવર્તિ–જગદ્ગુરૂ–
આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વર ચરણ-
કિંકર વિનેયાણુ શ્રી વિજયપદ્મસૂરિપ્રણીતા.

# ॥ શ્રી ભાવના કલ્પલતા ॥

ભાગ ૧ લો [ અનિત્ય ભાવના ]

卐

: આર્થિક સહાયક :
શેઠ હઠીસિંહ કેસરીસિંહના પૌત્ર શેઠ દલપતભાઈ
મગનભાઈના સ્મરણાર્થે તેમના સધર્મચારિણી
સુશ્રાવિકા લક્ષ્મીબાઈ
ઠે. જેસંગભાઈની વાડી : અમદાવાદ.

卐

: પ્રકાશક :
શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભાના કાર્યવાહક
શેઠ ઈશ્વરદાસ મૂલચંદ

[ [illegible] ] ૨-૫૦

અમદાવાદ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસમાં
શા. મણિલાલ છગનલાલે છાપ્યું
ઠે. ઘીકાંટારોડ, નોવેલ્ટી ટોકીઝ પાસે

# ॥ ભવ્ય જીવોએ સવારે ઉઠતાં આ પ્રમાણે ભાવના ભાવવી જોઇએ ॥

॥ હરિગીત છંદ ॥

સાગર સમો આ ભવ કહ્યો પ્રભુએ ઉચિત તે જાણજે,
બહુ જન્મ ઘડપણ મરણ પામી ત્યાં ભરેલ વિચારજે;
આધિ ઉપાધિ વ્યાધિ જલ કલ્લોલ મોટા ઉછળે,
બહુ ભેદ ચાર કષાય જલચર ચાર દિશિએ સંચરે. ૧

હું કોણ? કઇ રીતે મળ્યો? દુર્લભ મનુજભવ આ મને,
દૃષ્ટાંત દશ દુર્લભપણામાં જાણ તું ગુરૂની કને;
જિનધર્મ પામ્યો પ્રબલ પુણ્યે જીવ! જે સુરતરૂ સમો,
તસ સાધના કેવી કરી? ત્યાં પ્રેમ છે કે અણગમો. ૨

નિજ લાળના તંતુ થકી વીંટાય જેમ કરોળીઓ,
આધિ ઉપાધિ તંતુઓથી મુજ વીંટાયો જીવડો;
નીચ મોહના જુલ્મે કરી ભવ કેદખાનામાં પડયો,
બળિયો છતાં હું રાંકડો થઈ ચાર ગતિમાં આથડયો. ૩

મોહે કર્યા જુલ્મો ઘણા અગીઆરમા ગુણઠાણથી,
ભલભલાને ભોંય પટકયા ના ડગાઇશ એહથી;
હું અને મારૂં આ મંત્રે આંધળી દુનિયા કરી,
વનમાંય પેઠો તોય મોહે આત્મચિંતા ના કરી. ૪

ભવમાં ટકયા કાયમ નહિ કોઇ ભલે તીર્થંકરા,
ચક્રી હરિ બલદેવ પંડિત મૂર્ખ રૈયત નૃપ ભલા;
સદ્રૂપ કે નીરૂપ આયુ તૂટતાં પરભવ ફરે,
ચલના ન રેણા બોધ વચનો બુધ જનો ના વિસ્મરે. ૫

કરતો ગુલામી સર્વની આશા તણો કિંકર બની,
દ્રવ્યના લોભે તને પરવા જરી ના પાપની;
સાચા સુખો ઝટ સાધજે દાસી બનાવી આશાને,
નિત ભાવજે નૃપ બોધદાયક સંતના દૃષ્ટાંતને. ૬

સર્વતન્ત્રસ્વતન્ત્ર-શાસનસમ્રાટ-સૂરિચક્રચક્રવર્ત્તિ જગદ્ગુરૂ

તપોગચ્છાધિપતિ-ભટ્ટારક

## આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વર:



**જન્મ**-વિ. સં. ૧૯૨૯
**કાર્તિક શુ. ૧ મહૂવા**

**દીક્ષા**-વિ. સં. ૧૯૪૫
જ્યેષ્ટ સુદ ૭
ભાવનગર

**ગણિપદ**-વિ. સં. ૧૯૬૦
કાર્તિક વદ ૭
**વળા (વલ્લભિપુર)**

**પંન્યાસપદ**-વિ. સં. ૧૯૬૦
માગસર સુદ ૩
વળા (વલ્લભિપુર)

**સૂરિપદ**-વિ. સં. ૧૯૬૪
જ્યેષ્ટ સુદ ૫ ભાવનગર

*

Krishna Printery, Ahmedabad

॥ ॐ अर्हं नमः ॥

## ॥ શ્રી ગુરૂમહારાજના હસ્તકમલમાં સમર્પણ ॥

મદીયાત્મોદ્ધારક, પરમોપકારિ, પરમગુરૂ, સુગૃહીત નામધેય,
પૂજ્યપાદ, પ્રાતઃસ્મરણીય, શ્રીગુરૂ મહારાજ!

આપશ્રીજી મધુમતી (મહુવા) નગરીના રહીશ પિતાશ્રી દેવ ગુરૂ ધર્માનુરાગી શેઠ લક્ષ્મીચંદ અને માતુશ્રી દીવાલીબાઇના કુલદીપક પુત્ર છો. વિ. સં. ૧૯૨૯ ની કાર્ત્તિક સુદ એકમના જન્મ દિનથી માંડીને લગભગ સોલ વર્ષની નાની ઉંમરે સંસારને કડવા ઝેરની જેવો માનીને અગણ્ય સદ્‌ગુણ નિધાન પરમ ગુરૂ શ્રીવૃદ્ધિવિજયજી (શ્રી વૃદ્ધિચંદ્રજી) મહારાજજીની પાસે શ્રી ભાવનગરમાં વિ. સં. ૧૯૪૫ ના જેઠ સુદ સાતમે સિંહની પેઠે શૂરવીર બનીને પરમ કલ્યાણકારી અને હૃદયની ખરી બાદશાહીથી ભરેલી પ્રવ્રજ્યાને (દીક્ષા) પૂરેપૂરા ઉલ્લાસથી ગ્રહણ કરીને સિંહની પેઠે સાધી રહ્યા છો, અને આપશ્રીજીએ અગાધ બુદ્ધિબલથી જલ્દી સ્વપર સિદ્ધાંતનો ઉંડો અભ્યાસ કર્યો, અને ન્યાય વ્યાકરણાદિ વિવિધ વિષયના પુષ્કલ વિશાલ ગ્રંથોની રચના કરીને સુંદર સાહિત્ય સેવા કરવા ઉપરાંત અપૂર્વ દેશના શક્તિના પ્રભાવે અભક્ષ્યરસિક, ઉન્માર્ગગામી અગણ્ય મહારાજાદિ ભવ્ય જીવોને સદ્ધર્મના રસ્તે દોરીને હદપાર ઉપકાર કર્યો છે. તેમજ આપશ્રીજીના અગણ્ય સદ્‌ગુણોને જોઇને મોટા ગુરૂભાઇ, ગીતાર્થ શિરોમણિ, શ્રમણકુલાવતં-સક, પરમપૂજ્ય, પંન્યાસજી મહારાજ શ્રીગંભીરવિજયજી ગણિવરે તમામ સિદ્ધાંતોની યોગોદ્વહનાદિ ક્રિયા વિગેરે યથાર્થ વિધાન કરાવીને મહા પ્રાચીન શ્રી વલ્લભીપુર (વળા) માં આપશ્રીજીને વિ. સં. ૧૯૬૦ ના કારતક વદી સાતમે ગણિ-

પદથી અને માગશર સુદ ત્રીજે પંન્યાસપદથી વિભૂષિત કર્યા. અને શ્રી ભાવનગરમાં વિ. સં. ૧૯૬૪ ના જેઠ સુદ પાંચમે તપાગચ્છાધિપતિ, ભટ્ટારક, આચાર્યપદથી અલંકૃત કર્યા. આપશ્રીજી રત્નની ખાણ જેવા શ્રી સંઘની અને તીર્થાદિની સેવા પ્હેલાંની માફક હાલ પણ પૂરેપૂરા ઉલ્લાસથી કરી રહ્યા છો. તથા આપશ્રીજીના અમોઘ ઉપદેશથી દેવગુરૂ ધર્માનુરાગી સંઘવી શેઠ માણેકલાલ મનસુખભાઇ ભગુભાઇ વિગેરે ઘણાંએ ભવ્ય જીવોએ છરી પાલતાં વિશાલ સંઘ સમુદાય સહિત તીર્થાધિરાજ શ્રી શત્રુંજયાદિ મહાતીર્થ યાત્રા અંજનશલાકા વિગેરે ઉત્તમ ધાર્મિક ક્ષેત્રોમાં લક્ષ્મીનો સદુપયોગ કર્યો અને કરે છે. તેમજ આપશ્રીજીએ મારા જેવા ઘણાંએ ભવ્ય જીવોની ઉપર શ્રી જૈનેન્દ્રી દીક્ષા, દેશવિરતિ વિગેરે મોક્ષના સાધનો દઇને કદી પણ ન ભૂલી શકાય તેવા અનહદ ઉપકારો કર્યા છે અને કરો છો. વિગેરે લોકોત્તર ગુણોથી આકર્ષાઇને અને આપશ્રીજીએ મારી ઉપર કરેલા અનન્ત ઉપકારોને યાદ કરીને આપશ્રીજીના પસાયથી બનાવેલો આ શ્રી ભાવના કલ્પલતા નામનો સાર્વજનિક સરલ ગ્રંથ પરમ કૃપાલુ આપશ્રીજીના કરકમલમાં સમર્પીને હું મારા આત્માને ધન્ય માનું છું, અને નિરંતર એજ ચાહું છું કે આપશ્રીજીના પસાયથી (૧) પ્રાકૃત સંસ્કૃત ગુજરાતી વિગેરે ભાષામાં આવા સાર્વજનિક સરલ ગ્રંથોની રચના કરીને શ્રી સંઘાદિ પવિત્ર ક્ષેત્રોની ભક્તિ કરવાનો શુભ અવસર (૨) આપશ્રીજી જેવા ગુરૂદેવ (૩) શ્રી જૈનેન્દ્ર શાસનની સેવા (૪) નિર્મલ નિરભિલાષ સંયમ જીવન (૫) પરોપકાર વિગેરે સંપૂર્ણ આત્મરમણતાના સાધનો મને ભવોભવ મળે. ॥ નિવેદક: આપશ્રીજીના ચરણકિંકર

નિર્ગુણ વિનેયાણુ **પદ્મ**ની વંદના. ॥

તપોગચ્છાધિપતિ-શાસનસમ્રાટ-સૂરિચક્રચક્રવર્ત્તિ જગદ્ગુરૂ—આચાર્ય
મહારાજશ્રી વિજયનેમિસૂરિશ્વર ચરણકિંકર વિનેયાણુ-**વિજયપદ્મસૂરિ**



**જન્મ**—વિ. સં. ૧૯૫૫ વૈશાખ સુદ ૩ અમદાવાદ
**દીક્ષા**—વિ. સં. ૧૯૭૧ માગશર વદ ૨ તલાજા (શોભાવડ)
**ગણિપદ**—વિ. સં. ૧૯૮૨ ફાગણ વદ ૫ પાટણ
**પંન્યાસપદ**—વિ. સં. ૧૯૮૨ ફાગણ વદ ૧૨ પાટણ
**ઉપાધ્યાયપદ**—વિ. સં. ૧૯૮૮ મહા સુદ ૫ સેરીસામહાતીર્થ
**આચાર્યપદ**—વિ. સં. ૧૯૯૨ વૈશાખ સુદ ૪ અમદાવાદ.

**Krishna Printery, Ahmedabad.**

॥ ओँ नमोऽभीष्टदेवादिवर्गाय ॥

॥ णमो तवगण गयण दिणयर–सूरिचक्कचक्कवट्टि–
जगगुरु–परमपुज्ज–परमकिवालु–परमगुरु–आयरिय
सिरि विजयणेमिसूरीणं ॥

## પ્રસ્તાવના

॥ आर्यावृत्तम् ॥

मुग्गहिय नाम धिज्जं, तित्थुद्धारप्पमिट्ठकप्पयरं ॥
सपरसमयविण्णाणं, तवगच्छाहीसरं विउहं ॥१॥
सीलसुगंध सरीरं, समयपयत्थोवएसगं धीरं ॥
आयंसजीवणं तं, वंदे गुरुणेमिसूरिमहं ॥ २ ॥

ધર્મવીર પ્રિય બંધુઓ ! આપણું અદ્વિતીય અવિચ્છિન્ન પ્રભાવશાલી ત્રિકાલાબાધિત વિશ્વમંડલ વિજયવંત સત્યાર્થ દર્શક સર્વ દર્શન વ્યાપી શ્રી જૈનેન્દ્ર દર્શન તમામ બીજા દર્શનોમાં શ્રેષ્ઠ ગણાય છે, તે વ્યાજબીજ છે. કારણ કે તેજ ( જૈન દર્શન ) બીજા તમામ દર્શનોને કોઇનો પણ પક્ષ લીધા સિવાય યોગ્ય ન્યાય દેવાને સમર્થ છે. માટે આનું નામ નિષ્પક્ષ દર્શન સુપ્રસિદ્ધ છે. તથા તેજ તમામ પદાર્થોના દ્રવ્ય ગુણ પર્યાયોની સત્ય અને સંપૂર્ણ બીના નિષ્પક્ષપાત ભાવે જણાવે છે. આજ મુદ્દાથી તેની સમસ્ત વિશ્વમંડલમાં વિજયધ્વજા ફરકી રહી છે. અને આ ( જૈન દર્શન )ની સાથે હરિફાઇ કરી શકે, તેવું એક પણ દર્શન છેજ નહિ. માટે જ આ ( જૈન દર્શન ) અદ્વિતીય ( અજોડ ) કહેવાય છે. અને દરેક પદાર્થનો પૂરેપૂરો તત્ત્વ બોધ મેળવવાને માટે જેમ બીજા સાધનોની જરૂર પડે છે, તેવી રીતે અપેક્ષા જ્ઞાનની તેથી પણ

વધારે જરૂરિયાત જણાય છે. આવી તમામ અપેક્ષાઓની તરફ લક્ષ્ય રાખીને સચોટ વસ્તુ તત્ત્વને સમજાવનારૂં એક જૈન દર્શન જ છે. માટે તે "**સ્યાદ્વાદ દર્શન**" આવા નામથી પણ અનેક સ્વપર શાસ્ત્રોમાં ઓળખાયું છે. બીજાઓ જેમ જણાવે છે, તેમ આ જૈન દર્શન એમ પણ નથી કહેતું કે–આત્માદિ અને ધર્માસ્તિકાયાદિનું સ્વરૂપ આમજ છે. આ મુદ્દાથી આને "અનેકાંત દર્શન" પણ કહી શકાય. આ બાબતમાં વિવિધ પ્રકારે પદાર્થ તત્ત્વને સચોટ સમજાવવાને સંસ્કૃતાદિ ભાષામાં સાડી ત્રણ ક્રોડ શ્લોક પ્રમાણે ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર, દ્વ્યાશ્રય કાવ્યાદિ વિવિધ ગ્રંથોની રચના કરીને સમસ્ત વિશ્વમંડલમાં જે મહા સમર્થ પ્રતિભાશાલી મહાપુરૂષે અનહદ ઉપકાર કર્યો છે, તેમજ જેમના સંબંધમાં પુનાની ડેક્કન કોલેજના પ્રોફેસર ડૉ. પીટર્સને હાઈસ્કુલમાં ભણતા બ્રાહ્મણ વિદ્યાર્થીઓની પાસે ભાષણ કરવાના પ્રસંગે આ પ્રમાણે જણાવ્યું હતું કે–" હે મારા વ્હાલા વિદ્યાર્થીઓ! આજે હું જે મહાપુરૂષનું ચરિત્ર કહેવાને તમારી આગળ ઉપસ્થિત થયો છું, તે આદર્શ જીવન ચરિત્રને સાંભળવામાં તમે લગાર પણ બેદરકારી કરશો નહિ. જો કે તે મહાપુરૂષ તમારા (બ્રાહ્મણ) ધર્મના ન હતા, તો પણ મારે નિખાલસ હૃદયથી જરૂર કહેવું જોઈએ કે–' આ ભાગ્યવંતી ભારત ભૂમિના ચળકતા કોહીનૂર (હીરા) હતા." તે કોણ? તો કે" કલિકાલ સર્વજ્ઞ આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ" આ પ્રમાણે (પીટર્સને) મુક્તકંઠે પ્રશંસા કરી હતી, તેમજ એવો એક પણ વિષય (બાબત) અવશિષ્ટ (બાકી રહેલ) નથી, કે જેની ઉપર તેઓશ્રીએ પોતાની લેખિની (લેખણ;

કલમ) ન ચલાવી હોય. એટલે ન્યાય વ્યાકરણ સાહિત્ય ચરિત્રાદિના અપૂર્વ પુષ્કલ ગ્રંથોના બનાવનારા તે સદ્દગુણ-સંપન્ન મહાપ્રતિભાશાલી કલિકાલસર્વજ્ઞ આચાર્ય મહારાજ [1]શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે ' અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા " નામના ન્યાયગર્ભિત સ્તુતિગ્રંથમાં ત્રિશલાનંદન કાશ્યપ-ગોત્રીય ચરમ તીર્થંકર શાસનાધિરાજ સમતાનિધાન પ્રભુ શ્રી મહાવીરદેવની સ્તુતિ કરતાં જણાવ્યું છે કે—

॥ उपजातिवृत्तम् ॥

अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद् ।
यथा परे मत्सरिणः प्रवादाः ॥
नयानशेषानविशेषमिच्छन् ।
न पक्षपाती समयस्तथा ते ॥ १ ॥

**સ્પષ્ટાર્થ**—હે પ્રભો ! બીજા દર્શનો એક બીજાના મતનું ખંડન કરવામાં બહાદુરી માની રહ્યા છે. અને એકેક નયના વિચારને (ગેર વ્યાજબી છતાં) વ્યાજબી ગણીને જુદા જુદા નામને ધારણ કરે છે. અહીં દૃષ્ટાંત તરીકે સમજવું કે એકલા ઋજુસૂત્ર નય નામના ચોથા નયના વિચારને આધારે બૌદ્ધદર્શન પ્રકટ થયું. બીજા સંગ્રહ નયમાંથી વેદાંતમત પ્રકટ થયો. તથા પ્હેલા નૈગમનયમાંથી સાંખ્યનો યોગમત અને વૈશેષિક મત (આ બે મત) પ્રકટ થયા. અને શબ્દ

---

૧ જન્મ વિ. સં ૧૧૪૫ કાર્તિક સુદ ૧૫ ધંધુકા, નામ ચંગદેવ. દીક્ષા વિ. સં. ૧૧૫૦ માં, શ્રી દેવચંદ્રસૂરિજીની પાસે, નામ મુનિશ્રી સોમચંદ્ર. સૂરિપદ વિ. સં. ૧૧૬૬ અખાત્રીજ વિજય મુહૂર્ત, નામ શ્રી હેમચંદ્રસૂરિજી, સ્વર્ગવાસ વિ. સં. ૧૨૨૯ માં ૮૪ વર્ષની ઉંમરે.

બ્રહ્મ જ્ઞાનીનો મત શબ્દ નયમાંથી પ્રકટ થયો. પરંતુ જૈન-દર્શન એક એવું ઉત્તમ દર્શન છે કે જે સર્વ નયોથી ગુંથાએલું છે. એટલે તમામ નયોને ભેગા કરીને દરેક પદાર્થોના નિર્દોષ સ્પષ્ટ સ્વરૂપને જણાવે છે, માટેજ તે બધા દર્શનોમાં ઘણું શ્રેષ્ઠ છે, એમ પ્રત્યક્ષ દેખાય છે. આ બાબતમાં જુઓ સાક્ષિપાઠ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

बौद्धानामृजुसूत्रतो मतमभूद्वेदान्तिनां संग्रहात् ।
सांख्यानां तत एव नैगमनयाद्योगश्च वैशेषिकः ॥
शब्दब्रह्मविदोऽपि शब्दनयतः सर्वैर्नयैर्गुम्फिता ।
जैनी दृष्टिरितीह सारतरता प्रत्यक्षमुद्वीक्ष्यते ॥१॥

આ પ્રમાણે જેમ તેઓ જુદા જુદા નામને ધારણ કરે છે, તેમ 'મારૂં એ સાચું' આ કહેવત પ્રમાણે અઘટિત (ગેરવ્યાજબી) વિચારને પણ સાચો ઠરાવવાને માટે ખૂબ તનતોડ મ્હેનત કરે છે. અને છેવટે પૂર્ણ સમજણના અભાવે પદાર્થ તત્ત્વનો ખરેખરો સંગીન નિર્ણય ન થાય, ત્યારે તેઓ એક બીજાની તરફ જાણે ઇર્ષ્યા ભાવ કે અભિમાન ધારણ ન કરતા હોય, તેવા દેખાય છે. આ બધાએ કરતાં ન્યાયાધીશ જેવું જૈન દર્શન પક્ષપાત રાખ્યા વગર સાચી ભૂલ સમજાવીને દરેક નય (દર્શન)ને સન્માર્ગમાં ચાલવા શાંતિ ભરી શીખામણ આપે છે. આ મુદ્દાથી આપશ્રીજીનું પરમ પવિત્ર ત્રિપુટી શુદ્ધ (જૈન) દર્શન નિષ્પક્ષપાતી (પક્ષપાત વગરનું) કહેવાય, એમાં નવાઇ શી? અને આપે તે સંપૂર્ણ જ્ઞાન (કેવલજ્ઞાન) પ્રકટ થયા બાદ પ્રકાશ્યું છે, તેથી તેમાં કોઈ પણ બાબતની

લગાર પણ ઓછાશ સંભવતી જ નથી, આ પ્રસંગે એ પણ જરૂર યાદ રાખવા જેવું છે કે–જેવી રીતે એક પૈડાથી રથ ચલાવાય જ નહિ, અને એક હાથથી તાલી વાગે નહિ, તથા એક સૂતરના તાંતણાથી કૂવામાં પડેલા (લોટા વિગેરે) પદાર્થ બ્હાર કાઢી શકાય જ નહિ, તેમ ( આ ત્રણ દૃષ્ટાંતે કરીને ) તમામ દ્રવ્ય ગુણ પર્યાયોનો બરાબર સચોટ અને સાચો બોધ એકેક નયના આધારે કોઈ દિવસ થઇ શકે જ નહિ.

આવા આવા ઘણાં મુદ્દાઓની તરફ લક્ષ્ય રાખીને મહાશીલ પૂર્વધરાદિ પૂર્વાચાર્ય ભગવંતોએ જૈનદર્શનને સમુદ્ર (સાગર)ની જેવું કહ્યું છે, અને બીજા દર્શનોને નદીઓની જેવા કહ્યા છે. આજ બીનાને એક મહાકવિએ નીચે જણાવેલા શ્લોકમાં કહી છે. તે આ પ્રમાણે—

[1]उदधाविव सर्व सिंधवः, ।
समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ॥
न च तासु भवान्प्रदृश्यते ।
प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥१॥

---

૧. મલધારી શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે શ્રી અનુયોગદ્વાર સૂત્રની સરલ ટીકા બનાવી છે. તેમાં પણ આ શ્લોક કહ્યો છે. શ્રી અનુયોગદ્વાર સૂત્ર અને શ્રીનંદીસૂત્ર સર્વ આગમ શાસ્ત્રોમાં પ્રવેશ કરવાને માટે કુંચી જેવા છે. અહીં અનુયોગદ્વાર સૂત્રમાં ઉપક્રમ નિક્ષેપ અનુગમ નયાદિની અને શ્રી નંદીસૂત્રમાં પાંચ જ્ઞાનની બીના વધારે પ્રમાણમાં આવે છે. આ સૂત્રની પ્રાકૃતમાં ચૂર્ણિ છે. તેના આધારે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ટીકા બનાવી, અને તે બંનેની મલધારી શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે સરલ ટીકા બનાવી છે.

સ્પષ્ટાર્થ—હે નાથ! જેવી રીતે સમુદ્રમાં ઘણી નદીઓ સમાઇ જાય, તેવી રીતે આપના મહાસાગરની જેવા જૈનદર્શનમાં ( નદીઓની જેવા ) બીજા બધા દર્શનો સમાઇ જાય છે. એમ હાથમાં રહેલા આમળાની માફક પ્રત્યક્ષ અનુભવ સિદ્ધ જણાય છે. વળી બીજા દરેક દર્શનમાં હાલ પણ જે આગીયા જીવના શરીરના પ્રકાશની જેવો જે લાઇટ દેખાય છે, તે પણ પોતાના વિચારને અનુસારે જૈનદર્શનમાંથી ગ્રહણ કરેલા એકેક અંશને જ આભારી છે. તેથી સ્પષ્ટ જણાય છે કે બીજા દર્શનો અધૂરા છે. અને પૂરેપૂરૂં વ્યાજબી આપેક્ષિક જ્ઞાન દઇ શકતા નથી. આમ જણાવવાનું તાત્પર્ય એ છે કે–અન્ય દર્શન તરીકે પ્રસિદ્ધ એવા દરેક દર્શનના નેતાઓ સંપૂર્ણ જ્ઞાનવાળા નથી. કારણ કે મોહાદિ ચાર ઘાતી કર્મોને દૂર કર્યાં નથી. એટલે આઠે કર્મોમાં મોહનીય કર્મ મુખ્ય છે. જેમ લશ્કરમાં સેનાધિપતિની મુખ્યતા હોય છે, તેવી રીતે અહીં પણ મોહનીય કર્મની મુખ્યતા છે અને તે દુઃખે કરીને જીતી શકાય, તેવું છે. માટે જ ક્ષપકશ્રેણિમાં પ્હેલાં મોહનીય કર્મનો ક્ષય કરવો પડે છે. અને ત્યાર બાદ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય કર્મનો ક્ષય થાય, ત્યારે કેવલજ્ઞાન થાય. આવું જ્ઞાન જેને પ્રકટ થયું હોય, તેના કહેવામાં લગાર પણ ફેરફાર કે ઓછાશ હોય જ નહિ. સત્ય પરિસ્થિતિ આમ હોવાથી એકાંતવાદીઓએ એકાંતવાદને જણાવવાના અવસરે અનેક બાબતમાં અનેકાંતવાદ સ્વીકાર્યો હોય, એમ તેમના ઘણાં ગ્રંથોમાં દેખાય છે. આ બાબતને અહીં વિસ્તારે કહેવાનો હાલ પ્રસંગ નથી, અવસરે જણાવીશું. આમાંથી સાર એ નીકળે છે કે પરમ તારક શ્રી જૈનેન્દ્ર દર્શને જ

મોક્ષાદિના સાધન વિગેરેને કષ છેદ તાપની શુદ્ધિને જણાવવા પૂર્વક પૂરેપૂરી નિર્દોષ સરલ પદ્ધતિએ જણાવવા સમર્થ છે. આવા જ વિશાલ આશયથી મંત્રીશ્વર [1]વસ્તુપાલે પોતાના મરણની નજીકના ટાઇમે સર્વ જીવોને ખમાવરાવ્યા, (૧)

---

૧. વસ્તુપાલ તેજપાલ એ બંને બંધુઓ ધોળકના વીરધવળ રાજાના મંત્રીઓ હતા, તેમણે ૧૩૦૦ નવાં જિનમંદિરો, અને બાવીસસો જીર્ણોદ્ધાર કરાવ્યા. સવા લાખ જિનબિંબ ભરાવ્યા. તથા શ્રી આબુની ઉપર કરોડો રૂપિયા ખરચી જિનમંદિરો બંધાવ્યા. અહીં વસ્તુપાલની સ્ત્રી અનુપમાદેવીએ અને તેજપાલની સ્ત્રી લલિતાદેવીએ શ્રી નેમિનાથના મંદિરમાં પેસતાં બે બાજુ અઢાર લાખ રૂપીઆ ખરચી બે ગોખ (લા) કરાવ્યા. હાલ તે 'દેરાણી જેઠાણીના ગોખલા' આ નામથી ઓળખાય છે. બંને મંત્રીઓએ ૯૮૪ પૌષધશાલાઓ બંધાવી હતી. અને સાત કરોડ સોનામ્હોરો ખરચીને સોનાની તથા મસીની શાહીથી તાડપત્ર અને ઉત્તમ કાગળોની ઉપર આગમના ગ્રંથો લખાવીને સાત સરસ્વતી ભંડાર કરાવ્યા. તેમણે વિ. સં. ૧૨૮૫ માં શત્રુંજય ગિરિનારની ચતુર્વિધ સંઘસહિત પ્હેલીવાર યાત્રા કરી, ત્યારે તેમની સાથે (૧) હાથીદાંતના મંદિરો ૨૪, (૨) લાકડાંના મંદિરો ૧૨૦ હતા. (૩) ગાડાં ૪૫૦૦ (૪) પાલખીઓ ૭૦૦ (૫) કારીગરો ૩૦૦ (૬) આચાર્ય ભગવંતો ૭૦૦ (૭) શ્વેતાંબર મુનિવરો ૨૦૦૦, તથા દિગંબરો ૧૧૦૦ અને સાધ્વીઓ ૧૯૦૦ તથા ૪૦૦૦ ઘોડા, બે હજાર ઉંટ, સર્વ મળી યાત્રાળુ ૭ લાખના પ્રમાણમાં હતા. પહેલી યાત્રાની બીના જણાવી. એ પ્રમાણે અધિક અધિક આડંબરથી સાડીબાર યાત્રાઓ કરી હતી. વિશેષ બીના વસ્તુપાલ ચરિત્ર, પ્રબંધ ચિંતામણિ, વિવિધ તીર્થકલ્પ, ઉપદેશ તરંગિણી વિગેરે ગ્રંથોમાંથી જોઈ લેવી. મંત્રી વસ્તુપાલ વિ. સં. ૧૨૯૮ ભાદ્રપદ સુદ દશમે સ્વર્ગવાસ પામ્યા.

શ્રી અરિહંત (૨) સિદ્ધ (૩) સાધુ (૪) કેવલી ભગવંતે કહેલ ત્રિપુટી શુદ્ધ ધર્મ આ ચાર[૧] શરણાંને અંગીકાર કર્યા.[૨]દુષ્કૃત્યની ગર્હા અને સુકૃતની અનુમોદના કરીને તીર્થાધીશ્વર પરમ પૂજ્ય અનંત તીર્થંકર ગણધરાદિ સમલંકૃત શ્રી સિદ્ધ ગિરિરાજની સામે બંને હાથ જોડીને આ પ્રમાણે ભાવના ભાવી હતી કે—

**यन्मयोपार्जितं पुण्यं, जिनशासनसेवया ॥**
**जिनशासनसेवंव, तेन मेऽस्तु भवे भवे ॥ १ ॥**

**સ્પષ્ટાર્થ**—હે પ્રભો! આપના પરમ પવિત્ર શ્રી જિન શાસનની સેવા કરીને જે કંઇ પુણ્ય પેદા કર્યું હોય, તેના ફલ રૂપે હું એજ ચાહું છું કે–પરમ કૃપાલુ દેવાધિદેવ આપના પસાયથી આ ભવથી માંડીને જ્યાં સુધી હું મુક્તિપદ ન પામું, ત્યાં સુધીના વચલા દરેક ભવમાં મને આજ શ્રી જિનશાસનની સેવા [૩]મલજો.–૧

---

૧. જુઓ સંથારા પોરિસીમાં "**चत्तारि सरणं पवज्जामि, अरिहंते सरणं पवज्जामि, सिद्धे सरणं पवज्जामि, साहूसरणं पवज्जामि, केवलि पण्णत्तं धम्मं सरणं पवज्जामि ॥ १ ॥**

૨. આ બાબતનો વિસ્તાર શ્રી પંચસૂત્રમાં જણાવ્યો છે ત્યાં કહ્યું છે કે–**तस्स पुण विवागसाहणाणि चउसरणगमणं, दुक्कडगरहा, सुकडाणुमोयणं** ઈત્યાદિ ॥

૩. આવી માગણીનું નામ નિયાણું ન કહેવાય. સાંસારિક પદાર્થોની જે ચાહના તે નિયાણું કહેવાય. એમ શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે. પ્રશસ્ત ચાહના કરવાનું તો શ્રી જય વીયરાય સૂત્રમાં "**वारिज्जइ जइवि नियाण–बंधणं वीयराय! तुह समए ॥ तहवि मम हुज्ज सेवा, भवे भवे तुम्ह चलणाणं** ॥ १ ॥ આ ગાથાથી સ્પષ્ટ સમજાય છે.

આગળ વધીને પોતે લઘુતાગર્ભિત ભાવના આ પ્રમાણે ભાવે છે કે—

**न कृतं सुकृतं किञ्चित्–सतां संस्मरणोचितं ॥**
**मनोरथैकसाराणा–मेवमेव गतं वयः ॥ २ ॥**

**સ્પષ્ટાર્થ**—મેં ઉત્તમ પુરુષોને યાદ કરવા લાયક (સુકૃત એટલે પુણ્યના કાર્યો કંઇ ન કર્યા. અને સારા સારા મનોરથ કરવામાં મારી ઉંમર ચાલી ગઈ. આમાંથી રહસ્ય એ નીકલે છે કે મંત્રી નિરભિમાની હતા. અને તેમણે ઘણાંએ ધાર્મિક કાર્યો કર્યા હતા, છતાં દિન પ્રતિદિન અધિક ધાર્મિક કાર્ય કરવાની ચાહના રાખતા હતા. ૨

આવા કારણથી મને મરણનો ભય છે નહિ, એમ મંત્રી જણાવે છે:—

**लब्धाः श्रियः सुखं स्पृष्टं–मुखं दृष्टं तनूरुहाम् ॥**
**पूजितं शासनं चैव–न मृत्योर्भयमस्ति मे ॥ ३ ॥**

**સ્પષ્ટાર્થ**—વ્યવહાર દૃષ્ટિએ મેં લક્ષ્મી મેળવી, અને સુખ ભોગવ્યું, તથા પુત્રનું મોઢું જોયું. આત્મિક દૃષ્ટિએ મહાપ્રભાવશાલી શ્રી જૈનેન્દ્ર શાસનની પણ પરમ ઉલ્લાસથી (હૃદયના ઉમળકાથી) સેવના કરી, તેથી હે પ્રભો! હવે મને મરવાનો ભય છે જ નહિ. ૩

આમાંથી બોધ એ લેવાનો કે અધર્મી જીવોને જ મરવાનો ડર હોય છે. કારણ કે તેમણે પોતાની જીંદગીમાં ઘણાં પાપના કાર્યો કર્યા છે, તેથી તેમને મરતી વેલાએ આવો પશ્ચાત્તાપ થાય છે કે–અરેરે ? મોહ અને અજ્ઞાનને વશ થઇને રાચી

માચીને મેં ઘણાં પાપકર્મો કર્યો, તેથી હવે મારૂં શું થશે? દુર્ગતિમાં જવું પડશે અને તેના આકરા દુઃખો કઇ રીતે ભોગવાશે? આમ ખેદ કરે તો પણ દુર્ગતિનું આયુષ્ય બાંધેલું હોવાથી મરીને તેઓને દુર્ગતિમાં જવુંજ પડે છે અને આકરા ભયંકર દુઃખો રીબાઇ રીબાઇને ભોગવ્યા વિના તેમનો છૂટકારો થતો નથી. પરંતુ જેઓ શ્રી જિનશાસનની આનંદથી આરાધના કરે, તેમને મરણનો ભય તલ ભાર પણ હોતો નથી. કારણકે જેવી રીતે એક માણસને લાખ રૂપિયાની કીંમતનો બંગલો છોડીને તેથી પણ બહુ સારા દશ કરોડ રૂપિયાની કીંમતના બંગલામાં જવાનું હોય, તો તેને આનંદ થાય, તેવી રીતે ધર્મિષ્ટ ભવ્ય જીવો જે ચાલુ સારી સ્થિતિ હોય, તેના કરતાં બહુજ સારી સ્થિતિને એટલે ઉત્તમ દેવાદિ ગતિના [1]સુખોને પામે છે.

મંત્રી ભાવરોગને નાશ કરનારા સાધનોની માગણી આ પ્રમાણે કરે છે—

**गुरुर्भिषग्युगादीश–प्रणिधानं रसायणं ॥**
**सर्वभूतदया पथ्यं–संतु मे भवरुग्भिदे ॥ ४ ॥**

સ્પષ્ટાર્થ—હે પ્રભો! માંખી જેમ બળખામાં ચોંટે, તેમ સંસારના મોહક અશુચિ પદાર્થોના મોહ રૂપી કાદવમાં જીવો તાવ ક્ષય ભગંદર વિગેરે દ્રવ્યરોગને દૂર કરવાને માટે જેવી પ્રવૃત્તિ કરે છે, તેમ કરવા હું ચાહતો નથી, પણ મારી તો તીવ્ર ઉત્કંઠા એજ છે કે પ્રબલ પુણ્યોદયે દશ દૃષ્ટાંતે કરીને દુર્લભ એવા મનુષ્યભવને પામીને હું કોઇ પણ ઉપાયે દેવ-

---

૧—સ્વર્ગને કે મોક્ષને.

ગતિ મનુષ્યગતિ તિર્યંચગતિ નરકગતિ રૂપ ચાર ગતિવાળા સંસારમાં રખડપટ્ટી કરવા રૂપ ભાવરોગને દૂર કરીને પરમ શાશ્વત શાંતિમય મુક્તિપદને પામું. દ્રવ્યરોગનો ઇલાજ કરતી વેલાએ જેવી રીતે (૧) વૈદ્ય (૨) દવા (૩) [૧]પથ્યભોજન એટલે આરોગ્યને પમાડનારા આહાર વિગેરે, આ ત્રણ સાધનોની જરૂર પડે છે, તેવી રીતે ભાવરોગને હઠાવનારા આ ઉત્તમ ત્રણ સાધનો મને ભવોભવ મલજોઃ–તે આ પ્રમાણે ૧ કંચન કામિનીના સર્વથા ત્યાગી, મહા સદ્‌ગુણ સંપન્ન ગુરૂ-મહારાજ, તે વૈદ્ય (૨) આપશ્રી યુગાદીશ (શ્રી આદીશ્વર ભગવંત) નું ઉત્તમ નિશ્ચલ ધ્યાન તે દવા. (૩) તથા જગતભરના બધા જીવોને હું મારા જેવા ગણીને તેમની ઉપર દ્રવ્ય–ભાવ દયા રાખું, એ પથ્યભોજન. આ ત્રણ સાધનો મને ભવોભવ મલજો. ૪

મંત્રી આત્મહિતકર સાત પદાર્થોની માગણી આ પ્રમાણે કરે છેઃ—

( मंदाक्रान्तावृत्तम् )

**शास्त्राभ्यासो जिनपदनतिः संगतिः सर्वदाऽऽर्यैः ॥**
**सद्वृत्तानां गुणगणकथा दोषवादे च मौनं ॥**
**सर्वस्यापि प्रियहितवचो भावना चात्मतत्त्वे ।**
**संपद्यन्तां मम भवे भवे यावदाप्तोऽपवर्गः ॥ ५ ॥**

સ્પષ્ટાર્થ—(૧) જૈન શાસ્ત્રાદિનો અભ્યાસ એટલે

---

૧–પથ્યભોજનનું વર્ણન "**ભાવપ્રકાશમાં**" આ પ્રમાણે કર્યું છે–"**पथ्ये सति गदार्त्तस्य किमौषधनिषेवणम् ? ॥ पथ्येऽसति गदार्त्तस्य, किमौषधनिषेवणम् ॥ १ ॥**

મુનિપણામાં આગમોનું ભણવું અને સાંભળવું, તથા શ્રાવક-પણામાં અધ્યયન વિનાના શ્રવણુ (સાંભળવુ) વિગેરે. (૨) દેવાધિદેવ પ્રભુ શ્રી તીર્થંકરાદિ ઇષ્ટ દેવોના ચરણુ કમલને નિર્મલ ભાવથી દરરોજ નમસ્કાર કરવો. આમાં પ્રભુ પૂજાદિનો પણ સમાવેશ થાય છે. એટલે નમસ્કાર પદથી પ્રભુ પૂજા વિગેરે પણ લઇ શકાય. (૩) જે કાર્ય કરવાથી પાપકર્મનો બંધ થાય, તેવા હિંસાદિ અધર્મના કાર્યને પ્રાણાંત કષ્ટમાં પણ જેઓ નજ કરે, તે આર્ય પુરૂષો કહેવાય. તેમની સાથે સોબત (પરીચય). (૪) સદાચારી મહા પુરૂષોના ઉત્તમ શીલ-દાન તપશ્ચર્યા સંયમ વિગેરે ગુણુ સમુદાયનું નિરંતર ગુણગાન કરવું,[1] તેમના જીવનમાંથી સાર ગ્રહણુ કરીને પોતાના જીવ-નને નિર્મલ બનાવીને માનવ ભવ સફલ કરવો. (૫) બીજા માણુસની નિંદા કરવાના પ્રસંગે મૌન રહેવું. કારણુ કે એમાં કંઇ પણુ લાભ નથી. આવા અવસરે એમ વિચારવું કે—

॥ દુહો ॥

**બુરા જગમેં કો નહી, બુરા અપના ખેલ ॥**
**ખેલ અપના સુધાર લે તો, ગલીએ ગલીએ સ્હેલ.૧**

અથવા બીજો અર્થ એમ પણુ થઈ શકે છે કે–સામો માણુસ આપણી નિંદા કરતો હોય, ત્યારે મૌન રહેવું, ને તેવા ટાણે એમ વિચારવું કે—

---

૧—આ વાતને અંગે શ્રી શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્રની "**चिर-संचियपावपणासणीइ, भवसयसहस्समहणीए ॥ चउवीस-जिणविणिग्गयकहाइ, वोलंतु मे दियहा ॥ १ ॥** આ ગાથા યાદ રાખવા જેવી છે.

॥ દુહો ॥

**નિંદા હમારી જો કરે, મિત્ર અમારા સોય ॥**
**બીન સાબુ બીન પાનીસે, મેલ અમારા ધોય ॥૧॥**

(૬) વ્યાવહારિક વાતચીત કરવી કે સજ્જન પુરૂષોના સમુદાયમાં બોલવાના પ્રસંગે બધાની આગળ હિતકારી–સાંભળનારને વ્હાલા લાગે તેવા, અને ખપ પૂરતા વચન બોલવા. (૭) આત્મા તત્ત્વની વિચારણા કરવી એટલે (૧) હું કોણ છું? (૨) પાછલા ભવમાં કંઈ પુણ્યાઈ કરી હશે, એટલે પુણ્ય કર્મની મુંડી એકઠી કરી હશે, ત્યારે હું આવી ઉત્તમ સ્થિતિને પામ્યો છું. (૩) આવતા ભવમાં સુખી થવાને માટે હવે કંઇ ધર્મારાધન કરી નવી પુણ્યની મુંડી પેદા કરૂં. કારણ કે જૂની મુંડી તો ખાલી થવાની તૈયારીમાં છે. (૪) આત્મા, એ શું ચીજ છે (૫) તેને માનવામાં કયા કયા પ્રમાણો છે. (૬) તેની સ્થિતિ હાલ કેવી છે? (૭) એને કર્મ લાગવાનું શું કારણ? (૮) અને આત્માને કર્મથી અલગો કરવાને માટે કયા કયા સાધનોની સેવના કરવી જોઈએ? (૯) સંસારમાં ટકાવનારા ચાર કષાયોને જીતવાને માટે હે જીવ! તું પ્રયત્ન કરે છે કે નહિ.? (૧૦) સમતા ગુણને વધારવાને માટે ઉત્તમ સાધનોની સેવના કરે છે કે નહિ. શ્રી શ્રાવક ધર્મ જાગરિકામાં જણાવ્યા મુજબ દ્રવ્યાદિની વિચારણા કરવી. આ સાત વાનાં મને ભવોભવ મળજો. આવી ઉત્તમ ભાવનામાં મંત્રિ વસ્તુપાલ સમાધિમરણ સાધીને દેવતાઇ સુખ પામ્યા.

પૂરેપૂરા ઉમંગથી શ્રી જિનશાસનની આરાધના કરતાં સર્વોત્તમ મોક્ષની કે મહર્દ્ધિક દેવતાઈ સાહિબી પામીએ,

એમાં તો નવાઇ શી ? પણ જો તેની ઉપર અખંડ રાગ રાખીએ, તો તે પણ ભવ સમુદ્રમાં તેના જલ્દી પાર પામવાને માટે સ્ટીમરના જેવું કામ બજાવે છે. એટલે ભવ સમુદ્રનો પાર પમાડે છે. આવા આવા ઘણાં વિશાલ આશયથી મહા તાર્કિક શિરોમણી ન્યાયાચાર્ય પૂજ્યપાદ મહા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી. ગણીશ્વરે શ્રી જૈન દર્શનની સ્તુતિ કરવાના પ્રસંગે પોતાની લઘુતા જણાવતાં બે શ્લોકમાં કહ્યું છે કે—

॥ आर्यावृत्तम् ॥

अस्मादृशां प्रमादग्रस्तानां, चरणकरणहीनानाम् ॥
अब्धौ पोत इवेह, प्रवचनरागः शुभोपायः ॥ १ ॥

સ્પષ્ટાર્થ—હે પ્રભુ ! બહુજ પ્રાચીન કાલના સાતિશય ગુણવંત મહા શ્રમણ નિર્ગંથોની અપેક્ષાએ અમે પ્રમાદ રૂપી કીચડમાં ખૂત્યા છીએ. અને ચરણ કરણ સિત્તરીની યથાર્થ સંપૂર્ણ આરાધના પણ કરી શકતા નથી. આમ છતાં પણ જેવી રીતે મહાસાગરમાં વ્હાણનો આધાર હોય છે, તેવી રીતે સંસાર સમુદ્રને તરી જવાને અમારા હાથમાં વ્હાણ (સ્ટીમર વિગેરે)ના જેવું ઉત્તમ આલંબન એ છે કે આપના પ્રવચન (ધર્મ, શાસન, આગમ)ની ઉપર નિશ્ચલપણે (અડગ) પ્રશસ્ત રાગ ધારણ કરવો.

विषयानुबंधबंधुर–मन्यन्न किमप्यहं कलं याचे ॥
किन्त्वेकमिह जन्मनि, जिनमतरागं परत्रापि ॥ १ ॥

સ્પષ્ટાર્થ—હે પ્રભો ! મને પૂરેપૂરી ખાત્રી છે કે શબ્દાદિ ભોગના સાધનો (સ્ત્રી વિગેરે) ઉપરથી જ સુંદર

દેખાય છે, પણ અંદરથી કેવલ અશુચિમય છે. માટે હું તેવા પદાર્થોની માગણી કરતોજ નથી. જેમાં અંદર કંઇ સાર ન દેખાય, તેવા સુંદર બારદાનવાળા પદાર્થોને જોઇને મુંઝાવું, એ તો મોટામાં મોટી મૂર્ખાઇ કહેવાય. આજ મુદ્દાથી શુદ્ધ ભાવે એજ ચાહું છું કે—

આ ભવમાં અને હવે પછીના (મુક્તિ પદને પામ્યા પ્હેલાંના) દરેક ભવમાં આપના મત (શાસન)માં અખંડ રાગ નિરંતર ટકી રહે. ૨–આવા તમામ ત્રિવિધ તાપને શમાવનાર અને ઉત્તમ દર્શન જ્ઞાન ક્રિયાના સાત્ત્વિક આનંદ લહરીના ધોધ પ્રવાહથી ભરેલા–તથા ભાવ સંપત્તિદાયક શ્રી જૈનેન્દ્ર શાસનમાં સચ્ચિદાનંદમય પદનો લાભ (૧) સમ્યગ્દર્શન (૨) સમ્યગ્જ્ઞાન (૩) સમ્યક્ચારિત્ર આ ત્રણે સાધનોની એકઠી સાધના કરવાથી થઇ શકે છે. કહ્યું છે કે—" **सम्यग्दर्शनज्ञान-चारित्राणि मोक्षमार्गः** "

આ સૂત્રમાં કહેલા સમ્યગ્દર્શન ગુણને પ્રકટ કરવાને માટે (૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આશ્રવ (૬) સંવર (૭) નિર્જરા (૮) બંધ (૯) મોક્ષ એમ નવ તત્ત્વોનું જ્ઞાન જરૂર મેળવવું જોઇએ, માટેજ કહ્યું છે કે જે ભવ્ય જીવ જીવાદિ નવ પદાર્થોને જાણે, તેને સમ્યકત્વ હોય છે. આ નવ તત્ત્વોમાં સાતમું નિર્જરા તત્ત્વ કહ્યું છે. તેના સત્તાવન ભેદોમાં અનિત્ય ભાવના વિગેરે બાર ભેદ ગણ્યા છે. આ ઉપરથી સમજવાનું એ કે–ભાવના કર્મ નિર્જરાનું અપૂર્વ સાધન છે. પ્રભુ શ્રી તીર્થંકર દેવે આત્મકલ્યાણને કરવા માટે જે જે સાધનો ફરમાવ્યા છે, તે બધાની સફલતા પણ ઉત્તમ ભાવનાને આધીન છે. ભાવનાના ઉત્તમ સંસ્કારો ચપલ

મનને સ્થિર કરે છે, અને આત્મગુણ રમણતા કરાવે છે. આ મુદ્દાથી પ્રાચીન મહા પુરૂષોએ આ ભાવનાને વિસ્તારીને પ્રાકૃત સંસ્કૃતાદિ ભાષામય ગ્રંથાદિ સ્વરૂપે ગોઠવી છે. આવા ગ્રંથોમાં ભવ ભાવના, શાંત સુધારસ વિગેરે મુખ્ય છે. સંક્ષેપ શૈલી અને ભાષાનો અલ્પ પ્રચાર તથા કઠીનતા વિગેરે કારણોને લઇને બધા જીવો તેવા ગ્રંથોનો પૂર્ણ લાભ ન લઈ શકે, એ સંભવિત છે. આ વિચારથી શ્રી ગુરૂ મહારાજના પસાયે મેં આ શ્રી ભાવના કલ્પલતા નામનો ગ્રંથ બનાવ્યો છે. તેમાં પણ આ બુકમાં એક અનિત્ય ભાવનાજ દાખલ કરી છે. શરૂઆતમાં દેહ ધન વિષયાદિની યથાર્થ સ્થિતિ દર્શાવીને (૧) શરીરની અનિત્યતાનો કયા કયા ભવ્ય જીવોએ વિચાર કર્યો અને (૨) શરીરનો મોહ છંડીને સર્વ વિરતિ વિગેરે ધર્મની નિર્મલ સાધના કરીને ક્યા ક્યા જીવોએ આત્મહિત સાધ્યું ? (૩) શરીરની મમતામાં ફસાઈને કયા જીવોએ આત્મહિત બગાડયું (૪) શરીર ઉપર મમતા ભાવને વધારનારા અને ઘટાડનારા સાધનો કયા કયા ? (૫) એ પ્રમાણે કયા કયા જીવોએ ધનને અનિત્ય જાણીને શ્રી જિનાલયાદિ સાત ક્ષેત્રોમાં કઈ રીતે કેટલા પ્રમાણમાં લક્ષ્મી વાપરી ? અને તેથી તેમણે કેવો લાભ મેળવ્યો ? ધાર્મિક સાતે ક્ષેત્રોમાં કઇ રીતે વિવેકથી લક્ષ્મી વાપરવી ? (૭) લક્ષ્મીનો મોહ કેવી ખરાબી કરે છે ? (૮) તેવો મોહ રાખીને ક્યા કયા જીવોએ સદ્‌ગતિના સુખ ગુમાવ્યા અને દુર્ગતિના દુઃખો પામ્યા. (૯) કયા ક્યા સાધનોની સેવનાથી લક્ષ્મીનો મોહ ઉતરે ? અને વધે ? (૧૦) પુદ્‌ગલાનંદી જીવોને વધારે ગમતા વિષયોના ફંદામાં ન ફસાતાં વૈરાગ્ય ભાવ ધારણ કરીને કયા

કયા પુણ્યશાલી પુણ્યાત્માઓએ કઇ રીતે કેવું આત્મહિત સાધ્યું ? (૧૨) વિષય રાગ રૂપી દીવામાં ઝપલાઇને મોહીજીવ રૂપી પતંગિઆઓ કઇ રીતે જીંદગી બરબાદ કરી અને કરે છે ? (૧૩) મનને જીતવાનો ઉપાય શો ? (૧૪) કામની ઉત્પત્તિનું મૂલ કારણ શું ? જેને જાણીને કામને જીતી શકાય. (૧૫) વિષયી જીવોને પરિણામે કેવો ખેદ થાય છે ? (૧૬) વિષયી જીવોની બિલાડીના સાથે કઇ રીતે સરખામણી થઇ શકે ? (૧૭) સુખની ચાહનાથી ભોગને સેવનારા જીવો સુખને પામે છે કે દુ:ખને ? જો દુ:ખને પામે છે, તો તે કેવા કેવા દુ:ખોને પામે છે ? જે સાંભળીને ભલ ભલાને પણ વૈરાગ્ય ભાવના જાગે (૧૮) ઉદય ક્ષણ અને બંધ ક્ષણમાં સ્વાધીન ક્ષણ કયો ? (૧૯) આશાના ગુલામ બનેલા જીવોની કેવી સ્થિતિ થાય ? તે દૃષ્ટાંત દઇને સમજાવી છે. (૨૦) સાચું જ્ઞાન અને સાચો જ્ઞાની કોણ કહેવાય ? (૨૧) વિષય કયા ધનને ચોરે છે ? અહીં જરૂરી દૃષ્ટાંત પણ આપ્યું છે. (૨૨) ભોગ તૃષ્ણાનું યથાર્થ સ્વરૂપ શું ? તે જીવને કેવી કનડગત કરે છે ? મનને વશ કરવાથી શા શા લાભ થાય ? ભોગ તૃષ્ણાને છોડનારા ઉત્તમ જીવોનું સ્વરૂપ અને ભોગ તૃષ્ણાના જુલ્મો, તથા સ્ત્રીના શરીરનું સ્વરૂપ શું ? (૨૩) ભોગતૃષ્ણા મનને વાંદરાના જેવું ચપલ બનાવે છે. એનું સ્વરૂપ શું ? (૨૪) ચક્રવર્તીના દૃષ્ટાંતે ત્યાગમાં કેવો આનંદ પડે છે ? (૨૫) ખરી રીતે મમતા કયાં રાખવી જોઇએ ? (૨૬) વિષ વિષયમાં અધિકપણું કઈ રીતે ? (૨૭) શબ્દાદિ પાંચમાંના કયા કયા વિષયમાં કયા કયા જીવે આસક્તિ ધારણ કરીને ભવ બગાડયો ? (૨૮) જાગતાની ભેંસ અને ઉંઘતાનો પાડો

આ કહેવતનું તથા ગાડરીયા પ્રવાહનું રહસ્ય શું ? (૨૯) ઇંદ્રિયોને અને મનને વશ કરવાના સાધનો કયા? (૩૦) વિષયી જીવો લીંબડાના કીડા જેવા અને માંખી જેવા કઇ રીતે સમજવા ? (૩૧) કઈ રીતે રાગને બૂરો કહી શકાય? અહીં દૃષ્ટાંત કર્યું ? (૩૨) કામની દશા કઈ કઇ ? આ બાબતમાં ભગવદ્ગીતા પણ શું કહે છે ? (૩૩) રોગના નવ કારણો કયા શાસ્ત્રમાં કહ્યા છે ? તે વાત અહીં જણાવવાનું શું કારણ ? તથા રોગના પાંચ કારણો કયા કયા ? (૩૪) બોધક શૈલીએ મધુબિંદુનું દૃષ્ટાંત કઇ રીતે સમજવું ? તેના જેવું વિષય સુખ કઈ રીતે કહી શકાય ? સંસારના મોહી જીવોમાં આ દૃષ્ટાંત કઇ રીતે ઘટાવી શકાય ? કુશલ પૂછનારને મંત્રી વસ્તુપાલે કેવો વિવેક ભરેલો જવાબ આપ્યો ? (૩૫) મરણની ભાવના કઈ રીતે કરવી ? જેથી વિષય રાગ ઘટે (૩૬) આ ભવમાં પણ વિષયના પાપે કેવા કેવા ભયંકર રોગો ભોગવવા પડે છે ? આ બાબતના દૃષ્ટાંતો જાણવાને કયું આગમ સાંભળવું જોઈએ ? (૩૭) વિષયરાગ ઘટાડવાને પ્રભુએ કેવી હિતશિક્ષા આપી છે ? (૩૮) શિયલની બાબતમાં મજબૂત રહેવા માટે કઇ કઇ બીના ધ્યાનમાં રાખવી જોઇએ ? (૩૯) સતી રોહિણી કામી નંદ રાજાને કઈ યુક્તિથી સન્માર્ગમાં લાવે છે ? આ બીના શીલ ધર્મ રસિક શ્રાવિકાઓએ જરૂર યાદ રાખીને જીવનમાં ઉતારવા જેવી છે. એમ આગળ કહેવાશે તેવી બંને શીલવતીની બીના પણ તેવીજ છે. જિનપાલને શીલમાં મજબૂત રહેવાથી શો લાભ થયો ? (૪૧) આ દૃષ્ટાંતને આત્મામાં કઈ રીતે ઘટાડવું ? (૪૨) મૈથુન સેવનથી પાંચે વ્રતોનો કઇ રીતે નાશ થાય ? (૪૩)

વિજય શેઠના જીવનમાંથી શો બોધ લેવો જોઇએ ? (૪૪) સ્વચ્છંદી નારીનો વિશ્વાસ કરવાથી કેવા કેવા દુઃખો ભોગવવા પડે ? (અહીં સુકુમાલિકાનું દૃષ્ટાંત ટુંકામાં આપ્યું છે.) (૪૫) વલ્કલચીરીના જીવનનું રહસ્ય શું ? (૪૬) કામાંધ કેવી બૂરી દશા ભોગવે છે ? (૪૭) કર્મ જીવની પાસે કેવા બૂરા કામ કરાવે છે ? અહીં ટુંકામાં અઢાર નાતરાની બીના જણાવી છે. (૪૮) શીલવતી ચાર મંત્રીને યોગ્ય શિક્ષા કરીને કઇ રીતે શીલને બચાવે છે ? (૪૯) કલાવતી બે નવા હાથ કઇ રીતે પામે છે ? (૫૦) શંખરાજાએ રાણીના હાથ છેદાવ્યા, એનું શું કારણ ? (૫૧) મલયાગિરિ સતીએ આ-પત્તિના ટાઇમે પણ કઇ રીતે શીલનું રક્ષણ કર્યું. (૫૨) મોહથી એલા પુત્રને કેવા કેવા દુઃખો ભોગવવા પડયા ? કઈ ભાવનાથી તેને રાણીને નટડીને અને રાજાને કેવલજ્ઞાન થયું ? (૫૩) ઇશ્વરની લિંગ પૂજાની પ્રવૃત્તિ કયા નિમિત્તે કયારથી થઈ ? (૫૪) સત્યકિએ જિનનામ શાથી બાંધ્યું ? (૫૫) તે કયારે કેટલામા તીર્થંકર થશે ? (૫૬) કયા દૃષ્ટાંતે સ્ત્રીની કપટ કળા યથાર્થ સમજી શકાય ? જે સમજીને પોતે સાવચેત રહે. (૫૭) કામીજનની કેવી દુર્દશા થાય છે ? (૫૮) મૈથુનના ભયંકર દોષો કયા કયા ? (૫૯) કઇ રીતે કામને જીતવો ? (૬૦) હૃદયમાં તીવ્ર વૈરાગ્યભાવ જમાવવાને વૈરાગી જીવો સ્ત્રીસંગનો કઇ રીતે તિરસ્કાર કરે છે ? (૬૧) રાજા મુંજનું દૃષ્ટાંત આત્મિક દૃષ્ટિએ કેવો બોધ ( હિતશિક્ષા ) આપે છે ? (૬૨) દ્રવ્યશીલ અને ભાવશીલની ચઉભંગીનું દાખલા સહિત શું રહસ્ય છે ? (૬૩) એ ચાર ભાંગામાંના કયા ભાંગામાં નળ રાજા, ભવદેવ, વિજયશેઠ, પૃથ્વીચંદ્ર ગુણસાગરના દૃષ્ટાંત

જોડવા? (૬૪) લગ્ન પ્રસંગે ચોરી વિગેરેની રચનામાં શો મુદ્દો રહ્યો છે? (૬૫) કઇ ભાવનાથી પૃથ્વીચંદ્ર રાજા વિગેરે ભવ્ય જીવોએ કેવલજ્ઞાન મેળવ્યું? (૬૬) પ્રભુશ્રી મલ્લિનાથ છ મિત્રોને કેવી યુક્તિથી ધર્મના રસ્તે દોરે છે? તેઓની પૂર્વ ભવમાં કેવી સ્થિતિ હતી. (૬૭) શ્રી જંબૂસ્વામીજી પૂર્વભવમાં કોણ હતા? (૬૮) ત્યાં નાગિલા મુનિપણામાં તેમને કઇ રીતે સ્થિર કરે છે? (૬૯) શ્રીજંબૂસ્વામી આઠ કન્યાઓની સાથે પાણિગ્રહણ થયા બાદ તે સ્ત્રીઓએ પૂછેલા પ્રશ્નોના અને પ્રભવ ચોરના પ્રશ્નોના કેવા જવાબ આપે છે? અને કઇ રીતે તે બધાને સંયમ લેવા તૈયાર કરે છે? (૭૦) વીરસંવત વિગેરે સંવતની અપેક્ષાએ શ્રી જંબૂસ્વામિના જન્મ વિગેરેની કઇ સાલ સમજવી? તથા તે બધા સંવતોમાં માંહોમાંહે કેટલા કેટલા વર્ષનો ફરક સમજવો? (૭૧) શ્રી જંબૂસ્વામીનો દીક્ષાપર્યાય, યુગપ્રધાન પર્યાય વિગેરે બાબતમાં કેટલા કેટલા વર્ષો લેવા? (૭૨) શેઠ સમુદત્તની પત્ની શીલવતી શીલને બચાવવાની ખાતર કઇ યુક્તિથી બ્રાહ્મણ, કોટવાલ મંત્રી વિગેરેને ઠેકાણે લાવી? (૭૩) સાધ્વી રાજીમતીએ રથનેમિને કેવા વચનો કહીને સંયમમાં ટકાવ્યા? (૭૪) શ્રી રાજીમતીએ ૯૦૧ વર્ષનું આયુષ્ય કઇ રીતે સફલ કર્યું? એટલે કેટલી ઉંમરે દીક્ષા લીધી? તે સતીનો છદ્મસ્થ પર્યાય અને કેવલી પર્યાય કેટલો? (૭૫) મલયાસુંદરીએ રાજા કંદર્પને કેવા હિતવચનો કહ્યા? તે ન માનવાથી તેની કેવી દુર્દશા થઇ? (પ્રસંગે શીલનો મહિમા પણ વર્ણવ્યો છે) (૭૬) સ્થૂલિભદ્ર મહારાજે કઇ રીતે કામને જીત્યો? (૭૭) વિષયાદિની જેમ આયુષ્ય અને જુવાની વિગેરેની પણ ક્ષણિકતા કઇ રીતે

સમજવી? આ બધા પ્રશ્નોના ખુલાસા આ ગ્રંથમાં સ્પષ્ટ રીતે આપ્યા છે. છેવટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાંથી વૈરાગ્યભાવ વધારનારો લીલા અને પીલા પાંદડાંનો કાલ્પનિક સંવાદ સારાંશ સાથે ટૂંકામાં આપ્યો છે. તથા જુવાનીમાં પાપ કરનારના બેહાલ, અને જલ્દી ચેતીને જુવાની સફલ કરવાને માટે ધર્મારાધન કરવાનો ઉપદેશ, તથા વૃદ્ધાવસ્થાની સ્થિતિ, અનિત્યતાને સમજાવનારા વિવિધ દૃષ્ટાંતો, વળી અનિત્યભાવના ભાવવાથી કરકંડુ વિગેરે મહા પુરૂષો વિપુલ સંપત્તિ પામ્યા. વિગેરે બીના જણાવીને છેવટે ગ્રંથને પૂરો કરવાના અવસરે જરૂરી સૂચના કરી છે કે હે જીવ! આ પ્રમાણે અનિત્ય પદાર્થોની સ્વભાવ વિગેરે બીના જાણીને તું નિત્ય અને પરભવમાં સાથે આવનાર–એકાંત હિતકારી–મોક્ષમાર્ગની જરૂર સાધના કરજે. જેથી તું અલ્પ ટાઇમે મુક્તિપદ પામે.

પ્રાકૃત મૂલ અને સંસ્કૃત ટીકા એ રીતે પણ મેં આ ગ્રંથની રચના પ્હેલાં કરી હતી. તે નહિ બ્હાર પાડતાં આ ગુજરાતી ગ્રંથને ' બાલજીવો પ્રચલિત ભાષામાં વધારે સમજી શકે " આ ઈરાદાથી બ્હાર પાડયાં છે. આ પ્રસંગે મારે સ્પષ્ટ કહેવું જોઇએ કે આર્થિક સહાયકાદિની અનુકૂલતા જાળવવા ખાતર ઘણે ઠેકાણે મેં સંક્ષેપ કર્યો છે. ભાવના છે કે અવસરે તેને પણ વિસ્તારીને યથાર્થ સંપૂર્ણ સ્વરૂપમાં ગોઠવવી.

છેવટે નમ્ર નિવેદન એજ કરૂં છું કે–ભવ્ય જીવો આ ગ્રંથના પઠન પાઠન અને નિદિધ્યાસન દ્વારા સાચી નિત્યતા અને અનિત્યતા સમજીને સન્માર્ગમાં આવે, અને તેની પરમ ઉલ્લાસથી નિર્મલ સાધના કરીને, મોહ રાજાને હરાવીને,

નિજગુણુ રમણુતામય પરમપદને પામે એમ હાર્દિક નિવેદન કરી આ ટૂંક પ્રસ્તાવનાને સંક્ષેપી લઉં છું. છદ્મસ્થ જીવોને જ્ઞાનાવરણીય કર્મના પ્રતાપે અનાભોગ જન્ય સ્ખલના થવાનો સંભવ છે. કહ્યું છે કે—

॥ अनुष्टुब्वृत्तम् ॥

अवश्यं भाविनो दोषाः, छद्मस्थत्वानुभावतः ॥
समाधिं तन्वते संतः, किंनराश्चात्र वक्रगाः ॥ १ ॥

તેથી આ અર્થ સહિત ગ્રંથની રચના મુદ્રણુ સંશોધનાદિમાં ગુણુગ્રાહી મધ્યસ્થ બુદ્ધિશાલી વાચક વર્ગને જે કંઈ યોગ્ય ભૂલચૂક જણાય, તેને મહાશયો સુધારીને વાંચશે, અને કૃપા કરીને જણાવશે તો બીજી આવૃત્તિમાં યોગ્ય સુધારો પણ થઇ શકશે.

: નિવેદક :

| | |
|---|---|
| રાજનગર<br>વિ૦ સં૦ ૧૯૯૫<br>અષાઢ વદિ ૯ | પરમગુરૂ સુગૃહીત નામધેય આચાર્ય<br>મહારાજશ્રી **વિજયનેમિ સૂરીશ્વર**<br>કિંકર વિનેયાણુ **વિજયપદ્મસૂરિ :** |

દાનવીર શ્રેષ્ઠિવર્ય હઠીસિંહ કેસરીસિંહના પૌત્રં
શેઠ દલપતભાઇ મગનભાઇ



જન્મ—વિ. સં. ૧૯૨૦ ફાગણ સુદ ૬ રવિવાર
સ્વર્ગ—વિ. સં. ૧૯૭૧ કાર્ત્તિક વદ ૧૦

Honest Pointery-Ahmedabad.

## ॥ જેમના સ્મરણાર્થે આ ગ્રંથ છપાયો તે શેઠ દલપતભાઇ મગનભાઇ ॥

જૈનોના વિશાલ સમુદાયથી અને પુષ્કલ ભવ્ય જિનાલયાદિથી તથા હજારો નરરત્નોથી શોભાયમાન શ્રી અમદાવાદના ઇતિહાસે ઘણાં અતિહાસિક ગ્રંથોનું અપૂર્વ ગૌરવ વધાર્યું છે. બીજી રીતે એમ પણ જરૂર કહી શકાય કે અમદાવાદ એ રત્નની ખાણ જેવું છે. જેમ રત્નોનું ઉત્પત્તિ સ્થાન રત્નની ખાણ હોય છે, તેમ આ અમદાવાદ એ હજારો આદર્શ જીવન ગુજારનારા પવિત્ર સંયમી મહાપુરૂષોની અને ઉદારાશયી દાનવીર પુરૂષોની તથા મહાસમર્થ પ્રતિભાશાલી પંડિત વર્ગની પણ જન્મભૂમિ છે. આ અમદાવાદના રહીશ અને દીલ્હી દરવાજાની બ્હાર ભવ્ય બાવન જિનાલય જિનમંદિરના બંધાવનારા શેઠ હઠીસિંહ કેસરીસિંહના પૌત્ર શેઠ દલપતભાઇ મગનભાઇનો જન્મ વિ. સં. ૧૯૩૦ ના ફાગણ સુદ ૬ રવિવારે થયો હતો. ધર્મિષ્ઠ કુટુંબમાં જન્મેલા જીવોના ધર્મ સંસ્કાર સ્વભાવે જ સારા હોય છે. એ પ્રમાણે શેઠ દલપતભાઇના પણ ધાર્મિક સંસ્કારો જન્મથી માંડીને ઉંચ કોટીના હતા. યોગ્ય ઉંમરે વ્યાવહારિકાદિ શિક્ષણને પામ્યા બાદ તેઓ સ્ટૉર અને વીમાનો ધંધો કરતા હતા. અને તીવ્ર બુદ્ધિબલે પોતાની આર્થિક સ્થિતિમાં પણ સારામાં સારો વધારો કરી શકયા હતા. અમદાવાદની અગ્રગણ્ય વ્યક્તિઓમાં તેઓ ગણવા લાયક હતા. અવિચ્છિન્ન પ્રભાવશાલી ત્રિક - બાધિત શ્રી જિનેશ્વર દેવે કહેલ પવિત્ર જિનધર્મના તેઓ

અનન્ય ઉપાસક હતા. અને સાધુ સાધ્વી વિગેરે સાતે ધાર્મિક ક્ષેત્રોને પોષતા હતા તથા તેઓ અહીંની અખિલ ભારતવર્ષીય શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ અને **શ્રી** તત્ત્વ વિવેચક સભાના પણ માનનીય મેંબર હતા. પરમોપકારી આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિ સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી તેમણે **શારદા ભુવન** નામની પાઠશાળા પણ સ્થાપી હતી. જેમાં હાલ સેંકડો સાધ્વીઓ શ્રાવિકાઓ અને બાલિકાઓ ઉંચ પ્રકારનું ધાર્મિક જ્ઞાન લઇ રહ્યા છે. આજ હેતુથી અમદાવાદની તમામ પાઠશાળાઓમાં આ શારદા ભુવન ઉંચ કોટીનું ગણાય છે. શેઠ દલપતભાઈએ કરેલી વ્યવસ્થા મુજબ હાલ તેમના સધર્મચારિણી ( ધર્મપત્ની) શ્રાવિકા **લક્ષ્મીબાઈની** દેખરેખમાં તે ચાલે છે. શેઠ દલપતભાઈ મગનભાઈએ સાર્વજનિક કાર્યોમાં ઘણી લક્ષ્મી વાપરી છે. કુદરતનો એવો નિયમ છે કે ધર્મિષ્ઠ તીક્ષ્ણ બુદ્ધિશાલી ભવ્ય જીવોનું કયાં તો (૧) થોડું આઉખું હોય, અથવા તેમને (૨) પુત્રાદિ સંતતિની પ્રાયે ખામી હોય, (૩) કે વ્યાધિની પીડા હોય, (૪) અથવા નિર્ધનપણું (દરિદ્રતા ) હોય. કહ્યું છે કે-(અનુષ્ટુબ્વૃત્તં)

**पुमानत्यंतमेधावी, चतुर्णामेकमश्नुते ॥**
**अल्पायुरनपत्यश्च, व्याधिर्दारिद्र्यमेव च ॥१॥**

આ સુભાષિતને અનુસારે શેઠ દલપતભાઈનું આયુષ્ય નિર્માણ થોડું થયેલું, કે જેને લઇને તેઓ વિ. સં. ૧૯૭૧ના કાર્તિક વદી દશમે સમાધિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા. જૈન કોમમાં તેમની ન પૂરી શકાય તેવી ખોટ પડી. શેઠ દલપત-

ભાઈને સંતતિમાં એક દીકરો અને શશીબેન નામે દીકરી હતા. તેમાં પુત્ર નાની ઉંમરમાં ગુજરી ગયો હતો. અને પુત્રી શશીબેન હાલ હયાત છે. શશીબેન દેવ ગુરૂ ધર્મના અનન્ય ઉપાસિકા છે. અને કર્મપ્રકૃતિ વિગેરે જૈન ધર્મના સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનને જણાવનાર વિશાલ ગ્રંથોના જાણકાર છે. શેઠ દલપતભાઈના સધર્મચારિણી શ્રાવિકા લક્ષ્મીબાઇ ડોશી-વાડાની પોળમાં ઇંદ્રકોટના રહીશ દેવ ગુરૂ ધર્માનુરાગી ઝવેરી બાલાભાઇ સવચંદના દીકરી થાય. શેઠ દલપતભાઇની માફક શ્રાવિકા લક્ષ્મીબાઇ પણ દેવ ગુરૂ ધર્મની આરાધના કરવામાં, વર્ષીતપ વિગેરે આકરી તપશ્ચર્યા કરવામાં, તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની નવાણું યાત્રાદિ ધર્મ સાધન કરવામાં, શ્રી જિના-લયાદિ સાતે ક્ષેત્રોમાં લક્ષ્મીને વાપરવામાં પૂર્ણ ઉત્સાહથી ભાગ લેતા આવ્યા છે, અને લે છે. પરમોપકારી પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની પાસે વિ. સં. ૧૯૭૫ના આસો મહિનામાં પોતાના ખરચે ઉપધાન વહનની ક્રિયા કરાવી, તેમાં પોતે પણ ઉપધાનવહનની ક્રિયા કરી. તથા તપોગચ્છાધિપતિ આચાર્ય મહારાજ શ્રી વિજય-નેમિસૂરીશ્વરજીના ઉપદેશથી તેમણે શેઠ દલપતભાઇના સ્મ-રણાર્થે લાખો રૂપિયા ખરચીને તલાજાના ડુંગરની ઉપર શ્રી પાર્શ્વનાથનું વિશાલ ભવ્ય જિનાલય બંધાવ્યું. અને ગુરૂ મહારાજ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના પટ્ટધર આચાર્યશ્રી વિજયદર્શનસૂરિજી મહારાજના હાથે વિ. સં. ૧૯૮૦ વૈ. સુદી દશમે ઘણી ધામધૂમથી પ્રતિષ્ઠા કરાવી. તે વખતે તેમણે પોતાની તરફથી ઉજમાણું પણ માંડયું. આ બંને ધાર્મિક કાર્યોમાં તેમણે હજારો રૂપિયાનો

સદ્વ્યય કર્યો હતો. સ્વાધીન લક્ષ્મીને આ પ્રમાણે ધાર્મિક ક્ષેત્રોમાં વાપરવી એ અખંડ ધર્મ પ્રેમ સિવાય નજ બની શકે. જગતભરમાં દુર્લભ આવા વિરલ ધર્મી જીવોને ધન્યવાદ ઘટે છે. શ્રાવિકા લક્ષ્મીબાઇને શેરદલાલ જેસંગભાઇ કાલીદાસે છપાવેલી શ્રી શ્રાવક ધર્મ જાગરિકા વાંચીને આવા સરલ ગ્રંથ છપાવવાની તીવ્ર લાગણી પેદા થઈ, તે પ્રમાણે તેમણે **શેઠ દલપતભાઇ મગનભાઇના** સ્મરણાર્થે આ શ્રી ભાવના કલ્પલતા નામનો અપૂર્વ ગ્રંથ છપાવવામાં આર્થિક સહાય કરી છે, તે તેમના હાથે ખપી જીવોને વિના મૂલ્યે આપવામાં આવશે. શ્રાવિકા લક્ષ્મીબાઇની માફક બીજા પણ ભવ્ય જીવો આ પ્રમાણે લક્ષ્મીનો સદુપયોગ કરે.

લિ૦ **શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા.**

# અનુક્રમણિકા.


| ગાથાંક | પૃષ્ઠાંક | વિષય |
|---|---|---|
| ૧ | ૧—૩ | મંગલાચરણ તથા અભિધેયાદિ. |
| ૨-૧૬ | ૩-૩૦ | ભાવનાઓની ઉપમાઓ સાથે પાંચ આચારનું સ્વરૂપ. પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ચરિત્ર. પુણ્ય પાપની ચઉભંગી. |
| ૧૭ | ૩૧ | ભાવનાઓનું ફળ જણાવે છે. |
| ૧૮ | ૩૧-૩૨ | અનુમોદનાનું ફળ. |
| ૧૯-૨૦ | ૩૨-૩૫ | અનુમોદના ઉપર બલભદ્ર રથકાર અને હરણનું દૃષ્ટાન્ત |
| ૨૧-૨૩ | ૩૫-૩૭ | ભાવ વિનાની તપશ્ચર્યાદિક ક્રિયા નિરર્થક છે તેમ જણાવે છે. |
| ૨૪ | ૩૭-૩૮ | ભાવનાઓની અન્ય ઉપમાઓ. |
| ૨૫ | ૩૮-૪૮ | ઉત્તમ ભાવના ભાવનાર જીવોનાં દૃષ્ટાન્તો. |
| ૨૬ | ૪૫-૪૯ | કયા જીવો શોક કરવા યોગ્ય નથી. |
| ૨૭ | ૪૯-૫૦ | સંસારની વિચિત્રતા જણાવે છે. |
| ૨૮ | ૫૦-૫૧ | ધર્મીને કેવી રીતે લોકો સંભારે. |
| ૨૯-૩૧ | ૫૧-૫૩ | અગીયાર કાર્યોનાં નામ. |
| ૩૨--૩૪ | ૫૩-૫૫ | બાર ભાવનાઓનાં નામ. |
| ૩૫ | ૫૫-૫૬ | મૈત્રી વગેરે ચાર ભાવનાઓ. |
| ૩૬-૩૭ | ૫૬-૫૭ | સ્થિતબુદ્ધિનું લક્ષણ. |
| ૩૮ | ૫૭-૫૮ | આત્મિક શાંતિ કોણ પામે. |
| ૩૯ | ૫૮-૫૯ | શરીરની ક્ષણભંગુરતા |
| ૪૦-૪૧ | ૫૯-૬૦ | શરીરના મોહમાં ફસાઇને જીવો કેવાં કેવાં પાપ કરે છે. |
| ૪૨ | ૬૦-૬૧ | શરીરની બાબતમાં કરવાની વિચારણા. |

| ગાથાંક | પૃષ્ઠાંક | વિષય |
|---|---|---|
| ૪૩ | ૬૧–૬૩ | શરીર ઉપરના મોહથી થતા ગેરલાભ ઉપર મરીચિનું દૃષ્ટાન્ત. |
| ૪૪ | ૬૩ | શરીરની મમતા ટાળવાનો મુદ્દો. |
| ૪૪–૫૦ | ૬૪–૭૪ | પાર્શ્વ પ્રભુને તથા મહાવીર સ્વામીને થએલા ઉપસર્ગો. |
| ૫૧ | ૭૪- ૭૭ | સ્કંધકસૂરિના ૫૦૦ શિષ્યોનું દૃષ્ટાન્ત. |
| ૫૨ | ૭૮ | મહાબલને થએલ ઉપસર્ગ. |
| ૫૩–૫૬ | ૭૮–૮૨ | ગજસુકુમાલના ઉપસર્ગની બીના. |
| ૫૭–૫૮ | ૮૨–૮૫ | સુકોસલ મુનિની હકીકત. |
| ૫૯ | ૮૫–૮૬ | દેહની મમતા દૂર કરવાનો ઉપાય. |
| ૬૦–૬૧ | ૮૬–૭૭ | દેહને સફળ કરવાનો ઉપાય. |
| ૬૨–૬૬ | ૮૭–૯૨ | ધનની અસ્થિરતા. |
| ૬૭ | ૯૨–૯૪ | ઐશ્વર્યના મદ ઉપર દશાર્ણભદ્ર રાજાનું દૃષ્ટાન્ત. |
| ૬૮ | ૯૪–૯૫ | અસ્થિર દ્રવ્યને સ્થિર કેવી રીતે બનાવવું. |
| ૬૯–૭૦ | ૯૫–૯૮ | પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પુણ્ય ઉપર દૃષ્ટાન્ત. |
| ૭૧–૭૫ | ૯૮–૧૦૧ | ધનની મૂર્છાથી જીવ શું કામ કરે છે તે જણાવે છે. |
| ૭૬ | ૧૦૧–૧૦૨ | પુણ્યાનુબંધી પુણ્યનો પ્રભાવ. |
| ૭૭ | ૧૦૨–૧૦૩ | પુણ્યાનુબંધી પુણ્ય બંધાવાનું કારણ. |
| ૭૮ | ૧૦૩ | પુણ્યશાળી જીવોનું સ્વરૂપ |
| ૭૯ | ૧૦૩ -૧૦૪ | સાત ક્ષેત્રોનાં નામ. |
| ૮૦ | ૧૦૪ | કેવા બિંબ કેવી રીતે ભરાવવા. |
| ૮૧ | ૧૦૫–૧૦૮ | સંપ્રતિ રાજાએ બિંબ ભરાવ્યાની હકીકત. |
| ૮૨ | ૧૦૮ | કુમારપાળ રાજાએ બિંબ કરાવ્યાની હકીકત. |

| ગાથાંક | પૃષ્ટાંક | વિષય |
|---|---|---|
| ૮૩ | ૧૦૯ | વસ્તુપાલ તેજપાલે બિંબ ભરાવ્યાની હકીકત. |
| ૮૪ | ૧૦૯–૧૧૦ | આંગી રચવાનો મુદ્દો. |
| ૮૫ | ૧૧૦–૧૧૧ | પ્રભુના પૂજનમાં દ્રવ્ય ખરચવાનું કારણ. |
| ૮૬ | ૧૧૧ | જિનમંદિર કેવી રીતે બંધાવવું? |
| ૮૭–૯૦ | ૧૧૧–૧૧૩ | ધનવંત શ્રાવકોએ કેવું જિનમંદિર બંધાવવું. |
| ૯૧ | ૧૧૪ | જિનમંદિર કેવા સ્થળે બંધાવવાં. |
| ૯૨ | ૧૧૫ | જિનમંદિર બંધાવવાનો લાભ જણાવે છે |
| ૯૩ | ૧૧૫–૧૧૬ | જિનમંદિર બંધાવવાનું ફલ. |
| ૯૪–૯૬ | ૧૧૬–૧૧૮ | જીર્ણોદ્ધારમાં લક્ષ્મી વાપરવા વિષે. |
| ૯૭ | ૧૧૯ | ભરતચક્રીએ શત્રુંજય ઉપર દેરાસર બંધાવ્યા તે વિષે. |
| ૯૮ | ૧૧૯–૧૨૦ | ઘર દેરાસર બંધાવવા વિષે. |
| ૯૯ | ૧૨૦ | જિનમંદિર બંધાવનારનાં દૃષ્ટાન્ત. |
| ૧૦૦–૧૦૨ | ૧૨૦–૧૨૧ | જીર્ણોદ્ધાર કરાવનારનાં દૃષ્ટાન્તો |
| ૧૦૩–૧૧૧ | ૧૨૨–૧૨૭ | આમરાજા, વિમલમંત્રી પેથડશા વગેરેએ બંધાવેલા દેરાસરોનું વર્ણન. |
| ૧૧૨–૧૧૩ | ૧૨૭–૧૨૯ | કુમારપાલ મહારાજાના સ્નાત્રનું વર્ણન. |
| ૧૧૪ | ૧૨૯ | બાહડ મંત્રીના તીર્થોદ્ધારનું વર્ણન. |
| ૧૧૫ | ૧૨૯–૧૩૦ | આભડ શ્રાવકે બંધાવેલા મંદિરોનું વર્ણન. |
| ૧૧૬–૧૧૭ | ૧૩૦–૧૩૨ | વસ્તુપાલે બંધાવેલ દેરાસરોનું વર્ણન. |
| ૧૧૮ | ૧૩૨ | રાણકપુરના જિનાલયનું વર્ણન. |
| ૧૧૯–૧૨૨ | ૧૩૨–૧૩૫ | આધુનિક મંદિર બંધાવનારનાં દૃષ્ટાન્ત |
| ૧૨૩–૧૨૮ | ૧૩૫–૧૩૮ | જીર્ણોદ્ધાર કરવા વિષે દૃષ્ટાન્તો. |

| ગાથાંક | પૃષ્ઠાંક | વિષય |
|---|---|---|
| ૧૨૯–૧૩૮ | ૧૩૮–૧૪૫ | શ્રુતજ્ઞાન લખાવવામાં લક્ષ્મી વાપરવા વિષે. |
| ૧૩૯ | ૧૪૫ | સાત ક્ષેત્રોમાં લક્ષ્મી વાપરવા વિષે. |
| ૧૪૦–૧૪૩ | ૧૪૬–૧૪૮ | સાધુ સાધ્વીની ભક્તિ કરવા વિષે. |
| ૧૪૪–૧૪૬ | ૧૪૮–૧૫૦ | શ્રાવકાદિની ભક્તિ કરવા વિષે. |
| ૧૪૭–૧૫૪ | ૧૫૦–૧૫૪ | પૌષધશાલા બંધાવવા વિષે. |
| ૧૫૫ | ૧૫૪–૧૫૫ | સાધર્મી બંધુઓને જ્ઞાનાદિના ઉપકરણો આપવા વિષે. |
| ૧૫૬–૧૫૭ | ૧૫૫–૧૫૬ | બાલશાલાદિની સ્થાપના વિષે. |
| ૧૫૮ | ૧૫૬–૧૫૭ | શ્રાવિકાની ભક્તિ કરવા વિષે. |
| ૧૫૯–૧૬૧ | ૧૫૭–૧૫૮ | સ્ત્રી જાતિના પ્રશ્નો સંબંધી ખુલાસા. |
| ૧૬૨–૧૬૪ | ૧૫૯–૧૬૦ | સતી સ્ત્રીનો પ્રભાવ તથા ઉત્તમ શ્રાવિકાના ગુણો તથા શ્રાવિકાની ભક્તિ કેવી રીતે કરવી. |
| ૧૬૫–૧૬૬ | ૧૬૧–૧૬૨ | સાધર્મિકની ભક્તિ કરવા ઉપર વિમલવાહનનું દૃષ્ટાન્ત. |
| ૧૬૭–૧૮૧ | ૧૬૨–૧૬૯ | આભૂ સંઘવી, વિક્રમરાજા, વસ્તુપાલ, કુમારપાળ, દેશળશા વગેરેના સંઘની હકીકત. |
| ૧૮૨ | ૧૭૦ | અનુકંપા દાનમાં લક્ષ્મી વાપરવા વિષે. |
| ૧૮૩–૧૮૪ | ૧૭૦–૧૭૧ | અનુપમા દેવીનું બુદ્ધિ ચાતુર્ય. |
| ૧૮૫–૧૮૬ | ૧૭૨–૧૭૩ | ધનવંતને શીખામણ. |
| ૧૮૭ | ૧૭૩ | વિષયભોગની અનિત્યતા. |
| ૧૮૮ | ૧૭૪ | મનની મુખ્યતા. |
| ૧૮૯ | ૧૭૪ | વિષયરાગી જીવોનું સ્વરૂપ. |

| ગાથાંક | પૃષ્ટાંક | વિષય |
|---|---|---|
| ૧૯૦-૧૯૧ | ૧૭૫-૧૭૬ | ભોગથી સુખ નહિ પણ ખેદ થાય છે તે જણાવે છે. |
| ૧૯૨ | ૧૭૬-૧૭૭ | ઉદય વખતે શોક કરવો નકામો છે તે વિષે. |
| ૧૯૩ | ૧૭૭-૧૭૮ | યોગીનું દૃષ્ટાન્ત. |
| ૧૯૪ | ૧૭૮ | સાચું જ્ઞાન કયું ? |
| ૧૯૫ | ૧૭૮-૧૭૯ | વિષયો ચોર સમાન છે. |
| ૧૯૬-૧૯૮ | ૧૭૯-૧૮૧ | ભોગ તૃષ્ણા જીવને પાપ કરાવે છે. |
| ૧૯૯ | ૧૮૧ | મનને વશ કરવાથી થતા ફાયદા. |
| ૨૦૦-૨૦૪ | ૧૮૨-૧૮૪ | ભોગ તૃષ્ણા વિષે. |
| ૨૦૫ | ૧૮૪-૧૮૫ | નિષ્કામવૃત્તિ સુખદાયક છે. |
| ૨૦૬ | ૧૮૫-૧૮૬ | ચક્રવર્તીની ઉત્તમ ભાવના. |
| ૨૦૭ | ૧૮૬ | ત્યાગમાં ખરૂં સુખ. |
| ૨૦૮-૨૦૯ | ૧૮૬-૧૮૭ | કયે સ્થળે મમતા રાખવી તથા વિષ કરતાં વિષયની અધિકતા. |
| ૨૧૦ | ૧૮૭-૧૮૮ | વિષયમાં આસક્ત થવાથી દુઃખી થનારનાં દૃષ્ટાંત. |
| ૨૧૧-૨૧૩ | ૧૮૮-૧૮૯ | એક એક ઇન્દ્રિયના વિષયથી મરણ થવાનાં દૃષ્ટાંત. |
| ૨૧૪ | ૧૯૦ | પ્રમાદ તથા ગાડરીયા પ્રવાહને છોડવા વિષે. |
| ૨૧૫ | ૧૯૦-૧૯૧ | ઇન્દ્રિયોને વશ કરવાનું સાધન. |
| ૨૧૬ | ૧૯૧ | વિષયની વિડંબના. |
| ૨૧૭-૨૧૮ | ૧૯૨-૧૯૩ | રાગ બૂરી ચીજ છે તેનું દૃષ્ટાન્ત. |
| ૨૧૯-૨૨૨ | ૧૯૩-૧૯૫ | કામની દશ દશાઓ. |
| ૨૨૩ | ૧૯૫-૧૯૫ | રોગને જીતવાના પાંચ કારણો. |

| ગાથાંક | પૃષ્ટાંક | વિષય |
| --- | --- | --- |
| ૨૨૪–૩૩૩ | ૧૯૬–૨૦૨ | મધુબિન્દુનું દૃષ્ટાન્ત |
| ૨૩૪–૨૩૬ | ૨૦૨–૨૦૪ | વિષય સેવનના ગેરલાભ તથા તેનાથી થતા દુઃખો જણાવે છે. |
| ૨૩૭ | ૨૦૪ | વિષયનો ત્યાગ કરવાની શિખામણ. |
| ૨૩૮–૨૪૪ | ૨૦૪–૨૦૯ | શીયલવ્રત ઉપર રોહિણીનું દૃષ્ટાંત. |
| ૨૪૫–૨૪૬ | ૨૦૯–૨૧૦ | શીયલ સંબંધી ઉપદેશ. |
| ૨૪૭–૨૫૦ | ૨૧૦–૨૧૩ | જિનપાલ અને જિનરક્ષિતની હકીકત. |
| ૨૫૧ | ૨૧૩ | વિષયથી તાપસની ખરાબી. |
| ૨૫૨–૨૫૪ | ૨૧૩–૨૧૫ | મૈથુનથી પાંચે વ્રતોના નાશ થવા વિષે. |
| ૨૫૫–૨૬૫ | ૨૧૫–૨૨૧ | વિજયશેઠ અને વિજયાશેઠાણીનું દૃષ્ટાન્ત |
| ૨૬૬ | ૨૨૨ | ભર્તૃહરિ વગેરેનાં ઉદાહરણ. |
| ૨૬૭ | ૨૨૨–૨૨૩ | આત્માને હિતશિક્ષા. |
| ૨૬૮ | ૨૨૩ | સ્ત્રીનાં અંગોનું ખરૂં સ્વરૂપ. |
| ૨૬૯ | ૨૨૩–૨૨૪ | વિષયની ભાવના દૂર કરવાનો ઉપાય. |
| ૨૭૦ | ૨૨૪ | સ્ત્રીના જુલ્મો. |
| ૨૭૧ | ૨૨૪–૨૨૫ | સ્ત્રીનો વિશ્વાસ નહિ કરવા વિષે. |
| ૨૭૨–૨૭૪ | ૨૨૫–૨૨૭ | વલ્કલચિરીનું દૃષ્ટાન્ત. |
| ૨૭૫ | ૨૨૭–૨૨૮ | કામાંધની અંધતા. |
| ૨૭૬ | ૨૨૮–૨૨૯ | કુબેરદત્તા (૧૮ નાતરાં)ની બીના. |
| ૨૭૭–૨૮૦ | ૨૩૦–૨૩૪ | શીલવતીનું દૃષ્ટાન્ત. |
| ૨૮૧–૨૮૨ | ૨૩૪–૨૩૬ | કલાવતીનું દૃષ્ટાન્ત. |
| ૨૮૩–૨૮૫ | ૨૩૬–૨૩૭ | ચંદન મલયાગિરિનું દૃષ્ટાન્ત. |
| ૨૮૬–૨૯૩ | ૨૩૭–૨૪૨ | એલાચીકુમારનું દૃષ્ટાન્ત. |
| ૨૯૪–૨૯૬ | ૨૪૨–૨૪૪ | સત્યકીનું દૃષ્ટાન્ત. |
| ૨૯૭ | ૨૪૪ | નૂપુર પંડિતાનું દૃષ્ટાન્ત. |
| ૨૯૮ | ૨૪૪–૨૪૫ | વૈરાગ્યમય શિખામણ. |

| ગાથાંક | પૃષ્ટાંક | વિષય |
|---|---|---|
| ૨૯૯–૩૦૩ | ૨૪૫–૨૪૮ | કામી જનની દુર્દશા વિગેરે. |
| ૩૦૪–૩૦૫ | ૧૪૮–૨૪૯ | મુંજરાજાનું દષ્ટાન્ત |
| ૩૦૬ | ૨૪૯–૨૫૦ | સ્ત્રીનો સ્વભાવ. |
| ૩૦૭–૩૧૨ | ૨૫૦–૨૫૪ | શીલના ચાર ભાંગા. |
| ૩૧૩–૩૨૧ | ૨૫૪–૨૫૯ | મલ્લીનાથનું દષ્ટાન્ત. |
| ૩૨૨–૩૨૫ | ૨૫૯–૨૬૧ | ભવદેવનું દષ્ટાન્ત. |
| ૩૨૬–૩૫૮ | ૨૬૧–૨૮૧ | જંબુકુમારનું દષ્ટાન્ત. |
| ૩૫૯–૩૬૫ | ૨૮૧–૨૮૫ | સમુદ્રદત્તની પત્ની શીલવતીનું દૃષ્ટાન્ત |
| ૩૬૬–૩૭૨ | ૨૮૫–૨૮૯ | રાજીમતી અને રથનેમિનું દષ્ટાન્ત. |
| ૩૭૩–૩૮૮ | ૨૮૯–૨૯૮ | મલયાસુંદરીનું દૃષ્ટાન્ત. |
| ૩૮૯–૩૯૦ | ૨૯૮–૨૯૯ | સ્થૂલિભદ્રનું દૃષ્ટાન્ત. |
| ૩૯૧ | ૩૦૦ | પ્રભાતમાં શીલવંતના નામ સંભારવાં. |
| ૩૯૨ | ૩૦૦–૩૦૭ | આયુષ્યની ચપળતા. |
| ૩૯૩ | ૩૦૧ | ઉત્તમ જીવન કયું ? |
| ૩૯૪ | ૩૦૧–૩૦૨ | બુદ્ધિશાલીનું લક્ષણ. |
| ૩૯૫–૩૯૬ | ૩૦૨–૩૦૩ | અચાનક મરણ થવા વિષે. |
| ૩૯૭ | ૩૦૩ | બાલ્ય વયના સંસ્કારનો પ્રભાવ. |
| ૩૯૮–૪૦૧ | ૩૦૪–૩૦૬ | પ્રમાદી જીવોને તથા તક ચૂકનારને ખેદનો પ્રસંગ દૃષ્ટાંત સાથે. |
| ૪૦૨ | ૩૦૬ | જુવાનીમાં પાપ કરનારના થતા બેહાલ. |
| ૪૦૩ | ૩૦૭ | જુવાનીની સફળતા કઈ રીતે થાય. |
| ૪૦૪–૪૦૫ | ૩૦૭–૩૦૮ | ઝટપટ ચેતીને ચાલવા વિષે. |
| ૪૦૬ | ૩૦૮–૩૦૯ | જુવાની કોને સુખ આપે. |
| ૪૦૭ | ૩૦૯ | મૂર્ખ જનની ભાવના. |
| ૪૦૮–૪૧૦ | ૩૧૦–૩૧૧ | ઘડપણમાં થતી અવસ્થા. |
| ૪૧૧–૪૧૩ | ૩૧૧–૩૧૨ | સાહિબીની ક્ષણિકતા. |

| ગાથાંક | પૃષ્ઠાંક | વિષય |
|---|---|---|
| ૪૧૪ | ૩૧૨–૩૧૩ | ધનાદિનો ગર્વ નહિ કરવા વિષે. |
| ૪૧૫ | ૩૧૩ | ધનાદિ તજીને પરભવમાં જવાનું છે. |
| ૪૧૬ | ૩૧૪ | વાહનાદિની અનિત્યતા. |
| ૪૧૭ | ૩૧૪–૩૧૫ | સંસારનો પાર કોણ પામે. |
| ૪૧૮ | ૩૧૫ | અનિત્યતાનું દૃષ્ટાન્ત. |
| ૪૧૯–૪૨૭ | ૩૧૬–૩૨૧ | સામાન્ય હિત શિક્ષા. |
| ૪૨૮ | ૩૨૧ | અનિત્ય ભાવના ભાવનારનાં દૃષ્ટાન્ત. |
| ૪૨૯ | ૩૨૧–૩૨૨ | આ અનિત્ય ભાવના કોના આધારે બનાવી. |
| ૪૩૦ | ૩૨૩ | મનને જીતવા વિષે. |
| ૪૩૧ | ૩૨૩ | ગ્રન્થકારનો ઉપદેશ તથા લઘુતા. |
| ૪૩૨ | ૩૨૩–૩૨૪ | ગ્રન્થ ક્યારે બનાવ્યો તે ગ્રન્થકાર જણાવે છે. |

॥ ऑं नमः श्री सिद्धचक्राय ॥

સુગૃહીત નામધેય-શ્રુતયોગ સંપત્સંપાદક-પરમોપકારિ
પરમગુરૂ આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિ
સૂરિભ્યો નમો નમઃ

સદતિશયાન્વિત સદ્ગુરૂસૂરિચક્ર ચક્રવર્તિ
આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરચરણકિંકર
વિનેયાણુ વિજયપદ્મસૂરિ પ્રણીતા

# શ્રી ભાવના કલ્પલતા.

ગ્રંથકાર મંગલાચરણ તથા અભિધેય વિગેરે બીના
જણાવે છે:—

( હરિગીત છંદ )

સુર સુરભિ શુભસૂરિમંત્રનેનમી નેમિસૂરિ ગુરૂચરણને;
શુભ ભાવના રૂપ કલ્પવલ્લી હું રચું ધરી હર્ષને;
એકાગ્ર ચિત્તે ભાવીએ જે સોલ તે શુભ ભાવના,
નિજ આત્મતત્ત્વ વિવેકને પ્રકટાવનારી ભાવના. ૧

અર્થઃ—કામધેનુની જેવા ઉત્તમ શ્રી સૂરિમંત્રને તથા પરમપૂજ્ય પરમોપકારી પૂજ્યપાદ ગુરૂ મહારાજ આચાર્ય શ્રી વિજયનેમિ સૂરીશ્વરજીના ચરણ કમલને નમસ્કાર કરીને હર્ષ ધરીને એટલે આનંદ પૂર્વક ભાવના રૂપ (જેમાં ભાવનાઓનું સ્વરૂપ જણાવેલું છે તે) સુંદર કલ્પ વેલડીની

હું ( વિજય પદ્મસૂરિ ) રચના કરૂં છું. એકાગ્રપણે એટલે એક ચિત્તથી જે ભાવીએ-વિચારીએ તે ભાવના કહેવાય છે. તેવી શુભ ભાવનાઓ ૧૬ છે. આ ભાવનાઓ આત્મતત્ત્વના એટલે આત્માના સ્વરૂપના વિવેકને એટલે યથાર્થ સમજણને પ્રકટાવનારી–પ્રગટ કરાવનારી છે. પ્રાચીન મહાપુરૂષો એમ સમજતા હતા કે દરેક કાર્યની શરૂઆત કરતાં જરૂર મંગલ કરવું જોઇએ. કારણ કે એમ કરવું એ શિષ્ટ પુરૂષોનો આચાર છે. આનો મુદ્દો એ છે કે જે ટાઈમે ગ્રંથ બનાવવાની શરૂઆત કરી, ત્યારથી માંડીને તે પૂરો થાય, ત્યાં સુધીમાં કોઇ પણ જાતનું વિઘ્ન આવી પડે તો ગ્રંથ અધૂરો રહી જાય. આમ ન થાય માટે જરૂર મંગલ કરવું જોઇએ. વ્યવહારિક કાર્ય પ્રસંગે પણ ચક્રવર્તી વિગેરે શલાકા પુરૂષો પણ મહાનિધિ વિદ્યા વગેરેને મેળવવા માટે જરૂર યથાયોગ્ય મંગલ કરે છે. જેમ ઉજ્વલ પદાર્થોને ડાઘ લાગવાનો સંભવ રહે એમ સારા કાર્યોમાં પ્રાયે વિઘ્ન સંભવે છે. આવા વિઘ્નોને નાશ કરવામાં મંગલાચરણ સમર્થ છે. આ પ્રસંગે જરૂર યાદ રાખવું જોઇએ કે ગ્રંથમાં ઉત્તમ વિચારો ( ની શ્રેણિ ) ગોઠવવાના (ની) છે. મન જો ચોખ્ખું હોય, તો તેમ કરી શકાય. મનને ચોખ્ખું બનાવવાનાં અનેક સાધનોમાં મંગલાચરણને પણ ગણ્યું છે. એટલે મારાથી પૂજ્ય પુરૂષો અધિક (ચઢિયાતા) છે. આ ભાવના જેમ જેમ વધતી જાય તેમ તેમ મંગલ કરવામાં વિશેષે કરીને પ્રવૃત્તિ થાય છે. પરિણામે મન ચોખ્ખું બને, ગ્રંથમાં ઉત્તમ વિચારો ગોઠવી શકાય, અને ગ્રંથ પૂરો થાય ત્યાં લગી વિઘ્ન પણ નડતું નથી. આ બધો મંગલનો પ્રભાવ કહી શકાય. એમ મંગલનું રહસ્ય

જણાવ્યું. પોતાની માફક શિષ્ય વિગેરે ભવ્ય જીવો પણ શરૂઆતમાં મંગલ કરીને જ પ્રવૃત્તિ કરે, આ ઇરાદાથી ગ્રંથમાં મંગલને ગોઠવવામાં આવે છે. નિવૃત્તિમય જીવન પામીને પોતાનું હિત ચાહનારા ભવ્ય જીવો આ ગ્રંથના અધિકારી છે. તથા ભાવનાના સદ્‌વિચારો હૃદયમાં ઉતારવાથી હેય અને ઉપાદેયની સમજણ મેળવીને ભવ્ય જીવો જે કર્મ નિર્જરા સંતોષ વિગેરે ગુણોથી ભરેલું નિવૃત્તિમય જીવન પામે એ આ ગ્રંથનું પ્રયોજન કહી શકાય. અને ક્રમસર અનિત્ય ભાવના વિગેરેની બીના અહીં કહેવાની છે. એ આ ગ્રંથનું અભિધેય ( અહીં કહેવાની બીના ) જાણવી. તથા આ ગ્રંથનો (તેના) અર્થની સાથે વાચ્ય વાચક ભાવ સંબંધ છે. એટલે ગ્રંથ વાચક ( અર્થને કહેનાર ) છે, અને અર્થ વાચ્ય છે. તેમજ ભાવનાનું યથાર્થ સ્વરૂપ એ કાર્ય, અને તેને ( ભાવનાના સ્વરૂપને ) જાણવાનું સાધન આ ગ્રંથ છે. માટે તે કારણ કહેવાય. એમ બંને ( ગ્રંથ અને અર્થ) નો કાર્ય કારણભાવ સંબંધ પણ કહી શકાય. આ (૧) મંગલ (૨) અધિકારી (૩) પ્રયોજન (૪) અભિધેય અને (૫) સંબંધની બીના જાણીને શ્રોતા વિગેરેને ખાત્રી થાય છે કે–આ ગ્રંથ મારા ઇષ્ટનું ( આત્મહિતનું ) સાધન છે. ત્યાર પછી તેઓ ગ્રંથના અધ્યયન ( ભણવું ) શ્રવણ ( સાંભળવું ) વિગેરે કાર્યમાં જોડાય છે. ૧

આ ગાથાથી ભાવનાઓની ઉપમાઓ સમજાવે છે:—

**નિજ તરફ રાખી નજર આચારની જે સાધના,**
**તેહી કહ્યું અધ્યાત્મ તેને શુદ્ધ કરતી ભાવના;**

**સવિ કર્મ રૂપ વાદલ હઠાવે પવન જેવી ભાવના,**
**ને અશુભ ભાવ તિમિર ભગાડે ભાનુ જેવી ભાવના. ૨**

**અર્થ:**—નિજ તરફ એટલે આત્મા પ્રત્યે નજર રાખીને એટલે આત્માને (આ ક્રિયા મને) હિતકારી છે કે નહિ? તેની વિચારણા કરવા પૂર્વક આચારની એટલે ક્રિયાની જે સાધના કરવી તે અધ્યાત્મ કહેવાય છે. આ ભાવના તે અધ્યાત્મને શુદ્ધ (નિર્મલ) બનાવે છે. અને જેમ પવન વાદળાંઓને વિખેરી નાખે છે તેમ ભાવના રૂપી પવન તમામ કર્મરૂપી વાદળને વિખેરી નાખે છે. એટલે ભાવના કર્મોને દૂર કરે છે માટે તેને પવનની ઉપમા આપી છે. વળી જેમ ભાનુ એટલે સૂર્ય અંધકારનો નાશ કરે છે તેમ ભાવના અશુભ ભાવરૂપી અંધકારનો નાશ કરે છે. એટલે શુભ ભાવના ભાવવાથી મનમાં ઉત્પન્ન થતા અશુભ પરિણામો દૂર થાય છે અને અશુભ પરિણામ અટકવાથી અશુભ કર્મ બંધ રોકાય છે માટે ભાવનાને સૂર્યની ઉપમા આપી છે.

યાદ રાખવું જોઇએ કે અજ્ઞાનાદિ અંદરના અંધકારને દૂર કરવાને સૂર્ય અસમર્થ છે, ત્યારે ભાવના અજ્ઞાનાદિ સ્વરૂપ અભ્યંતર અંધકારને જરૂર દૂર કરે છે. આ અપેક્ષાએ સૂર્ય કરતાં ભાવના ચઢીયાતી ગણાય. અહીં શરૂઆતમાં જે અધ્યાત્મની વ્યાખ્યા (શબ્દાર્થ) જણાવી છે, તેમાં “ **आत्मानमधिकृत्य, पंचाचारचारिमा** ” આ પૂરાવો છે. આનું રહસ્ય એ છે કે આચારની સાધના કરતી વખતે વિચારવું જોઇએ કે હું જે આચારની સાધના કરૂં છું, તે મારા આત્માને

લાભદાયી છે કે નહિ? જો લાભદાયી જણાય તો તેવી આચારની સાધના જરૂર કરવી જોઈએ.

પાંચે આચારની બીના ટુંકામાં આ પ્રમાણે જાણવી:—

૧. જ્ઞાનાચાર–સમ્યગ્જ્ઞાન પોતે ભણે અને બીજાને ભણાવે અને જે ભણતા હોય તેની અનુમોદના કરે. યથાશક્તિ જ્ઞાનના સાધનો દઇને મદદ કરે. ભણવામાં અને ભણાવવામાં સ્યાદ્વાદ શૈલી તરફ જરૂર લક્ષ્ય રાખવું જોઇએ. ભણવા ભણાવવા વિગેરેમાં ઉપયોગી શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન ભણવાથી હેય ઉપાદેય અને જ્ઞેયનું સ્વરૂપ જણાય. પછી હેયનો ત્યાગ કરવા પૂર્વક ઉપાદેયની સાધના કરી શકાય. એમ આત્માદિ જ્ઞેયની પણ સમજણ પડે, એમાં અભ્યાસજ કારણ કહી શકાય. એ પ્રમાણે ભણાવવાથી ભણેલું સ્થીર થાય. પરોપકાર, કર્મ નિર્જરા શ્રીજિન શાસનનો ટકાવ, અપૂર્વ દર્શનાદિ ગુણોના આવિર્ભાવ (પ્રકટ થયું) તથા સ્થિરીકરણ વિગેરે ઘણાં ફાયદા થાય છે.

૨. દર્શનાચાર–જે સાધનની સેવના કરવાથી સમ્યગ્દર્શન ગુણ પ્રકટ થાય, વધે, મજબૂત થાય, તેવા સાધનોની સેવના કરીને નવું દર્શન પામે, પામ્યો હોય તો તે ગુણને વધારે, મજબૂત કરે. બીજા ભવ્ય જીવોને તેવો ગુણ પમાડે, સમ્યગ્દર્શનના સાધનોની પ્રભાવના કરે તથા દર્શન ગુણને મેળવનાર ભવ્ય જીવોની અનુમોદના કરે.

૩. ચારિત્રાચાર–જે સુખ ત્યાગમાં છે તે સુખ કોઈ પણ કાલે ભોગમાં હોઈ શકે જ નહિ. સંસાર અનેક ઉપાધિઓથી

ભરેલો છે, એમ સમજીને પોતે ચારિત્ર ધર્મની સાધના કરે કરાવે અને અનુમોદે. આનું નામ ચારિત્રાચાર કહેવાય.

૪. તપાચાર–અણાહારી પદની વાનકી જેવું તપ છે. નિકાચિત કર્મોને પણ તપથી હઠાવી શકાય છે. તે મહા-મંગલિક અને વિશિષ્ટ લબ્ધિ સિદ્ધિ વિગેરે દેવાને સમર્થ છે. એમ સમજીને પોતે તપ કરે, કરાવે, અને અનુમોદે. આનું નામ તપાચાર કહેવાય.

૫. વીર્યાચાર–ધર્મારાધન કરવાના ટાઇમે આત્મવીર્ય ફેરવે, બીજાને તેમ કરવા પ્રેરણા કરે, તથા તેવી રીતે પ્રવૃત્તિ કરનારની અનુમોદના કરે. ૨

**નિજ આત્મકંચન શુદ્ધ કરવા અગ્નિ જેવી ભાવના,**
**ભવસાગરે બૂડનારને પણ તારનારી ભાવના;**
**સવિ સિદ્ધિ સાધન શુભ સમાધિ પ્રકટ કરતી ભાવના,**
**ચિંતામણિની જેમ વાંછિત આપનારી ભાવના; ૩**

અર્થ:—જેમ અગ્નિ સોનાને ચોખ્ખું બનાવે છે એટલે તેમાંના મેલનો બાળીને નાશ કરે છે, તેમ આ ભાવના પોતાના આત્મ રૂપી સોનાને સ્વચ્છ કરે છે. એટલે આત્માના કર્મરૂપી મેલને બાળી નાખે છે માટે તે ભાવનાને અગ્નિના જેવી કહી છે. વળી આ ભવસાગર એટલે સંસાર રૂપી સમુદ્રમાં ડૂબતા ભવ્ય જીવોને આ ભાવના તારનારી છે. અહીં દૃષ્ટાંત એ કે આર્ત રૌદ્ર ધ્યાનમાં ચઢેલા પૂજ્ય શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિને નરકમાં જતા અટકાવી શુકલ ધ્યાન રૂપી ભાવનાએ મોક્ષની પ્રાપ્તિ કરાવી. તથા તમામ સિદ્ધિઓનું સાધન ભાવના

છે. એટલે સર્વ ઋદ્ધિ સિદ્ધિઓને દેનારી આ ભાવના છે. અને તે ઉત્તમ સમાધિ એટલે ચિત્તની સ્થિરતાને પણ પ્રગટ કરે છે. વળી આ ભાવના ચિન્તામણિ રત્નના જેવી છે. કારણ કે જેમ ચિન્તામણિ રત્ન મનમાં ચિન્તવેલા પદાર્થોને આપે છે તેમ ભાવના પણ વાંછિત અથવા ઇષ્ટને આપે છે. એટલે તે બધા મનોરથ પૂરે છે. અહીં પ્રસન્નચંદ્ર રાજર્ષિની બીના જાણવા જેવી છે, તે પ્રસન્નચંદ રાજર્ષિની કથા ટૂંકામાં આ પ્રમાણે જાણવી:— પોતનપુર નામના નગરમાં પ્રસન્નચંદ્ર રાજા રાજ્ય કરે છે. એક વખત શ્રી મહાવીર પ્રભુ એ જ નગરમાં મનોરમ નામના બગીચામાં સમોસર્યા. વનમાલીકે વધામણી આપી. ઘણા આડંબરથી ચતુરંગી સેના સહિત પ્રસન્નચંદ્ર રાજા પ્રભુને વંદન કરવા આવ્યા ને પ્રભુનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામ્યા. બાળ વયના કુમારને રાજ્ય ગાદીએ બેસાડી પોતે દીક્ષા લીધી. અતિ ઉગ્ર તપશ્ચર્યા સહિત સૂત્રાર્થનો અભ્યાસ કરીને પ્રસન્નચંદ્ર રાજર્ષિ શાસ્ત્રોના પારંગામી (ગીતાર્થ) થયા. વિહાર કરતાં કરતાં એક વખત પ્રભુની સાથે રાજગૃહ આવ્યા, તે વખતે તે રાજર્ષિ રાજગૃહ નગરની બહાર એકાન્ત સ્થળે એક પગે ઉભા રહી બે હાથ ઉંચા કરી સૂર્યની આતાપના લે છે. એ રીતે પ્રસન્નચંદ્ર રાજર્ષિ અહિં જે વખતે નિર્મલ ધ્યાનદશામાં વર્તે છે, તે વખતે પરિવાર સહિત શ્રેણિક રાજા (કે જે રાજગૃહી નગરીનો રાજા છે તે) પ્રભુને વંદન કરવા માટે એ જ માર્ગથી ચતુરંગી સેના સહિત ચાલ્યો જાય છે. એ સેનામાંથી એક સુમુખ નામનો સૈનિક સિપાઈ પ્રસન્નચંદ્ર રાજર્ષિને ધ્યાનદશામાં જોઈને બોલ્યો કે અહો! આ ધ્યાની મુનિને ધન્ય છે. તેમને સ્વર્ગ મોક્ષ કે મહાઋદ્ધિઓ કંઈજ

દૂર નથી; આ રીતે બોલતા સિપાઈને કર્મથી ને નામથી પણ દુષ્ટ મુખવાળા દુર્મુખ નામના સિપાઇએ કહ્યું કે–આ તે ધ્યાની કે તપસ્વી શાનો? આ તો મહા અવિચારી ને અધર્મી છે, કારણ કે આણે પોતાના નાના દીકરાને રાજ્ય ગાદી ઉપર બેસાડી દીક્ષા લીધી છે. ન્હાના પુત્રની પણ જેને દયા નથી તે તપસ્વી કેમ કહેવાય? ન્હાના બાળકને રાજ્યગાદી સોંપ્યા બાદ રાણી કોઈ સ્થાને નાસી ગઇ છે, અને મંત્રીઓ શત્રુ રાજાને મળી ગયા છે. તથા શત્રુ રાજાએ નગરને ઘેરો ઘાલ્યો છે, અને નગરની પ્રજા પણ ત્રાસ પામી રહી છે. માટે આ રાજાએ તો દીક્ષા લઇને મોટો અધર્મ કર્યો છે. અને આ રીતે પાખંડ કરે છે, આનું તો મોઢું પણ ન જોવું જોઇએ.

આ રીતે દુર્મુખે કહેલી બીના સાંભળી પ્રસન્નચંદ્ર રાજર્ષિ શુભ ધ્યાનથી ચલાયમાન થયા. ખરાબ વિચારશ્રેણિના ચગડોળે ચઢીને પોતાની મૂલ સ્થિતિ ભૂલી ગયા અને પોતાના બાળ-પુત્રની ઉપરના મોહને લઇને વિચારવા લાગ્યા કે–મારા બાળ-પુત્રનું રાજ્ય શત્રુઓ ઝુંટવી લેવા તૈયાર થયા છે? મંત્રીઓ પણ રાજ્યના લૂણહરામી બન્યા? હું એ શત્રુઓને અને મંત્રીઓને સહન નહિં કરૂં, વિગેરે વિકલ્પો ઉત્પન્ન થતાં "હું સાધુ છું, ધ્યાનમાં છું, મેં મસ્તકે લોચ કર્યો છે, મારૂં સાધુલિંગ છે." વિગેરે મુનિઅવસ્થા જાણે સર્વથા ભૂલી ગયા હોય તેમ ખરાબ વિચારમાં ને વિચારમાં શત્રુઓની સાથે મન વડેજ લડાઇ કરવા લાગ્યા. જાણે શત્રુ રાજાની સાથે અનેક શસ્ત્રાદિ સામગ્રીથી યુદ્ધ ખેલી રહ્યા છે, ભયંકર યુદ્ધ ખેલતાં

છેવટે હથિયારો પણ ખૂટવા આવ્યાં તે વખતે પોતાની પાસે એક પણ શસ્ત્ર ન હોવાથી માથા પરનો મુગટ ઉતારી શત્રુ-ઓને હણું, એમ વિચારી મુગટ લેવા જતાંજ પોતાનું લોચ-વાળું માથું જાણીને પશ્ચાત્તાપ કરતાં કરતાં ફરી શુભધ્યાની થયા. રાજર્ષી દુર્ધ્યાનમાં હતા, ત્યારે શ્રેણિક રાજા ચતુરંગી સેના સહિત એજ રસ્તે થઈને પ્રભુને વંદન કરવા જાય છે. ત્યાં માર્ગમાંજ પ્રસન્નચંદ્ર રાજર્ષીને "આ મુનિ મહા ધ્યાની અને મૌની છે વિગેરે શુભ ભાવનાથી વંદના કરીને પ્રભુ પાસે ગયા. રાજર્ષિને યાદ કરીને શ્રેણિકે પ્રભુને પૂછયું કે હે ભગવન્! માર્ગમાં મેં જ્યારે પ્રસન્નચંદ્ર મુનિને ધ્યાનાવસ્થામાં જોઇને વંદના કરી, તે વખતે જો તે કાળ કરે તો કઈ ગતિ પામે? પ્રભુએ કહ્યું સાતમી નરકે જાય. તે સાંભળી શ્રેણિક રાજા આશ્ચર્ય પામી વિચારવા લાગ્યા કે સાધુને નરકે જવાનું હોય નહિં, જેથી મેં કંઇ બરાબર સાંભળ્યું નહિ હોય માટે ફરી પૂછયું કે આ સમયે કાળ કરે તો કયાં જાય? પ્રભુએ કહ્યું કે સર્વાર્થસિદ્ધ વિમાને જાય. આ સાંભળીને વધારે આશ્ચર્ય પામીને પૂછયું કે હે પ્રભુ ક્ષણવાર પ્હેલાં આપે સાતમી નરકે જવાનું કહ્યું ને હમણાં તુર્ત સર્વાર્થસિધ્ધે જવાનું કહો છો તે કઇ રીતે સંભવે? જવાબમાં પ્રભુએ કહ્યું કે તે વખતે અને અત્યારે તે રાજર્ષિનું ધ્યાન જૂદું જૂદું હતું. કારણ કે પ્રથમ દુર્મુખ સેનાનીની વાત સાંભળી મુનિ ક્રોધ પામ્યા હતા, તેથી તે વખતે કરેલી વંદનાના સમયે તે મુનિ સાતમી નરકે જવાને લાયક હતા, ને તમો અહિં આવ્યા તે દરમ્યાનમાં મુનિએ સર્વ શસ્ત્રો ખૂટતાં શત્રુને મુગટથી હણવાના વિચારે મસ્તક પર હાથ મૂકતાંજ મસ્તકે લોચ જાણીને દુર્ધ્યાનથી

પાછા ફર્યા ને આત્મનિંદામાં મગ્ન થઇ વિચારવા લાગ્યા કે અહો આ પ્રમાણે મેં લડાઇના વિચાર કર્યા તે તદ્દન ગેરવ્યાજબી છે. કારણકે હું તો સાધુ છું, મેં રાજ્યનો ત્યાગ કર્યો છે, અને કર્મક્ષયાર્થે અહિં આતાપના લેવા ઉભો છું. માટે મારે આવા ખરાબ વિચારો નજ કરવા જોઇએ. આવા શુભ ધ્યાનમાં તે મગ્ન હતા ત્યારે તેં બીજીવાર પૂછ્યું તે વખતે સર્વાર્થસિદ્ધ વિમાને જવાને લાયક હતા. આ રીતે વાત ચાલે છે તેટલામાં દેવ દુંદુભિનો અવાજ સંભળાતાં પ્રભુને પૂછયું કે આ શું? ત્યારે પ્રભુએ કહ્યું કે પ્રસન્નચંદ્ર* રાજર્ષિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેનો મહિમા દેવો કરે છે, તેથી એ દેવદુંદુભિ વિગેરેનો ધ્વનિ સંભળાય છે. અપૂર્વ આત્મિકબોધને દેનારૂં આ દૃષ્ટાંત છે. આમાંથી હિતબોધ એ મળે છે કે–જેમ સારા નિમિત્તોના આલંબનથી જીવ ઉંચ કોટીમાં દાખલ થાય છે, એમ ખરાબ નિમિત્તની અસર પણ તેવીજ થાય છે, એટલે ખરાબ નિમિત્તમાં પડેલો આત્મા પ્રમાદી બની જઇને હલકી ગતિમાં જવાની લાયકાત ધરાવે છે. દુર્મુખના વચન સાંભળ્યા, તેથીજ રાજર્ષિ ભગવંત શ્રી પ્રસન્નચંદ્રજી મહારાજ દુર્ધ્યાનમાં ચઢી ગયા. મસ્તકની લોચવાળી સ્થિતિ (દ્રવ્યચારિત્ર)ને જોઇને સાવધાન થયા, અને આત્મનિંદા કરવા લાગ્યા. શુભ ભાવનામાં આગળ વધ્યા. સર્વાર્થસિદ્ધ વિમાનમાં જવાને યોગ્ય થયા. એથી પણ શુભ ભાવના આગળ વધી,

*ઐતિહાસિક દૃષ્ટિના વિચારે આ શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિએ ઇસ્વી સનની પ્હેલાં ૫૫૫ મા વર્ષે એટલે વીરપ્રભુના જન્મ વર્ષથી માંડીને ૪૩ મા વર્ષે દીક્ષા લીવી, એમ કહી શકાય.

જેથી તેમને કેવલજ્ઞાન થયું. આમાં શુભ ભાવના મુખ્ય છે. માટેજ કહ્યું કે સંસાર સમુદ્રમાં બૂડતા ભવ્ય જીવોને તારનારી ભાવના છે. ૩

**નિજ સુગુણ જલ વરસાવવાને મેઘ જેવી ભાવના,**
**રાગાદિ વિષને ટાલવાને મંત્ર જેવી ભાવના;**
**પુણ્યાનુબંધિ પુણ્યને બંધાવનારી ભાવના,**
**આપત્તિ તાપ શમાવવાને ચંદ્ર જેવી ભાવના. ૪**

**અર્થ**:—જેમ મેઘ-વાદળ પાણીને વરસાવે છે, તેમ ભાવના નિજ સુગુણ જલ એટલે પોતાના ઉત્તમ ગુણો રૂપી જળને વરસાવે છે. ભાવાર્થ એ કે ભાવનાથી દુર્ગુણો નાશ પામે છે અને સદ્ગુણોની વૃદ્ધિ થાય છે. માટે ભાવના મેઘ સમાન જાણવી. તથા આ ભાવના મંત્ર સમાન છે, કારણ કે મંત્રથી જેમ સર્પાદિકના ઝેરનો નાશ થાય છે, તેમ ભાવનાથી રાગાદિ એટલે રાગ, દ્વેષ મોહ વિગેરેનું ઝેર ઉતરી જાય છે. ભાવાર્થ એ કે ભાવના ભાવનારના રાગ દ્વેષાદિ અન્તરંગ શત્રુઓ ઓછા થતા જાય છે. વળી આ ભાવના પુણ્યાનુબંધી પુણ્યને બંધાવનારી કહી છે. (જે પુણ્ય ભોગવતાં બીજું નવું પુણ્ય બંધાય તેને પુણ્યાનુબંધી પુણ્ય કહે છે.) તથા આ ભાવના ચંદ્ર જેવી છે. જેમ ચંદ્ર સૂર્યના તાપથી તપેલાને શીતળતા આપે છે, તેમ ભાવના જીવની આપત્તિ એટલે સંસારના સંકટો રૂપી સૂર્યના તાપને દૂર કરીને શાંતિ આપે છે માટે તેને ચંદ્રની ઉપમા આપી છે.

આ શ્લોકમાં ભાવના પુણ્યાનુબંધી પુણ્ય બંધાવનારી

છે એમ જણાવ્યું, તે ઉપરથી પુણ્ય અને પાપના ચાર ભાંગા પણ સમજવા જેવા છે તેની વિગત ટુંકામાં આ પ્રમાણે જાણવી:—

૧. પુણ્યાનુબંધી પુણ્ય–પાછલા ભવમાં બાંધેલા પુણ્યને ભોગવવાના વખતે જે જીવો દાન શીલ તપ ભાવ પ્રભુપૂજા વિગેરે ઉત્તમ સાધનોને સેવીને નવું પુણ્ય બાંધે, તે પુણ્યાનુબન્ધી પુણ્ય કહેવાય. આ બાબતમાં દૃષ્ટાન્ત એ કે મહારાજા ભરત ચક્રવર્તી પાછલા ભવમાં બાંધેલા પુણ્યના ફળ રૂપે ચક્રવર્તીની ઋદ્ધિ પામ્યા અને તેમણે ચાલુ ભવમાં ચતુર્વિધ સંઘ સહિત તીર્થયાત્રા કરી અને અનેક જિન મંદીરો બંધાવ્યા, અને દાનાદિ ધર્મની સાધના કરી તથા આદર્શ ભુવનમાં કેવળજ્ઞાન પામી મુક્તિપદ પામ્યા. તેમજ શાલીભદ્રે પાછલા ભવમાં સુપાત્ર દાનથી બંધાયેલા પુણ્યના પ્રતાપે વિશિષ્ટ ઋદ્ધિ મેળવી, અને વર્તમાન ભવમાં પણ સંયમ વિગેરેની સાધના કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દિવ્યસુખ પામ્યા. વિગેરે દૃષ્ટાન્તો શ્રી ઉપદેશ પ્રાસાદ વિગેરેમાં જણાવ્યાં છે.

૨. પાપાનુબંધી પુણ્ય–પાછલા ભવમાં બાંધેલા પુણ્યના પ્રતાપે વર્તમાન ભવમાં જીવો જો કે સુખમય સ્થિતિને પામે છે, પરન્તુ અહિં પાપકર્મને આચરવાથી નવું પાપકર્મ બાંધે તે પાપાનુબંધી પુણ્ય કહેવાય. આ બાબતમાં દૃષ્ટાન્ત તરીકે સુભૂમ ચક્રવર્તી લઇ શકાય, તેમણે પાછલા ભવમાં પુણ્યકર્મ બાંધ્યું હતું તેના ફળ રૂપે જો કે ચક્રવર્તીપણું મેળવ્યું, પરન્તુ આ ચાલુ ભવમાં જીવહિંસા વિગેરે કરીને નવાં પાપકર્મ બાંધ્યાં, જેના પરિણામે તે ×સુભૂમ ચક્રવર્તી સાતમી નરકે ગયા.

× સુભૂમ ચક્રવર્તીની બીના જાણવાને માટે આ ચૌદ બોલ

૩ પુણ્યાનુબંધી પાપ—પાછલા ભવમાં પાપકર્મ બાંધ્યું હતું તેને લીધે જે જીવો ચાલુ ભવમાં નિર્ધનતા વિગેરેનું દુ:ખ ભોગવે, પણ ચાલુ સ્થિતિને પાપનું ફળ માનીને જે જીવો દાનાદિ પુણ્યકર્મો કરે તે પુણ્યાનુબંધી પાપ કહેવાય. આ બાબતમાં ચંડકૌશિક સર્પની બીના જાણવા જેવી છે, તે પાછલા ભવમાં પાપકર્મ કરવાથી ચાલુ ભવમાં સર્પપણું પામ્યો, પરન્તુ અહિં પ્રભુશ્રી મહાવીર દેવની શાન્તિમય "बुज्झ बुज्झ चंडकोशिया" એ વાણી સાંભળીને પ્રતિબોધ પામ્યો, અને તેણે ક્રોધાદિ અશુભ પરિણામ દૂર કરી અત્યંત ક્ષમાભાવને ધારણ કરવા પૂર્વક કીડીઓના ઉપસર્ગને સહન કર્યા, અને તે અનશન કરીને આઠમા સહસ્રાર દેવલોકે ગયો, શાસ્ત્રમાં બીજાં પણ અનેક દૃષ્ટાન્તો આપ્યાં છે.

૪ પાપાનુબંધી પાપ—જે જીવો પાછલા ભવમાં બાંધેલા પાપના ફળ રૂપે અહિં ખરાબ સ્થિતિને પામે અને દુષ્કર્મ કરીને ફરી નવાં પાપકર્મ બાંધે તે પાપાનુબંધી પાપ કહેવાય. આ બાબતમાં વિશેષે કરીને વાઘ સિંહ બિલાડા વિગેરેનાં દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે.

અવશ્ય ધ્યાનમાં રાખવા જેવા છે:—

૧ નામ-સુભૂમ ચક્રવર્તી. ૨ વાણારસી નગરી (જન્મભૂમિ), ૩ પિતા કીર્તિવીર્ય ૪ માતા તારા રાણી. ૫ આયુષ્ય ૬૦૦૦૦ (સાઠ હજાર) વર્ષનું, ૬ દેહમાન ૨૮ ધનુષ. ૭ કુમારાવસ્થા ૫૦૦૦ (પાંચ હજાર) વર્ષ, ૮ મંડળિક રાજાપણામાં ૫૦૦૦ (પાંચ હજાર) વર્ષ. ૯ દેશસાધના ચારસો વર્ષ, ૧૦ રાજ્યાવસ્થા ૪૯૬૦૦ વર્ષ. ૧૧ સ્ત્રીરત્ન દશમશ્રી રાણી, ૧૨ દીક્ષા ગ્રહણ કરી નથી, ૧૩ ગતિ-મરણ પામીને સાતમી નરકે ગયા. ૧૪ તીર્થ-શ્રી અરનાથ પ્રભુના શાસનમાં થયા.

આ ચાર ભાંગાના સંબંધમાં પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી હરિભદ્ર સૂરિજીએ શ્રી અષ્ટક નામના પ્રકરણમાં નીચેના ચાર શ્લોક જણાવ્યા છે તે આ પ્રમાણે—

गेहाद् गेहान्तरं कश्चिच्छोभनादधिकं नरः ।
याति यद्वत् सुधर्मेण, तद्वदेव भवाद्भवम् ॥ १ ॥
गेहाद् गेहान्तरं कश्चिच्छोभनादितरन्नरः ।
याति यद्वदसद्धार्मात्तद्वदेव भवाद् भवम् ॥ २ ॥
गेहाद् गेहान्तरं कश्चिदशुभादितरन्नरः ।
याति यद्वत्सुधर्मेण, तद्वदेव भवाद् भवम् ॥ ३ ॥
गेहाद् गेहान्तरं कश्चिदशुभादधिकं नरः ।
याति यद्वन्महापापात्तद्वदेव भवाद् भवम् ॥ ४ ॥

**અર્થ:**—જેમ કોઇ મનુષ્ય સારા ઘરમાં રહેતા હોય, અને તે ઘર બદલીને તેથી પણ વધારે સારા ઘરમાં જાય, તેમ જે જીવ ચાલુ ઉત્તમ મનુષ્યાદિ ભવમાં જીવદયા વિગેરે ધર્મારાધન કરે છે, અને તે ધર્મારાધનના ફલ રૂપે અહીંથી મરીને પ્હેલાંના સ્થાન કરતાં વધારે સારૂં દેવાદિ ભવ રૂપ ( ચઢીયાતું) સ્થાન પામે. એટલે પાછલા ભવમાં જે પુણ્યકર્મ બાંધ્યું તેથી અહિં ઉત્તમ મનુષ્યપણું વિગેરે પામે છે, અને ભવાન્તરમાં ઉત્તમ દેવતાઈ ઋદ્ધિ વિગેરે પામે તે પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય, અને તે જ્ઞાનપૂર્વક નિયાણા રહિત ઉત્તમ અનુષ્ઠાનોની સાધના કરવાથી બંધાય છે. આ બાબતમાં શ્રી ભરત મહારાજા વિગેરેની બીના અત્યંત પ્રસિદ્ધ છે. ॥ ૧ ॥

જેમ કોઈ મનુષ્ય સારા ઘરમાં રહેતો હોય તે ઘર

બદલીને નરસા ઘરમાં જાય, તેમ જે જીવો પાછલા ભવની પુણ્યાઇથી ઉત્તમ મનુષ્યપણું વિગેરે સામગ્રી પામે, પરન્તુ અહિં તે તરફ બેદરકારી રાખીને પાપકર્મ કરવામાં આસક્તિ ધારણ કરે છે, તેથી ચાલુ ભવ કરતા બહુ ખરાબ નરકાદિ ભવ પરંપરાને પામે છે. આ બાબતમાં પ્રથમ કહેલું સુભૂમ ચક્રવર્તીનું અને બીજા બ્રહ્મદત્ત[૨] ચક્રવર્તી વિગેરેના દૃષ્ટાન્તો જરૂર યાદ રાખવા જોઇએ. ॥ ૨ ॥

જેમ કોઈ માણુસ પ્હેલાં ખરાબ ઘરમાં રહેલો હોય, ને પછી અમુક ટાઇમે તે ઘર બદલીને સારા ઘરમાં રહેવા

---

૧ શ્રી ભરત ચક્રવર્તીના ૧૪ બોલની બીના આ પ્રમાણેઃ–૧ નામ ભરત ચક્રવર્તી. ૨–જન્મભૂમિ વિનીતા (અયોધ્યા) નગરી. ૩–પિતા શ્રી ઋષભદેવ પ્રભુ. ૪–માતા સુમંગલા. ૫–ચોર્યાશી લાખ પૂર્વનું આયુષ્ય. ૬–શરીરની ઉંચાઇ ૫૦૦ ધનુષ્ય પ્રમાણ. ૭–કુંવરપણામાં ૭૭ લાખ પૂર્વ. ૮–મંડલિકપણામાં ૧૦૦૦ વર્ષ. ૯–૭ ખંડ સાધનાનો ટાઇમ ૬૦ હજાર વર્ષ. ૧૦–ચક્રવર્ત્તિ રાજ્યકાલ એક હજાર વર્ષ ન્યૂન ૬ લાખ પૂર્વ. ૧૧–સ્રીરત્ન સુભદ્રારાણી. ૧૨–આરીસાભુવનમાં કેવલજ્ઞાન પામ્યા. એક લાખ પૂર્વ દીક્ષા પાલી. ૧૩–મોક્ષમાં ગયા. ૧૪–પ્રભુશ્રી ઋષભદેવના વખતમાં થયા. ॥

૨ બ્રહ્મદત્ત ચક્રવર્તીના ૧૪ બોલ આ પ્રમાણે—૧ નામ–બ્રહ્મદત્ત. ૨ નગરી કંપીલપુર, ૩ પિતા બ્રહ્મરાજા, ૪ માતા ચૂલણી, ૫ આયુષ્ય સાતસો વર્ષ, ૬ કુમારપણું અઠ્ઠાવીસ વર્ષ, ૭ મંડળિકપણું છપ્પન વર્ષ, ૯ દેશસાધના સોળ વર્ષ સુધી, ૧૦ રાજ્ય છસો વર્ષ, ૧૧ સ્રીરત્ન કુરુમતી, ૧૨ દીક્ષા નથી લીધી, ૧૩ ગતિ–સાતમી નરકે ગયા, ૧૪ તીર્થ–નેમિજિનને પાર્શ્વજિનના આંતરામાં થયા.

જાય, એવી રીતે પૂર્વ ભવમાં અજ્ઞાન મોહાદિને આધીન થઇને જેઓએ પાપકર્મો સેવ્યા હતા. તેને લઇને તે જીવો વર્તમાન ભવમાં ખરાબ સ્થિતિ પામે, પણ અહીં ઉત્તમ પુરૂષોની સોબતમાં રહે, તેમની વાણી સાંભળીને જીવનમાં ઉતારે, વિગેરે સારા આલંબનોની સાધના કરીને ઉત્તમ દેવાદિ ભવ પરંપરાને પામે, એ પુણ્યાનુબંધી પાપ કહેવાય. આ બાબતમાં ચંડ-કૌશિક સર્પ વિગેરેનું દૃષ્ટાંત જાણવું, તેમાં ચંડકૌશિકની બીના ટૂંકામાં જણાવી છે. શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષચરિત્ર તથા શ્રી યોગશાસ્ત્રમાં વિસ્તારથી કહી છે. ॥ ૩ ॥

જેમ કોઇ માણુસ હાલ ખરાબ ઘરમાં રહેતો હોય, ને અમુક ટાઇમે તે તેના કરતાં પણ વધારે ખરાબ ઘરમાં રહેવા જાય. એમ ચાલુ ભવની પ્હેલાંના ભવમાં જે પાપકર્મો કર્યાં, તેથી ચાલુ ભવમાં તિર્યંચપણું વિગેરે ખરાબ સ્થિતિ પામે, ને અહીં પણ મહા પ્રાણાતિપાતાદિને સેવી રહ્યો છે, તેથી મરીને પ્હેલાં કરતાં પણ વધારે ખરાબ સ્થિતિને પામે, એટલે નરકાદિમાં જાય. આનું નામ પાપાનુબંધી પાપ કહેવાય. મહા હિંસક વાઘ બિલાડી વિગેરેની તેવીજ સ્થિતિ થાય છે. કારણકે તેઓ પાછલા ભવના પાપકર્મોના ઉદયે અહીં ખરાબ ભવ પામે અને નવાં પાપકર્મ કરીને ભયંકર દુર્ગતિમાં જાય છે. આ પ્રસંગે તિર્યંચપણું કોઇને પણ વ્હાલું ન લાગે, માટે તિર્યંચગતિને પાપતત્ત્વના ૮૨ ભેદમાં લીધી છે. તિર્યંચોને પોતાનું આયુષ્ય પ્રિય લાગે છે. કારણ કે માંકડ વિગેરેને પક-ડવા જતાં તરત તે ભાગી જાય છે. આ મુદ્દાથી તિર્યગાયુને પુણ્યતત્ત્વના ૪૨ ભેદમાં ગણ્યું છે. ॥ ૪ ॥ ૪ ॥

**આતમ તણા આનંદને પ્રકટાવનારી ભાવના,**
**વળી સત્યને ઓળખાવનારી નિર્મલી આ ભાવના;**
**સંસારથી નિર્વેદ મતિ વિકસાવનારી ભાવના,**
**સુખના સમયમાં સાવચેત રખાવનારી ભાવના. ૫**

અર્થ:—આ ભાવના આત્મસ્વરૂપ સમજવાથી ઉત્પન્ન થતો જે આનંદ તેને પ્રગટાવનારી અથવા ઉત્પન્ન કરનારી છે. વળી આ શુદ્ધ ભાવના "સત્ય શું છે?" તેને ઓળખાવનારી અથવા સમજાવનારી છે. તેમજ આ ભાવના સંસાર પ્રત્યે નિર્વેદ મતિ એટલે અરૂચિ ભાવ અથવા વૈરાગ્યને વિકસાવનારી–વધારનારી છે. તથા સુખના સમયમાં એટલે ઐહિક સુખનાં સાધનોની પ્રાપ્તિના વખતમાં આ ભાવના જીવને સાવચેત રાખનારી છે. એટલે સુખનાં સાધનો મળે છતે "હે જીવ! આ તને પ્રાપ્ત થએલ સુખ સામગ્રી નાશવંત છે. તે વાસ્તવિક સુખ આપનારી નથી માટે એમાં તું આસક્તિ રાખીશ નહિ. એની અંદર તું ફસાઈશ નહિ. એમાં ફસાયો તો તારો ઉદ્ધાર નથી" એ પ્રમાણે જીવને સાવધાન રાખનારી આ ભાવના છે. આ વાતને ધ્યાનમાં રાખીને ભવ્ય જીવોએ દરરોજ આ ગ્રંથમાં જણાવેલી ભાવના ભાવવી જોઈએ, અને પોતાના જીવને નિર્મલ બનાવવા જરૂર સાવધાન રહેવું જોઇએ.

પ્રશ્ન—આત્મિક આનંદ કઇ રીતે પ્રકટ થાય?

ઉત્તર—તે તે જ્ઞાનાદિ પર્યાયોને પામે, તે આત્મા કહેવાય. આવો આત્મા એમ વિચારે કે હું શુદ્ધ આત્મ દ્રવ્ય

સ્વરૂપ છું. અને મારા નિર્મલ જ્ઞાન દર્શન ચારિત્ર ગુણો છે. સ્ત્રી કુટુંબ દોલત વિગેરે પદાર્થો બાહ્ય ભાવ છે. એટલે એ પદાર્થો મારા છે, એમ જે માનવું એ કેવલ મોહનોજ વિલાસ છે. હું જે પદાર્થોને જન્મતી વેલાએ સાથે લાવ્યો નથી તે પદાર્થો પર ભવમાં જતી વેલાએ સાથે પણ આવતા નથી. અને પર ભવમાં ગયા બાદ આ જીવને યાદ પણ આવતા નથી. એટલે ગયા ભવના સ્ત્રી પુત્ર વિગેરે શું કરતા હશે? દોલતનું શું થતું હશે? વિગેરે કંઈ પણ યાદ આવતું નથી. આવા પદાર્થોને મારા તરીકે માનવાજ ન જોઇએ. હું અને મારૂં એટલે આ ઘર, બાગ, મ્હેલ, લક્ષ્મી વિગેરેનો હું માલીક છું અને તે પદાર્થો મારા છે, આવી મમતા રાખવા રૂપ મોહને લઇને જગત આંધળા જેવું બની ગયું છે. અને તેથી મોહિત જીવોની સ્થિતિ "**જીવડા ગયા પણ રંગડા તો રહ્યા**" આમ કહેનારા મીંયાભાઇના જેવી દેખાય છે. તે બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી. એક મીયાંજી બીબીને પરણીને ઘેર જવા નીકળ્યા. રસ્તામાં નદી ઉતરવાની આવી. મીયાંજી વિચારે છે કે—"બીબીના પગે મેંદી લગાડી છે. જો પગ પાણીમાં પડશે, તો મેંદીનો રંગ ચાલ્યો જશે. માટે બીબીના પગ ખભે ઉપાડીને નદી ઉતરૂં" આવો વિચાર કરીને તે અણુસમજુ મીયાંજી બીબીના પગ ખભે અને મોઢું પાણીમાં રહે, એ રીતે નદી ઉતરીને કાંઠે આવ્યા. બીબીને બોલાવવા લાગ્યા, પણ તે બોલે શાની? નદી ઉતરતાં મોઢું પાણીમાં રહ્યું, તેથી તેમાં પાણી ભરાઇ ગયું, અને મુંઝાઇને મરી ગઇ. મીયાંજીને આ વાતની ખબર નથી. તેથી તે વારંવાર ઘાંટા પાડીને તે બીબીને બોલાવે છે. પડખે ઉભેલા માણસે

બીબી મરી ગઈ છે, એમ જાણીને કહ્યું કે–મિયાંજી ! બીબીકા જીવડા ચલ ગયા. આ સાંભળીને મિયાંજી કહે કે–“ અરે ભાઇ ! જીવડા ગયા પણ રંગડા તો રહ્યા.” અહીં દૃષ્ટાંત પૂરૂં થાય છે. આમાંથી સાર લેવાનો એ કે–મોહના પંઝામાં સપડાયેલા સંસારી જીવો પણ મીયાંજીના જેવા વિચારવાળા દેખાય છે. જેમ મીયાંને બીબીના જીવની પરવા હતી નહિ અને મેંદીના રંગ તરફ તેનું લક્ષ્ય હતું, તેવી રીતે આ જીવ મોહને લઇને પોતાનું આત્મહિત કરવાનું કાર્ય ભૂલી જાય છે, અને રંગડાની જેવા ક્ષણિક પદાર્થોમાં મોહ રાખે છે. હે જીવ! જ્યાં સુધી તું ( બીબીના જીવડાની જેવા ) ઉત્તમ દર્શનાદિ સ્વરૂપ મોક્ષ માર્ગની સાધનામાં ઉજમાલ થતો નથી ત્યાં સુધી તું પણ મીયાંજીના જેવો જ ગણાઇશિ. એમ વિચારી બાલચેષ્ટાને છોડી દઇને આત્મ રમણતાના સાધનોની સેવના કરનારા ભવ્ય જીવો જરૂર આત્મિક આનંદનો અનુભવ કરી શકે છે. યાદ રાખવું જોઇએ કે–જેટલા પ્રમાણમાં પુદ્ગલ રમણતા ઘટે, (ઓછી થાય) તેટલા પ્રમાણમાં આ આત્મ રમણતામાં જરૂર વધારો થાય છે. સમજવાની ખાતર માની લો કે પુદ્ગલ રમણતાનું માપ ૩૫ શેર અને આ આત્મ રમણતાનું માપ પાંચ શેર છે. જ્યારે ઘટતાં ઘટતાં પુદ્ગલ રમણતા ૨૦ શેર રહે, ત્યારે આત્મ રમણતામાં ૧૫ શેરનો વધારો થાય, જેથી ૨૦ શેર (ાા મણ ) થાય. એ પ્રમાણે પુદ્ગલ રમણતામાં જેટલો ઘટાડો થાય, તેટલો આત્મ રમણતામાં વધારો થાય. આ ક્રમે આત્મિક આનંદમાં પણ જરૂર વધારો થાય છે. જૈનેન્દ્ર શાસનમાં જે જે કર્મ ક્ષયાદિના સાધનો બતાવ્યા છે તે બધા સત્ય (સાચા) છે. એમ ભાવનાથી જણાય છે. તેમજ સંસાર

એ કેદખાનું છે, અને સુખના ટાઇમે લક્ષ્મી વિગેરનો સદુપયોગ પણ ભાવનાજ કરાવે છે. એમ સમજીને ભાવનાને જરૂર ભાવવી જોઇએ. ૫

**દુઃખના સમયમાં ઘે દીલાસો જરૂર આવી ભાવના,**
**નિજ હૃદયની શુભ બાદશાહીને પમાડે ભાવના;**
**વળી ભેદ તેમ અભેદને સમજાવનારી ભાવના,**
**આ શુદ્ધ તેમ અશુદ્ધની વ્હેંચણ કરાવે ભાવના. ૬**

**અર્થ**:—વળી આ ભાવના દુઃખના સમયમાં જીવને દિલાસો-આશ્વાસન આપે છે. તે એમ જણાવે છે કે હે જીવ! આ સંસારમાં ખરૂં સુખ તો કોઈને છે જ નહિ. અને તું જેને દુઃખ માને છે તે દુઃખ પણ તારાં પૂર્વે કરેલાં કર્મોનું ફળ છે. માટે તેવા દુઃખો તારે હવે ન જોઈતાં હોય તો તું કર્મ બંધ કરતી વખતે સાવધાન રહે. ફળ ભોગવતાં હાય વોય કરવાથી તે દૂર થતાં નથી પણ ઉલટાં તેમ કરવાથી તેવાં દુઃખદાયી નવા કર્મોનો વિશેષ બંધ થાય છે. મોટા મોટા ચક્રવતી રાજાઓ અને તીર્થંકરોને પણ દુઃખો ભોગવવાં પડયા છે. તેમજ આ ભાવના પોતાના હૃદયની શુભ બાદશાહી એટલે ખરી ફક્કડતાને પમાડનારી છે. વળી આ ભાવના ભેદ તથા અભેદને સમજાવનારી છે. ભેદ એટલે આત્માથી જુદાં શરીર, કુટુંબ, દ્રવ્ય, બંગલા વગેરે જેને જીવ પોતાનાં માને છે અને તેને લીધે ગર્વિષ્ટ બને છે તે તો તેનાં નથી. તેને જીવ સાથે લઇને આવ્યો નહોતો અને સાથે લઇને જવાનો નથી, માટે તે આત્માથી જુદાં છે. અને જ્ઞાન, દર્શન, ચારિત્ર

જે આત્માના ગુણો છે તેની સાથે આત્માને અભેદ છે એમ આ ભાવના સમજાવે છે. તેમજ એ ભાવના આ શુદ્ધ અને આ અશુદ્ધ એવી વ્હેંચણ કરાવે છે. આ શરીર અશુચિનું સ્થાન છે તે નહાવાથી કોઈ દિવસ શુદ્ધ થતું નથી, માટે ખરી શુદ્ધિ આત્માના કર્મ મલ દૂર થાય ત્યારેજ થાય છે એવી સમજણ આ ભાવના આપે છે. ૬

**નિજ રંગ જંગ જગાવનારી જાણ ઉત્તમ ભાવના,**
**સહુ કર્મનાં કારણ બધાં સમજાવનારી ભાવના;**
**વળી આશ્રવોને રોકવાની શીખ આપે ભાવના;**
**પછી નિર્જરા રૂપ રંગ મંડપમાં રમાડે ભાવના. ૭**

અર્થ:—આ ઉત્તમ ભાવના નિજ રંગ એટલે આત્મરમણતા રૂપ ગુણનો જંગ જગાવનારી છે. એટલે તે મેળવવા માટે ઉદ્યમ કરવાને જીવને તૈયાર કરનારી છે. વળી આ ભાવના આઠે કર્મ આવવાનાં સર્વ કારણો મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ, પ્રમાદ જે આશ્રવોના નામે ઓળખાય છે તે સર્વને સમજાવે છે. તેમજ આ આશ્રવોને કેવી રીતે રોકવા? તેની અને આશ્રવોને રોકવા તે સંવર કહેવાય છે, તેની પણ શીખ એટલે સમજણ આપે છે. અને એ સમજણ આવ્યા બાદ નિર્જરા એટલે કર્મનો ધીમે ધીમે ક્ષય થવો તે રૂપી રંગ મંડપમાં રમાડનારી–રમણતા કરાવનારી ભાવના છે. અહીં તાત્પર્ય એ છે કે આશ્રવો રોકવાથી ભવિષ્યમાં બંધાતાં નવાં કર્મો અટકી જાય છે. ને તે સાથે ભૂતકાળમાં અસંખ્ય ભવો સુધીનાં બાંધેલ પ્રાચીન કર્મો ક્ષય થવા માંડે છે. જેથી પર્યન્તે

સર્વથા કર્મ ક્ષયનો પ્રસંગ આવે છે (પ્રાચીન કર્મોના ક્ષય સાથેનો નવીન કર્મબંધ ન અટકે તો મોક્ષનો જ અભાવ થાય.) માટે એવી તે ભાવના સંવર અને નિર્જરા સમકાળે પ્રવર્તાવીને નિર્જરા રૂપ રંગ મંડપમાં રમાડનારી છે એટલે અત્યંત નિર્જરા કરાવનારી છે. ॥ ૭ ॥

**સહુ વિશ્વ કેરી સકલ રચના દીલ ઠસાવે ભાવના,**
**અત્યંત દુર્લભ કોણ? એ દેખાડનારી ભાવના;**
**સદ્ધર્મના ઉપદેશકોને ઓલખાવે ભાવના,**
**તિમ યોગ્ય ધર્મ સ્વરૂપને બતલાવનારી ભાવના. ૮**

**અર્થ:**—ભાવના વિશ્વ એટલે ચૌદ રાજ લોક તેની સઘળા પ્રકારની રચના-સ્વરૂપને દીલમાં ઠસાવે છે એટલે નિશ્ચિત સ્વરૂપે સમજાવે છે. વળી આ દુનીયામાં દુર્લભ-દુઃખે પ્રાપ્ત કરાય તેવું કોણ છે? તે પણ ભાવના સમજાવે છે. તથા સદ્ધર્મ એટલે આત્માને હિતકારી જે જૈન ધર્મ તેના ઉપદેશ કરનાર જે અરિહંતાદિક તેમને પણ ભાવના સમજાવે છે. (ઓળખાવે છે) તેમજ ધર્મના યોગ્ય-સાચા સ્વરૂપને પણ ભાવના બતાવનારી છે. ૮

**ત્રણ યોગને નિર્મલ બનાવે કતક જેવી ભાવના,**
**વળી મોહનાં તોફાન ટાળે શાંતિ આપે ભાવના;**
**સવિ ભૂલ ડાઘ ભુસાવવા આદર્શ જેવી ભાવના,**
**નિજ આત્મગૌરવને વધારે જરૂર આવી ભાવના. ૯**

**અર્થ:**—મન વચન કાયાના યોગરૂપી જળને શુદ્ધ

કરવામાં ભાવના [૧]કતકચૂર્ણ જેવી છે, કારણ કે જેમ કતક-ચૂર્ણ જળમાં રહેલ બગાડને દૂર કરીને જળને સ્વચ્છ બનાવે છે. તેમ આ ભાવના મનયોગ વચનયોગ અને કાયયોગ એ ત્રણ યોગરૂપી પાણીને નિર્મળ બનાવે છે. ભાવાર્થ એ કે અશુભમાં પ્રવૃત્તિ કરતા યોગોને રોકીને શુભ પ્રવૃત્તિમાં જોડે છે જેથી આત્માની નિર્મળતા થાય છે. વળી ભાવના મોહનાં તોફાન (રાગ દ્વેષ, મમત્વ વગેરે) ને દૂર કરે છે. એટલે ભાવથી મોહનું જોર નરમ પડી જાય છે. અને તેથી વૈરાગ્યમય શાંતિની પ્રાપ્તિ થાય છે. તેમજ વળી ભાવનાને ચાટલાના જેવી કહી છે. જેમ દર્પણ વડે પોતાના ચહેરા ઉપર પડેલો ડાઘ જોઈ શકાય છે અને જોઇને દૂર કરી શકાય છે. તેવી રીતે આ ભાવનાથી જીવ પણ પોતાની ભૂલરૂપ ડાઘને જોઇ શકે છે. અને તે ભૂલરૂપી ડાઘને સુધારી શકે છે. આવા પ્રકારની ભાવના પોતાનું આત્મ ગૌરવ એટલે આત્માની ઉન્નતિ અથવા ચઢતીને જરૂર વધારે છે. ૯

**નિજ સત્ય સુખના માર્ગને દેખાડનારી ભાવના;**
**શુભ દીર્ઘદૃષ્ટિ વધારનારી જાણવી આ ભાવના;**
**પુદ્ગલ રમણતા દૂર કરીને નિજ રમણતાને દીએ,**
**સમતા વધે ચારે કષાયો ભાવનાથી ડારીએ. ૧૦**

**અર્થઃ**—આ ભાવના આત્માનું સત્ય સુખ એટલે

૧ શ્રી સકલાર્હત્ નામના સ્તોત્રમાં **विमलस्वामिनो वाचः कतकक्षोदसोदराः** એટલે ત્રણ જગતના જીવોના ચિત્ત રૂપી જળને શુદ્ધ કરવામાં શ્રી વિમલ જિનેશ્વરની વાણી કતક ચૂર્ણના જેવી કહી છે. અહીં કતક શબ્દનો પ્રયોગ કર્યો છે.

આધ્યાત્મિક આનંદ તે પ્રાપ્ત કરવાના રસ્તાને જણાવનારી છે. ધન, દોલત, કુટુંબ, પરિવાર, બંગલા, વાડી વગેરે દ્વારાએ મળતું જે સુખ તે વાસ્તવિક અથવા આત્મિક સુખ નથી પરંતુ તે નામનું સુખ છે. તેવા સુખમાં નહિ ફસાતા આત્માનું સ્વગુણમાં રમણુતા કરવા રૂપ જે સુખ છે તે સત્ય સુખ છે. અને તે સત્ય સુખ કેવી રીતે પ્રાપ્ત કરાય તે ભાવના જણાવે છે. સાંસારિક સુખ જીવને સંસારમાં ચીંકણા કર્મ બંધાવીને રઝળાવે છે. માટે જેઓ તેમાં નહિ ફસાતાં તેનો ત્યાગ કરે છે તેઓજ વાસ્તવિક અથવા સત્ય સુખ મેળવી શકે છે. વળી ભાવના ઉત્તમ દીર્ઘ દૃષ્ટિને વધારનારી છે. કોઇ કાર્ય વગર વિચારે નહિ કરતાં આ કાર્ય કરવાથી પરિણામે હાનિ થશે કે લાભ થશે તેવો સંપૂર્ણ વિચાર કરાવનારી જે દૃષ્ટિ તે દીર્ઘદૃષ્ટિ કહેવાય. વળી ભાવના પુદ્‌ગલ રમણુતાને દૂર કરનારી છે. પુદ્‌ગલ એટલે શરીર, ધન, ધાન્ય, બંગલા બગીચા વગેરે પૌદ્‌ગલિક પદાર્થોમાં રમણુતા–મમત્વભાવ રાખવો એટલે તેની પ્રાપ્તિ થતાં જે રાજી થવું તે પુદ્‌ગલ રમણુતા કહેવાય. ભાવના તેને દૂર કરે છે, કારણ કે ભાવનાથી આ બધી પૌદ્‌ગલિક વસ્તુઓ નાશવંત છે, આત્માથી જૂદી છે, તેને જીવ સાથે લઇને આવ્યો નથી અને સાથે લઇને જવાનો નથી એવું જ્ઞાન થાય છે. પરિણામે તેમને વિષે રહેલી આસક્તિ દૂર થાય છે. અને ભાવના નિજ રમણુતાને એટલે આત્માના ગુણોને વિષે રમણુતા કરાવે છે. તથા સમતાને અથવા સમભાવને વધારે છે. વળી ભાવનાથી ચારે કષાયો (ક્રોધ, માન, માયા, લોભ) શાંત પડે છે એટલે ઓછા થાય છે. ૧૦

આતમ વશે સુખ એમ નિત સમજાવતી શુભ ભાવના,
વાતાવરણ ચારે દિશાનું ધ્યાન લાવે ભાવના;
જે હેયને છોડાવતી આદેય રંગ વધારતી,
તે ભાવના વિજ્ઞેય વસ્તુ તત્ત્વને સમજાવતી. ૧૧

**અર્થ**:—શુભ ભાવના હંમેશાં એમ સમજાવે છે કે જે આત્માને સ્વાધીન હોય તે સુખ કહેવાય. કારણ કે મોહમાં ફસાએલા જીવો પૈકી કેટલાક ધનમાં સુખ માને છે, પરંતુ ધનમાં ખરૂં સુખ નથી. કારણ કે જે ધન વડે પોતે કલ્પેલાં સુખો મેળવાતાં હતાં તેજ ધન કુટુંબમાં કલેશ કરાવનારૂં તથા કોઈક વખતે મરણ દેનારૂં પણ થાય છે. કેટલાક જીવો પુત્રાદિકથી સુખ માને છે, પરંતુ તેમાં પણ ખરૂં સુખ નથી. કારણકે પુત્રાદિક સદ્ગુણી હોય તો ઓછી ઉપાધિ રહે છે, નહિ તો તેનાથી કલ્પિત સુખને બદલે ઉલટો દુ:ખનો અનુભવ કરવો પડે છે. એ પ્રમાણે ખરૂં સુખ કોઈ પણ પ્રકારની પૌદ્ગલિક વસ્તુમાં નથી પણ તે પોતામાંજ રહેલું છે એવી ખાત્રી શુભ ભાવના કરાવે છે. આ બાબતમાં જુઓ સાક્ષિપાઠ—"**सर्वं परवशं दुःखं सुखं स्वाधीनमिष्यते**" અને "**परस्पृहा महादुःखं, निःस्पृहत्वं महासुखं**" ॥ વળી ભાવનાથી ચારે તરફનું વાતાવરણ લક્ષ્યમાં આવે છે, વળી આ ભાવના હેય (આત્માને નુકસાન કરનાર હોવાથી તજવા લાયક) નો ત્યાગ કરાવે છે. તથા આદેય (આત્માને હિતકારી હોવાથી ગ્રહણ કરવા લાયક) ને વિષે રંગ વધારે છે. એટલે આદરભાવ

(લાગણી) કરાવે છે. તેમજ [1]વિજ્ઞેય એટલે જાણવા લાયક જીવ અજીવાદિ પદાર્થોના સારને સમજાવે છે. ૧૧

**જગ જીવ કેવા વેષ ભજવે ભવ તણા ચોગાનમાં,**
**એ ખ્યાલ મન પર લાવતી શુભ ભાવના વિસ્તારમાં;**
**નિજ જીવનના ઉદ્દેશને સમજાવનારી ભાવના,**
**આ વિકટ દોડાદોડને સંહારનારી ભાવના. ૧૨**

**અર્થ**:—વળી શુભ ભાવના બીજાં કયા કયા લાભ પમાડે છે તે જણાવે છે:—ઉત્તમ ભાવના ભવ રૂપી ચોગાનમાં જીવ કેવા કેવા વેષ ભજવે છે? તે બાબતનો વિસ્તાર પૂર્વક (સ્પષ્ટ) વિચાર મનમાં ઠસાવે છે. આનું રહસ્ય એ છે કે કર્મને વશ પડેલા આ સંસારી જીવો પોતે કરેલા કર્મને અનુસારે કેટલાક દેવ થાય છે કેટલાક મનુષ્ય થાય છે તો કેટલાક તિર્યંચ અને કેટલાક નારકી થઇને અનેક પ્રકારની વેદનાઓ સહન કરે છે.[1] એ પ્રમાણે સંસારી જીવો

---

૧ આ ગાથામાં હેય જ્ઞેય ને ઉપાદેય એ ત્રણ વસ્તુ વિભાગમાં ભાવનાનો સંબંધ દર્શાવ્યો.

૧ વૈરાગ્યશતકમાં કહ્યું છે કે—

**न सा जाई न सा जोणी, न तं ठाणं न तं कुलं।**
**न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो॥ १॥**

તેવી કોઇ જાતિ નથી, કોઇ યોનિ નથી, તેવું કોઇ સ્થાન નથી ને તેવું કોઇ કુલ નથી કે જ્યાં જીવો અનન્તવાર જન્મ્યા ન હોય કે મર્યા ન હોય. એટલે સર્વ જાતિ વિગેરેમાં જીવે અનન્તા જન્મ મરણ કર્યા છે.)

કર્મને લઇને નવા નવા વેષ ભજવે છે. કોઈક પુરૂષ, કોઈક સ્ત્રી અને કોઇક નપુંસક થાય છે. કોઇ મોટા શરીરવાળા તો કોઈક દેખી પણ ન શકાય તેવા સૂક્ષ્મ શરીરવાળા થાય છે. આ સંબંધી સ્પષ્ટ બીના ભાવના વડે જાણી શકાય છે, વળી ભાવનાથી આ મનુષ્ય જીવનનો ઉદ્દેશ એટલે મુદ્દો કયો છે તે જણાય છે. અથવા મનુષ્ય ભવ પામીને તેની સફળતા માટે શું શું કરવું જોઇએ તેને ભાવના સમજાવે છે. તથા ભાવના આ માટે વિકટ એટલે આકરી અથવા દુઃખદાયી દોડાદોડ (સંસારની ઉપાધિની ખોટી ધમાલ) ની સંહારનારી એટલે નાશ કરનારી છે. ૧૨

**પરમાત્મ લક્ષ્ય વધારનારી પાવના આ ભાવના,**
**વળી ધ્યાન પ્રગતિને કરાવી સ્થૈર્ય દેતી ભાવના;**
**નિજ પ્રમાદભાવ ભગાડનારી જાણવી શુભ ભાવના,**
**જીવનતરૂમાં સિંચતી નિવૃત્તિરસને ભાવના. ૧૩**

અર્થઃ—આ પાવના એટલે પવિત્ર ભાવના પરમાત્મ લક્ષ્ય (આત્માનું ખરૂં લક્ષ્ય એટલે સાધ્ય) જે જ્ઞાન, દર્શન ચારિત્ર, તે ત્રણેને વધારનારી છે. તેમજ ધ્યાન એટલે ધર્મ-ધ્યાન તથા શુક્લ ધ્યાનમાં જીવને પ્રગતિ કરાવીને એટલે ઉંચી હદે લઇ જઇને સ્થૈર્ય એટલે સ્થિરતાને (ધર્મમાં દૃઢ આસ્થાને) આપનારી છે. ઉત્તમ ભાવના જીવને ધર્મધ્યાનાદિ શુભ ધ્યાનની શ્રેણિમાં ટકાવે છે. વળી પોતાના નિદ્રા, વિકથા વગેરે સર્વ પ્રકારના પ્રમાદને ભગાડનારી એટલે દૂર કરનારી ભાવના છે. આનો ભાવાર્થ એ કે ભાવના ભાવનાર જીવો

ધીમે ધીમે પ્રમાદને દૂર કરીને અપ્રમત્ત બને છે. વળી જીવન-તરૂ એટલે મનુષ્ય જીવનરૂપી ઝાડમાં નિવૃત્તિ રસ અથવા શાંતિરૂપી રસનુ સિંચન કરનારી ભાવના છે. એટલે ભાવના ભાવતાં ભાવતાં પોતાનું જીવન પરમ નિવૃત્તિ (સંતોષ)મય બનાવી શકાય છે. આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાનના વિચારોમાં ગુંથાઈને હાયવોય કરવી એનું નામ જીવન કહી શકાય જ નહિ. યાદ રાખવું જોઇએ કે ધર્મની નિર્મલ આરાધના કરાવ-નારા અનેક સાધનોમાં નિવૃતિમય જીવનને મુખ્ય ગણ્યું છે. હે જીવ! જેટલા માથા એટલી વેદના એમ શેષ નાગનું દૃષ્ટાંત શ્રી શ્રાવક ધર્મ જાગરિકામાં કહ્યું છે. તે યાદ કરીને તારે વધારે ઉપાધિમાં પડવું જ નહિ. ૧૩

**જિમ ચિત્રકાર પ્રથમ બનાવે શુદ્ધ લીસી ભીંતને,**
**ચિત્રામણો ચિતરી મનોહર પામતો બહુ દ્રવ્યને;**
**તિમ હૃદય રૂપી ભીંતને નિર્મલ બનાવે ભાવના;**
**સુગુણ ચિત્રો ચીતરીને હોય ભાગી લાભના. ૧૪**

**અર્થ**:—જેમ ચિત્રકાર—ચિતારો ચિત્ર ચીતરવાની શરૂઆતમાં ભીંતને લીસી એટલે સુંવાળી બનાવે છે. કારણ કે ભીંતને લીસી બનાવ્યા સિવાય તેના ઉપર ચિત્રો બરાબર ઉઠતા નથી. માટે પ્રથમ ભીંતને લીસી બનાવે છે અને ત્યાર પછી મનોહર—સુંદર ચિત્રામણો એટલે ચિત્રો આળે-ખીને (ચીતરીને) ઘણું દ્રવ્ય પ્રાપ્ત કરે છે. તેમ ભાવના પણ શરૂઆતમાં જીવના હૃદયરૂપી ભીંતને નિર્મળ બનાવે છે. એટલે મનને સાંસારિક ઉપાધિઓમાંથી બહાર કાઢે છે.

અથવા મનને પોતાના સાધ્ય તરફ આદરવાળું કરે છે. ત્યાર પછી જીવ તેના ઉપર સુગુણ એટલે સારા ગુણોરૂપી ચિત્રો ચિત્રે છે. અને સાંસારિક ઉપાધિઓથી દૂર ખસીને જીવો પોતાના ખરા સાધ્યને સાધીને લાભના ભાગી એટલે આત્મિક સુખને મેળવનારા થાય છે. ૧૪

**તર્કહીણા વૈદ્ય લક્ષણ હીણ જિમ પંડિત જના,**
**ભાવનાહીણ ધર્મ હાંસી પાત્ર તિમ બોલે જિના;**
**શુભ ભાવનાયુત અલ્પ કિરિયા પણ દુરિતને સંહરે,**
**નાનો છતાં પણ સૂર્ય જિમ ઝટ તિમિરપુંજોને હરે. ૧૫**

**અર્થઃ**—જેમ તર્કહીણા એટલે રોગને પારખવાની બાબતમાં વિચાર કરવાની શક્તિ વિનાના વૈદ્ય હાંસીપાત્ર—મશ્કરીનું સ્થાન થાય છે, કારણ કે તે તર્કવડે રોગનું નિદાન નહિ કરી શકવાથી દરદીના રોગને પારખી શકતો નથી અને તેથી તેની દવા ફાયદો કરી શકતી નથી અને જેમ લક્ષણ હીણ એટલે સારા આચરણ વિનાના અથવા શબ્દના લક્ષણ-રૂપ વ્યાકરણનાં બોધ વિનાના પંડિત પુરૂષો હાંસી પાત્ર બને છે, કારણ કે વિદ્વાન હોવા છતાં તેનાં આચરણ સારાં ન હોય તો પોતે બીજાને જે પ્રમાણે વર્તવાને કહેતો હોય તે પ્રમાણે પોતે આચરે નહિ. તેમજ પંડિત નામ ધરાવી વ્યાકરણ વિના અશુદ્ધ અર્થ વિગેરે કરવાથી હાંસી પાત્ર થાય. તેમ ભાવના વિના કરેલો ધર્મ પણ હાંસી પાત્ર બને છે એ પ્રમાણે જિનેશ્વરોએ કહ્યું છે. કારણ કે ભાવના યુત

એટલે ભાવના સહિત કરેલી થોડી ક્રિયા પણ ઘણાં દુરિતમલ એટલે પાપરૂપી કાદવને દૂર કરે છે. અહીં દૃષ્ટાંત એ કે-જેમ નાનો જણાતો એવો સૂર્ય પણ તિમિર પુંજોને—અંધકારના સમૂહને જલ્દી નાશ કરે છે. તેમ ઉત્તમ ભાવ (ઉલ્લાસ)પૂર્વક થોડી ક્રિયા કરાય તો પણ તે ઘણાં ચીકણાં કર્મોને હઠાવે છે (નષ્ટ કરે છે). ૧૫

**શુભ ધર્મ નૃપનાં અંગ ચારે, દાન શીલ તપ ભાવના,**
**દાનાદિને જીવાડનારી પ્રાણ જેવી ભાવના;**
**કર્મ ઇંધણ બાલવાને અગ્નિ જેવી ભાવના,**
**સત્કૃત્ય ભોજનમાંહિ ઘીના જેહવી આ ભાવના. ૧૬**

**અર્થ**:—શ્રેષ્ટ ધર્મરૂપી રાજાનાં દાન, શીલ, તપ અને ભાવનારૂપી મુખ્ય ચાર અંગ છે. તેમાં પ્રથમના દાન શીલ તપ આ ત્રણેને જીવાડનારી હોવાથી ભાવના એ ત્રણના પ્રાણ સમાન કહી છે. ભાવાર્થ એ છે કે ભાવના વિના કરેલા દાન શીલ અને તપ ફળદાયી થતા નથી. વળી ભાવના દુષ્કર્મરૂપી ઇંધણ એટલે લાકડાને બાળવા માટે અગ્નિ જેવી છે. કારણ કે અગ્નિ જેમ લાકડાંને બાળી નાખે છે તેમ ભાવના વડે દુષ્કર્મોનો નાશ થાય છે. તથા જેમ ભોજનની અંદર ઘી વડે સ્વાદિષ્ટપણું આવે છે તેમ સત્કૃત્ય એટલે સત્કાર્યો રૂપી ભોજનની અંદર ભાવના ઘીના જેવી છે. કારણ કે ભાવનાથી દાનાદિ કરતાં આત્મ વીર્યોલ્લાસ જરૂર વધે છે. તેથી ઘણોજ આનંદ થાય છે. ૧૬

ભાવના જલ સિંચતાં શીલ દાન તપ તરૂ ઝટ ફલે,
ભાવનાથી ઉદ્ભવે સંતોષ તૃષ્ણા વલિ ટલે;
દેવાય દ્રવ્યે દાન શીલ તપ સાધના સત્ત્વે કરી,
ભાવના સ્વાધીન સહેજે સાધ્ય પ્રભુએ ઉચ્ચરી. ૧૭

અર્થ:—જો સદ્ભાવના રૂપ જળ દાનાદિ વૃક્ષોમાં સિંચીએ તો એ શુભ દાનાદિરૂપ વૃક્ષો (સુપાત્રદાન વગેરે) જલ્દીથી ઉત્તમ ફલ આપે છે. એટલે જેમ ભાવ પૂર્વક કરેલાં દાનનું ઉત્તમ ફળ જલ્દી મળે છે. તેવીજ રીતે ભાવ પૂર્વક પાળેલું શીલ (સદાચાર) તથા ભાવપૂર્વક કરેલું તપ જલ્દીથી ઉત્તમ ફળદાયી થાય છે. તથા દ્રવ્ય અથવા પૈસો હોય તો દાનધર્મ બની શકે છે. પરંતુ પૈસા વિના દાન આપી શકાતું નથી. માટે દાનધર્મ પરાધીન કહ્યો છે. કારણ કે જેની પાસે પૈસો ન હોય તે દાન આપી શકતો નથી. એ પ્રમાણે બધા જીવો દાન ધર્મનો લાભ લઈ શકતા નથી. એમ શીલ ધર્મ તથા તપ ધર્મની સાધના ઉત્તમ આત્મિક સત્ત્વ ગુણ (આત્માની દૃઢતા) વડે થઇ શકે છે અને સત્ત્વ ગુણ પણ બધામાં નહિ હોવાથી તે પણ બધાથી બની શકે તેમ નથી માટે પરતંત્ર છે. પરંતુ ચોથો ભાવના ધર્મ દરેકને સ્વાધીન છે. તેથી મોજે એટલે આનંદ પૂર્વક સાધી શકાય તેવો છે એ પ્રમાણે પ્રભુએ કહ્યું છે. ૧૭

દાનાદિથી જે લાભ હોવે તેહ દે અનુમોદના,
વચન આપેક્ષિક સમજ હેવાલ હરિણાદિક તણા;
દાનાદિ જ્યાં ન બની શકે ત્યાં જો કરે અનુમોદના,
તો લાભ સરખો જાણિએ, અધિકા ગુણો દાનાદિના. ૧૮

**અર્થ**:—વળી આગળ જણાવાતી અપેક્ષાએ કરીને દાનાદિથી એટલે દાન, શીલ તથા તપ કરવાથી જે લાભ થાય છે તે દાનાદિક કર્યા સિવાય તેની પ્રશંસા કરવાથી મળી શકે છે. હે ભવ્ય જીવ! આ બાબતમાં હરિણાદિક તણા એટલે બલભદ્ર મુનિ (કૃષ્ણ મહારાજના મોટાભાઇ)ની સાથે ફરનાર હરિણ વગેરેના આપેક્ષિક હેવાલ (બીના) જરૂર સમજજે. તે અપેક્ષા આ પ્રમાણે—

જે સ્થળે દાન વગેરે પોતાથી ન બની શકતાં હોય ત્યાં તેવાં પ્રકારનાં સુપાત્રદાન વગેરે કરતા બીજા ભવ્ય જીવોને જોઇને તેની અનુમોદના કરે તો તે અનુમોદના કરનારને પણ તે દાનાદિક કરનારને થતા લાભ જેટલો લાભ મળે છે, પરન્તુ છતી સામગ્રીએ અનુમોદના માત્ર કરે, ને દાનાદિક ન કરે તો તે અનુમોદના દાન દેનારના લાભ જેટલો લાભ આપતી નથી. માટે છતી સામગ્રીએ કેવળ સુપાત્ર દાનાદિક દાન આપે તોજ દાનનો વિશેષ લાભ મળે. એમ દાનાદિની સામગ્રી ન હોય ત્યારે અનુમોદનાનો લાભ દાનાદિના સરખો જાણવો. આથી એમ સમજવું કે—સાધન સંપન્ન દશામાં દાનાદિકની સાધના અધિક ગુણોને દેનારી છે. એમ વિચારીને જરૂર દાન શીલ તપની સાધના કરવી ॥ ૧૮ ॥

**ગ્રાહક હતા બલભદ્ર તિમ રથકાર દાયક હર્ષથી,**
**દાનને અનુમોદતો મૃગ હૃદયના શુભ ભાવથી;**
**જો હોત નર હું તો જરૂર રથકારની માફક મને,**
**મલત આવો લાભ માનું ધન્ય આ રથકારને. ૧૯**

**અર્થ**:—બલભદ્ર મુનિનું રૂપ જોઈને સ્ત્રીઓ મોહિત થઈને પોતાને કરવાનું કાર્ય પણ ભૂલી જતી હતી. અથવા કરવાનું કાર્ય વિપરીત રીતે કરતી હતી. આ હકીકત જાણીને બલભદ્ર મુનિએ એવો અભિગ્રહ ધારણ કર્યો કે " મારે ગામમાં કે નગરમાં ગોચરી લેવા જવું નહિ. ફક્ત જંગલમાં કામ માટે જે માણસો આવ્યા હોય તેમની પાસેથી સૂઝતો આહાર મળે તો ગ્રહણ કરવો. " તે અરણ્યમાં એક હરણને બલભદ્રમુનિ પ્રત્યે ઘણો સ્નેહ થયો. તે હરણ તેમની સાથે સાથે રહે છે. મુનિ જ્યાં જાય ત્યાં તે પણ જાય છે એટલું જ નહિ પણ ગોચરીનો વખત થાય ત્યારે જંગલમાં જો કોઈ માણસો આવેલા હોય તો તેની તપાસ કરીને મુનિને તે તરફ લઈ જાય છે. એક વખત એક રથકાર-રથ બનાવનાર સુતાર લાકડા માટે તે વનમાં આવેલો છે. લાકડા માટે એક ઝાડની મોટી ડાળી કાપવા માંડી છે. તે પુરી કાપી રહ્યો નથી એટલામાં બપોરે ભૂખ લાગવાથી સાથે લાવેલું ભાતું કાઢીને ખાવાની તૈયારી કરીને રહ્યો છે. તે વખતે તેના મનમાં એવો વિચાર આવે છે કે આ વખતે જો કોઇ મુનિરાજ આવે તો તેમને વ્હોરાવીને જમું. આવા વિચારમાં તે બેઠો છે તે વખતે ગોચરી માટે નીકળેલા બલભદ્ર મુનિ હરિણની સાથે ત્યાં આવી ચડે છે. રથકાર મુનિને જોઇને રાજી થાય છે અને ભાવ પૂર્વક તેમને વ્હોરાવે છે. આ પ્રસંગને જણાવતા ગ્રંથકાર કહે છે કે બલભદ્ર મુનિ જેવા ગ્રાહક હતા એટલે દાનના લેનાર હતા. તથા રથકાર હર્ષથી-આનંદ પૂર્વક અથવા ઉલ્લાસથી દાયક એટલે દાન આપનાર હતા. અને તે વખતે એક બાજુએ ઉભેલો પેલો હરણ હૃદયની શુભ

ભાવના પૂર્વક તે સુપાત્ર દાનની અનુમોદના કરતો હતો કે "જો હું પણ આ રથકારની પેઠે મનુષ્ય હોત તો મને પણ અહિં આવો સુપાત્ર દાન આપવાનો લાભ મળત માટે આ રથકારને ધન્ય છે કે જેને આવા શુભ અવસરની પ્રાપ્તિ થઇ છે. હું તેને ધન્ય માનું છું. તેનો મનુષ્ય જન્મ સફળ છે." ૧૯

**એવી કરે અનુમોદના ત્યાં ત્રણ ઉપર ડાલી પડે,**
**જીવનદોરી તૂટતાં સહુ બ્રહ્મ સુરલોકે ચડે;**
**દાનાદિ રૂપ પ્રાસાદની દૃઢ થંભ જેવી ભાવના,**
**દાનાદિ આપે પૂર્ણ ફલને જો ભલે ભલી ભાવના. ૨૦**

**અર્થ:**—ઓગણીસમા શ્લોકમાં કહ્યા પ્રમાણે હરિણ અનુમોદના કરી રહ્યો છે તેજ વખતે પવનનો ઝપાટો લાગવાથી તે કાપતાં અધુરી રહેલી ડાળી તે ત્રણેના ઉપર એકદમ પડી. તેજ વખતે તે ત્રણેની જીવન દોરી એટલે આયુષ્ય તૂટતાં અથવા પુરૂં થઇ રહેવાથી ત્રણે જણ એક સાથે કાળધર્મ પામ્યા. અને મરીને તે ત્રણે બ્રહ્મદેવ લોક નામના પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. આ પ્રમાણે દાન લેનાર મુનિરાજ અને દાન કરનાર રથકાર તથા અનુમોદના કરનાર હરણ એ ત્રણેને એક સરખું ફળ મળ્યું. તથા દાનાદિ રૂપ મહેલના થાંભલા જેવી ભાવના કહી છે. જેમ થાંભલા વિના મહેલ હોય નહિ, તેમ ભાવના વિના ઉત્તમ દાનાદિક પણ સંપૂર્ણ થાય નહિ. અહીં તાત્પર્ય એ છે કે દાનાદિકની સાથે

ભલી ભાવના એટલે સારી ભાવનાનો સંયોગ થાય તો તે દાનાદિક સંપૂર્ણ ફલને આપનાર થાય છે. ૨૦

**ફેંકેલ નારીના કટાક્ષો રાગ રહિત પુરૂષ વિષે,**
**ચમડી તુટે દમડી ન છૂટે કૃપણની કરવા ધસે;**
**દુઃખો સહીને સેવના પત્થર વિષે તિમ વાવવું,**
**કમલો તણું ખારા પ્રદેશે વૃષ્ટિ કેરૂં વરસવું. ૨૧**

અર્થ:—જેમ રાગ રહિત એટલે નીરાગી પુરૂષ પ્રત્યે સ્ત્રીએ ફેંકેલા કટાક્ષો નિષ્ફળ જાય છે, કારણકે તે સ્ત્રી નીરાગી પુરૂષને કંઇપણ વિપરીત અસર કરી શકતી નથી. વળી 'ચમડી તૂટે પણ દમડી ન છૂટે' એવા કૃપણની અથવા કંજૂસની જે માણસ દુઃખો સહન કરીને સેવના—ચાકરી કરવા માટે ધસે એટલે તત્પર થાય પરંતુ તે નિષ્ફળ જાય છે. કારણ કે તે કંજુસ તરફથી તેને બદલામાં કાંઈ મળતું નથી. આ બાબતમાં દૃષ્ટાંત એ છે કે—એક શેઠ ગાદી ઉપર બેઠા છે, તેની આગળ એક ગરીબ માણસ આવીને કહેવા લાગ્યો કે હે શેઠ! હું ગરીબ માણસ છું. માટે મારી આજીવિકા ચલાવવા માટે મહેરબાની કરી મને કંઈ આપો. શેઠ કંજૂસ હતો. ગરીબના દીનતા ભરેલા વેણ સાંભળીને પણ તેને દયા ન આવી. તે વિચાર કરવા લાગ્યો કે હું સાલ ઓઢીને સૂઈ જઇશ, તો ટાઢા પાણીએ ખસ જશે, એટલે આ ચાલ્યો જશે. એમ વિચાર કરીને શેઠ સૂઈ ગયા. મુનીમ પડખે બેઠો છે. ગરીબે વિચાર્યું કે હું શેઠની પગચંપી કરૂં તો તે રાજી થઇને મને કંઇ આપશે. આ ઇરાદાથી તે શેઠના પગ દબાવવા

લાગ્યો. આ વાતની શેઠને ખબર નથી. થોડો ટાઇમ વીત્યા-બાદ શેઠે મુનીમને પૂછયું કે-"એ બલા ગઈ કે નહિ? જવાબ દેતાં મુનીમે કહ્યું કે એ બલા ગઈ નથી પણ પગે વળગી છે. એટલે તમારા પગ દબાવે છે. ગરીએ ઘણી વાર પગ દબાવ્યા, તો પણ શેઠ ઉઠયા જ નહિ. છેવટે તે થાકીને નિરાશ થઇ ચાલ્યો ગયો. કંજૂશ માણસની સ્થિતિ એવી હોય છે કે જ્યાં સુધી તે જીવતો હોય, ત્યાં સુધી તે એક પાઈ પણ સારા કામમાં ન વાપરે. જેમ (૧) સિંહના કેસરા (૨) કુલબાલિકાનું શીલ (૩) શેષ નાગનો મણિ જીવતાં ન લઇ શકાય, એ પ્રમાણે કંજૂશનું ધન તેવું હોય છે. એટલે જીંદગીમાં તે સારા કામમાં લક્ષ્મી વાપરે નહિ. અને મરીને તિર્યંચ કે નારકી થાય છે. તથા પત્થરને વિષે કમલોનું વાવવું તે પણ નકામું છે. પત્થરને વિષે કમલ ઉગે જ નહિ. વળી ખારી જમીનમાં વરસાદનું વરસવું નકામું છે. કારણ કે વરસાદ વરસે તો પણ તે ખારી જમીનમાં ઘાસ વગેરે ઉગતાં નથી. ૨૧

**એ ફેંકવું તિમ સેવના વલી વાવવું તિમ વરસવું,**
**ના લાભદાયક જેમ તિમ પ્રભુભક્તિ તપનું સાધવું;**
**ને દાન અધ્યયનાદિ કિરિયા નિષ્ફલા વિણ ભાવના,**
**કરણી કરેલી ભાવ પૂર્વક હોય સફલી સજ્જના?—૨૨**

**અર્થ**:—આગલી ગાથામાં કહ્યા પ્રમાણે (નીરાગી પ્રત્યે કટાક્ષનું) ફેંકવું, કૃપણની સેવા, (પત્થરમાં કમલનું) વાવવું તેમજ (ઉખર ભૂમિમાં વરસાદનું) વરસવું જેમ લાભદાયક એટલે ફાયદાકારક નથી તેવી જ રીતે પ્રભુભક્તિ—પ્રભુની સેવા,

તપનું સાધવું એટલે અનેક પ્રકારના તપ કરવા અને દાન તથા અધ્યયનાદિ એટલે અભ્યાસ વગેરે ક્રિયાઓ ભાવના વિના નકામા જાણવા. તેથી હે સજ્જન પુરૂષો! જે જે ક્રિયાઓ ભાવ પૂર્વક કરવામાં આવે છે, તેજ સફલ નીવડે છે. એમ તમારે જરૂર સમજવું જોઇએ. ૨૨

**કલ્યાણનેજ વધારવાને પારભવ જલનિધિ તણો,**
**જો પામવા ચિત્તે ચહે ને સંગ શિવ રમણી તણો;**
**તો નિત્ય ભાવે ભાવના બુધ વાત મોટી ના કરે,**
**જિમ વર વિનાની જાન તિમ વિણ ભાવના કિરિયા ખરે.૨૩**

**અર્થ**:—હે જીવ! જો તું તારા કલ્યાણને એટલે હિતને વધારવાને ઇચ્છતો હોય, તથા સંસાર રૂપી સમુદ્રને પાર પામવા માટે ચિત્તમાં ઈચ્છા રાખતો હોય, તેમજ શિવ રમણી એટલે મોક્ષ રૂપી સ્ત્રીની સોબતને ઇચ્છતો હોય એટલે જો તને આ સંસાર દુઃખદાયી લાગતો હોય અને તેથી સંસાર પ્રત્યે વૈરાગ્ય થવાથી કર્મનો નાશ કરીને મોક્ષે જવાની ઈચ્છા હોય તો તારે હંમેશાં ભાવના ભાવવી. કારણ કે બુધ એટલે પંડિત પુરૂષો મોટી મોટી વાતો કરવામાં વખત કાઢતા નથી પણ કાર્યની સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે. તથા જેમ વર વિનાની જાન શોભતી નથી તેમ ભાવના વિના કરેલી ક્રિયા પણ ખરેખર શોભતી નથી એટલે નિસ્તેજ જણાય છે. ૨૩

**વિનયવન નીપજાવવાને નીક જેવી ભાવના,**
**વળી પ્રશમ સુખ પ્રકટાવવા સંજીવિની આ ભાવના;**

**જે વિષય દાવાનલ બુઝાવે જલદ જેવી ભાવના,**
**સવિ કરણ રૂપ હયરાખવા વશ ખલિન જેવી ભાવના.૨૪**

**અર્થ**:—વળી ભાવના વિનય રૂપી વનની ઉત્પત્તિ કરવાને તથા વૃદ્ધિ કરવાને પાણીની નીક સમાન છે. જેમ નીક દ્વારાએ આવતા પાણી વડે વન એટલે બાગનાં વૃક્ષો ઉત્પન્ન થાય છે ને વૃદ્ધિ પામે છે, તેમ ભાવના રૂપી પાણીની નીક વડે વિનયની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે. તથા ભાવના સંજીવિની ઔષધિ સમાન છે. જેમ સંજીવિની ઔષધિ મૃતપ્રાય (મરવાની તૈયારીમાં આવેલા) જીવને મરતો બચાવી તેને શાંતિ આપે છે તેમ ભાવના પણ સંસારનાં દુઃખથી કંટાળેલા જીવમાં પ્રશમ સુખ એટલે શાંતિ રૂપી સુખ પ્રગટાવે છે. તથા જેમ દાવાનલ (વનમાં લાગેલો દવ) જલદ એટલે મેઘની વૃષ્ટિથી ઓલવાઇ જાય છે તેમ ભાવના રૂપી મેઘથી જે વિષય રૂપી દાવાનલ તે હોલવાઇ જાય છે. એટલે ભાવનાથી વિષયો શાંત પડી જાય છે. વળી તે ભાવના ઇન્દ્રિય રૂપી ઘોડાને વશ રાખવાને લગામ જેવી છે. જેમ હય એટલે ઘોડો લગામ વડે વશ થાય છે તેમ કરણ એટલે ઇન્દ્રિયો રૂપી ઘોડાઓ ભાવના રૂપી લગામ વડે વશ થાય છે. ૨૪

ઉત્તમ ભાવના ભાવનાર જીવોના દૃષ્ટાન્ત કહે છે:—

**ભરતરાય ઇલાચી પુત્ર મૃગાવતી મરૂદેવતા,**
**શ્રેયાંસ જીરણ ચંડરૂદ્રાચાર્ય શિષ્ય વિનયી હતા;**
**તેમ કૂર્માપુત્ર ગૃહપતિ ભાવદેવાદિક ઘણા,**
**આ ભાવનાથી સાધતા સુખ મુક્તિના તિમ સ્વર્ગના. ૨૫**

અર્થ:—૧ શ્રી ઋષભદેવ પ્રભુના પુત્ર ભરત ચક્રવર્તી ૨

૧ આ દરેકના દૃષ્ટાન્તો અન્ય ગ્રંથોમાં વિસ્તારથી આપેલા છે. અહીં તો તેમણે કેવી કેવી રીતે ભાવના ભાવી તેજ ટુંકમાં દેખાડાય છે:—

ભરતચક્રવર્ત્તી—પ્રભુશ્રી ઋષભદેવના સો પુત્રોમાં વડીલ પુત્ર ભરત નામે હતા. તેમનો જન્મ અયોધ્યા નગરીમાં થયો હતો. તેમની માતાનું નામ સુમંગલા હતું. પાંચસે ધનુષ્ય પ્રમાણ કાયાને ધારણ કરનારા તે ભરતકુમાર ૭૭ લાખ પૂર્વ સુધી કુંવરપણામાં રહ્યા, અને એક હજાર વર્ષ મંડલિક રાજાપણે રહ્યા. અવસરે ભરત રાજા દક્ષિણ ભરતના લવણ સમુદ્રની પાસેના ત્રણ ખંડ સાધીને વૈતાઢયની તિમિસ્રા ગુફાના રસ્તે ઉત્તર ભરતમાં દાખલ થયા. અહીંના ત્રણ ખંડ સાધીને (વૈતાઢયની બીજી ગુફા) ખંડપ્રપાતના રસ્તે થઇને દક્ષિણ ભરતના મધ્ય ખંડમાં આવ્યા, એમ ૬૦ હજાર વર્ષે છએ ખંડને સાધીને તે ચક્રવર્તી થયા. તેમની ઋદ્ધિનું વર્ણન ટૂંકામાં આ પ્રમાણે જાણવું. ૧૪ મહારત્નો ૧–ચક્ર, ૨–દંડ, ૩–અશ્વ, ૪–સેનાધિપતિ, ૫–પુરોહિત, ૬–ગૃહરત્ન, ૭–વર્ધકિ (સુથાર) ૮–ચર્મ, ૯–મણિ, ૧૦–કાકિણી, ૧૧–ખડ્ગ–(તરવાર) ૧૨–હાથી, ૧૩–છત્ર, ૧૪–સુભદ્રા નામે સ્ત્રીરત્ન. આ દરેક રત્નના અધિષ્ઠાયક યક્ષ દેવો એકેક હજાર હોય છે, તથા તેમને નવ નિધિ હતા. તે આ પ્રમાણે–૧–નૈસર્પ, ૨–પાંડુક, ૩–પિંગલ, ૪–સર્વરત્નક, ૫–મહાપદ્મ, ૬–કાલ, ૭–મહાકાલ, ૮–માણવ, ૯–શંખક. દરેક નિધિના હજાર હજાર અધિષ્ઠાયક યક્ષદેવો જાણવા, તથા તેમને ૬૪ હજાર સ્ત્રીઓ હતી. તેમાં ૩૨ હજાર રાજકુંવરી અને ૩૨ હજાર બધા દેશોની પ્રજા પુત્રીઓ હોય છે, અને ૩૨ હજાર મુકુટ બદ્ધ રાજાઓથી તે સેવાતા હતા. દરેક નાટકના પેડાંમાં ૩૨–૩૨ પાત્રો હોય, એવા ૩૨ હજાર નાટકના પેડાં તેમને હતા. ૧૬૦૦૦ અંગરક્ષક દેવો, હાથી, ઘોડા, રથની સંખ્યા ૮૪ લાખ, ૯૬ ક્રોડ

એલાચી કુમાર. ૩ મૃગાવતી સાધ્વી. ૪ મરૂદેવા માતા. ૫

પાયદલ, ૩૨ હજાર દેશ, ૭૨ હજાર મોટાં નગર, ૪૮ હજાર પત્તન, ૯૯ હજાર દ્રોણમુખ (ચારસો ગામોમાં જે મુખ્ય ગામ હોય, તે દ્રોણમુખ કહેવાય) ૨૪ હજાર કર્બટ, (એટલે આડસો ગામોમાં મુખ્ય ગામ અથવા પર્વત વિશેષ) ૨૪ મડંબ, (એટલે ધૂળના ગઢથી વીંટાયેલું ગામ) ૨૦ હજાર ખાણ, ૧૬૦૦૦ ખેટ (એટલે નાનાં ગામો અથવા ખેડૂતના રહેવાસવાળા ગામો) ૧૪ હજાર સંબાધ તે કુલ ક્રોડ ગ્રામના અધિપતિ હતા. ૧૮ શ્રેણિ પ્રશ્રેણિ, ૩૬૩ રસોઇયા, ૪૯ કુરાજ્ય, ૫૬ દ્વીપ ગામો તેમને હતા. શ્રી ભરત ચક્રવર્તીએ આવી સાહિબી એક હજાર વર્ષ ન્યૂન ૬ લાખ પૂર્વ સુધી ભોગવી એક વખત તે અલંકારાદિને પહેરીને આરીસા ભુવનમાં બેઠા હતા, તેવામાં એક આંગળીમાંથી વીંટી નીકળી નીચે પડી ગઇ. વીંટી વિનાની આંગળી તદ્દન નિસ્તેજ જોઇને મહારાજા ભરતે એનું કારણ શોધી કાઢ્યું કે—વીંટી નીકળી ગઈ તેથી આંગળી નિસ્તેજ દેખાય છે. વિશેષ ખાત્રી કરવા માટે તેમણે બીજી વીંટીઓ કાઢી નાંખી તો નવે આંગળીઓ પણ તેવી ઝાંખી દેખવા લાગી. આ બનાવ જોતાંની સાથે તેઓ અન્યત્વ (અનિત્ય) ભાવના આ પ્રમાણે ભાવવા લાગ્યા—હે જીવ! વીંટીથી આંગળી, અને આંગળીથી હાથ શોભે, હાથથી શરીર શોભે, એમ પર પુદ્ગલથી શરીર શોભે છે, પણ વાસ્તવિક રીતે શરીર સુંદર છેજ નહિ. હાલ જે કાંતિ દેખાય છે, તે ચામડીની છે, તે શરીરને ઢાંકે છે. આવી પરાધીન શોભાને ખરી શોભા તરીકે કઇ રીતે માની શકાય. તું જે શરીર ઉપર મમતા ધારણ કરે છે, તે શરીરને ચામડીની અને તેને કાંતિની અપેક્ષા છે, અને તે પણ વસ્ત્રાલંકારની અપેક્ષા રાખે છે, આથી સાબીત થાય છે કે શરીર ખરી રીતે સુંદર છેજ નહિ, તેની ઉપર તારે શા માટે મમતા રાખવી જોઇએ? એટલે નજ રાખવી જોઇએ. કારણકે તે કેવલ ખરાબ પદાર્થોથી ભરેલા દુર્ગંધમય કોથળા

જેવું છે, તે કોઇનું થયું નથી અને થશે નહિ, કારણ કે પરભવ જતાં તે સાથે આવતું નથી. વસ્તુસ્થિતિ આમ છતાં મારે ક્ષણિક પદાર્થોમાં મોહ રાખવો, એના કરતાં મોક્ષમાર્ગની સાધનામાં મોહ રાખવો એ વ્યાજબી છે. અત્યાર સુધી મેં ખોટી વસ્તુના મોહે કરીને ઘણું ગુમાવ્યું. હવે મારે જરૂર ચેતવાની જરૂર છે. ધન્ય છે મારા પિતાજીને અને નાના બંધુઓને કે જેઓ વ્હેલાસર ચેતી ગયા, અને સંસારને તજીને નિર્મલ સંયમની આરાધના કરવામાં તત્પર થયા. હું કોઇનો નથી અને મારૂં કોઇ નથી. સગાંનો સમાગમ એ તો પંખીના મેળા જેવો છે. બાહ્ય વસ્તુ એ વિભાવ છે, તેના સ્નેહને લઇને મારા જીવે ઘણાં દુઃખો ભોગવ્યા. આ પ્રમાણે ભાવના ભાવતાં ક્ષપક શ્રેણિમાં આરૂઢ થઇને ભરત મહારાજા કેવલી થયા. દેવોએ આપેલા મુનિવેષને ધારણ કર્યો. એક લાખ પૂર્વ સુધી નિર્મલ દીક્ષા પર્યાય પાળીને છેવટે પરમાનન્દમય મુક્તિપદને પામ્યા.

૨ એલાચી કુમાર—ઇભ્ય નામના શેઠનો પુત્ર હતો. એક વખત નટ લોકો નૃત્ય કરવાને આવેલા છે, તે વખતે નટની પુત્રીને જોઇને તેના ઉપર મોહિત થયો. શેઠ વગેરેએ વાર્યા છતાં નટ પાસે ધન દઇને તેની પુત્રીની માગણી કરી. તે વખતે નટ લોકો કહે છે કે આ કન્યા અમારો અક્ષયભંડાર છે. તે કેમ અપાય? છતાં તેની ઇચ્છા હોય તો અમારી સાથે ચાલો. આ સાંભળીને તે નટડી ઉપરના મોહને લીધે આબરૂની પણ દરકાર કર્યા સિવાય નટ લોકોની સાથે ગામે ગામ ફરે છે અને નૃત્યકળા શીખે છે, એવી રીતે શીખતાં શીખતાં તે નૃત્યકળામાં બહુ પ્રવીણ થયો. ફરતા ફરતા નટ લોકો એક મોટા નગરમાં આવી ચઢયા. ત્યાં નટડી માટે એલાચી કુમાર માગણી કરે છે. નટ લોકો કહે છે કે અહીંના રાજા આગળ નાચ કરી તેને રીઝવીને દાન મેળવો તો અમે તેને તમારી સાથે પરણાવીશું. હવે રાજા તથા

વિનય ગુણ ધારક શિષ્ય. ૮ કૂર્માપુત્ર. ૯ ભાવદેવ નામના

નગરના લોકો સમક્ષ એલાચી કુમાર મોટા વાંસ ઉપર ચઢીને નાચ કરે છે અને નટડી નીચે ઢોલ વગાડે છે તે વખતે રાજાની નજર તે નટડી ઉપર પડે છે અને તે તેના ઉપર મોહિત થાય છે. રાજા વિચારે છે કે જો વાંસ ઉપર નૃત્ય કરતો એલાચી કુમાર ત્યાંથી પડીને મરણ પામે તો નટડી મારા હાથમાં આવે, આવા વિચારમાં પડેલા રાજાની પાસે ઘણી વાર ઘણા ઘણા ખુબીવાળા નાચો એલાચી કુમાર કરે છે તે છતાં રીઝતો નથી. આવી રીતે એલાચી કુમાર વાંસ ઉપર ચઢીને જ્યારે નૃત્ય કરી રહ્યો છે તે વખતે એલાચી કુમારને પ્રતિબોધ પમાડનાર બનાવ બન્યો તે આ પ્રમાણે:–તે સ્થાનની સામે આવેલ એક શેઠને ઘેર સાધુ મુનિરાજ ગોચરી માટે આવેલા છે, તેઓ બારણામાં ઉભા છે તે વખતે રંભા સમાન રૂપવાળી શેઠાણી હાથમાં મોદકનો થાળ લઇને મુનિરાજને વહોરાવે છે. મુનિરાજ નીચી નજર કરીને ઉભા છે અને તે સ્ત્રી પ્રત્યે નજર સરખી પણ કરતા નથી. આ પ્રસંગ જોઇને એલાચી કુમાર ભાવનારૂઢ થાય છે અને વિચારે છે કે આ સાધુ મુનિરાજને ધન્ય છે કે જેઓ સામે ઉભેલી અતિ રૂપવંતી સ્ત્રીની સામે નજર પણ કરતા નથી. જ્યારે હું મારા ઉત્તમ કુળની લાજ મર્યાદા મૂકીને આ હલકી જાતની નટડીની ઉપર મોહિત થઇને ભમ્યા કરૂં છું, માટે મને ધિક્કાર છે અને આ મુનિને ધન્ય છે. એ પ્રમાણે ભાવના ભાવતા ક્ષપક શ્રેણિએ ચઢીને ઘાતીકર્મનો ક્ષય કરી તે વાંસ ઉપરજ કેવલજ્ઞાન પામ્યા. અહીં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થવામાં ભાવનાની મુખ્યતા જાણવી.

૩ **મૃગાવતી**––તે ચેડા રાજાની પુત્રી અને કૌશામ્બી નગરીના શતાનીક રાજાની રાણી થાય. તેણે વૈરાગ્ય પામી શ્રી મહાવીર સ્વામી પાસે દીક્ષા લીધી, અને મહાવીર સ્વામીએ ચંદનબાલા સાધ્વીને શિષ્યા તરીકે સોંપ્યા. એક વાર ચંદનબાલા તથા મૃગાવતી બંને વીર-

પ્રભુને વાંદવા સમવસરણમાં ગયાં છે. ત્યાં સૂર્ય અને ચંદ્ર પોતાના મૂળ વિમાન સાથે પ્રભુને વાંદવા આવ્યા છે. વખત થયો એટલે ચંદનબાલા સાધ્વી પોતાના સ્થાનકે ચાલ્યા ગયા, પરંતુ રાત પડવા છતાં સૂર્ય ચંદ્ર ત્યાં હોવાને લીધે મૃગાવતી સાધ્વી અજવાસને લઈને હજી દિવસ છે એમ જાણીને ત્યાંજ બેસી રહ્યા. થોડી રાત ગઇ ત્યારે સૂર્ય ચંદ્ર પ્રભુને વાંદીને પોતાના વિમાન સાથે ગયા. એટલે રાત પડી ગઇ છે, એવું જાણીને મૃગાવતી સાધ્વી પોતાના સ્થાને આવ્યા. તે વખતે ચંદનબાલા પણ પ્રતિક્રમણ કરીને સંથારા પોરિસી ભણાવીને મૃગાવતીની ચિંતા કરી રહ્યા છે એટલામાં મૃગાવતી આવ્યા, તેમને ચંદનબાલા ઠપકો આપે છે કે અત્યાર સુધી તમે ત્યાં કેમ બેસી રહ્યા? મોડી રાત સુધી બેસી રહેવાનો આપણો આચાર નથી. એ પ્રમાણે ઠપકો આપ્યો ત્યારે મૃગાવતી કહે છે કે મારી ભૂલ થઈ છે. હવેથી આ પ્રમાણે ફરીથી ભૂલ કરીશ નહિ. સૂર્ય ચંદ્રના વિમાનને લીધે મને રાતની ખબર પડી નહિ, માટે મારા અપરાધની ક્ષમા આપો. ચંદનબાલા તો સૂઇ ગયાં, પણ મૃગાવતી તો પોતાની ભૂલનો વારંવાર પશ્ચાતાપ કરે છે, અને તે પશ્ચાતાપ કરતાં કરતાં ક્ષપકશ્રેણિએ ચઢી ઘાતી કર્મ ખપાવીને રાત્રીમાંજ કેવલજ્ઞાન પામ્યા.

૪ **મરૂદેવી માતા**—તે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુની માતા થાય. પુત્રે દીક્ષા લીધી હોવાથી તેના મોહને લીધે વારંવાર રૂદન કરવાથી આંખે પડળ ચઢી ગયા છે. એક વખતે ભરત ચક્રવર્તીને કહે છે કે તું આવી સાહિબી ભોગવે છે અને મારા પુત્રની તો લગાર પણ ખબર રાખતો નથી. એ પ્રમાણે વારંવાર ઠપકો આપે છે. કેવલજ્ઞાન થયા પછી ઋષભદેવ ભગવાન વિનીતા નગરીની બહાર સમોસર્યા છે. અહીં દેવોએ સમવસરણની રચના કરી, તે વખતે ભરત ચક્રવર્તીએ મરૂદેવા પાસે આવીને કહ્યું કે હે માતાજી! તમો મારો ઋષભ

ભાવતાં મોક્ષના અથવા સ્વર્ગના સુખોને પામ્યા છે. ૨૫.

મારો ઋષભ કરી રહ્યા છો તો ચાલો તમને તમારા પુત્રની ઋદ્ધિ દેખાડું, એ પ્રમાણે કહીને મરૂદેવાને હાથી ઉપર બેસાડીને સમવસરણની તરફ લઇ જાય છે. દુંદુભિના શબ્દ સાંભળીને હર્ષનાં આંસુ આવે છે, અને પુત્રને સમવસરણમાં બેઠેલા જુવે છે. પુત્રની ઋદ્ધિ જોઇને રાજી થાય છે, પણ એટલામાં વિચાર આવે છે કે હું તો પુત્ર પુત્ર કરીને લગભગ આંધળી થઈ ગઇ અને આ અપૂર્વ ઋદ્ધિને ભોગવનાર પુત્ર તો મારી ખબર પણ લેતો નથી. આટલા દેવો સેવામાં છતાં એક દેવને પણ મારી ખબર કાઢવા મોકલ્યો નહિ, તો આવા પ્રકારના મારા એક પક્ષીય સ્નેહને ધિક્કાર છે. આ પુત્ર તો વીતરાગ થયો છે એટલે એણે તો રાગદ્વેષ જીત્યા છે પછી એનો મારા પ્રત્યે રાગ ક્યાંથી હોય. ભૂલ તો મારીજ છે કે હું મોહને લીધે આ વાત અત્યાર સુધી સમજી નહિ. આ સંસારમાં કોઇ કોઇનું નથી, પુત્ર કોણ અને માતા કોણ? આવી ભાવનામાં આરૂઢ થએલા મરૂદેવા માતાને હાથી ઉપર બેઠાં બેઠાંજ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, અને તેજ વખતે આયુષ્ય પણ પૂર્ણ થયું હોવાથી અંતગડ કેવલી થઈને મોક્ષે ગયા.

૫ **શ્રેયાંસ કુમારઃ**—તે શ્રી ઋષભદેવના પુત્ર બાહુબલીના પુત્રના પુત્ર થાય, તેમને પ્રભુશ્રી ઋષભદેવની સાથે પૂર્વ ભવોથી સંબંધ હતો. ઋષભદેવના વખતમાં યુગલિકો દાનધર્મને જાણતા ન હતા. કારણકે તેઓ ભદ્રિક હતા. પ્રભુએ દીક્ષા લીધા પછી તેઓ હાથી, ઘોડા, હીરા, માણેક વગેરે પ્રભુ આગળ મૂકે છે, પણ પ્રભુ તો ત્યાગી હોવાથી એ વસ્તુ લેતા નથી, પરંતુ પ્રભુને એષણીય આહાર આપવાની કોઇને સમજ પડતી નથી, તેથી પ્રભુને લગભગ બાર માસના ઉપવાસ થયા છે. પ્રભુ વિચરતા વિચરતા શ્રેયાંસકુમારના મહેલ પાસેથી જાય છે. ત્યારે કોલાહલથી પ્રભુ આવ્યાના સમાચાર જાણી એકદમ ઉઠીને પ્રભુને વાંદવા જાય છે. પ્રભુનો વેશ જોતાંજ તે એમ વિચારે

કયા જીવો શોક કરવા યોગ્ય નથી તે જણાવે છેઃ—

**પ્રભુવીરને ગૌતમ ગણી પૂછે કરીને અંજલી,**
**જે શોક કરવા યોગ્ય ન હુવે તેહ જીવો કુણ વલી;**

છે, કે આ વેશ મેં જોએલો છે. એકાગ્રતા થતાં તરત જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. એ વખતે કોઇકે આવીને શ્રેયાંસકુમારની આગળ શેરડીના રસના ૧૦૮ ઘડા ભેટ તરીકે મૂકયા. શ્રેયાંસકુમારે તે શેરડીના રસના ઘડા પ્રભુને વ્હોરાવ્યા. પ્રભુના બે હાથના ખોબામાં રસ વ્હોરાવ્યો, પણ તેમાંથી પ્રભુના અતિશયથી એક પણ ટીંપુ જમીન ઉપર પડયું નહિ. વૈશાખ સુદ ત્રીજના દિવસે શ્રેયાંસકુમારે પારણુ કરાવ્યું ત્યારથી વૈશાખ સુદ ત્રીજ અક્ષયતૃતીયા કહેવાઈ, અને ત્યારથી વરસી તપનું પારણું તે દિવસે થાય છે. જાતિસ્મરણ જ્ઞાનથી પ્રભુને ઓળખીને શ્રેયાંસકુમારે પોતાના પૂર્વ ભવો તથા પ્રભુની સાથેનો સંબંધ જાણ્યો, અને ભાવપૂર્વક રસ વ્હોરાવી આત્મકલ્યાણ કર્યું.

૬ જીર્ણ શેઠઃ—જિનદત્ત નામે પરમ શ્રાવક હતો, પણ તેનો વૈભવ હીન થયો હોવાથી લોકો એને “જીર્ણ શેઠ” એવા નામથી બોલાવતા. એક વખત તે શેઠ પોતાની વિશાલા નગરીના બહાર ઉદ્યાનમાં ગયો હતો, ત્યારે તેણે ત્યાં શ્રી વીરપ્રભુને કાયોત્સર્ગમાં રહેલા જોયા. પ્રભુનાં દર્શન થવાથી ઘણો હર્ષ પામીને વાંદ્યા, અને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે પ્રભુ આજે ઉપવાસ કરી ધ્યાનમાં રહ્યા છે તે આવતી કાલે મારે ઘેર પારણું કરે તો સારૂં. એવી ઇચ્છા પૂર્વક રોજ વીર પ્રભુ પાસે આવીને વાંદીને હે પ્રભુ! મારે ત્યાં વ્હોરવા પધારજો એમ કહીને જાય છે. એ પ્રમાણે કરતાં ચોમાસુ પૂર્ણ થયું ત્યારે છેલ્લે દિવસે પણ પોતાને ઘેર પારણુ કરવા વિનતિ કરીને ગયો. પારણાના દિવસે શેઠ “આજે પ્રભુ મારે ઘેર પારણા માટે આવશે એવી ભાવનાથી પ્રભુના આગમનની રાહ જોઈ રહ્યા છે, અને વિચારે છે કે પ્રભુને હું આજે મારી જાતે વહોરાવીશ. હું ધન્ય છું કે આજે પ્રભુ

**સંક્ષેપમાં ઉત્તર દીએ અગીઆર કાર્યો સાધતા,**
**ભવ્યો બને નહિ શોચનીય મરણ ક્ષણે ખૂશી થતા. ૨૬**

મારે ઘેર પધારવાના છે. પ્રભુ આવશે એટલે એમને વાંદીને અને વ્હોરાવીને હું કૃતાર્થ થઇશ. આજે મારો જન્મ કૃતાર્થ છે. આવી ભાવના ભાવે છે. પરંતુ શેઠની ભાવના પ્રમાણે કાર્ય થયું નહિ. કારણકે પ્રભુએ તો અભિનવ (પૂરણ) શેઠના ઘેર પારણું કર્યું. આકાશમાં વાગતી દેવ દુંદુભીના શબ્દો સાંભળીને શેઠની ભાવનાની ધારા અટકી ગઇ, અને દાનનો લાભ ન મળવાથી પશ્ચાતાપ કરવા લાગ્યા કે નિર્ભાગી એવા મારા નસીબમાં પ્રભુને દાન દેવાનું ક્યાંથી હોય? ધન્ય છે તે નવીન શેઠને કે જેના ઘરે પ્રભુએ પારણું કર્યું. જો શેઠે દુંદુભિના શબ્દ સાંભળ્યા ન હોત તો ચઢતી ભાવનાવાળા જીર્ણ શેઠને કેવલજ્ઞાન થાત, એ પ્રમાણે પાર્શ્વનાથ પ્રભુના સંતાનીક (પરંપરાના શિષ્ય) કેવલી પ્રભુએ કહ્યું છે. નવીન શેઠે ભાવના પૂર્વક પ્રભુને વહોરાવ્યું નહોતું. જો કે વીરપ્રભુએ તેમને ત્યાં પારણું કર્યું તે છતાં ખરો લાભ તો જીર્ણ શેઠને મળ્યો, તે ધર્મ સાધીને બારમા દેવલોકે ગયા, અને ત્યાંથી અનુક્રમે મોક્ષે જશે.

૭ **ચંડરૂદ્રાચાર્ય અને તેમનો શિષ્યઃ**—કુલવાન શેઠનો દીકરો પોતાનાં મિત્રોને સાથે લઇને ઉપાશ્રયે સાધુ મહારાજની પાસે વંદના કરવા ગયો. વંદન કરીને એક મિત્રે મશ્કરીમાં સાધુઓને કહ્યું કે આ નવા પરણેલાને દીક્ષા આપો. ત્યારે શિષ્યો કહે છે કે સામે અમારા ગુરૂ બેઠા છે તેમની પાસે જાઓ. મિત્રો ત્યાં જઇને તેને દીક્ષા આપવા માટે ચંડરૂદ્રાચાર્યજીને કહેવા લાગ્યા. ગુરૂ કાંઇ બોલ્યા નહિ. બે ત્રણ વખત કીધું એટલે ગુરૂને ક્રોધ ચડ્યો, એટલે તે નવીન પરણેલને પકડીને ગુરૂએ તેનું મસ્તક ઝાલી લોચ કરી નાખ્યો. મશ્કરીમાંથી આવું બનેલું જોઇ મિત્રો તો તરત ત્યાંથી નાશી ગયા. પછી તે નવીન શિષ્ય ગુરૂને કહે છે કે હવે અહીં રહેવું યોગ્ય નથી, કારણ

**અર્થ**:—ગૌતમ ગણી એટલે શ્રી ગૌતમ ગણધર અંજલિ કરીને એટલે બે હાથ જોડીને શ્રી મહાવીર સ્વામીને પૂછે

કે મારા માતપિતાને ખબર પડશે તો તેઓ ઉપદ્રવ કરશે. ગુરૂએ કહ્યું કે મારાથી ચાલી શકાય તેમ નથી. ત્યારે શિષ્યે તેમને ઉચકી લીધા. એ પ્રમાણે તે બંને જણા ત્યાંથી ચાલી નીકળ્યા. રસ્તામાં રાત્રી હોવાથી અને ખાડા ટેકરાવાળો રસ્તો હોવાથી ગુરૂ શિષ્યની ઉપર ગુસ્સે થઇને કહેવા લાગ્યા કે તું બરાબર ચાલતો નથી. મને હેરાન કરે છે, એ પ્રમાણે કહી ગુરૂ શિષ્યને તાડના કરે છે. પરંતુ શિષ્ય તો તે સહન કરે છે અને મનમાં પશ્ચાતાપ કરે છે કે મારે લીધે ગુરૂને હેરાન થવું પડે છે. મારોજ વાંક છે. એ પ્રમાણે પશ્ચાતાપ કરે છે, પણ ગુરૂને સામો જવાબ આપતો નથી. આ પ્રમાણે ભાવનારૂઢ થએલ તે શિષ્યને રસ્તામાંજ કેવલજ્ઞાન થયું, તેથી માર્ગ જાણવાથી હવે બરાબર ચાલે છે, એટલે ગુરૂ કહે છે કે માર પડયો એટલે કેવું સીધું ચલાય છે. માર આગળ સર્વ સીધા ચાલે છે. શિષ્ય કહે છે કે જ્ઞાનથી હું સીધો ચાલું છું. ગુરૂ કહે છે કે કયા જ્ઞાનથી ? શિષ્ય જવાબ આપે છે કે કેવલજ્ઞાનથી. એ પ્રમાણે સાંભળી ગુરૂ તરત નીચે ઉતરી ગયા અને પશ્ચાતાપ પૂર્વક શિષ્યને ખમાવે છે, અને પોતે કેવલીની આશાતના કરી મોટું પાપ બાંધ્યું. એ પ્રમાણે પશ્ચાતાપ કરતાં તેમને પણ કેવલજ્ઞાન થયું.

૮ કુર્માપુત્ર—કુર્માપુત્ર પૂર્વભવમાં દુર્ગમપુર નગરમાં દ્રોણ રાજાની દ્રુમાદેવી રાણીના દુર્લભકુમાર નામે પુત્ર હતા. રાજ્યમદ અને યૌવન મદથી ઉન્મત્ત બનેલો એ રાજપુત્ર નગરનાં બાળકોને ક્રીડા તરીકે પોટલું બાંધીને આકાશમાં ઉછાળે છે, પર્યન્ત અવસ્થામાં ચારિત્ર લઈ સાતમા દેવલોકમાં ઉત્પન્ન થઈ ત્યાંથી ચ્યવી રાજગૃહી નગરીમાં મહેન્દ્ર રાજાની કૂર્માદેવી રાણીના પુત્ર થયા. પિતાએ ધર્મદેવ નામ પાડયું, પરન્તુ પૂર્વભવમાં ઘણા બાળકોને પોટલાં બાંધી આકાશમાં ઉછાળેલા હોવાથી તે દુષ્કર્મના ઉદયથી બે હાથ પ્રમાણના વામન શરીરવાળા

છે કે આ જગતમાં જે જીવો શોક કરવા યોગ્ય નથી તે જીવો કોણ છે? ત્યારે શ્રી વીર પરમાત્મા ગૌતમસ્વામીને ટુંકાણમાં જવાબ આપે છે કે જે ભવ્ય જીવો અગિઆર કાર્યો (જેનાં નામ ૨૯-૩૦ આ શ્લોકમાં ગણાવેલાં છે) સાધે છે તે જીવો શોચનીય-શોક કરવા લાયક બનતા નથી, કારણ કે તેઓ દયા આદિ સદ્‌ગુણોવાળા અને આત્મ રમણતાવાળા હોવાથી આનંદમાં જીવન ગુજારે છે, અને તેથી સુખી હોય છે માટે કોઇ જીવને શોચનીય નથી. શોચનીય જીવો તો તે હોય છે કે જે જીવો મહા આરંભ સમારંભથી પરજીવોને હણતા હોય, તેથી અત્યન્ત દુઃખી અને દરિદ્રી હોય, તેવા

(ઠીંગણા) થયા, તેથી લોકોમાં કૂર્માપુત્ર નામ પ્રસિદ્ધ થયું. કૂર્માપુત્ર બાલ્યાવસ્થાથીજ ઉત્તમ સદાચારી હતા ને વિષયથી વિરક્ત હતા. એક દિવસ રાજમહેલની પાસે ઉપાશ્રયમાં મુનિઓને ભણાવતા (ભણતાં) સાંભળીને "આવું કયાંક સાંભળ્યું છે" એમ ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, તેથી પૂર્વભવનું પોતાનું સ્વરૂપ દેખી સંસારની અસારતા ભાવતાં અનુક્રમે શુકલધ્યાનના પ્રતાપે કેવળજ્ઞાન પામ્યા. ત્યાર બાદ વિચારવા લાગ્યા કે જો હું હમણાંજ ઘર છોડી દઇશ તો માતા પિતાને બહુ દુઃખ થશે, ને મરણ પામશે. માટે હાલ તેમને પ્રતિબોધ પમાડવા ઘરમાં રહું, એમ વિચારી ૬ માસ સુધી કોઈ કેવલી ન જાણે એ પ્રમાણે મુનિચર્યાથી ઘરમાં રહ્યા, ત્યારબાદ ઇન્દ્રે આવી કૂર્માપુત્રને વેષ આપ્યો, અને માતપિતાને પણ સંસારની અસારતા સમજાવતાં તેમણે ચારિત્ર લીધું. એ રીતે કુર્માપુત્ર સંસાર ભાવનાથી કેવળજ્ઞાન પામ્યા.

૯ ભાવદેવ—ભાવદેવ પણ ભાવનાથીજ આત્મહિત કરનારા થાય છે, એમનું દૃષ્ટાન્ત અન્ય ગ્રંથોમાંથી જાણવું.

જીવો બીજા જીવોને શોચનીય (કરૂણાપાત્ર) હોય છે, પરન્તુ ધર્મી જીવો દુ:ખી નથી, આરંભ સમારંભ કરતા નથી, તેમ દરિદ્રી પણ નથી તેથી બીજાઓને શોચનીય નથી. વળી એ ધર્મી જીવો ધર્મના પ્રભાવે સિદ્ધિગતિ કે ઉત્તમ દેવતાઇ સુખ પામે છે, તો સિદ્ધિગતિ વિગેરેને પામ્યા પછી એ જીવો બીજાને શોચનીય કઇ રીતે હોય? તેમજ ધર્મી જીવો તો પોતાના મરણ વખતે પણ આનંદી હોય છે. તેથી પણ બીજાને શોચનીય નથી. ॥ ૨૬ ॥

સંસારની વિચિત્રતા જણાવે છે:—

**જ્યાં જન્મકાલે પારણામાં રૂદન પોતે તો કરે,**
**હસતાં સગાં કરતાં જમણ કંસારનું મોજે ફરે;**
**એ સ્પષ્ટ ચાલા મોહના જન્મી અડગધર્મી બને,**
**બે ભેદ પર ઉપકાર સાધે વિશ્વ ચાહે તેમને. ૨૭**

અર્થ:—જન્મ વખતે જન્મેલું બાળક તો પારણામાં રૂદન કરી રહ્યું હોય છે. તે વખતે પુત્ર જન્મની ખુશાલીમાં સગાંઓ હસે છે અને કંસારનું જમણ જમી આનંદ પૂર્વક ફરે છે. પરંતુ તે જન્મ વખતે રૂદન કરનાર બાળક અડગ-આસ્થાવાળો ધર્મી બને અને જો બે ભેદવાળા પરોપકારને સાધનાર બને છે તો તમામ જગતના જીવો તેને ચાહે છે. અહીં ઉપકારના બે ભેદની સૂચના કરી છે તે બે ભેદ આ પ્રમાણે જાણવા. ૧ દ્રવ્ય ઉપકાર. ૨ ભાવ ઉપકાર. ધન ધાન્ય વસ્ત્ર વિગેરેનું દાન દઇને જે ઉપકાર કરીએ, તે દ્રવ્ય ઉપકાર કહેવાય. અને હિંસાદિ પાપમય વ્યાપાર કરતા

જીવોને શાંતિ અને પ્રેમ ભરેલા વચનો કહીને ધર્મના રસ્તે દોરવા, અને ધર્મને પામેલા જીવોને ધર્મમાં સ્થિર કરવા અને તેઓને ધર્મ ક્રિયામાં ઉત્તેજન આપવું તે ભાવ ઉપકાર કહેવાય. સંસારના મોહી જીવો બાલક જન્મે, ત્યારે મોહને લઈને જમણવાર વિગેરે કરે. પણ એ તો વ્યવહાર છે. જન્મનાર ભવ્ય જીવોની ફરજ એ છે કે તેણે ધર્મી બનીને પરોપકારમય જીવન ગુજારવું. જેથી પોતાનું ભલું થાય. અને બીજા લોકો તેના ગુણોને યાદ કરે. ૨૭

કઈ રીતે લોકો ધર્મીને સંભારે છે, તે જણાવે છે:—

**એ મરત તો એ નિત્ય જનતા બોલતી દાની ગયા,**
**જે ગરીબના દુઃખ ટાલનારા સદ્ગુણી ચાલ્યા ગયા;**
**આદર્શ જીવન જીવનારા જન્મ સફલ કરી ગયા,**
**સુખ ધામ સદ્ગતિને લહ્યા પણ અમર નામ કરી ગયા. ૨૮**

**અર્થ:**—૨૭ મા શ્લોકમાં કહેલા એ પરોપકાર ગુણવાળા માણસ મરણ પામે, ત્યારે જનતા–જન સમુદાય તે ચાલ્યો ગયો આ કારણને લઈને શોક કરે છે, અને કહે છે કે દાની–દાન કરનાર ગયા. ગરીબને માટે જેમને લાગણી હતી તેવા ગરીબના દુઃખને દૂર કરનારા સદ્ગુણી ચાલ્યા ગયા. આદર્શ (ઉત્તમ પ્રકારનું બીજાને ધડો લેવા લાયક) જીવન જીવનારા તેઓ પોતાનો જન્મ સફળ કરીને ગયા છે. તેઓ સુખ ધામ–સુખના સ્થળ રૂપ સદ્ગતિને જો કે પામ્યા છે. પણ પાછળથી પોતાનું નામ અમર કરીને ગયા છે. આ પ્રમાણે જે જન્મ વખતે રૂદન કરતો હતો, પરન્તુ મોટી

ઉંમરે તે આદર્શ જીવન જીવ્યો, તેથી મરણ વખતે પોતે આનંદ પૂર્વક મરણ પામે છે. અને બાલકના જન્મ વખતે જેઓ હસતા હસતા હતા તેઓ તે આદર્શ જીવનવાળા (જે પ્હેલાં બાળક હતો. તે) પુરૂષના મરણથી વિલાપ કરે છે, એ રીતે જેઓ શરૂઆતમાં રોતા હતા, તેઓ અન્તે હર્ષ પામે છે. અને જેઓ શરૂઆતમાં હસતા હતા, તેઓ અન્તે રૂદન કરે છે. એમ આ શ્લોકમાં બીજી હકીકત કહી, તે ઉપરાંત સંસારની વિલક્ષણતા પણ જણાવી. ૨૮

હવે બે ગાથા વડે પૂર્વોક્ત ૧૧ કાર્યોનાં નામ ગણાવે છે:—

**અહિં ચરણ સાધક[1] શ્રુતવચન ભણનાર[2] સુકૃત[3] સદા કરે,**
**ને અણુવ્રતાદિક સાધકો[4] સાહમ્મિ વચ્છલ[5] આદરે;**
**દાનાદિના દેનાર[6] કરતા[7] મદદ શ્રુત ભણનારને,**
**મનના ઉમંગે ભાવનારો[8] ભાવનાને પ્રતિદિને. ૨૯**

**અર્થ:**—૨૯ મા શ્લોકમાં કહેલ અગિયાર કાર્યોના નામ જણાવે છે:-૧ ચરણ સાધક એટલે ચારિત્રનું આરાધન કરનાર. ૨ શ્રુત વચન ભણનાર એટલે સિદ્ધાન્ત અથવા શાસ્ત્રનો અભ્યાસ કરનાર અને સાંભળનાર ૩ સુકૃત એટલે સત્કાર્યોને હંમેશાં કરનાર. ૪ તથા અણુવ્રતાદિક એટલે શ્રાવકના સ્થૂલ વ્રતો તથા બીજા પણ વ્રતોને સાધનાર. ૫ સાહમ્મી વચ્છલ એટલે સાધર્મિક ભાઇઓનું વાત્સલ્ય કરનાર. ૬ દાન ધર્મ વગેરેની સાધના કરનાર. ૭

શ્રુતજ્ઞાન ભણુતા હોય તેને મદદ કરનાર. ૮ તેમજ દરરોજ ઉલ્લાસ પૂર્વક ભાવનાને ભાવનારા. ૨૯

**શુભ ન્યાયથી પેદા કરેલા દ્રવ્યથી ઉલ્લાસથી;**
**જેઓ લખાવે[૯] શ્રુત ખમાવે[૧૦] સર્વને આનંદથી;**
**અજ્ઞાન લોભાદિક બલે બાંધેલ સઘલા પાપને,**
**આલોચનારા તેહ ભવ્યો શોચનીય ન અન્યને. ૩૦**

**અર્થ:**—૯ ઉત્તમ ન્યાયથી એટલે અનીતિ કર્યા સિવાય. ઉત્પન્ન કરેલા, (ન્યાયથી કમાએલા અર્થાત્ લોકોને ઠગ્યા સિવાય સ્વામિદ્રોહ, મિત્રદ્રોહ, કોઈની થાપણુ ઓળવવી, ચોરી કરવી વગેરે અનીતિના કાર્યો કર્યા સિવાય મેળવેલા) ધન વડે ઉલ્લાસથી-આનંદ પૂર્વક જેઓ શ્રુતજ્ઞાન લખાવે, ધાર્મિક પુસ્તકો છપાવે તે. ૧૦ સર્વ જીવોને આનંદ પૂર્વક મન વચન અને કાયાથી ખમાવનાર. તથા ૧૧ –અજ્ઞાનના વશથી અથવા લોભાદિક કારણોને લઈને બાંધેલા સઘલા પાપોને આલોચનારા–એટલે ગુરૂની પાસે પશ્ચાત્તાપ પૂર્વક પાપને પ્રગટ કરીને પ્રાયશ્ચિતની સાધના કરનારા એવા ભવ્ય જીવો બીજા જીવોને શોચનીય એટલે શોક કરવા લાયક થતા નથી. કારણુ કે એ ધર્મી જીવો પવિત્ર માનવ જીંદગીના સાધ્યને સારી રીતે સાધીને ગયા છે. તેથી બીજા જીવોને ધર્મી જીવોના સંબંધમાં લગાર પણુ દીલગીરી થતી નથી ॥૩૦॥

**सुह भावणा जुत्ताउ પદ અગીઆર કાર્યોમાં અહીં,**
**શુભ ભાવનાને ભાવનારા શોચનીય બને નહી;**

**એથી કરે વિપરીત તેઓ શોચનીયજ પ્રવચને,**
**અસમાધિ મરણે મરણ પામે તિરિગતિ કે નિરયને. ૩૧**

**અર્થ**:—એ પ્રમાણે આગળના બે શ્લોકમાં ગણાવેલા ૧૧ પ્રકારના કાર્યોને કરનારા જીવોમાં "**सुह भावणाजुत्ताउ**" એ પદથી **શુભ ભાવના યુક્ત** એટલે શુભ ભાવનાને ભાવનારા જીવો શોક કરવા લાયક બનતા નથી એમ કહ્યું છે. આથી ભાવનાનો મહિમા જણાવ્યો. આ ગણાવેલા ૧૧ કાર્યોથી જેઓ વિપરીત એટલે ઉલટી રીતે વર્તનારા હોય છે તેઓ શોચનીય જ–શોક કરવા લાયક જ બને છે એ પ્રમાણે સિદ્ધાન્તમાં કહેલું છે. આવા વિપરીત વર્તન કરનારા અસમાધિ મરણે મરણ પામે છે. મરતી વખતે તેઓને ચિત્તની સ્થિરતા અથવા શાંતિ હોતી નથી. તેઓ મરીને તિર્યંચ ગતિ અથવા નરક ગતિને પામે છે. ૩૧

હવે ત્રણ ગાથા વડે બાર ભાવનાઓ ગણાવે છે:—

**છે યૌવનાદિક અથીર એમ અનિત્યતાની ભાવના,**
**પરભાવ એ સાચું શરણ નહિ એહ અશરણ ભાવના;**
**શમશાનના લાડુ સમો ભવ એહ ભવની ભાવના,**
**હું એકલો આવ્યો જઇશ હું એકતાની ભાવના. ૩૨**

**અર્થ**:—(૧) યૌવન વિગેરે એટલે જુવાની, ધન, દોલત, કુટુંબ વગેરે અસ્થિર–નાશવંત છે એવું ભાવવું તે પહેલી **અનિત્ય** ભાવના કહેવાય (૨) પરભાવ એટલે પુદ્ગલ રમણતા અથવા પૌદ્ગલિક પદાર્થો શરણ રૂપ નથી એવું જે ભાવવું

તે બીજી **અશરણ** ભાવના કહેવાય (૩) શ્મશાનના લાડુના જેવા ચાર ગતિ રૂપ ભવ એટલે સંસારનું સ્વરૂપ વિચારવું તે ત્રીજી ભવની-**સંસારની** ભાવના જાણવી. (૪) હું એકલો આવ્યો છું અને એકલો જવાનો છું. આ સંસારમાં કોઇ કોઈનું નથી એવું જે ભાવવું તે ચોથી **એકત્વ ભાવના** કહેવાય. ૩૨

**આ શરીર આદિક અન્ય એ અન્યત્વ કેરી ભાવના,**
**છે ગંદકીની ગટર કાયા એહ અશુચિ ભાવના;**
**જે કર્મહેતુ વિચારણા તે આશ્રવોની ભાવના,**
**તે કર્મ કારણ રોકવા એ શ્રેષ્ઠ સંવર ભાવના. ૩૩**

**અર્થ**:—(૫) હે જીવ! આ શરીર, ધન, દોલત જેને તું તારાં માને છે તે તારાં નથી. જ્ઞાન દર્શનાદિ ગુણો તારા છે અને તે સિવાયની તમામ પૌદ્ગલિક વસ્તુઓ આત્માથી જુદી છે એવું જે ભાવવું તે પાંચમી **અન્યત્વ** ભાવના કહેવાય. (૬) દુર્ગંધમય પદાર્થોની ગટર જેવું એટલે અશુચિથી ભરેલું આ શરીર છે. તે ગમે તેટલી વખત સાબુ વગેરેથી ધોવાય, તો પણ પવિત્ર થતું નથી એવું ભાવવું તે છઠ્ઠી **અશુચિત્વ** ભાવના કહેવાય. (૭) જે કર્મહેતુ એટલે કર્મબંધ થવાના કારણો તે સંબંધી વિચાર કરવો. કયા કયા મિથ્યાત્વ અવિરતિ કષાયાદિક કારણોથી કયા કયા કર્મનો બંધ થાય છે વગેરેની વિચારણા કરવી તે સાતમી **આશ્રવ ભાવના** જાણવી. (૮) આ સાતમી ભાવનાથી ઉલટી ભાવના એટલે કર્મ બંધ થવાના કારણોને કેવી રીતે રોકવા. જેમકે ક્ષમા વડે ક્રોધ

રોકવો વગેરે વિચારણા તે આઠમી ઉત્તમ **સંવર ભાવના** જાણવી. ૩૩

**જે કર્મ દેશ ક્ષય વિચારો નિર્જરાની ભાવના,**
**જે વિશ્વરચના ચિંતના તે લોકરૂપની ભાવના;**
**શ્રદ્ધાદિ દુર્લભ ભાવવા એ બોધિ દુર્લભ ભાવના,**
**તીર્થપતિ તસ ધર્મ દુર્લભ ધર્મ કેરી ભાવના. ૩૪**

**અર્થ:**—જેનાથી કર્મનો દેશ ક્ષય એટલે ધીમે ધીમે નાશ થાય, તે નિર્જરા એમ જે વિચારવું તે નવમી **નિર્જર ભાવના** જાણવી. (૧૦) વિશ્વ રચના એટલે ચૌદ રાજલોકના સ્વરૂપની જે વિચારણા કરવી તે દશમી **લોક સ્વરૂપ ભાવના** કહેવાય. (૧૧) આ સંસારમાં ચક્રિપણું વગેરે પામવું સહેલ છે પણ શુદ્ધ શ્રદ્ધા રૂપ સમકિતની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ એટલે મુશ્કેલ છે એવું ભાવવું તે અગિઆરમી **બોધિ દુર્લભ ભાવના** કહેવાય. (૧૨) તથા ઉત્તમ તીર્થના નાયક જે તીર્થંકર અરિહંત દેવ અને તેમણે પ્રરૂપેલો ધર્મ પામવો દુર્લભ છે એવું જે ભાવવું તે બારમી **ધર્મભાવના.** એ પ્રમાણે ઘણા ટુંકાણમાં બાર ભાવનાનું સ્વરૂપ જણાવ્યું. ૩૪

છેલ્લી મૈત્રી વિગેરે ચાર ભાવનાનું સ્વરૂપ ટૂંકાણમાં જણાવે છે—

**સુખ શાન્તિને પામો સકલ જન એહ મૈત્રી ભાવના,**
**ગુણવંતના ગુણ જોઈ હરખો તે પ્રમોદની ભાવના;**
**પરદુઃખમાં રાખો દયા કારૂણ્ય કેરી ભાવના,**
**સંક્લિષ્ટ કર્મ ઉપેક્ષણા માધ્યસ્થ્ય કેરી ભાવના. ૩૫**

**અર્થ**:—(૧૩) આ લોકના સઘલા જીવો સુખ તથા શાન્તિ પામો મારે તેઓની સાથે શત્રુતા નથી. આ સર્વ જીવો મારા મિત્રો છે. એવું જે વિચારવું તે **મૈત્રી ભાવના** કહેવાય. (૧૪) ગુણવાન પુરૂષોના ગુણો જોઇને આનંદ પામવો, ખુશી થવું તે **પ્રમોદ** ભાવના જાણવી. (૧૫) બીજા દુ:ખી જીવોને જોઇને તેમના ઉપર દયા ચિંતવવી તે ત્રીજી **કારૂણ્ય ભાવના.** (૧૬) સંકિલષ્ટ કર્મ એટલે બીજા જીવોને દુ:ખ થાય તેવા કર્મો કરનાર જીવોને સમજાવતાં છતાં ન સમજે તો તેમના તરફ તિરસ્કાર નહિ કરતાં તે જીવો કર્માધીન છે અથવા ભારે કર્મી છે એવું જાણી સમભાવ રાખવો તે **માધ્યસ્થ્ય** નામની ચોથી ભાવના જાણવી. ૩૫

અનિત્ય ભાવના જણાવવાના પ્રસંગે સ્થિતબુદ્ધિનું લક્ષણ કહે છે—

**હે જીવ ! સોલે ભાવના સંક્ષેપમાં જે વર્ણવી,**
**વિસ્તારથી ક્રમસર કહું તે નિત્ય રંગે ભાવવી;**
**સ્થિતબુદ્ધિ બનજે ભાવનાને ભાવતાં દોષો હરી,**
**શાન્ત ચિત્તે તત્ત્વ ઠાવી જીંદગી કર નિર્મલી. ૩૬**

**અર્થ**:—હે ભવ્ય જીવ ! મેં એ પ્રમાણે સોળે ભાવનાઓનું સંક્ષેપમાં એટલે ટુંકાણમાં વર્ણન કર્યું. હવે તે ભાવનાઓનું ક્રમસર–અનુક્રમે વિસ્તારથી વર્ણન કરૂ છું. આ ભાવનાઓ હંમેશાં રંગે એટલે આનંદપૂર્વક ભાવવી–વિચારવી. અને આ ભાવનાઓ ભાવીને સ્થિતબુદ્ધિ ( આનો અર્થ આગલી ગાથામાં જણાવ્યો છે. ) બનજે. તથા તે ભાવનાઓ

ભાવીને પોતાની ભૂલોને હરી એટલે દૂર કરીને શાંત ચિત્તથી, તત્ત્વ ઠાવી એટલે જીવ અજીવ વગેરે અને હેયાદિ તત્ત્વોનું સ્વરૂપ જાણીને પોતાની જીંદગી નિર્મલ કરજે એટલે પવિત્ર બનાવજે. ૩૬

**દુઃખના સમયમાં જે ન હોવે ખિન્ન સુખના સમયમાં,**
**નિરભિલાષ બને હરે ભય ક્રોધ રતિ રહી શાન્તિમાં;**
**તેહ સ્થિતબુદ્ધિ જનો નિજ જીવન શુદ્ધ ગુજારતા,**
**સાબુ તણો જેવા બની શ્રદ્ધાલુના મલ ટાલતા. ૩૭**

**અર્થ:**—જેઓ દુઃખના સમયમાં એટલે સંકટો આવે ત્યારે ખિન્ન ન હોવે એટલે દીલગીર થતા નથી, તથા સુખનો સમય આવે ત્યારે નિરભિલાષ બને એટલે નવી નવી પાદ્‌ગલિક સુખની ઇચ્છા ન કરે. અને શાંતિ રાખીને ભય, ક્રોધ તથા રતિ એટલે પ્રીતિને દૂર કરે તેઓ સ્થિતબુદ્ધ કહેવાય છે. તેઓ પોતાનું જીવન પવિત્ર રીતે ગાળે છે. તેમજ તેમનો સ્વભાવ સાબુ જેવો હોય છે, કારણ કે જેમ સાબુ વસ્ત્રને લાગેલ મેલ દૂર કરીને તેને સ્વચ્છ બનાવે છે તેવી રીતે તે સ્થિતબુદ્ધિ મનુષ્યો પણ શ્રદ્ધાવાળા જનોના સંશયાદિ રૂપ અભ્યન્તર મલ અથવા કચરાને દૂર કરી તેમને પવિત્ર બનાવે છે. ૩૭

કયો જીવ આત્મિક શાંતિને પામે? આ પ્રશ્નનો જવાબ આપે છે—

**શાન્તિ પામે કોણ? ઉત્તર એમ જીવ! ઠસાવજે,**
**કર્મબંધનને તજીને નિઃસ્પૃહાશય વૃત્તિ જે;**

**મદ માનને અલગા કરે તે ભવ્ય નિશ્ચલ શાન્તિને,**
**જરૂર પામે દોષ વામે સમ ગણે દીન ધનિકને. ૩૮**

**અર્થ**:—હે જીવ! ખરી શાંતિ કોણ પામે તેનો ઉત્તર આ પ્રમાણે મનમાં ઠસાવજે એટલે મનમાં ધારી રાખજે. જે જીવો કર્મબંધના કારણોથી દૂર રહીને કોઈ પણ પ્રકારના પૌદ્ગલિક પદાર્થોની સ્પૃહા અથવા ઇચ્છા કરતા નથી, અને આઠ પ્રકારના મદ તથા અભિમાનને દૂર કરે છે તેવા ભવ્ય જીવો જે શાંતિ આવ્યા પછી જવાની નથી, તેવા સ્થિર શાંતિ-ગુણને જરૂર પામે છે, તેવા ઉત્તમ શાંત પુરૂષો દોષોને દૂર કરે છે અને ગરીબ તથા ધનવાનને સમાન ગણે છે. ૩૮

અનિત્ય શરીરની ક્ષણભંગુર સ્થિતિ જણાવે છે—

**કેળનો જે ગર્ભ તેના જેહવો આ દેહ છે,**
**ક્ષણ વારમાં બહુ રંગ ધારે તેહ કારણ ક્ષણિક છે;**
**સાજો ઘડિક માંદો ઘડિક જૂવાન ઘરડો હોય છે,**
**પરભવ જતાં સાથે ન આવે ખાખ રૂપે થાય છે. ૩૯**

**અર્થ**:—કેળની અંદર રહેલા ગર્ભ જેવો આ દેહ એટલે શરીર છે. કારણકે જેમ કેળના ગર્ભને સુકાઈ જતાં (વિનાશ પામતાં) વાર લાગતી નથી તેમ આ શરીરને પણ સુકાઈ જતાં (નાશ પામતાં) વાર લાગતી નથી. વળી આ શરીર ક્ષણિક–ક્ષણ માત્રમાં નાશ પામનારૂં છે, કારણકે ક્ષણે ક્ષણે બહુરંગ એટલે જુદી જુદી અવસ્થાને ધારણ કરે છે. ઘડીકમાં સાજું જણાય છે એટલે રોગ રહિત હોય છે અને ઘડીક પછી માંદુ પડી જાય છે એટલે રોગવાળું થાય છે. તેની

અવસ્થા પણ બદલાય છે પહેલાં બાળ હોય છે, પછીથી જુવાન થાય છે અને અંતે વૃદ્ધ-ઘરડું થાય છે. વળી આ શરીર પરભવ જતાં સાથે આવતું નથી, પરંતુ તેની તો અહીંઆં ખાખ એટલે રાખ થઈ જાય છે. અથવા માટી સાથે મળી જાય છે. ૩૯

સંસારી જીવો શરીરના મોહમાં ફસાઇને કેવા કેવા પાપ કરે છે, તે ટૂંકામાં જણાવે છે—

**હે જીવ ! તેં તે દેહ કાજે છળ પ્રપંચો બહુ કર્યા,**
**નિયમ લીધેલા તજીને ધર્મસાધન દૂર કર્યા;**
**ખાધાં અભક્ષ્ય પદાર્થ મર્યાદા તજી કુલધર્મની;**
**રાચી અધર્મે જીવહિંસા આકરી પણ ના ગણી. ૪૦**

અર્થ:--હે જીવ! પ્હેલાં જણાવેલા સ્વરૂપવાળા શરીરના રક્ષણને માટે તેં ઘણા પ્રકારના છળ પ્રપંચો એટલે કપટો કર્યા, અને તેને માટે લીધેલા નિયમોનો પણ ત્યાગ કર્યો, અને ધર્મનાં સાધનોને પણ દૂર મૂક્યા, તથા આ નાશવંત શરીર માટે અભક્ષ્ય એટલે નહિ ખાવા યોગ્ય પદાર્થો પોતાના કુલધર્મની મર્યાદાનો ત્યાગ કરીને ખાધા, તથા અધર્મના કાર્યોમાં રાચી એટલે આનંદ માની નિર્દય પણે જીવહિંસા કરવામાં પણ તેં કચાશ રાખી નહિ. ૪૦

શરીરનો મોહ શું શું કામ કરાવે છે ? તે જણાવે છે:—

**જે દિવસના બે સહસ્ર રૂપિયા ફી લિએ તે પણ દઈ,**
**સીવીલ સરજન પાસ ઉપચારો કરાવે મન દઈ;**

નિજ ધર્મ બાધક કીંમતી ઓસડ ઘણાંએ વાપરે,
તોએ સુધરવા માંહિ શંકા ક્ષણિક ચિંતા શીદ કરે? ૪૧

અર્થ:—હે જીવ! તું જે સીવીલ સર્જન એક દિવસના બે બે હજાર રૂપીઆ ફી લે તેટલી ફી આપીને પણ તેની પાસે પૂરતી કાળજી રાખીને ઉપચારો (દવા) કરાવે છે તથા પોતાના ધર્મને બાધા કરનારી ઘણા પ્રકારની કીંમતી દવાઓ પણ વાપરે છે. આટલી આટલી ફી આપવાં છતાં તથા ધર્મ-બાધક કીંમતી દવાઓ વાપરવા છતાં પણ શરીર સુધરવામાં શંકા રહેલી છે, કારણકે શરીરને દુ:ખ આપનાર અશાતા વેદનીય કર્મનો ઉદય વિગેરે નિમિત્તો જો બળવાન હોય તો દવાઓની અસર થતી નથી, તો આવા પ્રકારના નાશવંત શરીર માટે ક્ષણે ક્ષણે હે જીવ! તું શા માટે ચિંતા કર્યા કરે છે? આ અનિત્ય શરીર માટે ચિંતા કરવાની કંઇ જરૂર નથી. એટલી ચિંતા—આત્માને નિર્મલ કરવા માટે જરૂર કરવી જોઇએ. ૪૧

શરીરની બાબતમાં આ પ્રમાણે વિચારવું, એમ કહે છે—

જરૂર આવી બાલચેષ્ટા દુર્ગતિને આપતી,
આવા વિચારે બુધ જનોને ત્યાં ન રજ મમતા થતી;
તેઓ વિચારે એમ આની મદદથી મુક્તિ મલે,
તેથી કરી પાંચે શરીરમાં મુખ્ય કીધું જિનવરે. ૪૨

અર્થ:—ઉપર જણાવી તેવી શરીરને માટે દોડધામ કરવાની બાલ ચેષ્ટાઓ એટલે અજ્ઞાનીને ઉચિત કાર્યો નરકગતિ તથા તિર્યંચ ગતિ જેવી દુર્ગતિ એટલે ખરાબ ગતિને આપે

છે. એમ સમજીને બુધજનો એટલે ડાહ્યા મનુષ્યોને આ નાશવંત શરીર પ્રત્યે જરા માત્ર મમત્વ ભાવ થતો નથી કે જેને લઈને ધર્મ બાધક દવા વિગેરે વાપરવાનો પ્રસંગ આવે. તેઓ તો એવો વિચાર કરે છે કે આ નાશવંત ઔદારિક શરીરની મદદથી મુકિત મળે છે. એટલે આ નાશવંત શરીર દ્વારાએ પણ જો ઉચિત ધર્મારાધન કરવામાં આવે, તો તે ધર્મારાધનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે માટે મોક્ષ પ્રાપ્તિમાં આ શરીર કારણ છે. આજ કારણથી આપણા ઔદારિક શરીરને જિનેશ્વર ભગવંતે પાંચ શરીરમાં પ્રધાન કહ્યું છે. કારણ કે ઔદારિક સિવાય બીજા શરીર દ્વારાએ મોક્ષ પ્રાપ્તિ થતી નથી. માટે ધર્મની નિર્મલ સાધના કરવા તરફ લક્ષ્ય રાખીને ઔદારિક શરીરને સાર્થક કરવું. પણ વિષયભોગોને ભોગવવાની તરફ લક્ષ્ય રાખીને શરીરની ઉપર મોહ રાખવો નહિ. ૪૨

દેહમાં મોહ રાખતાં થતો ગેરલાભ દાખલો દઈને સમજાવે છે–

**તે ક્ષણિકના મોહે કરી અક્ષણિકને ના હારીએ,**
**અક્ષણિક જ્ઞાનાદિ ત્રણ ઈમ શાસ્ત્રથી અવધારિએ;**
**નિજ દેહમાં મમતા ધરીને બહુ જનો ભવમાં ભમ્યા,**
**દૃષ્ટાંત બહુ મરીચિ પ્રમુખના પૂર્વધર પુરૂષે કહ્યા. ૪૩**

અર્થ:—માટે ક્ષણિક (ક્ષણભંગુર અથવા નાશવંત) એવા શરીરની ઉપર મોહ રાખીને એટલે શરીર તરફના મમત્વથી અક્ષણિકો એટલે નાશરહિત આત્માની સાથે રહેનાર ઉત્તમ જ્ઞાનાદિ ગુણોને હારીશ નહિ, એટલે અક્ષણિક આત્મિક ગુણોને સાધજે. જ્ઞાનાદિ ત્રણ એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર

એ ત્રણ ગુણો અક્ષણિક અવિનાશી છે એમ શ્રી યોગશાસ્ત્રાદિ ગ્રંથોથી અવધારીએ એટલે નિશ્ચય કરી શકાય છે, કારણકે આ ત્રણ પરભવમાં પણ આત્માની સાથે જાય છે, અને શરીર તો અહીંઆંજ પડયું રહે છે. શરીર ઉપર મમતા અથવા મોહ રાખીને ઘણાં જીવો આ સંસાર રૂપી અટવીમાં રખડયા છે તે ઉપર ચઉદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી આચાર્ય વિગેરે ભગવંતોએ શ્રી આવશ્યકાદિમાં મરીચિ વિગેરેનાં ઘણાં દૃષ્ટાન્તો કહ્યાં છે.

મરીચિનું દૃષ્ટાન્ત ટુંકમાં આ પ્રમાણે:—

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના પૌત્ર અને ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિ નામે હતા. તેમણે પ્રભુશ્રી ઋષભદેવની દેશના સાંભળીને વૈરાગ્ય પામી તેમની પાસે દીક્ષા લીધી, પરંતુ ચાલતા વિહાર કરવો, ટાઢું ઉનું ખાવું, ભોંય સૂઇ રહેવું વિગેરે દીક્ષાના કઠીન નિયમોનું પાલન ન થઇ શકવાથી તેમણે દીક્ષા મૂકી દેવાનો વિચાર કર્યો. લજ્જાને લીધે ઘેર તો જઇ શકાય નહિ, તેથી તેમણે ત્રિદંડીનો નવો વેશ ધારણ કર્યો. આ પ્રમાણે શરીર ઉપર મોહ રાખવાથી ચારિત્રનો ત્યાગ કર્યો, એટલુંજ નહિ પરંતુ ત્યાર પછી પણ તે શરીરના મોહે તેમને કેવી રીતે ફસાવ્યા? તે સાંભળો.

તે પ્રભુની સાથે વિહાર કરે છે, બીજાઓને ધર્મોપદેશ આપી બૂઝવે છે, અને બુઝનાર જીવ જ્યારે ચારિત્ર માટે માગણી કરે, ત્યારે તેને પ્રભુની પાસે દીક્ષા અપાવે છે. મારાથી ચારિત્ર પાળી શકાતું નથી. એ પ્રમાણે પોતાની ખામી બીજાઓ આગળ

જાહેર કરે છે એ પ્રમાણે કેટલોક વખત ગયા પછી એક વાર મરીચી માંદા પડયા, તે વખતે કોઇ સાધુ તેમની વૈયાવચ્ચ કરતા નથી, કારણકે સંયમીથી અસંયમીની વૈયાવચ્ચ થાય નહિ. તે વખતે મરીચીના મનમાં એવા પરિણામ થયા કે આ સાધુ-ઓની આગળ હું બીજાઓને બુઝવીને દીક્ષા અપાવું છું, પણ આ સાધુઓ તો મારી કોઈ પણ પ્રકારની સંભાળ લેતા નથી માટે હવે જો કોઇ બુઝે તો તેને મારો શિષ્ય બનાવું.

સાજા થયા પછી કપિલ નામના રાજકુંવરે તેમની દેશ-નાથી વૈરાગ્ય પામી દીક્ષા લેવાનો વિચાર જણાવ્યો, ત્યારે મરિચીએ પ્રથમ તો તેને પ્રભુ પાસે દીક્ષા લેવા જવાને કહ્યું, પરંતુ તેણે જ્યારે પૂછયું કે પ્રભુના માર્ગમાં ધર્મ છે અને તમારા માર્ગમાં ધર્મ નથી? ત્યારે મરિચીએ વિચાર્યું કે આ માણસ મારો શિષ્ય થવાને લાયક છે માટે જવાબમાં કહ્યું કે "ત્યાં પણ ધર્મ છે અને અહીં પણ ધર્મ છે." પોતે જાણે છે કે પ્રભુનો માર્ગજ સત્ય છે અને પોતાનો માર્ગ તો ખોટો છે તે છતાં ઉપર પ્રમાણે જવાબ આપ્યો. આ જવાબ અપાવનાર શરીર ઉપરની મમતાજ હતી, કારણકે પોતે કદાચ ફરીથી માંદા થાય તો પોતાના શરીરની સંભાળ લેનાર હોય તો સારૂ એવી ભાવનાએજ તેમને ઉપર પ્રમાણે ખોટો જવાબ અપાવ્યો, અને એ પ્રમાણે ખોટો જવાબ ન આપે તો તે તેમનો શિષ્ય થાય નહિ. આ પ્રમાણે ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાથી ઘણું ઘોર કર્મ બાંધ્યું, જેથી કરીને ઘણા ભવ સુધી સંસારમાં રખડવું પડયું. આ મરીચિજ ભવિષ્યમાં ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી થાય છે. ૪૩

કયા મુદ્દાથી શરીરની મમતા ટાળવી જોઇએ? તે જણાવે છે—

**બદ્ધ કર્મ ખપાવવાને ચિત્ત થીર બનાવવા,**
**દેહ મમતા ટાળજે શુભ તત્ત્વદૃષ્ટિ ટકાવવા;**
**શ્રી પાર્શ્વવીર ખંધક તણા શિષ્યો મહાબલ જાણિએ,**
**દૃષ્ટાંત ગજસુકુમાલ મેતારજ તણા સંભારીએ. ૪૪**

**અર્થ:**—બદ્ધ એટલે બાંધેલા કર્મ ખપાવવા અથવા સર્વથા કર્મ ખપાવવા માટે અને ચિત્તને સ્થીર બનાવવા માટે તથા સારી એવી તત્ત્વદૃષ્ટિ ટકાવવા માટે હે જીવ! તું દેહની મમતા ટાળજે-દૂર કરજે. એમ કહેવાનો મુદ્દો એ છે કે શરીરની મમતા ટળી હોય તો ચિત્ત સ્થિર બને, અને ચિત્તની સ્થિરતા થાય ત્યારે શુભ દૃષ્ટિનો ટકાવ થાય અને શુભ દૃષ્ટિનો ટકાવ થવાથી ઘણાં કર્મોની નિર્જરા થાય. આ દેહની મમતા ટાળવાના સંબંધમાં દૃષ્ટાન્તો આ પ્રમાણે જાણવા. ૧ ત્રેવીસમા શ્રી પાર્શ્વનાથ પ્રભુ, ૨ ચોવીસમા શ્રી મહાવીર સ્વામી, ૩ સ્કંધક મુનિના ૪૯૯ શિષ્યો, ૪ મહાબલ, ૫ ગજસુકુમાલ તથા ૬ મેતારજ મુનિ વિગેરેનાં દૃષ્ટાન્ત સંભારવા. આની હકીકત આગળ વિસ્તારથી જણાવીએ છીએ. ૪૪

અનુક્રમે પ્હેલા જણાવેલા દૃષ્ટાંતોની બીના જણાવે છે:—

**શ્રી પાર્શ્વ પ્રભુજી દેવનો ઉપસર્ગ સહતા ક્ષાંતિથી,**
**પ્રભુ વીરને ગોવાળ લઇને રાશ અતિશય ક્રોધથી;**
**તે મારવાને દોડતો શુલપાણિ ત્રાસ પમાડતો,**
**ને ચંડકૌશિક સૂર્ય સામે નજર કરીને ડંખતો. ૪૫**

**અર્થ**:—૧ પૂર્વ ભવનો વૈરી કમઠ તાપસનો જીવ જે અજ્ઞાન તપ કરી મરીને મેઘમાળી નામનો દેવ થયો હતો, તેણે કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા પ્રભુદેવ શ્રી પાર્શ્વનાથને ઘણા પ્રકારના ઉપસર્ગો કર્યા. છેવટે અતિ ઘોર મેઘની વૃષ્ટિ કરી. તેનું પાણી પ્રભુની નાસિકા સુધી આવ્યું. તે છતાં પણ પ્રભુએ તેના પ્રત્યે લેશ માત્ર રોષ નહિ કરતાં ક્ષાંતિથી એટલે ક્ષમા રાખીને તે ઉપસર્ગો સહન કર્યાં. અહીં યાદ રાખવાનું કે દેહની મમતા તજી હોય તોજ ઉપસર્ગો સહન કરી શકાય, અને મનોબલ મજબૂત હોય તોજ દેહની મમતા ટાળી શકાય છે. અંતે પ્રભુને અડગ જોઇને નિરાશ થઇને તેણે પ્રભુને ખમાવ્યા.

હવે મહાવીર સ્વામીએ કેવા ઘોર ઉપસર્ગો સહન કર્યા તે જણાવે છેઃ–કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા પ્રભુને મારવાને માટે ગોવાળ બળદની રાસ (દોરડું) લઇને દોડયો.

શૂલપાણી નામના યક્ષે પ્રભુના ઉપર ઘણા ઉપસર્ગો કર્યા, બીના ટૂંકામાં આ પ્રમાણેઃ–આસ્થિક નામના ગામમાં શૂલપાણિ નામે યક્ષનું મંદિર હતું. તે યક્ષ ઘણો નિર્દય હતો. મંદિરમાં રાતવાસો રહેનારને તે મારી નાખતો. પ્રભુ વિહાર કરતા કરતા તે સ્થળે આવ્યા ત્યારે ગામના લોકોએ પ્રભુને કહ્યું કે એ સ્થળ મૂકીને બીજે ઠેકાણે રહેવું. પરંતુ પ્રભુ તો લાભ જાણીને નીડરપણે ત્યાંજ કાઉસગ્ગ ધ્યાને રહ્યા. શૂલપાણિ યક્ષ પ્રભુને જોઇને વિચારવા લાગ્યો કે, મારા સ્થાનમાં કોઇ પણ મનુષ્ય જીવતો રહી શકતો નથી, એવું જાણ્યા છતાં પણ આ મુનિ અહીં રહ્યા છે, માટે આને મારો

અનાદર કરવાનું ફળ ચખાડું. તેણે પ્રથમ તો પ્રભુની આગળ ભયંકર અટ્ટહાસ્ય કર્યું. જેથી સામાન્ય મનુષ્ય તો તરતજ ભય પામે. પરંતુ પ્રભુ દેવ તો જરા પણ ક્ષોભ ન પામ્યા. ત્યાર પછી વિકરાળ હાથીનું પિશાચનું રૂપ કર્યું. પણ પ્રભુ ક્ષોભ ન પામ્યા ત્યારે ભયંકર સર્પનું રૂપ કરીને શરીરે ઘણા ડંખ માર્યા, એ રીતે પ્રભુને ચળાવવાને ઘણા પ્રયત્ન કર્યા. પરંતુ કોઈ રીતે પ્રભુ લગાર પણ ચળ્યા નહિ ત્યારે આખરે થાકીને તેણે પ્રભુની આગળ પોતાના અપરાધની ક્ષમા માગીને નાચવા લાગ્યો.

વળી પ્રભુ મહાવીરને ચંડકૌશિક સર્પે ઝેરની જવાળા વધારવાને સૂર્ય સામે જોઇ જોઇને ડંખ દીધો. તે છતાં પ્રભુએ તેના પ્રત્યે જરા પણ રોષ ન કર્યો. તે ચંડકૌશિકનો ટુંક હેવાલ આ પ્રમાણે:–આ સર્પનો જીવ પૂર્વ ભવમાં તપસ્વી સાધુ હતો. ઘણા પ્રકારના તપ કરતા હતા. એક વખત શિષ્ય સાથે ગોચરી લેવા જતા તેમના પગ નીચે નાની દેડકી કચરાઇ. શિષ્યે જોવાથી તે વાત ગુરૂને કહી. પણ ગુરૂએ ધ્યાનમાં લીધું નહિ. ઉપાશ્રયે આવ્યા, ત્યારે પણ ઇરિયાવહી પડિક્કમતાં તે પાપ આલોચ્યું નહિ. ત્યારે શિષ્યે પ્રતિક્રમણમાં આલોચવાનું જણાવ્યું. પ્રતિક્રમણમાં પણ ન આલોચ્યું ત્યારે શિષ્યે શુદ્ધ બુદ્ધિએ તે વાત સંભારી. એમ વારંવાર કહેવાથી ગુરૂને ક્રોધ ચડયો. ક્રોધમાં ભાન ભૂલીને શિષ્યને મારવા દોડયા, પરંતુ વચમાં થાંભલા સાથે માથું અથડાયાથી મરણ પામ્યા. ત્યાંથી દેવ થઇને ચ્યવીને તાપસપણે ઉપજ્યા. ત્યાં કૌશિક એવું નામ પાડયું. પણ પૂર્વના સંસ્કારને

લીધે બહુ ક્રોધી હોવાથી ચંડકૌશિક નામ પ્રસિદ્ધ થયું. ત્યાં તેના ક્રોધથી બધા તેને મૂકીને જતા રહ્યા. એક વખત તે સ્થળે રાજકુમારો ક્રીડા કરવા આવ્યા હતા. ચીડવવાથી ક્રોધમાં આવી તે તેમને મારવા દોડયો. પણ વચમાં આવેલા ખાડામાં પડી મરણ પામી તેજ સ્થળે મહા ભયંકર દૃષ્ટિવિષ સર્પ થયો. ત્યાંથી જતાં આવતાં મનુષ્ય તથા પશુ પંખી સર્વેને તે પોતાની દૃષ્ટિથી મારી નાખતો, તેથી તે સ્થળ તદ્દન ઉજ્જડ થઇ ગયું. કોઈ ત્યાંથી જતું આવતું નહિ. આ સ્થળે આવીને પ્રભુ કાઉસગ્ગમાં રહ્યા. સર્પે પોતાની દૃષ્ટિથી પ્રભુને મારવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેની અસર ન થઇ ત્યારે પગે ડંખ દીધો. પણ પ્રભુના શરીરમાંથી દૂધ જેવી લોહીની ધારા નીકળતી જોઇને તે વિચારમાં પડયો. ત્યારે પ્રભુએ તેને ચંડકૌશિક "બુજ્ઝ બુજ્ઝ" એ વચનો વડે બોધ પમાડયો. સર્પને જાતિસ્મરણ જ્ઞાન થયું અને દેવ થયો. ૪૫

સુદંષ્ટ્રના અને લાટ દેશના ઉપસર્ગો જણાવે છે—

**તે સિંહ કેરો જીવ મરીને સુર સુદંષ્ટ્ર પણે થતો,**
**જે નાવમાં બેઠા પ્રભુજી તેહ શીઘ્ર ડૂબાવતો;**
**વળી લાટ દેશ તણાં ઘણાં જન ઘોર ઉપસર્ગો કરે,**
**નિર્મમ પ્રભુ હોંશે સહે સમતા ધરી રજ ના ડરે. ૪૬**

**અર્થ:**—શ્રી મહાવીર સ્વામી પૂર્વ ભવમાં ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ હતા તે વખતે તેમણે જે સિંહને હણ્યો તે સિંહ મરીને સુદંષ્ટ્ર નામે દેવ થયો. તેણે પૂર્વ-ભવના દ્વેષના કારણે પ્રભુ જે નાવમાં બેઠા છે તે નાવને ડૂબાવવાનો પ્રયત્ને કર્યો. તે બીના આ પ્રમાણે:—અશ્વગ્રીવ

નામે પ્રતિવાસુદેવ હતો. તેને નિમિત્તિઆએ કહ્યું કે અમુક ઠેકાણે રહેલો સિંહ જે ખેડુતોના શાલીના (ડાંગરના) ખેતરોમાં નુકસાન કરે છે તે સિંહને મારનાર (વાસુદેવનો જીવ) તમને હણશે. તે ઉપરથી પ્રતિવાસુદેવે પ્રજાપતિ (જેઓ ત્રિપૃષ્ઠના પિતા હતા.) રાજાને સિંહને હણવા માટે હુકમ કર્યો. ત્યારે પિતાને બદલે ત્રિપૃષ્ઠ ગયા. ત્યાં ક્ષેત્રમાં સિંહને જોયો ને તે નિઃશસ્ત્ર હોવાથી પોતે પણ શસ્ત્ર રહિત થઇને સિંહ સામે યુદ્ધ કરવા લાગ્યો, અને તેના બંને હોઠને પકડી તેને વસ્ત્રની જેમ ચીરી નાખ્યો. એ સિંહ ત્યાંથી મરી નરકાદિના અનેક ભવો કરી, મહાવીર સ્વામીના વખતમાં સુદંષ્ટ્ર નામે નાગકુમાર દેવ થયો હતો. એક વખત પ્રભુ છદ્મસ્થપણામાં વિહાર કરતા ગંગા નદીના કાંઠે આવ્યા. અને સામે કાંઠે જવા માટે એક નાવમાં બેઠા. તે વખતે સુદંષ્ટ્ર નાગકુમારે અવધિજ્ઞાનથી પ્રભુને "પોતાને સિંહના ભવમાં મારનાર જાણીને" ક્રોધાવેશમાં આવી મહાવાયુ વિસ્તારીને તે નાવ ડૂબાવવા લાગ્યો. પરંતુ પ્રભુ તો બીલકુલ ભય પામ્યા નહિ. તે વખતે સંબલ અને કંબલ નામના બે દેવોએ તે સુદંષ્ટ્ર સાથે યુદ્ધ કરી તેને હરાવી નસાડી મૂક્યો, ને નાવની રક્ષા કરી.

વળી જ્યારે પ્રભુએ લાટ દેશમાં વિહાર કર્યો ત્યારે ત્યાંના ઘણા મનુષ્યોએ ઘણી જાતનાં ઘોર-ભયંકર ઉપસર્ગો કર્યા. પરંતુ નિર્મમ એટલે જેમને શરીર પ્રત્યે બીલકુલ મમતા નથી એવા પ્રભુએ તો હોંશે (આ ઉપસર્ગો પોતાના કર્મની

નિર્જરામાં કારણ રૂપ છે એમ જાણી ) સમતા પૂર્વક એટલે ઉપસર્ગ કરનારા પ્રત્યે મનમાં લગાર પણ દ્વેષ કર્યા સિવાય તે ઉપસર્ગો સહન કર્યા. અને જરા માત્ર પણ ડર્યા નહિ. ૪૬

વ્યંતરીનો ઉપસર્ગ જણાવે છેઃ—

**અણમાનીતી રાણી મરીને વ્યંતરી રૂપે થતી,**
**ઠંડી તણાં ઉપસર્ગ કરતી ક્રોધથી રાતી થતી;**
**તે મિત્ર માનીને સહી લોકાવધિ પ્રભુ પામતા,**
**બહુ ગાઢ કર્મ ખપાવતા ને નજીક કેવલ લાવતા. ૪૭**

**અર્થ**:—એક વાર મહાવીર પ્રભુ શાલિશીર્ષ નામના ગામની પાસે ઉદ્યાનમાં કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા હતા. તે વખતે પહેલાં ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં તેમની અણમાનીતી જે રાણી હતી તે કેટલાક ભવ કરીને તે સ્થળે વ્યંતરદેવીપણે ઉત્પન્ન થએલી છે. પ્રભુને જોઈને પૂર્વભવનું વૈર યાદ કરીને ક્રોધથી રાતી થઈને એટલે ધમધમીને પ્રભુના ઉપર ઠંડીના ઉપસર્ગ કર્યા. બરફ જેવું ઠંડું પાણી કરીને પ્રભુને આખી રાત તેનાથી પલાળ્યા. આવી ઠંડીથી બીજા કાચા પોચાનું તો મરણ થઈ જાય પરંતુ પ્રભુ લગાર પણ બીન્યા નહિ. પ્રભુએ તો તેના પ્રત્યે ક્રોધ કરવાને બદલે તેને મિત્ર જેવી માની, કારણ કે ઉપસર્ગોને તો પ્રભુ કર્મની નિર્જરાના હેતુ ગણતા હતા. તેથી સમ ભાવે તે ઉપસર્ગને સહન કરીને પ્રભુ લોકાવધિ એટલે ચૌદરાજ લોકના રૂપી દ્રવ્યને જણાવનારૂં અવધિ જ્ઞાન પામ્યા. એવી રીતે ગાઢ એટલે ચીકણાં કર્મો ખપાવીને પ્રભુ કેવલજ્ઞાનને નજીકમાં લાવ્યા. ૪૭

ત્રણ શ્લોકમાં સંગમના ઉપસર્ગો જણાવે છે--

**પ્રભુની પ્રશંસા ના સહી સંગમ સુરે આવી અહીં,**
**રાતમાં ઉપસર્ગ વીસ કર્યા અધિક ક્રોધે દહી;**

(૧)

**આહારને અનુચિત કરી પુષ્કલ કનડગત પણ કરે,**
**તોએ વળે શું? તેહનું પ્રભુ થીર રહે મેરૂ પરે. ૪૮**

**અર્થ**:—સૌધર્મેન્દ્રે સુધર્મા નામની પોતાની સભામાં પ્રભુ શ્રી મહાવીરદેવની આ પ્રમાણે પ્રશંસા કરી કે તેમને ચલાયમાન કરવાને કોઇ સમર્થ દેવ પણ શક્તિમાન નથી. ઈન્દ્રના આવા વચન સંગમ નામનો દેવ સહન કરી શકયો નહિ. તે કહેવા લાગ્યો કે દેવ આગળ મનુષ્યના શા ભાર છે? હમણાં જ જઇને તેમને ચલાયમાન કરૂં છું. એવું કહીને ત્યાંથી નીકળીને પ્રભુ જયાં કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા હતા. ત્યાં આવીને ક્રોધરૂપી અગ્નિથી બળેલા એટલે કોપેલા એવા તે સંગમ સુરે એક રાત્રીને વિષે પ્રભુને આકરા વીસ ઉપસર્ગો કર્યા. તે આ પ્રમાણે:-(૧) પ્રભુ જે જે સ્થળે જાય ત્યાં ત્યાં યોગ્ય આહારને પણ અનુચિત (એટલે સાધુને ન ખપે તેવો) કર્યો. એમ બીજી પણ ઘણી જાતની કનડગત એટલે હેરાનગતિ કરવા લાગ્યો. પરંતુ જેમ ગમે તેવા તોફાની પવનના ઝપાટાથી પર્વત ચલાયમાન થાય નહિ, તેમ મેરૂ પર્વત સમાન નિશ્ચલ મનવાળા પ્રભુની આગળ તેનું કાંઈ પણ ચાલ્યું નહિ. ૪૮.

બહુ (૨) ધૂલનો વરસાદ (૩) કીડી (૪) ડાંસ તિમ (૫) ધીમેલના,
(૬) વીંછી તણા તિમ (૭) નોળિયાના (૮) સર્પના ૯ ઉંદર તણા;
૧૦ હસ્તિ ૧૧ કરિણી ૧૨ પિશાચના વલિ ૧૩ વાઘના ૧૪ ત્રિશલાદિના,
નૃપ ૧૫ છાવણી વંટોલિયાના ૧૬ વાયુના ૧૭ ચંડાલના. ૪૯

અર્થ:—(૨) બીજો ધૂલનો વરસાદ વરસાવ્યો. તેવા પ્રકારે ધૂલની વૃષ્ટિ કરી કે પ્રભુના નાક કાન વગેરે પૂરાઇ ગયા; જેથી શ્વાસોશ્વાસ લેવામાં પણ અડચણ પડે; તો પણ પ્રભુજી જરાયે ધ્યાનથી ચળ્યા નહિ. (૩) ત્રીજો કીડીનો ઉપસર્ગ. તેવા પ્રકારની વજ્ર મુખવાળી અનેક કીડીઓ વિકુર્વી કે જે તીવ્ર ડંખ દેવા લાગી તથા શરીરમાં સોંસરી આરપાર જવા લાગી. (૪) ચોથા ઉપસર્ગમાં અનેક ડાંસ વિકુર્વ્યા. તેઓ પ્રભુના શરીરે ચટકા ભરી લોહી ચૂસવા લાગ્યા (૫) પાંચમો ધીમેલોનો ઉપસર્ગ કર્યો. તે પ્રભુના શરીરને વળગી તીવ્ર ચટકા ભરવા લાગી. (૬) ત્યાર પછી તે સંગમ દેવે વીંછીઓ વિકુર્વ્યા. તેઓ આકરા ડંખ દેવા લાગ્યા. (૭) સાતમો નોળીયાનો ઉપસર્ગ કર્યો. તીક્ષ્ણ દાંતવાળા આ નોળીયાઓ પ્રભુના શરીરમાંથી માંસના ખંડ તોડવા લાગ્યા. (૮) આઠમો સર્પોનો ઉપસર્ગ કર્યો. વિકરાળ ફણાવાળા મોટા સર્પો વિકુર્વ્યા. તેઓ પ્રભુના શરીરે મજબુત વીંટાયા અને પોતાની ઝેરી દાઢો વડે ડંખ દેવા લાગ્યા. (૯) ઉંદરોનો નવમો ઉપસર્ગ કર્યો.

તેઓએ પોતાના તીક્ષ્ણ નખ અને દાંત વડે પ્રભુના શરીરે પીડા કરી. (૧૦) દશમો હસ્તિ એટલે હાથીનો ઉપસર્ગ થયો. તે હાથીએ પ્રભુના શરીરને સુંઢથી પકડીને આકાશમાં ઉછાળ્યું. અને ભોંય પડતાં પકડીને દાંત વડે પ્રહાર કરવા માંડયા તો પણ પ્રભુ જરા પણ ચલાયમાન થયા નહિ. (૧૧) તે પછી અગિઆરમો કરિણી એટલે હાથણીનો ઉપદ્રવ કર્યો. તેણે પણ પોતાની સુંઢ વડે ઘણા પ્રકારની કદર્થના કરી પણ કાંઈ ચાલ્યું નહિ. (૧૨) ત્યાર પછી તે સંગમ દેવે ૧૨મો ઉપસર્ગ મોટો વિકરાળ પિશાચ વિકુર્વીને કર્યો. પરંતુ તેની ભયંકરતા તથા અટ્ટહાસ્ય પ્રભુ આગળ કંઇ પણ સફળ થયા નહિ. (૧૩) તેરમો ઉપસર્ગ વાઘનો કર્યો. તેણે ભયંકર ગર્જના તથા તીક્ષ્ણ નખ અને દાંત વડે ઉપદ્રવ કર્યો. તેથી પણ પ્રભુજી જરા પણ ચળ્યા નહિ. (૧૪) ચૌદમો સિદ્ધાર્થ રાજાનું તથા ત્રિસલા રાણીનું રૂપ ધારણ કરીને કર્યો. તેમણે પ્રભુ આગળ કરૂણ આક્રંદ કર્યું અને દીક્ષા મૂકી દેવા જણાવ્યું. પરંતુ જ્ઞાનથી સત્ય વાત જાણનારા પ્રભુજી તો ધ્યાનમાં જ રહ્યા. (૧૫) પંદરમો ઉપસર્ગ છાવણી વિકુર્વીને કર્યો. તેમાંના માણસોએ રાંધવા માટે પ્રભુના બે પગ વચ્ચે અગ્નિ સળગાવ્યો. તો એ પણ પ્રભુજી જરા પણ ડગ્યા નહિ. (૧૬) વળી સોળમો વંટોળીયાનો ઉપદ્રવ કર્યો. તેણે પ્રભુદેવને ગોળ ચક્કર ભમાડી ભમાડીને હેરાન કર્યા તો પણ પ્રભુજી લગાર પણ ડગ્યા નહિ. તે પવને ઉપાડી ઉપાડી નીચે પછાડયા, પણ પ્રભુ ધ્યાનથી ચળ્યા નહિ. (૧૭) સત્તરમો

ચંડાળનો ઉપસર્ગ કર્યો, તે ચંડાળોએ પ્રભુના કાન વિગેરે ભાગમાં નાના પક્ષીઓનાં પાંજરા ભરાવ્યા. તે પક્ષીઓએ પ્રભુના શરીરને વિષે ચાંચ મારીને તથા નખ મારીને પ્રભુનું શરીર છીદ્રોવાળું કર્યું, તોએ પણ તે પ્રભુજી લગાર પણ ચલિત થયા નહિ. ૪૯.

**૧૮ ૧૯ ૨૦**
**કાલચક્ર પ્રભાત સુરની ઋદ્ધિના ઉપસર્ગને,**
**તે દેહ મમતા છોડનારા પ્રભુ સહે ધરી ખંતિને;**
**જાનુ પ્રમાણ જમીન માંહી કાલચક્રે પેસતા,**
**તોયે ન પામ્યો એહ કંઇ એવી દયા પ્રભુ રાખતા. ૫૦**

**અર્થ:**—(૧૮) અઢારમો કાલચક્રનો ઉપસર્ગ કર્યો. અત્યંત વજનદાર તે લોઢાનું કાલચક્ર ઉપાડીને દેવે પ્રભુની ઉપર નાખ્યું. તેના ભારથી પ્રભુ ઢીંચણ સુધી જમીનમાં પેસી ગયા. દેહની મમતા છોડનારા પ્રભુએ તે ઉપસર્ગને ખંતિ એટલે ક્ષમા પૂર્વક સહન કર્યો. (૧૯) ત્યાર પછી ઓગણીસમો પ્રભાતનો ઉપસર્ગ કર્યો એટલે તે સંગમ દેવે રાત્રી હતી તો પણ જાણે દીવસ થયો હોય તેમ પ્રભાતના જેવું અજવાળું વિકુર્વ્યું. અને પ્રભુને કહેવા લાગ્યો કે હવે દીવસ ઉગ્યો છે માટે કાઉસગ્ગ પારી અહીંથી વિહાર કરો. પરંતુ વિશિષ્ટ જ્ઞાની પ્રભુ તો કાઉસગ્ગ ધ્યાનમાં જ રહ્યા. (૨૦) ત્યાર પછી વીસમો સુરની ઋદ્ધિનો ઉપસર્ગ કર્યો. દેવની ઋદ્ધિ વિકુર્વીને તે કહેવા લાગ્યો કે હું તમારૂં ધૈર્ય જોઇને રાજી થયો છું. અને આ દેવની ઋદ્ધિ તમને આપું છું. હવે

તપ કરવાની કાંઈ જરૂર નથી. શરીરને બહુ દુઃખ આપનાર આ તપશ્ચર્યા મૂકી દો. આ પ્રમાણે ઉપસર્ગો કર્યા તે છતાં જ્યારે પ્રભુ જરા પણ ચલાયમાન થયા નહિ ત્યારે આખરે તે દેવ થાકીને ચાલ્યો ગયો. આવા ૨૦ ઘોર ઉપસર્ગો કર્યા છતાં પણ પ્રભુ તો તેના પ્રત્યે જરા પણ કોપ્યા નહિ. એટલું જ નહિ પણ પ્રભુજી વિચાર કરવા લાગ્યા કે આ દેવ મારી પાસે આવ્યા છતાં ઘણા કર્મો બાંધીને કાંઈ પણ પામ્યા સિવાય ગયો. એ પ્રમાણે તેના ઉપર દયા ચિંતવવા લાગ્યા. ૫૦

ગોવાળ વિગેરેના ઉપસર્ગો જણાવે છે—

**ગોવાળ ખીલા કાન માંહે ઠોકતા એ વેદના,**
**સહતા ન રાખે દેહ મમતા જલધિ સમતારસ તણા;**
**સ્કંધક સૂરિના ચારસો નવ્વાણુ શિષ્યો આકરી,**
**ઘાણી તણી પીડા સહીને પામતા કેવલસિરિ. ૫૧**

**અર્થ:**—વળી ગોવાળે પ્રભુના કાનમાં ખીલા ઠોકયા. તેની વેદના સમતા રસ એટલે શાંતિ રસના જલધિ એટલે સમુદ્ર સમાન પ્રભુએ સહન કરી, પરંતુ દેહ મમતા એટલે શરીર ઉપર જરા પણ મમત્વભાવ રાખ્યો નહિ. વળી સ્કંધક સૂરિના ચારસો નવાણુ શિષ્યોએ ઘાણીમાં આકરી-ભયંકર વેદના સહન કરી, તેથી ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલ જ્ઞાન રૂપી લક્ષ્મી પ્રાપ્ત કરી.

ગોવાળે પ્રભુના કાનમાં ખીલા ઠોકયા, તેનું કારણ આ પ્રમાણેઃ- પ્રભુએ પોતાના ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં પોતાના

શય્યાપાલકના કાનમાં તપાવેલું સીસું રેડાવ્યું હતું તેથી તીવ્ર અશાતા વેદનીય કર્મ બાંધ્યું હતું. શય્યાપાલકનો જીવ પ્રભુના વખતમાં ગોવાળપણે ઉપન્યો હતો. પ્રભુ જ્યારે ષણમાણિ ગામની બહાર કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા હતા ત્યારે તે ( શય્યાપાલકનો જીવ) ગોવાળ પ્રભુની આગળ બળદો મૂકી ગાયો દોહવા ગયો, બળદો તો ચરતા ચરતા ઘણે દૂર જંગલમાં ગયા. ગોવાળ પાછો આવ્યો ત્યારે બળદ જોયા નહિ, તેથી આ બાબત પ્રભુને પૂછવા લાગ્યો. પણ પ્રભુ તો કાંઇ ઉત્તર આપતા નથી. એ પ્રમાણે વારંવાર કહ્યા છતાં પણ જ્યારે પ્રભુએ જવાબ ન આપ્યો ત્યારે તે ગોવાળ ઘણો ગુસ્સે થયો, તેથી કાશડા નામની ઝાડની સળીઓ લાવીને પ્રભુના બંને કાનમાં નાખી. એવી રીતે ઠોકી કે જેથી તે બંને સળીઓના છેડા એકમેક સાથે માંહોમાંહે મળી ગયા, તથા બંને સળીઓના બહાર દેખાતા છેડા પણ કાપી નાખ્યા જેથી કોઇને ખબર પણ પડે નહિ. પછી તે ગોવાળ ત્યાંથી ચાલ્યો ગયો. સમતાધારી પ્રભુએ તો તેના ઉપર જરા પણ ક્રોધ કર્યો નહિ.

સ્કંધકસૂરિના ચારસો નવાણું શિષ્યોનું દૃષ્ટાન્ત ટુંકાણમાં આ પ્રમાણે:-

શ્રાવસ્તી નગરીના જિતશત્રુ રાજાને ધારિણી નામે રાણી હતી. તેમને સ્કંદક નામે પુત્ર અને પુરંદરયશા નામે પુત્રી હતી. તે પુત્રીને કુંભકારકટક નામના નગરમાં દંડક રાજાને આપી હતી. તે (દંડક)ને પાલક નામનો પુરોહિત હતો. તે પુરોહિત કામ પ્રસંગે જિતશત્રુ રાજાને ત્યાં આવ્યો હતો, તે વખતે પાલક સભામાં ધાર્મિક ચર્ચા થવાના પ્રસંગે નાસ્તિ-

કમતનું સ્થાપન કરવા લાગ્યો. સભામાં બેઠેલા સ્કંદક કુમારે જૈન ધર્મના સચોટ સિદ્ધાન્તોને જણાવીને તેને નિરૂત્તર (મૌન) કર્યો, ત્યારે તે પાલક મનમાં સ્કંદક ઉપર ક્રોધે ભરાણો. પણ તેનું કાંઇ ચાલે તેમ નહિ હોવાથી સ્કંદક કુમાર ઉપર મનમાં દ્વેષ રાખીને કાર્ય પૂરૂં કરીને પાછો સ્વસ્થાને ગયો.

મુનિસુવ્રત સ્વામીનો ઉપદેશ સાંભળી સ્કંદક કુમારને વૈરાગ્ય ઉપજવાથી તેમની પાસે દીક્ષા લીધી. તે વખતે તેમની સાથે બીજા પાંચસો રાજપુત્રોએ દીક્ષા લીધી. તેઓ તેમના શિષ્ય થયા. સ્કંદક મુનિ સંયમની આરાધના કરતા કરતા શાસ્ત્રોના પારગામી થયા ત્યારે તેમને આચાર્ય પદવી આપી. તેઓ ઉગ્રવિહારી હતા. એક વખતે પોતાની બેન અને બનેવીને પ્રતિબોધ પમાડવા માટે શિષ્યો સાથે કુંભકારકટક નગરમાં જવાની પ્રભુની પાસે અનુજ્ઞા માગી. પ્રભુએ કહ્યું કે ત્યાં તમને પ્રાણાંત કષ્ટ થશે. તે સાંભળી સ્કંદકસૂરિએ પૂછ્યું કે હું તે વખતે આરાધક થઇશ કે વિરાધક? ત્યારે પ્રભુએ કહ્યું કે તમારા સિવાય સઘળા આરાધક થશે. ત્યારે સ્કંદકસૂરિએ કહ્યું કે મારે લીધે બીજા આરાધક થતા હોય તો હું લાભ મને જ મળ્યો સમજીશ, એટલે અનુજ્ઞા લઈ તે તરફ વિદાય થયા.

સ્કંદકસૂરિ વિહાર કરીને પોતાની તરફ આવે છે એવું જાણી આચાર્ય ઉપર ક્રોધે ભરાએલા પાલક પુરોહિતે વેરનો બદલો વાળવા માટે અવસર આવ્યો છે એમ જાણી વેર લેવા માટે તૈયારી કરવા માંડી. જે ઉપવનમાં સાધુઓ ઉતરતા હતા.

તે ઠેકાણે કોઇ ન જાણે તેમ રાત્રીને વિષે તેણે ત્યાં વિવિધ પ્રકારનાં શસ્ત્રો દટાવ્યા. અને જમીન સરખી કરી દીધી. આચાર્ય શિષ્યો સાથે ત્યાં ઉતર્યા. રાજા મુનિને વંદન કરવાને જવા માટે તૈયાર થયા. ત્યારે પુરોહિતે કહ્યું કે આ મુનિ મહા પાખંડી છે. તે તો તમારૂં રાજ્ય લઇ લેવા ઇચ્છે છે. રાજાએ સાબિતી માગી ત્યારે પાલકે કહ્યું કે તમે મુનિઓને ત્યાંથી ખસેડો. રાજાએ યુક્તિથી મુનિઓને બીજે ખસેડયા. પછી પાલકે ત્યાં જઈને જમીન ખોદાવીને દાટેલા હથિયારો દેખાડયા. આ ઉપરથી રાજાએ પાલકને કહ્યું કે સાધુઓને તને રૂચે તેમ સજા કર. પછી તે પાપી પાલકે મનુષ્યને પીલવાની ઘાણી મંગાવી. તેમાં તે સાધુઓને પીલવા માંડયા. સ્કંદકાચાર્ય પોતાના શિષ્યને ઉપદેશ આપે છે કે આ શરીર તો નાશવંત છે. તેનો મોડો વહેલો નાશ તો થવાનો છે. આ તો કર્મ ખપાવવાનો રૂડો અવસર આવ્યો છે. માટે સમતા ભાવ રાખવો એવી રીતે પાલકે ૪૯૮ શિષ્યોને પીલ્યા. છેલ્લો એક નાનો શિષ્ય રહ્યો ત્યારે આચાર્યે કહ્યું કે તું પ્રથમ મને પીલ પછી તેને પીલજે. પણ પાલકે તો તેનેજ પહેલો પીલ્યો. એ પ્રમાણે છેલ્લી વિનતિ પણ જ્યારે ન માની ત્યારે ગુરૂએ નિયાણું કર્યું કે હું તને મારનારો થાઉં. પાલકે તેમને પણ ઘાણીમાં પીલ્યા. મરીને અગ્નિકુમાર દેવ થયા. અવધિજ્ઞાનથી પૂર્વનું સ્વરૂપ જાણીને, પાલક સહિત નગરને બાળી નાખ્યું. તેમની બેને સૂરિના લોહીથી ખરડાયેલા ઓઘાને જોઇને પોતાના ભાઇનું સ્વરૂપ જાણી વૈરાગ્યથી દીક્ષા લીધી. ૫૧

નિર્મોહ મહાબલના ઉપસર્ગની બીના જણાવે છે—

**મુનિવર મહાબલ વાટિકામાં કાઉસ્સગ્ગ વિષે રહ્યા,**
**ત્યાં કનકવતીએ બાળવાને લાકડાં બહુ ગોઠવ્યાં;**
**ચોફેર અગ્ની સળગતાં મુનિ રોષ રજ ના રાખતા,**
**સળગાવનારી નારીને પણ મિત્ર જેવી માનતા. પર**

અર્થ:—[1]મહાબલ નામના મુનિ બગીચામાં કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા હતા. તે વખતે તેમને મારવાના ઇરાદાથી બાળવા માટે કનકવતીએ લાકડાં ગોઠવ્યાં. પછી ચારે તરફથી અગ્નિ સળગાવ્યો, તો પણ મુનિએ તેના પ્રત્યે લેશ માત્ર રોષ-રીશ કરી નહિ. એટલું જ નહિ પરંતુ સળગાવનારી સ્ત્રીને પણ પોતાના મિત્ર જેવી ગણુતા હતા. શરીર પ્રત્યે જેને લેશ માત્ર પરવા ન હોય તથા જેણે શરીરનું નાશવંત-પણું-અનિત્યપણું જાણ્યું હોય તેજ આવી પરમ શાંતિ ને સમભાવ જાળવી શકે. પર

મહાબલની બીના પૂરી કરીને ગજસુકુમાલની બીના જણાવે છે:--

**સકલ કર્મ ખપાવતા તે છેવટે મુક્તિ જતા,**
**ઇમ સુણી આસન્નસિદ્ધિક મોહને ધિક્કારતા;**
**કૃષ્ણના લઘુભાઈ ગજસુકુમાલ નેમિ જિણંદની,**
**સુણી દેશના વૈરાગ્યથી ઇચ્છા કરે ચારિત્રની. પ૩**

૧. મહાબલકુમાર-મલયા સુંદરીના પતિ થાય વિગેરે બીના શ્રી મલયા સુંદરી ચરિત્રમાંથી જાણી લેવી. આ ચરિત્ર મહા વૈરાગ્યમય અને બોધદાયક છે.

**અર્થ**:—એ પ્રમાણે મહાબલ મુનિ અનિત્ય ભાવના તથા મૈત્રી ભાવના ભાવતા ક્ષપક શ્રેણિએ ચઢીને પોતાના સઘળાં કર્મો ખપાવીને અંતે મોક્ષે ગયા. આ પ્રમાણે મહાબલ મુનિની હકીકત સાંભળીને જેઓ નજીકમાંજ મોક્ષે જવાના છે, તે આસન્ન સિદ્ધિક જીવો મોહને જરૂર ધિક્કારે છે. અહીં મહાબલ મુનિનું ટુંક દૃષ્ટાન્ત આ પ્રમાણે:—

મહાબલ કુમાર મલયા સુંદરીના પતિ હતા. આ મલયાસુંદરીને કનકવતી નામે ઓરમાન મા હતી. આ કનકવતી ઘણી કપટી તથા હલકટ હતી. તેણે મલયાસુંદરીની ઉપર રાક્ષસીનો આરોપ મૂકયો હતો, પણ મહાબલ કુમારે તે આરોપ ખોટો સાબીત કરી બતાવ્યો હતો. કનકવતીએ ખોટો રાક્ષસી વેષ પહેરી મહાબલ કુમારના પિતાને છેતર્યા હતા. આ ખબર પડવાથી રાજાએ કનકવતીને કાઢી મૂકી હતી. ત્યાર પછી ઘણા વર્ષે મહાબલ કુમારે દીક્ષા લીધી. ફરતા ફરતા મહાબલ કુમાર જ્યાં તેમનો પુત્ર શતબલ રાજ્ય કરતો હતો તે સાગરતિલકપુરની બહારના ઉદ્યાનમાં આવી કાઉસગ્ગ ધ્યાને રહ્યા. દૈવયોગે કુમારથી અપમાનિત થએલી કનકાવતીએ તેમને જોયા, અને તેને મુનિ ઉપર દ્વેષભાવ આવ્યો. રાત્રે નગરની બહાર ઉદ્યાનમાં કાઉસગ્ગ ધ્યાને રહેલા મુનિ પાસે જઈને ત્યાં પડેલાં લાકડાં મુનિની ફરતા ચારે તરફ મસ્તક સુધી ગોઠવી તેમાં અગ્નિ સળગાવ્યો. આ વખતે મુનિએ તેને ઓળખી છે. પોતે મહા બળવાન છે અને આ ઉપસર્ગથી બચવાને સમર્થ છે તો પણ જેમને શરીર ઉપર જરા પણ મોહ નથી, તથા શરીર અને આત્મા જુદા છે એવો પ્રત્યક્ષ

અનુભવ જેમને થયેલો છે એવા મુનિએ આ ઉપસર્ગ સમભાવે સહન કર્યો, અને શુકલધ્યાનાગ્નિથી ઘાતી કર્મ ક્ષય કરી કેવલજ્ઞાન મેળવ્યું. અંતગડ કેવલી થઈ મોક્ષે ગયા. મુનિરાજે કનકવતી પ્રત્યે બીલકુલ ક્રોધ કર્યો નહિ પરંતુ તેને પોતાના કર્મના ક્ષયમાં હેતુરૂપ માનીને પોતાના મિત્ર જેવી ગણી

હવે ગજસુકુમાલનું દૃષ્ટાન્ત કહે છે:—કૃષ્ણ વાસુદેવના નાનાભાઈ ગજસુકુમાલે બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથની દેશના સાંભળી, તે સાંભળીને તેમને વૈરાગ્યથી પ્રભુની પાસે દીક્ષા લેવાની ઇચ્છા થઈ. ૫૩

ત્રણ શ્લોકમાં પણ એજ ગજસુકુમાલની બીના જણાવે છે:—

**પ્રભુ પાસ દીક્ષાને લહી મધ્યાહ્ન સમય જિણંદને,**
**પૂછી રહે શમશાનમાંહી કાઉસ્સગ્ગે થીર મને;**
**સાંઝેજ તે રસ્તે થઈ સોમિલ સસરો નિજ ઘરે,**
**જાતાં મુનિને દેખતાં બહુ ક્રોધથી ઇમ ઉચ્ચરે. ૫૪**

**અર્થ**:—આગલી ગાથામાં કહ્યા પ્રમાણે ગજસુકુમાલે પ્રભુની પાસે દીક્ષા લીધી. ત્યાર પછી મધ્યાહ્ન સમયે એટલે બપોરે જિનેશ્વર શ્રી નેમિનાથને પૂછીને શ્મશાનમાં જઈને એકાગ્રતાથી કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા. દીક્ષા લીધા પહેલાં આ ગજસુકુમાલ કુમારના લગ્ન સોમિલ નામના બ્રાહ્મણની પુત્રી સાથે થયા હતા, તે તેમનો સસરો સોમિલ સાંજના વખતે જ્યાં મુનિ કાઉસગ્ગમાં રહ્યા છે તે શ્મશાનને રસ્તે થઇને ઘેર જતો હતો તેણે કાઉસગ્ગમાં રહેલા મુનિને જોયા, ત્યારે તેના મનમાં મુનિ પ્રત્યે એકદમ ક્રોધ ચઢયો. તેથી ક્રોધાવેશથી આ પ્રમાણે બોલવા લાગ્યો. ૫૪

મુજ બાલિકા મૂકી રખડતી જેહ સંયમ આદરે,
લજ્જા વિનાનો મૃત્યુને પણ ચાહતો તે આ અરે;
આવ જા નથી કોઇની પણ વાળવાનો વેરને,
લાગ મુજ ઉત્તમ મળ્યો હું શીઘ્ર સાધું કાર્યને. ૫૫

અર્થ:—મારી પુત્રીને રખડતી મૂકીને જેણે દીક્ષા અંગીકાર કરી તે આ લજ્જા વિનાનો એટલે શરમ રહિત મૃત્યુને પણ ચાહે છે. અત્યારે આ માર્ગે કોઇ આવતું જતું નથી તેથી વેર વાળવાનો મને અત્યારે સારો લાગ મળ્યો છે. માટે આ મળેલો અવસર ચૂકયા વિના હું મારા કાર્યને (આ મુનિને મારવારૂપ) જલ્દી સાધુ–પાર પાડું, કારણ કે આવો લાગ વારે વારે મળતો નથી.૫૫.

તે વિપ્ર માથે પાળ બાંધી લાલ અંગારા ભરે,
વેર વાળી એમ નિજ રસ્તે પડે પણ બહુ ડરે;
મુનિ આકરી એ વેદના સમતા ધરીને ભોગવે,
દીક્ષા દિવસની પ્રથમ રાતે નાણ કેવળ મેળવે. ૫૬

અર્થ:—પછી તે સોમિલ બ્રાહ્મણે પોતાનું વેર વાળવા માટે કાઉસગ્ગમાં રહેલા તે મુનિના માથે માટીની પાળ બાંધી તેની અંદર લાલચોળ અંગારા ભર્યા. આ પ્રમાણે વેર વાળીને ત્યાંથી તેણે જલ્દી પોતાના ઘર તરફ ચાલવા માંડયું. પરંતુ પોતે મહા પાપ કર્યું હોવાથી મનમાં તો ઘણો ભય પામવા લાગ્યો. આ તરફ માથા ઉપર ધગધગતા અંગાર ભરેલા હોવાથી મુનિને આકરી વેદના થવા લાગી. તો પણ તે મુનિ તે બ્રાહ્મણ પ્રત્યે બીલકુલ રોષ કરતા નથી. પરંતુ

તેને ઉલટા પોતાના ઉપકારી ગણે છે. કારણ કે તે વિચારવા લાગ્યા કે આ શરીર તો ગમે ત્યારે એક દિવસ નાશ પામવાનું જ છે. અહીં આ સોમિલ તો નિમિત્ત માત્ર છે. ખરી રીતે તો આ મારૂં કોઈ અશાતા વેદનીય કર્મજ ઉદયમાં આવેલું છે. અને તે ભોગવ્યા વિના છૂટકો નથી જ. તો પછી તે કર્મ હાયવોય કરીને આર્ત ધ્યાનથી નહિ ભોગવતાં સમતા ભાવે જ ભોગવવું લાભદાયી છે. કારણ કે આર્તધ્યાન તો બીજા નવીન કર્મબંધનું કારણ છે, જ્યારે સમતા તો સંવર એટલે કર્મોને ધીમે ધીમે પણ નાશ કરનારી છે. આવી રીતે સમતા રાખીને ધર્મ ધ્યાનમાં લીન થવાથી એટલી હદ સુધી પરિણામની વિશુદ્ધતા વધતી ગઈ કે ધર્મ ધ્યાનથી શુકલ ધ્યાનમાં આરૂઢ થઇને તે દીક્ષાના દિવસની પહેલી જ રાત્રીએ કેવળજ્ઞાન પામ્યા. અને તે વખતે આયુષ્ય પૂર્ણ થવાથી અનંત સુખના સ્થાન રૂપ મોક્ષને મેળવ્યું. આ પ્રમાણે દેહની મમતા તજીને થોડા સમયના દુ:ખને સમભાવે ભોગવવાથી તેમને અનંત સુખની પ્રાપ્તિ થઈ. ૫૬

હવે બે શ્લોકમાં શ્રી સુકોશલ મુનિએ સહન કરેલા ઉપસર્ગની બીના જણાવે છે:—

પતિ ઉપરના દ્વેષથી તિમ પુત્રના વિરહે કરી,
માતા મરી વાઘણ થઇ ગતિ કર્મનો જોજે ખરી;
મુનિ સુકોશલ કીર્ત્તિધર એ સુત જનક ક્રમસર હતા,
જંગલ વિષે ચઉમાસ તપ તપતા ચરણને સાધતા. ૫૭

**અર્થ:**—પોતાના પતિ ઉપર દ્વેષ કરવાથી તેમજ પોતાના પુત્રના વિરહથી એટલે વિયોગથી માતા મરીને જંગલને વિષે વાઘણ થઈ. હે જીવ! તું કર્મની વિચિત્રતાનો ખરેખરો વિચાર કર. સુકોશલ મુનિ તથા કીર્તિધર એ બંને અનુક્રમે પુત્ર અને પિતા હતા. બંને જણાંએ દીક્ષા લીધી. તે બંને જણા જંગલની અંદર ચઉમાસી તપ કરે છે, અને ચારિત્રની સાધના કરે છે. ૫૭

**પારણા દિન ગોચરીએ સંચરે વાઘણ જુએ,**
**ભોંય પાડી બેઉના તન ખાય અતિ નિર્દય પણે;**
**દેહની મમતા વિનાના બેઉ મુનિ સમતા ધરે,**
**ક્ષપકશ્રેણિમાં હણી ચઉ ઘાતિને કેવલ વરે. ૫૮**

**અર્થ:**—ચઉમાસી તપ પૂર્ણ થયા બાદ બંને જણા પારણાના દિવસે ગોચરી માટે જંગલમાં નીકળ્યા. તે વખતે પૂર્વ જન્મની માતા જે વાઘણ રૂપે ઉત્પન્ન થઇ છે તે બંનેને જુએ છે. જોઇને પૂર્વ જન્મના સંસ્કારને લીધે તે બંને ઉપર વૈરની લાગણી ઉત્પન્ન થવાથી એકદમ તે બંનેના ઉપર હુમલો કરે છે અને અત્યંત નિર્દયપણે એટલે ક્રૂરતાથી તે બંનેના શરીરનું ભક્ષણ કરવા લાગી. તે વખતે જેમને શરીર ઉપર લગાર પણ મમતા નથી એવા બંને મુનિવરો સમતા ધરે છે એટલે વાઘણ પ્રત્યે બીલકુલ દ્વેષ કરતા નથી. પરંતુ અત્યંત ધીરતાવડે તે દુ:ખને સહન કરે છે. એવી રીતે સમતા ભાવે દુ:ખને સહન કરતા તે બંને જણા ક્ષપકશ્રેણિમાં ચઢયા; અને ચાર ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવલજ્ઞાન પામ્યા છે.

સુકોશલ મુનિની કથા નીચે પ્રમાણે:—

અયોધ્યા નગરીમાં કીર્તિધર રાજા હતા, તેને સહદેવી નામે પટરાણી અને સુકોશલ નામનો રાજપુત્ર હતો. સુકોશલ બાળક હતો, ત્યારે જ કીર્તિધર રાજાએ દીક્ષા લીધી. સુકોશલ મોટો થયો ત્યારે રાજા થયો. તે રાજા થયા પછી એક વખત તેમના દીક્ષિત પિતા મુનિશ્રી કીર્તિધર મહારાજ વિહાર કરતાં અયોધ્યામાં આવ્યા. ગોચરી માટે અયોધ્યા નગરીમાં ફરતા તે મુનિને જોઇને સહદેવી રાણીએ વિચાર્યું કે સુકોશલ પોતાના પિતાને જોશે તો તે જરૂર તેમની પાસે દીક્ષા લઇ લેશે. આવા વિચારથી સુકોશલ તેમને ન જુવે માટે મુનિને નોકર પાસે નગર બહાર કઢાવી મૂકયા. આ વાત જાણીને સુકોશલની ધાવમાતા રૂદન કરવા લાગી. તે જોઇને સુકોશલે રૂદન કરવાનું કારણ પૂછ્યું, ત્યારે ધાવમાતાએ કીર્તિધર મુનિની હકીકત કહી. તે સાંભળીને સુકોશલ મુનિને વાંદવા મોટા આડંબરપૂર્વક ગયો. મુનિને ધર્મ દેશના આપી. જે સાંભળીને વૈરાગ્ય આવવાથી સુકોશલે તેમની પાસે દીક્ષા લીધી. આથી સહદેવી રાણીને પુત્રનો વિયોગ થવાથી અને પતિ ઉપર દ્વેષભાવ થવાથી તે મરણ પામીને કોઇ વનમાં વાઘણ થઈ. એક વખતે બનવા યોગે તે મુનિ થએલા પિતા પુત્ર તેજ વનમાં આવીને ચઉમાસી તપ કરીને રહ્યા. તપ પૂર્ણ કરી પારણાને દિવસે ગોચરી માટે જતાં તે બેને વાઘણે જોયા. એટલે પૂર્વભવના વૈરના સંસ્કારથી તથા જાતિ સ્વભાવથી તે બંનેને મારવા દોડી. બંને મુનિ કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા. તે વખતે વાઘણે પ્રથમ સુકોશલ મુનિને પાડી નાંખી તેમનું ભક્ષણ

કરવા માંડયું. સુકોશલ મુનિ તો શરીરની અનિત્યતા ભાવતા એકાગ્ર ધ્યાનથી કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા. ત્યાર પછી કીર્તિધરનું પણ ભક્ષણ કરવા માંડયું. તે પણ શુકલ ધ્યાનારૂઢ થઈ ક્ષપકશ્રેણિ માંડી મોક્ષે ગયા. કીર્તિધરના શરીરનું ભક્ષણ કરતાં તેમના સુવર્ણથી મઢેલા દાંત જોઈ વાઘણને ઇહાપોહ કરતાં જાતિસ્મરણ ઉપન્યું. પૂર્વ ભવના પતિને ઓળખી પશ્ચાતાપ થયો. અનશન કરીને મરીને આઠમા દેવલોકમાં ઉત્પન્ન થઈ. ૫૮

દેહની મમતા દૂર કરવાનો ઉપાય તથા મોહને વધારનારા કારણોથી અલગ રહેવું, એમ જણાવે છે:—

**સત્સમાગમ જિન વચન શ્રવણાદિ શ્રેષ્ઠ નિમિત્તથી,**
**દેહથી મમતા ટળે નિર્ણય થયો ઇમ શાસ્ત્રથી;**
**શૃંગાર રસને પોષનારા પુસ્તકાદિક હેતુથી,**
**દેહની મમતા વધે અલગો રહે જે એહથી. ૫૯**

**અર્થ**:—સત્સમાગમ એટલે સજ્જન પુરૂષોની સોબત કરવાથી, તેમજ જિનવચન શ્રવણાદિ એટલે જિનેશ્વરના વચનો સાંભળવા વિગેરે કારણો સેવવાથી શરીર ઉપરનો મોહ નાશ પામે છે, એમ શાસ્ત્રથી નિર્ણય કરીને કહું છું. અને જેમાં ઇન્દ્રિયોના વિષય સુખોનું વર્ણન હોય તેવા શૃંગાર રસનું પોષણ કરનારા પુસ્તક વગેરે એટલે નોવેલ નાટકની બુકો સીનેમા વગેરે કારણોને સેવવાથી શરીરની મમતા વધે છે. માટે એવા શરીરના મમત્વને વધારનારા સાધનોથી હે જીવ! તું અલગો રહેજે એટલે દૂર રહેજે. એ પ્રમાણે (૧) શરીર ઉપર મોહ રાખવાથી કેવી વિડંબના ભોગવવી પડે છે? (૨)

શરીરનો મોહ છોડવાથી કેવા ઉત્તમ લાભ કયા જીવે મેળવ્યા? (૩) મમતાને ટાળવાની ઇચ્છાવાળા ભવ્ય જીવોએ કયા કયા સાધનો સેવવા જોઇએ (૪) મોહને વધારનારા કયા કયા સાધનો છે? કે જેને જાણી આપણે તેનાથી અલગ રહી શકીએ. આ બાબતનો સ્પષ્ટ ખુલાસો કરી દીધો. ૫૯

ચાલુ પ્રસંગે શિક્ષાવચન અને દેહને સફલ કરવાનો ઉપાય જણાવે છેઃ—

**હે જીવ! હિતશિક્ષા સુણી ના દેહમમતા રાખજે,**
**શ્રેષ્ઠ માનવ દેહથી તું ધર્મ કરી સુખિયો થજે;**
**પૂજ્યને વંદન કરી મસ્તક વચન પ્રભુના સુણી,**
**કાન દેઇ દાન કરને નેત્ર નિરખી શુભ ગુણી. ૬૦**

**અર્થઃ**—હે જીવ! પૂર્વે કહેલાં દૃષ્ટાન્તોનો ભાવાર્થ સમજીને શરીર ઉપરના મમત્વનો ત્યાગ કરજે, અને તેજ માનવદેહથી એટલે મનુષ્યરૂપી શરીર વડે ધર્મ કાર્ય કરીને સુખી થજે. અને તે માનવ દેહથી આ પ્રમાણે ધર્મ કાર્યો કરીને મસ્તક વિગેરેને સફલ કરજે. મસ્તક વડે પૂજ્ય એવા દેવ તથા ગુરૂને વંદન કરજે. જેથી તારા મસ્તકની સફળતા થાય. વળી પ્રભુના વચન સાંભળીને તારા કાનને કૃતાર્થ (સફલ) કરજે. તારા હાથને દાન દેવા વડે અને ચક્ષુઓને શુભ ગુણી એટલે સારા ગુણવાન પુરૂષોના દર્શન કરીને સફળ બનાવજે. ૬૦

**પૂજ્યના ગુણ ગાઇને રસના પવિત્ર બનાવજે,**
**તીર્થયાત્રા બહુ કરીને પગ પ્રશસ્ય બનાવજે;**

**જિમ ક્ષણિક આ દેહ તેમ અનિત્ય ધન અવધારીએ,**
**લક્ષ્મી અને નારી કદાપિ કોઈની ના જાણીએ. ૬૧**

**અર્થ**:—પૂજ્ય એવા દેવ તથા ગુરૂના ગુણ ગાઇને તું તારી જીભને પવિત્ર બનાવજે, તથા ઘણા પ્રકારના તીર્થની યાત્રાઓ કરીને તારા પગને પ્રશસ્ય એટલે વખાણવા લાયક પવિત્ર બનાવજે. એ પ્રમાણે શરીરની ક્ષણ ભંગુરતાને વિસ્તારથી સમજાવીને તે બાબતમાં અવસરોચિત હિત શિક્ષા પણ આપી. હવે આજ પદ્ધતિએ ધનની અનિત્યતાને સમજાવીએ છીએ. તે આ પ્રમાણે–હે જીવ ! જેવી રીતે આ શરીર ક્ષણિક એટલે ક્ષણમાં નાશ પામનારૂં છે, તેવી રીતે ધન પણ અનિત્ય એટલે એક ઠેકાણે સ્થિર રહેનાર નથી એમ અવધારીએ એટલે નક્કી જાણજે. કારણ કે કહેવત છે કે લક્ષ્મી એટલે પૈસો અને નારી એટલે સ્ત્રી કદાપિ કોઇની થઇ નથી અને થવાની નથી એ અવશ્ય જાણીએ એટલે ખ્યાલમાં રાખજે. આ બાબતમાં એક કવિએ પણ કહ્યું છે કે (હરિગીત) જો અંધ માયામાં બન્યા, તો સત્ય સમજાશે નહિ; નારી અને લક્ષ્મી કદાપિ, કોઇની થાશે નહિ. ૬૧

**જેમ પરપોટા વિનશ્વર પાણીના દેખાય છે,**
**જોત જોતાં સ્વરૂપ પલટે તેહવું ધન હોય છે;**
**ઇંદ્રજાલ તણી પરે વિભ્રમ પમાડે જીવને,**
**ક્ષણમાં અહીં ક્ષણમાંહિ બીજે જાણ અસ્થિર દ્રવ્યને. ૬૨**

**અર્થ**:—જેવી રીતે પાણીમાં થતા પરપોટા વિનશ્વર

એટલે નાશવંત જણાય છે. એટલે તે જોતાં જોતામાં નાશ પામી જાય છે, તેવી રીતે ધન પણ વિનશ્વર જાણવું. એટલે ધન ક્યારે આવ્યું અને ક્યારે જતું રહ્યું તેની પણ ખબર નથી. જેમ કોઇ ઇન્દ્રજાલ જોવાથી જીવને તે સાચું નહિ છતાં સાચું જણાય છે અને તેથી જીવ ભ્રાન્તિમાં પડે છે તેવી રીતે ધન પણ જીવને વિભ્રમ એટલે ભ્રમણમાં નાખે છે. થોડી વારમાં અમુક ઠેકાણે તો થોડી વારમાં તેને મૂકીને બીજે ઠેકાણે ચાલ્યું જાય છે. માટે દેહની જેમ દ્રવ્યને પણ તું અસ્થિર–ચપળ જાણજે. આ વાત તો તદ્દન સમજાય તેવી છે. કારણ કે કેટલાય ધનવાન ગણાતા શેઠીઆઓને પણ દેવાળાં કાઢવાનો પ્રસંગ આવે છે. અને કેટલાય માણસો જેને કોઇ ઓળખતું પણ હોતું નથી તેવા જીવો અચાનક પૈસાદાર પણ થઇ જાય છે, જે આપણે ઘણીવાર નજરે જોઇએ છીએ. ૬૨

**વિકટ ઉન્હાળા વિષે પક્ષિતણું ગળું જેહવું,**
**સિંહની જીભ જેહવી તું જાણ ધનને તેહવું;**
**પેદા કરંતા દુઃખ સાચવતાં જતાં પણ દુઃખ દીએ,**
**એવું વિચારી દ્રવ્ય કેરા મોહને ઝટ છોડીએ. ૬૩**

**અર્થ:**—હે જીવ! ભર ઉનાળામાં જેમ પક્ષીનું ગળું ઉંચે નીચે થયા (હાલ્યા) કરે છે એટલે સ્થિર રહેતું નથી, અથવા સિંહની જીભ જેમ ચપળ રહ્યા કરે છે, એટલે સ્થિર રહેતી નથી; તેમ ધનને પણ તું અસ્થિર અથવા અનિત્ય જાણજે. આવું અસ્થિર દ્રવ્ય પેદા કરતાં એટલે કમાતાં

પણ દુઃખ આપે છે, કારણ કે આખો દહાડો અનેક પ્રકારના કાયિક, વાચિક અને માનસિક ઉદ્યમ કરે ત્યારે દ્રવ્ય કમાય છે. દ્રવ્ય કમાયા પછી તેને સાચવતાં પણ અનેક પ્રકારની ચિંતાઓ કરવી પડે છે. કારણકે ભેગું કરેલું દ્રવ્ય કોઇ રખે ચોરી જાય અથવા કોઇ ઘાલી જાય, તેવી ચિંતા રહ્યા કરે છે. અને ભેગું કરેલું ધન કદાચ જતું રહે, તો પણ દુઃખ થાય છે, એટલે ધન વિના મારી શી દશા થશે? હવે હું શું કરીશ? વગેરે પ્રકારની ચિન્તા ધન જવાથી થાય છે. આ પ્રમાણે બધી રીતે ધન દુઃખદાયી છે એવું વિચારીને ધનની ઉપર મોહ રાખીશ નહિ. ૬૩

ધનનું દોલત એવું નામ શાથી પડયું? તે જણાવે છેઃ—

**આવતાં પાછળ જતાં પણ લાત મારે છાતીમાં,**
**તે કારણે દોલત કહી મમતા ન કરજે દ્રવ્યમાં;**
**અગ્નિ બાળે ચોર ચોરે રાજદંડે ધન જતાં,**
**મમતા વશે જન દુઃખ લહે વલિ ભાગિયાને વહેંચતાં. ૬૪**

**અર્થ**:—ધન આવતાં તથા પાછું જતાં એમ બે રીતે છાતીમાં લાત મારે છે. ધન આવે ત્યારે માણસની છાતી ગર્વથી ફુલાય છે. એટલે વાંસામાં દોલત મારે, તેથી છાતી અક્કડ રહે છે. અને જ્યારે તે જતું રહે છે ત્યારે માણસની છાતી બેસી જાય છે. કારણકે છાતીમાં લાત મારીને દોલત જાય છે. એમ દો એટલે બે, લત એટલે લાત મારતું હોવાથી ધનનું દોલત એવું નામ કહેવાય છે. માટે તેવા પ્રકારના

દ્રવ્યમાં તું મમત્વ કરીશ નહિ. વળી અગ્નિ તેને બાળે છે ત્યારે, ચોર લોક ધન ચોરી જાય ત્યારે, રાજાના દંડથી દ્રવ્ય જતું રહે ત્યારે, તેમજ વળી ભાગીઆઓને ધનના ભાગ કરીને વહેંચવાનું હોય ત્યારે માણસ મમતા વશે એટલે ધન પ્રત્યેના મોહને લીધે દુઃખ પામે છે. આવા વિવિધ પ્રકારના દુઃખોને ધન આપે છે, એમ સમજીને ધનની ઉપર મૂર્છા ન કરવી જોઇએ. ૬૪

**પવન પ્રેરિત મેઘ જિમ નિજ પાપના ઉદયે કરી,**
**ધન જતાં મોહી પરિચય કુલીનતા ન ગણે વલી;**
**રૂપ કુલ ક્રમ શીલ પંડિત ધર્મ પરતા ના ગણે,**
**સૌન્દર્ય દાન વ્યસનિતા ચિરસ્નેહને પણ ના ગણે. ૬૫**

અર્થઃ—જેમ મેઘ એટલે વરસાદના વાદળાં પવનની પ્રેરણા (ઝપાટા) થી ચારે તરફ વીખરાઇ જાય છે તેવી રીતે ધનવાનનો પૈસો પણ પોતાના પાપનો ઉદય થાય ત્યારે જતો રહે છે. તે વખતે તે ધન ઉપર મમત્વ રાખનાર જીવ પરિચય એટલે પૂર્વના સંબંધને પણ ગણતો નથી. જેમ કોઇને દેવાળું કાઢવાનો વખત આવે ત્યારે દેવાળું કાઢતાં પહેલાં પોતાના જેટલા ઓળખીતા હોય તેઓની પાસેથી પૈસા ભેગા કરી લેવાની ઇચ્છા રાખે છે, વળી તે કુલીનતા એટલે પોતાની ખાનદાની કેવી છે? આવા પ્રકારના વર્તનથી પોતાની ખાનદાનીને કલંક લાગશે, તેનો પણ તે વિચાર રાખતો નથી. તેવી રીતે રૂપનો, કુલ ક્રમ એટલે પોતાના કુલના આચારનો, શીલનો, પંડિતતા, ધર્મ પરાયણતા (ધર્મિષ્ઠપણું) સૌન્દર્ય

એટલે સુંદરતા, દાન વ્યસનિતા એટલે દાન આપવાની ટેવને તથા ચિરસ્નેહ એટલે ઘણા લાંબા વખતના પરસ્પરના પ્રેમને પણ તે ગણતો નથી. ૬૫

**આચાર ઉત્તમ તત્ત્વદૃષ્ટિ સત્ત્વતેજ ગુમાવતા,**
**દ્રવ્યની મમતા નચાવે વિબુધ એમ વિચારતા;**
**સ્વપ્નમાં આવેલ પણ ધન દેહ મલિન બનાવતું,**
**દૃષ્ટાંત ચરૂને પામનારો એમ શાસ્ત્ર જણાવતું. ૬૬**

**અર્થ**:—વિબુધ એટલે પંડિત પુરૂષો એવો વિચાર કરે છે કે દ્રવ્યની મમતા પોતાના ઉત્તમ આચરણનો, ઉત્તમ તત્ત્વની દૃષ્ટિનો, સત્ત્વ એટલે ધૈર્યનો અને તેજનો નાશ કરે છે અને મનુષ્યને મરજી મુજબ નચાવે છે. પ્રત્યક્ષ દેખાતું ધન આ પ્રમાણે કરે છે, એટલુંજ નહિ પણ સ્વપ્નમાં મળેલું (જોએલું) ધન પણ પોતાના શરીરને મલીન બનાવે છે. અહીંઆં તે વિષે શાસ્ત્રમાં જણાવેલું ચરૂ પામનારનું દૃષ્ટાન્ત જાણવું.

ચરૂ પામનારનું દૃષ્ટાન્ત આ પ્રમાણે:—એક માણસ ધનનો વિચાર કરતો સૂઈ ગયો. તેને રાતમાં સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તે થંડિલ જવા ગયો. ત્યાં જમીન ઉપરની ધૂળ આડી અવળી કરતાં ચરૂ દેખાયો. તેને બ્હાર કાઢીને સાફ કરવા તળાવ ઉપર ચરૂ લઇને ગયો, તે સાફ કરે છે તેવામાં બાવાનું ટોળું ત્યાંથી નીકળ્યું. તેમણે પૂછ્યું કે આ શું છે, પેલા માણસને લાગ્યું કે ખરૂં કહીશ તો મારામાંથી ભાગ

પડાવશે, એમ વિચારીને કંઈ નથી એમ કહેવા લાગ્યો, બાવાઓએ સોનામહોરો દીઠી તેથી કહેવા લાગ્યા કે આ તો સોનામહોરો છે. માટે અમને ભાગ આપ, એ પ્રમાણે રકઝક ચાલે છે તેવામાં સિપાઇઓ આવી પહોંચ્યા. ચરૂ ન બતાવવાથી તેઓએ તે માણસને ચાબુક મારી તેનો ચરૂ ઝુંટવી લીધો. ચાબુકના મારથી તે માણસને ઝાડો પેશાબ થઇ ગયો. આ પ્રમાણે સ્વપ્નમાં હકીકત બન્યા પછી તે માણસ ઉંઘમાંથી જાગ્યો, ત્યારે બીજું કાંઈ પણ જોવામાં આવ્યું નહિ, પણ ઝાડો પેશાબ તો પથારીમાં સાક્ષાત્ થઇ ગયો હતો, તે તેણે જોયો, આ પ્રમાણે સ્વપ્નમાં મળેલું ધન પણ શરીરને મલીન બનાવે છે, તો પછી દેખાતું ધન મોહી જીવના જીવનને બગાડે એમાં નવાઇ શી ? એમ સમજીને ધર્મની આરાધના કરવામાં મોહ રાખવો, જેથી આપણું કલ્યાણ થાય. ૬૬

**વિહ્વલ બનાવે જીવને મદ ધન તણો મદિરાપરે,**
**રાજા દશાર્ણ તણું નિદર્શન સાંભળી મદ કુણ કરે;**
**આ તત્ત્વ ચિત્ત ઠસાવનારા ધન તણી મમતા હરે,**
**જિન વચનના સુણનારને મમતા કનડગત કિમ કરે. ૬૭**

અર્થઃ—ધનનો મદ એટલે અભિમાન મનુષ્યને વિહ્વલ એટલે વ્યાકુળ બનાવે છે, માટે ધનને મદિરા એટલે દારૂ જેવું કહ્યું છે. જેમ દારૂ પીનારને પોતે કોણ છે તેનું ભાન રહેતું નથી તેમ ધન પણ માણસને હિતાહિતનું ભાન ભૂલાવી દે છે. આ ધનના મદ ઉપર શાસ્ત્રકાર ભગવંતે કહેલા દશાર્ણભદ્ર નામના રાજાનું દૃષ્ટાન્ત સાંભળીને કોણ ધનનો મદ કરે ? આ પ્રમાણે

ધન સંબંધી કહેલા તત્ત્વને જે જીવો ચિત્તમાં બરાબર ઠસાવે છે તેઓ ધનની મમતા હરે એટલે દૂર કરે છે. તેઓને ધન ઉપર મમત્વ હોતો નથી. કારણ કે જેઓ જિનેશ્વરના વચનના સાંભળનારા છે તેઓને મમતા કનડગત એટલે હેરાનગતિ કેવી રીતે કરે ? અથવા નજ કરે, એટલે પ્રભુ દેવના વચનોને સાંભળવાથી ધનની મૂર્છા ઘટાડી શકાય છે.

દશાર્ણભદ્ર રાજાનું દૃષ્ટાન્તઃ—

દશાર્ણ નામના દેશમાં દશાર્ણપુર નગરમાં દશાર્ણભદ્ર નામે રાજા હતા, તેમને પાંચસો રાણીઓ હતી. એક વખત એક સેવકે આવીને કહ્યું કે આવતી કાલે સવારે શ્રી વીરપ્રભુ આપણા ઉદ્યાનમાં પધારવાના છે. તેનાં આ વચન સાંભળી રાજા ઘણો હર્ષ પામ્યો, તે વિચારવા લાગ્યો કે અત્યાર સુધી કોઇએ પ્રભુને ન વાંદ્યા હોય તેવી મોટી ઋદ્ધિ વડે ( ધામ-ધૂમ; ઠાઠમાઠ વડે ) હું પ્રભુને કાલે વંદન કરવા જઇશ. બીજે દિવસે સવારે રાજાએ સોનાની, ચાંદીની તથા દાંતની સુંદર પાલખીઓમાં પોતાની સ્ત્રીઓને બેસાડી, તથા ઘણા હાથી, ઘોડા, પાયદળ તથા ધ્વજાઓ સહિત મોટા આડંબર પૂર્વક પ્રભુને વાંદવા ચાલ્યો, તેના મનમાં પોતાના ધનનું અભિમાન છે કે આવી ઋદ્ધિ વડે કોઇએ પ્રભુને વાંદ્યા નથી. આવા મદ સાથે સમવસરણમાં જઇને પ્રભુને વાંદ્યા.

આ વખતે ઇંદ્રે અવધિજ્ઞાનથી આ રાજાના અભિમાનની વાત જાણી, તેથી તેના અભિમાનને દૂર કરવા માટે ઇંદ્ર મહારાજે મોટી ઋદ્ધિ વિકુર્વી. જે ઋદ્ધિની આગળ દશાર્ણ-

ભદ્રની ઋદ્ધિ કાંઇ હિસાબમાં નહોતી. આવી દૈવી ઋદ્ધિ જેમાં હાથી, ઘોડા, પટરાણીઓ, સામાન્ય મનુષ્યો વગેરેનો હિસાબ નહોતો. અત્યંત મનોહર નાટક ચાલી રહ્યાં છે. એવી અત્યંત મોટી ઋદ્ધિ વડે ઘણા આડંબર પૂર્વક સમવસરણમાં આવીને ઇંદ્રે પ્રભુને વંદન કર્યું. આવા પ્રકારની ઇંદ્રની ઋદ્ધિ જોઇને દશાર્ણભદ્ર રાજા વિચારવા લાગ્યો કે મેં નકામો ખોટો મદ કર્યો. આ ઇંદ્રની ઋદ્ધિની આગળ મારી ઋદ્ધિ તો કાંઈ હિસાબમાં નથી, એના એક હાથીની ઋદ્ધિની આગળ મારી બધી ઋદ્ધિ પણ કાંઈ ગણતરીમાં નથી, આ પ્રમાણે પોતાની હાર થએલી જોઇને રાજાએ વિચાર્યું કે ઇંદ્રે બાહ્ય ઋદ્ધિમાં મને હરાવ્યો છે પણ હવે હું મારી અંતરંગ ઋદ્ધિ વડે પ્રભુને વાંદું જેથી ઇંદ્ર મને હરાવી શકે નહિ. આવી ભાવનાથી રાજાએ પ્રભુની પાસે દીક્ષા લીધી. પરંતુ ઇંદ્ર તો અવિરતિના દોષને લઇને દીક્ષા લઈ શકે તેમ નથી, તેથી ઇંદ્રે રાજાની સ્તુતિ કરી કે તમે ધન્ય છો. તમને જીતવાને હું સમર્થ નથી, એ પ્રમાણે ઇંદ્ર સ્તુતિ કરીને પોતાના સ્થાને ગયો. ભાવાર્થ એ કે ઋદ્ધિનો ગર્વ કરવો નકામો છે. તે કયારે નાશ પામશે તેનો નિશ્ચય નથી માટે લક્ષ્મી મળે ત્યારે હર્ષ ન કરવો અને ન મળે કે જાય, ત્યારે દીલગીર ન થવું જોઇએ. ૯૭

શિષ્ય ગુરૂને પૂછતો જેથી દ્રવિણ નિશ્ચલ અને,
કલ્યાણ કારણ શુભવિપાક બને જણાવો તે મને;
ઉત્તર ઇહાં ગુરૂ ઇમ દીએ તેવા ઘણાં છે સાધનો,
પણ પુણ્યશાલી જીવને મેલાપ હોવે તેમનો. ૯૮

**અર્થ**:—શિષ્ય ગુરૂને પ્રશ્ન કરે છે કે-આવા પ્રકારનું અસ્થિર દ્રવ્ય કઇ રીતે નિશ્ચલ એટલે સ્થિર, અને કલ્યાણનું કારણ તથા શુભવિપાક એટલે સારા ફળને આપનારૂં બને તે મને કૃપા કરીને જણાવો. તે વખતે ગુરૂ મહારાજ જવાબ આપે છે કે-તેવા ઘણા પ્રકારના સાધનો છે, પરંતુ પુણ્યવંત જીવને તેવા પ્રકારના સાધનોનો મેલાપ થાય છે. એટલે પુણ્યશાલી જીવો તેવી અનુકૂળ સામગ્રીને પામે છે. બીજા જીવો પામી શકતા નથી. ૬૮

**જે પુણ્યથી ધન પામિએ બે ભેદ ભાખ્યા તેહના,**
**પાપાનુબંધી પુણ્ય વલી પુણ્યાનુબંધી ભૂલ ના;**
**પાપાનુબંધી પુણ્યથી ધન પામનારા નર ઘણાં,**
**જાણિએ દૃષ્ટાંત પુષ્કલ સુભૂમ મમ્મણ પ્રમુખના. ૬૯**

અર્થઃ—શ્રી જિનેશ્વર પ્રભુએ જે પુણ્ય વડે ધનની પ્રાપ્તિ થાય છે તે પુણ્યના બે ભેદો કહ્યા છે. (૧) એક તો પાપાનુબંધી પુણ્ય અને (૨) બીજું પુણ્યાનુબંધી પુણ્ય. તેમાં પ્રથમ પાપાનુબંધી પુણ્યથી દ્રવ્ય મેળવનારા ઘણા જીવો છે. અને તે વિષે દૃષ્ટાન્તો પણ ઘણાં છે. પરંતુ તે પૈકી અહીં સુભૂમ ચક્રવર્તી અને મમ્મણ શેઠ વગેરેનાં દૃષ્ટાન્તો જાણવાં જેવા છે.

સુભૂમ ચક્રવર્તીની બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી. આ આઠમા ચક્રવર્તી હતા. તે છ ખંડ પૃથ્વી જીતીને ચક્રવર્તી થયા. પરંતુ તેટલાથી પણ તેમને સંતોષ ન થયો. તેથી વિચારવા લાગ્યા કે સઘળા ચક્રીઓ છ ખંડ પૃથ્વી તો જીતે

છે. હું તો ધાતકી ખંડના છ ખંડ પણ જીતું. મારી સહાયમાં આટલા બધા દેવતાઓ છે અને મોટું સૈન્ય છે તો મારે શું અસાધ્ય છે. એવા વિચારથી તેણે પોતાના ચર્મરત્નને વિસ્તારી તેના ઉપર પોતાના સૈન્યને બેસાડયું. અને દેવો પાસે તે ચર્મરત્ન ઉપડાવી લવણ સમુદ્ર ઉપર થઈને ધાતકી ખંડ પ્રત્યે ચાલ્યો. તે ચર્મરત્ન જ્યારે લવણ સમુદ્રમાં આવ્યું ત્યારે તેને ઉપાડનાર એક દેવને એવો વિચાર થયો કે આટલા બધા દેવો આ ચર્મરત્નને ઉપાડે છે, તેમાંથી હું એકલો જો આને મૂકી દઉં તો તેથી તે દરીયામાં પડશે નહિ. એ પ્રમાણે વિચાર કરી તેણે તે ચર્મરત્ન મૂકી દીધું. આવોજ વિચાર તે ચર્મરત્ન ઉપાડનાર બધા દેવોને પણ આવ્યો, તેથી બધા દેવોએ ચર્મરત્ન એકજ વખતે મૂકી દીધું. જેથી સુભૂમ ચક્રવર્તી પોતાના બધા સૈન્ય સાથે સમુદ્રમાં ડૂબીને મરણ પામ્યા. મરીને નરકે ગયા. આ પ્રમાણે પાપાનુબંધી પુણ્યથી મેળવેલી મોટી ઋદ્ધિ છતાં તે તેનો ઉપયોગ કરી શક્યો નહિ.

મમ્મણ શેઠની પણ બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી:- એક વખત રાત્રે શ્રેણિક રાજા અને ચેલ્લણા રાણી મહેલના ગોખમાં બેઠેલ છે. તે વખતે મુસળધાર વરસાદ પડી રહ્યો હતો. અને ઘોર અંધારૂં હતું. તે વખતે વિજળીના ચમકારામાં ચેલ્લણા રાણીએ સામે આવેલી નદીના પાણીમાં એક માણસને તણાઇ આવેલાં લાકડાં વીણતો જોયો. તે જોઈને ચેલ્લણા શ્રેણિકને કહેવા લાગી કે તમારા રાજ્યમાં આવા પણ દુઃખી માણસો છે કે જેઓ આવી અંધારી રાતે જ્યારે

ઘરમાંથી બહાર નીકળવું પણ ન ગમે તે વખતે વરસતા વરસાદમાં ટાઢની અંદર લાકડાં વીણે છે? માટે તમારે તેવા માણસનું દુઃખ દૂર કરવું જોઇએ. તે ઉપરથી શ્રેણિકે પોતાના માણસને મોકલીને તે માણસને પોતાની પાસે બોલાવ્યો. તેણે આવીને રાજાને કહ્યું કે મારૂં નામ **મમ્મણ** છે. મારે ઘેર રત્નોના બે બળદ છે, તેમાં એક બળદના શીંગડામાં રત્નો ખૂટે છે. તેને માટે હું આવી રાત્રે લાકડાં વીણું છું. વળી પૈસા ભેગા કરવા માટે હું ચોળા અને તેલ ખાઉં છું. તથા મારા માણસોને પણ તેજ ખોરાક આપું છું. રાજા બીજે દિવસે તેને ઘેર રત્નના બળદ જોવા ગયો. જે જોઇને તે છક થઇ ગયો. કારણ કે તેના સરખાં કીંમતી રત્ન પોતાના રાજ્ય ભંડારમાં પણ નહોતા. શ્રેણિકને આ માણસની ભયંકર કંજૂસાઇથી આશ્ચર્ય થયું. આની પાસે આટલું ધન છે તે છતાં સારૂં ધાન્ય પણ ખાતો નથી, વસ્ત્ર પણ ફાટાંતુટાં પહેરે છે. પરંતુ લોભ માણસને નહીં કરવાનાં કાર્યો કરાવે છે. એ પ્રમાણે મમ્મણ શેઠે પાપાનુબંધી પુણ્યથી ઘણું દ્રવ્ય મેળવ્યું. તે છતાં તે તેનો ધર્મના કાર્યોમાં ઉપયોગ કરી શકયો નહિ. ૬૯

**પૂર્વના પુણ્યે કરી લક્ષ્મી લહે તેવા જનો,**
**સુકૃત રજ ના આચરે બહુ મોહ રાખે દ્રવ્યનો;**
**ચોર નરપતિ ભાગિયાથી યાચકોથી પણ ડરે,**
**ધર્મ કેરી ટીપમાં શક્તિ છતાં પણ ના ભરે. ૭૦**

**અર્થ:**—ઉપર કહેલા પાપાનુબંધી પુણ્યવાળા મનુષ્યો પૂર્વભવમા બાંધેલા પુણ્યના યોગે લક્ષ્મી મેળવે છે, તો પણ

તે દ્રવ્ય વડે તેઓ સુકૃત એટલે ઉત્તમ ધર્મના સારાં કાર્યો રજ એટલે જરા માત્ર પણ કરતા નથી, વળી તેઓ પોતાના પૈસા ઉપર ઘણો મમત્વ (મોહ) રાખે છે. તેઓ રખે અમારૂં ધન ચોરો ચોરી જાય તેવો ભય રાખ્યા કરે છે. રાજા પણ કયારે અમારૂં દ્રવ્ય હરી લેશે તેની શંકાથી ભય પામ્યા કરે છે, પોતાના દ્રવ્યના ભાગીદારથી ડરે છે, વળી કોઈ માગણને જુવે તો પણ રખેને કાંઇ દેવું પડશે, તેવો ભય રાખ્યા કરે છે. વળી પોતાની શકિત હોય તે છતાં ધર્માદાના અથવા પુણ્યના કોઇ કાર્યની ટીપમાં પણ દ્રવ્ય ભરતા (આપતા) નથી. ૭૦

ધનની મૂર્ચ્છાથી જીવ શું શું કામ કરે છે? તે પાંચ શ્લોકમાં જણાવે છેઃ—

**યુકિત પ્રયુકિત કરી દ્રવિણ મુજ સાધુ ધાર્મિક માર્ગમાં,**
**ખર્ચાવશે એ આશયે ના જાય મુનિની પાસમાં;**
**તિમ ગાઢ મૂર્છાથી વિચારે અગ્નિ આ ધન બાળશે,**
**જલરેલ વળી તાણી જશે ચારાદિ તિમ ચોરી જશે. ૭૧**

**અર્થ**:—જો હું સાધુ મુનિરાજની પાસે જઈશ તો સાધુ મહારાજ યુક્તિ પ્રયુક્તિ વડે ગમે તેમ સમજાવીને મારો પૈસો ધર્મના માર્ગમાં એટલે જીવદયા વગેરેની ટીપમાં ખર્ચાવશે એટલે વપરાવશે. આવું વિચારીને તે ઉપાશ્રયમાં સાધુ મહારાજ પાસે જતો નથી. વળી ધન ઉપર ગાઢ એટલે આકરી મૂર્છા હોવાથી તે એવા વિચારો કરે છે કે અગ્નિ મારૂં આ ધન બાળી તો નહિ નાખેને! જલરેલ એટલે પાણીની રેલ મારા

ધનને તાણી તો નહિ જાય? વળી ચોર ગઠીઆ વગેરે મારા દ્રવ્યને ચોરી તો નહિ જાય? ૭૧

**એ વિચારે રાતમાં તે એકલો ઝટ ઊઠતો,**
**પરમાં ન વિશ્વાસી થતો ને ખાડ ઊંડી ખોદતો;**
**ત્યાં દ્રવિણ દાટી પૂરી માટી જમીનને સરખી કરે,**
**પર ન જાણે એમ તેની ઉપર કચરો પાથરે. ૭૨**

**અર્થ**:—ઉપર કહ્યા તેવા પ્રકારના ધનના નાશ પામવાના વિચારથી તે જ્યારે રાતમાં બધા માણસો ભર ઉંઘમાં પડ્યા હોય, ત્યારે એકલો છાનો માનો જલ્દી ઉઠે છે. બીજો કોઈ રખે તેને જોઈ જશે, એવા વિચારથી બીજા કોઇનો વિશ્વાસ રાખ્યા સિવાય તે એકલો એકાંતમાં ઉંડો ખાડો ખોદે છે. તે ખાડામાં પોતાનું ધન દાટે છે, તેના ઉપર માટી નાખીને ખાડો પૂરી નાંખે છે, અને પછીથી જમીનને સરખી કરી નાંખે છે. તથા બીજા કોઇને કોઈ જાતનો વહેમ ન આવે તેટલા માટે તેના ઉપર કચરો નાખે છે ૭૨

**અવસરે પોતેજ જાણે એમ નીશાની કરે,**
**કારણે પર જાય ત્યાં તો તે તરફ જોયા કરે;**
**તે સ્વભાવે દેખતો તો ફાળ મનમાં તસ પડે,**
**જાણ્યું હશે તેણે અરેરે? એમ ચિંતામાં પડે. ૭૩**

**અર્થ**:—દ્રવ્ય કયે સ્થળે દાટયું છે તે અવસરે એટલે પોતાને કાઢવાની જરૂર હોય, તે વખતે પોતાને તે સ્થળ તરત જડે તેટલા માટે જેથી તે સ્થળને પોતેજ ઓળખી શકે

તેવી નિશાની કરે છે. એટલી ચોકસી પોતાના ધનના રક્ષણ માટે કર્યા છતાં તેના મનમાંથી તે ધનની ફીકર ઓછી થતી નથી. કારણકે તેને એવી ચિંતા થયા કરે છે કે મને કોઇ ધન દાટતાં જોઈ ગયું તો નહિ હોય? જોનાર માણસ મારૂં તે ધન કાઢી ગયો નહિ હોય? અને આ વિચારથી કોઈ પણ માણસને તે ધન દાટેલા સ્થળ તરફ જતો જુએ છે, તો તેના મનમાં સંશય આવે છે. જનાર તો સહેજે તે તરફ જાય છે તો પણ ધન દાટનાર તેના તરફ વ્હેમ રાખી જોયા કરે છે. કોઇકને સ્વાભાવિક તે સ્થળ આગળ ઉભેલો જુએ તો પણ તેના મનમાં તેના ધન સંબંધી ફાળ પડે છે, અને શું આ માણસે મારી હકીકત જાણી હશે? એવી તેના મનમાં ચિંતા થવા માંડે છે. ૭૩

**હૃદય બળતાં રાતમાં ઉંઘે નહી તે થલ જઇ,**
**ધનના ચરૂને બ્હાર કાઢી અન્ય જગ્યાએ જઈ;**
**ચારે દિશાને પેખતો બીજો જુએ છે કે નહી,**
**નિર્ણય કરીને દાટતો રજ લોભિને શાંતિ નહી. ૭૪**

**અર્થ:**—આગલા શ્લોકમાં કહ્યું તેમ ધનની ચિંતાને લીધે તે (લોભી) નું હૃદય બળ્યા કરે છે. તે જંપીને બેસતો પણ નથી. રાતે તેની ઉંઘ ઉડી જાય છે તેથી રાતમાં ઉઠીને તે સ્થળે જાય છે, પછીથી ચારે તરફ જોતો જોતો દાટેલા ધનના ચરૂને બ્હાર કાઢે છે, પછી તે ચરૂ લઇને બીજી જગ્યાએ જાય છે, ત્યાં પાછો ચારે દિશામાં બરોબર જુએ છે, કે કોઈ મને દેખતું તો નથીને! પછીથી જ્યારે એને ખાત્રી થાય છે

કે કોઈ મને જોતું નથી, ત્યારે તે ધનને તે જગ્યાએ દાટે છે અને બ્હાર બીજા કોઇને શક (વ્હેમ) ન પડે તેવી રીતે બરોબર વ્યવસ્થા કરે છે. આ પ્રમાણે ધનના લોભીને એટલે ધન ઉપર મમતાવાળા જીવોને જરા પણ શાંતિ હોતી નથી. ૭૪

**તનથી કરે પર કાર્ય પણ તે ત્યાંજ રાખે ચિત્તને,**
**પરદેશમાં જાવા ન ચાહે દ્રવ્ય કેરા સ્થાનને;**
**અપર દેખે કે ગ્રહે ધન તો બરાડા પાડીને,**
**રોતાં રડાવે અન્યને પામે કદાપિ મરણને. ૭૫**

અર્થ:--તે ધન લોભી જીવનું તનથી એટલે શરીરથી પરકાર્ય એટલે બીજાં કામ કરતાં પણ તેનું ચિત્ત તો ત્યાંજ એટલે જ્યાં ધન દાટયું છે ત્યાં જ હોય છે, તેને પરદેશમાં જવાની ઇચ્છા થતી નથી, કારણકે તેને તેનું દ્રવ્ય કોઇ હરણ કરી જશે તેનો હંમેશાં ભય રહ્યા કરે છે. જો કોઈ બીજો તેના દ્રવ્યના સ્થાનને જુવે અને તેનું દાટેલું દ્રવ્ય ગ્રહણ કરે તો તે મોટેથી બરાડા પાડીને રૂદન કરવા લાગે છે. બીજાને પણ રૂદન કરાવે (રોવરાવે) છે, અને કેટલાક તો કદાચ વિલાપ કરતાં કરતાં મરણને પણ શરણ થાય છે. આથીજ ધનને અગિઆરમા પ્રાણની ઉપમા આપવામાં આવી છે. ૭૫

પુણ્યાનુબંધી પુણ્યનો પ્રભાવ જણાવે છે:—

**તીવ્ર આસક્તિ તણા એ હાલ હૃદયે રાખિએ,**
**ધર્મમાં ખર્ચાય ના એ દ્રવ્ય ઇમ અવધારિએ;**

**પુણ્યાનુબંધિ પુણ્ય દુર્લભ અતિશયે ઇમ જાણિએ,**
**ધનને વધારે થીર કરે એથી અધનને ધન મલે. ૭૬**

અર્થ:—એવી રીતે ધન ઉપર તીવ્ર એટલે અત્યંત આસક્તિ રાખનારના આવા હાલ થાય છે એ વાત હૃદયમાં અવશ્ય રાખવી, વળી હે ભવ્ય જીવો! આ પાપાનુબંધી પુણ્યથી મળેલું દ્રવ્ય ધર્મકાર્યમાં પણ ખરચી શકાતું નથી એમ અવધારીએ એટલે નિશ્ચય કરીએ. હવે બીજું પુણ્યાનુબંધી પુણ્યનું સ્વરૂપ કહીએ છીએ, તે આ પ્રમાણે:-તે પુણ્ય ઘણું દુર્લભ છે એટલે બધા જીવો સ્હેજે ન બાંધે માટે તે મુશ્કેલ છે એમ જાણવું, કારણકે આ પુણ્યાનુબંધી પુણ્ય ધનમાં વધારો કરે છે, વળી તેને સ્થિર કરે છે એટલે તેની પાસેથી ધન જતું રહેતું નથી. આ પુણ્યથી ધન રહિતને પણ ધનની પ્રાપ્તિ થાય છે. ૭૬

આવું પુણ્ય શાથી બંધાય? તે કારણો જણાવે છે:—

**જીવદયા વૈરાગ્ય વિધિએ પૂજ્ય કેરી પૂજના,**
**શીલવૃત્તિ નિર્મલ અન્યને કરતાં નહી સંતાપના;**
**કરતાં દમન નિજ ચિત્તનું શુભ લાભ પરને આપતાં,**
**પુણ્યાનુબંધિ પુણ્ય બાંધે ધન્ય પુરૂષો બાંધતાં. ૭૭**

અર્થ:—(૧) બધા જીવોની ઉપર દયાભાવ રાખવો, (૨) વૈરાગ્યભાવ ધારણ કરવો. (૩) વિધિ પૂર્વક પૂજ્ય એટલે પૂજવા લાયક પ્રભુ દેવાદિની પૂજા કરવી. (૪) નિર્મલ એટલે વિશુદ્ધ શીલવૃત્તિ રાખવી, વળી (૫) બીજાને સંતાપના એટલે

પીડા નહિ કરવી, (૯) પોતાના મનનું દમન કરવું એટલે દાન દેવું. મુખ્ય આ ૯ કારણોને ઉલ્લાસથી સેવનારા જીવો પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે. આવું પુણ્યાનુબંધી પુણ્ય ધન્ય પુરૂષો એટલે ભાગ્યશાળી પુરૂષોજ બાંધે છે. ૭૭

પુણ્યાનુબંધી પુણ્યશાલી જીવોનું સ્વરૂપ જણાવે છેઃ—

**આ ભવે કે પરભવે આ પુણ્ય બાંધ્યું જે નરે,**
**તેહનું ધન થીર હોવે મેરૂ શિખર તણી પરે;**
**તે ગણી ધન તુચ્છ મલ સમ ક્ષણિક હર્ષે વાપરે,**
**શુભ ક્ષેત્રમાં ઉલ્લાસથી કંજૂશપણું રજ ના કરે. ૭૮**

અર્થઃ—જે મનુષ્યે આ ભવમાં અથવા પરભવમાં આ પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યુ હોય તેનું ધન મેરૂ પર્વતના શિખરની પેઠે સ્થિર રહે છે અથવા તે મનુષ્યનું ધન તેની પાસેથી જતું રહેતું નથી. વળી તે મનુષ્યને ધન ઉપર મમત્વભાવ હોતો નથી તેથી તે ધનને તુચ્છ એટલે હલકું તથા મલ સમ એટલે મેલ સમાન તજવા લાયક અને ક્ષણિક એટલે અસ્થિર જાણે છે. તેથી તે મનુષ્ય હર્ષે એટલે આનંદથી ઘણા ઉલ્લાસથી શુભ ક્ષેત્રમાં ( સાત ક્ષેત્રોમાં ) ધનને વાપરે છે. વાપરવામાં જરા પણ કંજૂસાઇ કરતો નથી. પણ છૂટે હાથે તે ધનનો ઉપયોગ કરે છે. ૭૮

સાત ક્ષેત્રોના નામ અને બિંબ ભરાવવાની વાત જણાવે છેઃ—

**બિંબ જિન પ્રાસાદ જૈનાગમ ચતુર્વિધ સંઘ એ,**
**મુખ્યતાએ સાત ક્ષેત્રો શાસ્ત્ર વચને જાણિએ;**

**વજ્રેન્દ્ર નીલાંજન શશિ રવિકાંત રિષ્ટાંકોતણા,**
**પરવાલ કર્કેતન રજત કંચન ઉપલ ચંદન તણા. ૭૯**

શુભ ક્ષેત્રો કયા કયા તે ગણાવે છે:—

**અર્થ**:—૧ બિંબ એટલે જિનેશ્વરની પ્રતિમા, ૨ જિનપ્રાસાદ એટલે દહેરાસર, ૩ જૈનાગમ એટલે જૈન સિદ્ધાંત અથવા જૈન શાસ્ત્ર, તથા ૪–૭ ચતુર્વિધ સંઘ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર મળી કુલ સાત ક્ષેત્રોને મુખ્યતાએ શુભ ક્ષેત્રો કહ્યાં છે. એમ શ્રીયોગશાસ્ત્રાદિના વચનથી જાણવું. તેમાં પ્રથમ બિંબ એટલે જિનેશ્વરની પ્રતિમા કયા કયા પદાર્થોની બને છે? તે જણાવે છે:—વજ્ર રત્નની, ઇન્દ્રનીલની, અંજનરત્નની, શશિકાંતરત્નની ( ચંદ્રકાંતરત્નની ) રિષ્ટરત્નની, અંકરત્નની, પરવાલાની, કર્કેતન રત્નની, રજત એટલે રૂપાની, કંચન એટલે સોનાની, ઉપલ એટલે પત્થરની તથા ચંદનની પ્રતિમા ભરાવી શકાય છે. ૭૯

કઈ રીતે કેવા બિંબ ભરાવવા? તે જણાવે છે:—

**શ્રેષ્ઠ મૃત્તિકાદિના, શુભ લક્ષણોથી શોભતા,**
**સુંદર ભરાવે બિંબ ગુણિજન દ્રવ્ય અસ્થિર માનતા;**
**શકિતભાવ પ્રમાણ ખરચી બહુ ઉમંગે રાચતા,**
**નરદેવ ભવના પૂર્ણ વૈભવ મોક્ષને ઝટ પામતા. ૮૦**

**અર્થ**:—અને ઉત્તમ માટી વગેરેના સારા લક્ષણોથી શોભાયમાન એવા સરસ જિનબિંબ એટલે પ્રતિમાઓને દ્રવ્યને અસ્થિર માનતા ગુણિજન એટલે ગુણી પુરૂષો ભરાવે છે. એ

પ્રમાણે પોતાની શક્તિ પ્રમાણે ભાવથી દ્રવ્ય વાપરીને ઘણા ઉત્સાહથી રાચતા એટલે આનંદ પામે છે. તેમજ તે સજ્જન પુરૂષો મનુષ્ય ભવમાં તથા દેવ ભવમાં સંપૂર્ણ વૈભવ ભોગવીને જલ્દી મોક્ષ સુખને પણ મેળવે છે. ૮૦

કોના ઉપદેશથી કોણે કેટલા જિનબિંબ ભરાવ્યા, તે જણાવે છેઃ—

**સંપ્રતિએ સાંભળી ઉપદેશ આર્યસુહસ્તિનો,**
**જિનબિંબ ક્રોડ સવા ભરાવ્યા ભાવ આણીને ઘણો;**
**પિત્તલ તણી પ્રતિમા સહસ પંચાણુ તેહ ભરાવતા,**
**દર્શન કરાવી આત્મદર્શન શુદ્ધ એમ બનાવતા. ૮૧**

**અર્થઃ**—પૂર્વે કહ્યા મુજબ સંપ્રતિ મહારાજાએ પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રીઆર્યસુહસ્તિસૂરિ મહારાજનો ઉપદેશ સાંભળીને ઘણો ભાવ લાવીને સવા ક્રોડ જિનેશ્વર ભગવાનની પ્રતિમાઓ ભરાવી. તેમાં પંચાણુ હજાર પિત્તળની પ્રતિમા તેઓએ ભરાવી છે. એવી રીતે બીજા ભવ્ય જીવોને પ્રતિમાના દર્શન કરાવીને સંપ્રતિ રાજાએ આત્મદર્શન એટલે પોતાના સમકિતને નિર્મળ બનાવ્યું.

અહીં સંપ્રતિ મહારાજ અને આર્ય સુહસ્તિસૂરિની ટુંકી હકીકત આ પ્રમાણેઃ—રાજા સંપ્રતિ પાછલા ભવમાં ભિક્ષુક હતા. કૌશાંબી નગરીમાં ફરતા ફરતા તે ભિક્ષુકે મુનિવરોને જોયા. સાધુના વ્યવહારથી તે અજાણ્યો હતો. તેથી તેણે મુનિઓની પાસે આહારની માગણી કરી. જવાબમાં તેમણે જણાવ્યું કે—આ બાબતમાં અમારા ગુરૂ મહારાજ તને

સ્પષ્ટ ખુલાસો જણાવશે. મુનિઓની સાથ તે ગુરૂ (આર્યસુહસ્તિસૂરિ)ની પાસે આવ્યો. ને આહારની માંગણી કરી. જવાબ દેતાં ગુરૂએ જણાવ્યું કે જો તું સાધુપણું અંગીકાર કરે, તો અમે તને આહાર દઇ શકીએ. ભૂખ્યા એવા તેણે ગુરૂમહારાજનું વચન કબુલ કર્યું. અને દીક્ષા અંગીકાર કરી. દીક્ષાના દિવસે ગજા ઉપરાંત આહાર કરવાથી તે જ રાત્રીએ મરણ પામ્યો. એકજ દિવસની દીક્ષા (અવ્યક્ત સામાયિક)નો પણ ઓછો પ્રભાવ નથી જ. તે સાધુ મરણ પામીને ત્રણ ખંડ પૃથ્વીનો રાજા થયો.

| | |
|---|---|
| ૧ ચંદ્રગુપ્ત<br>૨ બિંદુસાર<br>૩ અશોક<br>૪ કુણાલ<br>૫ સંપ્રતિ | આ ક્રમે રાજા ચંદ્રગુપ્તની પછી પાંચમે નંબરે સંપ્રતિ કહી શકાય. |

ઐતિહાસિક અવલોકનના પરિણામે જાણી શકાય છે કે બીજા બીજા ગ્રંથોમાં તેના બંધુપાલિત, સંગત, સપ્રતિ, સંપ્રતિ વિગેરે નામો પણ જોવામાં આવે છે. અવસરે રાજ્ય પામ્યા બાદ એક વખત રાજા સંપ્રતિ ઝરૂખામાં બેસી ઉજ્જયિની નગરીની શોભા જોઈ રહ્યા છે. આ વખતે પૂજ્ય શ્રી આર્યસુહસ્તિસૂરિજી મહારાજ રથયાત્રાના વરઘોડામાં રાજમાર્ગે ચાલ્યા જાય છે. તેમને દેખતાં સંપ્રતિ વિચારમાં પડી જાય છે. વિશેષ ઊહાપોહ કરતાં કરતાં જાતિસ્મરણ જ્ઞાન પામ્યા. તે દ્વારા પૂર્વભવની બીના જાણીને નીચે આવી ઉપકારી ગુરૂમહારાજને વંદન કરી પૂછ્યું કે–હે ભગવન્!

અવ્યક્ત સામાયિકનું ફલ શું ? ગુરૂએ કહ્યું કે–હે રાજન્ ? રાજ્યઋદ્ધિ વિગેરે. આમ પૂછવાનો મુદ્દો શ્રી ગુરૂમહારાજે જાણી લીધો. તેમ રાજાએ પણ તમામ બીના જણાવી દીધી. આર્યસુહસ્તિસૂરિના ઉપદેશથી તે જૈનધર્મી બન્યા. મૌર્ય સામ્રાજ્યની શરૂઆત વી. નિ. સં. ૨૧૫માં થઇ. ( આજ સાલમાં આર્યમહાગિરિજી યુગપ્રધાન બન્યા. ) સંપ્રતિના સમય સુધી તે આબાદ રહ્યું હતું. અને ત્યાર પછી તેની પડતી થવા લાગી. રાજા સંપ્રતિએ દાનશાલા જિનબિંબ ભરાવવા તથા જિનમંદિર બનાવવા, જીર્ણોદ્ધાર વિગેરે સાતે ક્ષેત્રોમાં સારી રીતે લક્ષ્મી વાપરી હતી. અને ખંડિયા રાજાઓને પણ જૈનધર્મી બનાવ્યા હતા. અનાર્ય દેશોને પણ સાધુ વિહારને યોગ્ય બનાવ્યા હતા. તક્ષશિલામાં કુણાલસ્તૂપ બંધાવ્યો. જૈનધર્મનો પ્રચાર કરવામાં તે સતત ઉદ્યમી હતા. તેમના જન્માદિની બીના ટુંકમાં આ પ્રમાણે સંભવ છે:–વી૦ નિ૦ સં૦ ૨૭૩ થી ૨૮૧ના મધ્ય કાલમાં રાજા સંપ્રતિનો જન્મ થયો હોય. વી૦ નિ૦ સં૦ ૨૮૧માં આર્યસુહસ્તિસૂરિના ઉપદેશથી જૈનધર્મી બન્યા. અને સં૦ ૩૦૧માં તેનો રાજ્યાભિષેક થયો. સં૦ ૩૦૯માં ત્રિખંડનો સમ્રાટ્ થયો, જૈનધર્મનો પ્રચાર કર્યો, તેમના કુટુંબીઓએ દીક્ષા લીધી. અને સંભવે છે કે લગભગ વી૦ નિ૦ સં૦ ૩૧૭માં તે સ્વર્ગે ગયા. વિશેષ હકીકત શ્રી પરિશિષ્ટપર્વ તથા શ્રી પર્યુષણ વિશેષાંકમાંથી જાણવી.

આર્યસુહસ્તિસૂરિજીની બીના ટુંકામાં આ પ્રમાણે—

અખંડશીલવ્રતધારી પરમ પૂજ્ય શ્રી સ્થૂલિભદ્રજી મહારાજના મુખ્ય બે શિષ્યોમાં મોટા શ્રીઆર્યમહાગિરિજી મહા-

રાજ હતા. રાજા સંપ્રતિના પ્રતિબોધક અને શ્રીઅવંતી-સુકુમાલને દીક્ષા આપનાર શ્રીઆર્યસુહસ્તિસૂરિજી મહારાજ હતા. તેમની વી૦ નિ૦ સં૦ ૨૨૧માં દીક્ષા થઈ અને તેઓ સં૦ ૨૪૫માં યુગપ્રધાનપદ પામ્યા. વી૦ નિ૦ સં૦ ૨૭૩થી ૨૮૧ના મધ્યકાલમાં તેમણે અવંતી સુકુમાલને દીક્ષા આપી હોય, એમ સંભવે છે. તેમને સુસ્થિત અને સુપ્રતિબદ્ધ નામના બે મુખ્ય શિષ્ય હતા. તે બંનેને ગચ્છ સોંપીને છેવટે વી૦ નિ૦ સં૦ ૨૯૧માં સર્વાયુ ૧૦૦ વર્ષ ૬ માસ ૬ દિનનું પૂરું કરી દેવતાઈ સુખ પામ્યા. વી૦ નિ૦ સં૦ ૩૦૦માં આર્યસુ-સ્થિત અને સુપ્રતિબદ્ધથી કોટિક ગચ્છની ઉત્પત્તિ થઇ. તપ-ગચ્છના ૧ નિર્ગંથ, ૨ કોટિક, ૩ ચંદ્ર, ૪ વનવાસિ, ૫ વડ, આ પાંચ પ્રાચીન નામોમાં બીજું નામ કોટિક આવે છે. વિશેષ બીના શ્રી પરિશિષ્ટ પર્વાદિમાંથી જાણી લેવી. ૮૧

**સાંભળીને વેણ ઉત્તમ હેમચંદ્ર સૂરીશનું,**
**અંગુલ સવાસો માન ઉંચું બિંબ નેમિ જિણંદનું;**
**રાજર્ષિ શ્રાદ્ધ કુમારપાલ ભરાવતા વિધિએ કરી,**
**પ્રતિમા રતન સોના તણી રૂપા તણી ચોવીસ વલી. ૮૨**

**અર્થ**:—કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો ઉપદેશ સાંભળીને દેશવિરતિ ધારક શ્રાવક ગુર્જરેશ્વર પરમાર્હત કુમાર-પાલે સવાસો અંગુલ પ્રમાણ ઉંચું બાવીસમા શ્રી નેમનાથ ભગવાનનું બિંબ વિધિપૂર્વક સ્થાપન કર્યું. વળી રતનની સોનાની તથા રૂપાની ચોવીસ ચોવીસ પ્રતિમાઓ પણ ભરાવી, એમ શ્રીકુમારપાલ પ્રબંધાદિમાં કહ્યું છે. ૮૨

પ્રતિષ્ઠા પૂજનાદિમાં દ્રવ્ય વપરાય એ ઉત્તમ લાભ છે, એમ જણાવે છે:—

**વસ્તુપાલે તેજપાલે બિંબ લાખ સવા ભલા,**
**હોંશે ભરાવ્યા જાણ જીવ તું ધનિક સાચા એ ખરા;**
**તક ભલી વલિ સાચવે બિંબ પ્રતિષ્ઠામાં અને,**
**આંગી સમર્ચન પ્રમુખ માંહે વાપરે ઇમ દ્રવ્યને. ૮૩**

**અર્થ**:—ગુજરાતના રાજા વીરધવલના મંત્રીશ્વરો શ્રી વસ્તુપાલ અને તેજપાલ નામના બે ભાઇઓએ સુશોભિત સવા લાખ જિન પ્રતિમાઓ ઘણા ઉમંગ પૂર્વક ભરાવી હતી. માટે હે જીવ! તેઓજ ખરેખર સાચા ધનવાન કહેવાય, એમ તું જાણજે. વળી તેમણે તે પ્રતિમાઓની પ્રતિષ્ઠાનો પ્રસંગ પણ સારી રીતે સાચવ્યો હતો. એટલે પ્રતિષ્ઠા મહોત્સવ પણ ઘણી સારી ધામધુમપૂર્વક ઉજવ્યો હતો. તથા તેઓ પ્રભુની આંગી તથા સમર્ચન એટલે પૂજા વગેરેમાં પણ પોતાના દ્રવ્યને ઉલ્લાસથી વાપરતા હતા. ૮૩

આંગી રચવાનો મુદ્દો જણાવે છે:—

**ત્રણ અવસ્થાના ક્રમે આંગી જરૂરી જાણજે,**
**આંગી તણી શી જરૂર એવા વેણ ફોગટ માનજે;**
**ભવ્ય આંગી જોઇને પ્રભુ રાજવૈભવ ભાવતા,**
**એહ છંડી ચરણ ધરતા શ્રાદ્ધ એમ વિચારતા. ૮૪**

**અર્થ**:—પ્રભુની ત્રણ અવસ્થા કહેલી છે—૧ જન્માવસ્થા, ૨ રાજ્યાવસ્થા, ૩ શ્રમણાવસ્થા. તેમાં પ્રભુને ન્હવણ

કરતી વખતે જન્માવસ્થા ભાવવી. અને બીજી રાજ્યાવસ્થા ભાવવાને માટે આંગીની રચના કરવામાં આવે છે. માટે નિરાકાર નિરંજન એવા પ્રભુને આંગીની શી જરૂર છે? એવા વચન ફોગટ એટલે નકામા જાણવા. કારણ કે ભવ્ય પુરૂષ પ્રભુની આંગી જોઈને એવી ભાવના ભાવે છે કે પ્રભુએ પોતાની આવા પ્રકારની રાજ્યઋદ્ધિના વૈભવનો પણ ત્યાગ કરીને ચારિત્રને ધારણ કર્યું હતું, માટે આપણે પણ વૈભવનો ત્યાગ કરીને પ્રભુની જેમ કરીએ. આંગીની રચના કરવામાં આ કારણ છે. વળી આંગી ઉત્તમ પરિણામની ધારા વધારે છે અને ટકાવે છે. ૮૪

પ્રભુના પૂજનમાં દ્રવ્ય ખરચવાનું કારણ સમજાવે છે:—

**અષ્ટભેદે પૂજનામાં દ્રવ્ય ખરચે જે નરા,**
**વિપુલ સંપદ પામતા તે ટાળતા દુઃખ આકરા;**
**પૂજા નકામી માનનારા ભવ્યને સમજાવતા,**
**ચિંતામણિના દાખલાથી તત્ત્વ ચિત્ત ઠસાવતા. ૮૫**

**અર્થ:**—જે મનુષ્યો આઠ પ્રકારની પૂજામાં પોતાના પૈસાનો ઉપયોગ કરે છે તેઓ વિપુલ એટલે વિશાળ સંપત્તિને પામે છે અને આકરા એટલે ભયંકર દુઃખોને દૂર કરે છે. એમ પ્રભુ પૂજાને નકામી ગણનારા ભવ્ય જીવોને ઉપર જણાવ્યા મુજબ હે ભવ્ય જીવો! તમારે સમજાવવું. અને કહેવું કે ચિંતામણિરત્નના જેવી પ્રભુદેવની પૂજા છે. જેમ ચિંતામણિની પૂજા કરનારા જીવો પોતાની ભાવનાને અનુસારે મનોવાંછિતને પામે છે, તેમ પ્રભુની પૂજા કરનારા ભવ્ય જીવો પણ

જેવા જેવા ભાવથી પૂજે, તે પ્રમાણે લાભ પામે છે. શ્રીયોગ-શાસ્ત્રાદિમાં આ વાત વિસ્તારથી જણાવી છે. ૮૫

કોણે કઈ રીતે જિનમંદિર બંધાવવું? તે જણાવે છે:—

**શલ્યાદિ શોધી જાળવી જયણા દયાના રંગથી,**
**સૂત્રધારાદિક જનોને તોષતા ઔદાર્યથી;**
**બંધાવતા પ્રાસાદ ઇહિ બંધાવનારા બે કહ્યા,**
**ધનિક તિમ સામાન્ય પ્હેલાં ભરત નૃપ જેવા ગ્રહ્યા. ૮૬**

અર્થ:—જમીનમાં રહેલ હાડકા વિગેરે શલ્યને દૂર કરીને, તથા જયણા જાળવીને એટલે કોઇ પણ જીવને કોઈ રીતે દુઃખ ન થાય તેવી રીતે ઉપયોગ પૂર્વક દયાના પરિણામ રાખીને, દેરાસર બાંધનાર સૂતાર, સલાટ મજુર વગેરેને યથા-શક્તિ ઉદારતા પૂર્વક સંતોષ પમાડવા પૂર્વક ઉત્તમ શ્રાવકો ચપલ ધનનો લ્હાવો લેવા માટે પ્રાસાદ એટલે દેરાસરને બંધાવે. અહીં દેરાસર બંધાવનારના બે ભેદ કહ્યા છે. એક ધનિક અને બીજા સામાન્ય. તેમાં ભરત ચક્રવર્તી વગેરે પ્હેલા ભેદના જાણવા. ૮૬

ધનવંત શ્રાવકો કેવું જિનમંદિર બંધાવે? તે ચાર શ્લોકમાં જણાવે છે:—

**તેવા ઉદારાશય નરા પ્રાસાદને બંધાવતા,**
**સોના તણા કુટ્ટિમ વિષે વરરત્ન શિલા યોજતા;**
**પગથિયા તિમ થંભ મણિમય ગોઠવે બહુ દીપતા,**
**રત્નમય તોરણ વડે પ્રાસાદને શોભાવતા. ૮૭**

અર્થ:—(આગલી ગાથામાં જણાવ્યા તેવા) ઉદારાશય એટલે જેમનો ઉદાર સ્વભાવ છે તેવા મહા ધનવંત મનુષ્યો જિનેશ્વરના પ્રાસાદ એટલે મંદિરને બંધાવે તે દેરાસરનું કુટ્ટિમ એટલે ફરસબંધી સોનાની બનાવે છે. અને તેને વિષે ઉત્તમ રત્નોની શિલા જોડે છે, વળી ત્યાં જિન મંદિરમાં ઘણા શોભિતા મણિના પગથીયા તથા થાંભલા ગોઠવે છે, તથા તેના બારણાને વિષે રત્નનું તોરણ બાંધી મંદિરને શોભાવે છે. ૮૭

**બાવલા શાલા પુતળિઓ શોભતી સ્થંભાદિમાં,**
**ધૂપ પણ મહકી રહ્યો જ્યાં મુખ્ય પ્રદેશમાં;**
**તેહ ઉંચો જાય ત્યારે વાંદળાં સમ લાગતો,**
**એમ માની મોર કેરો પૂર્ણ કોલાહલ થતો. ૮૮**

અર્થ—તેમજ તે મંદીરના સ્થંભાદિમાં એટલે થાંભલા વગેરેમાં બાવલાઓ, શાલાઓ તથા પુતળીઓ કોતરાવે, વળી ત્યાં મુખ્ય મુખ્ય સ્થળોમાં ધૂપધાણાં ગોઠવે, જેથી તેનો સુગંધ ધૂપ ચારે દિશામાં ફેલાય. તે ધૂપમાંથી નીકળતો ધૂમાડો જ્યારે ઉંચો જાય છે, ત્યારે તેનો દેખાવ વાદળાં જેવો જણાય છે. અને તે ધૂમાડાને વાદળાં માનીને મોર આનંદમાં આવી ટહુકા કરે છે, અને બહુ કોલાહલ મચાવે છે. ૮૮

**વાજિંત્ર ચારે વાગતા મોતી તણાં વર ઝૂમણાં,**
**ચંગ ચંદરવા વિષે લટકે ન શોભામાં મણા;**
**કલ્યાણકાદિ તણાં ઘણાં ચિત્રો મનોરમ શોભતા,**
**શિખરના ભાગે પ્રવર ધ્વજ લોકને બોલાવતા. ૮૯**

અર્થ:—વળી તે દેરાસરમાં ચાર પ્રકારના વાજિંત્ર વગડાવે. તેમજ ઉપરના ભાગમાં બાંધેલા સુંદર ચંદરવાને વિષે ઉત્તમ ઝુંમણા લટકાવે. જેથી મંદિરની શોભામાં લગાર પણ ખામી રહે નહિ. તથા જિનમંદિરના ભીંત આદિ ભાગમાં પ્રભુના કલ્યાણકો વગેરેના ઘણા સુંદર ચિત્રામણો ચિત્રાવે. અને તે જિનમંદિરના શિખરની ઉપર ઉત્તમ ધ્વજ—ધજા ફરકી રહી હોય, તે જાણે લોકોને પરમોપકારી પ્રભુના દર્શન કરવા માટે બોલાવતી ન હોય, તેવી શોભે. આવું ભવ્ય મંદિર ધનિક શ્રાવકો કરાવે. ૮૯

**કૌતુકે ખેંચાયલા સુર અસુર કિંનર તિમ સુરી,**
**પૂર્ણ હર્ષે શરૂ કરે સંગીત ઝીણો સ્વર કરી;**
**ગંધર્વ ગીત ધ્વનિ દીએ આનંદ અભિનય મન હરે,**
**તેવા જિનાલય દેખતાંની સાથ અચરિજ બહુ કરે. ૯૦**

અર્થ—ઉપર જણાવેલા સ્વરૂપવાળા જિન પ્રાસાદને જોઇને ત્યાં આશ્ચર્યથી ખેંચાએલા વૈમાનિકાદિક દેવો અને ભુવનપત્યાદિક દેવો તથા કિંનર જાતિના દેવો વળી સુરી એટલે દેવાંગનાઓ પૂર્ણ હર્ષથી ઝીણા મધુર સ્વર સાથે સંગીત શરૂ કરે છે. ગંધર્વ એટલે ગાનારા દેવોનો ગાયનનો અવાજ આનંદ આપે છે. તેમના વિવિધ પ્રકારના અભિનય (નાચ) મનને હરણ કરે છે. આવા જિનાલય એટલે જિનમંદિર જોતાંની સાથે દેખનાર ભવ્ય જીવોને બહુ આશ્ચર્યમાં ગરકાવ કરે છે. ૯૦

આવા મંદિરો ક્યાં બંધાવવા? તથા આ બાબતમાં

સામાન્ય ધનિકો કઈ રીતે કેવા જિનમંદિર બંધાવે? તે જણાવે છે—

**ઉત્તુંગ ગિરિ પુર ગ્રામ કલ્યાણક થલે બંધાવતા,**
**વિપુલધનિકો અન્ય ભવનું પુણ્યકર્મ ઘણું બાંધતા;**
**તૃણકુટી કાષ્ઠાદિના પ્રાસાદ સાધારણ નરા,**
**નિજ શકિતને અનુસાર બંધાવે ઉમંગી થઇ ખરા. ૯૧**

અર્થ:—મહાધનિક ભવ્ય જીવો આવા પ્રકારના જિનાલયો ઉત્તુંગ એટલે ઉંચા પર્વતોની ઉપર અથવા નગરોમાં, ગામોમાં કે પ્રભુના જન્મસ્થળ, દીક્ષાસ્થળ, કેવલજ્ઞાન પ્રાપ્તિનાં સ્થાન, મોક્ષસ્થાન વગેરે કલ્યાણકના સ્થળોને વિષે બંધાવે છે. ઉંચા પર્વતને વિષે બંધાવવાથી આત્મિક શાંતિનો અપૂર્વ લાભ મળે છે તથા તે પર્વતોનાં દેરાસરને વરસાદની રેલ વગેરેનો ભય નહિ હોવાથી તે ઘણા વર્ષો સુધી કાયમ રહે છે. તથા પ્રભુના કલ્યાણકોના સ્થાને જિનમંદિરો બંધાવવાથી અપૂર્વ ભાવોલ્લાસ વધે છે. આવી રીતે પોતાના દ્રવ્યનો વ્યય કરીને તે ધનિકો ઘણું પુણ્ય ઉપાર્જન કરે છે.

હવે સામાન્ય સંપત્તિવાળા જે સાધારણ મનુષ્યો હોય તેઓ પણ ખરા એટલે ભાવપૂર્વક રાજી થઇને પોતપોતાની શક્તિને અનુસારે ઘાસની ઝુંપડી જેવું જિનમંદિર તથા કાષ્ઠાદિના એટલે લાકડા ઈંટ, ચુના વગેરેના જિન મંદિર બંધાવે. ૯૧

બંનેને જિનમંદિર બંધાવવામાં લાભ શો? તે જણાવે છે:—

**તૃણ તણી પણ વરકુટી બંધાવતા જે વલિ દીએ,**
**એક ફૂલ પણ નાથને તસ પુણ્ય અગણિત જાણિએ;**
**તેથી વિશિષ્ટ જિનાલયો બંધાવનારા શુભમતિ,**
**બહુ નમ્ર ભવ્ય જનો વિશેષે ધન્ય ટાલે ભવતતિ. ૯૨**

**અર્થઃ**—તૃણ તણી એટલે ઘાસની પણ ઉત્તમ કુટીર બંધાવીને જે મનુષ્ય ત્રણ લોકના નાથને એટલે જિનેશ્વર ભગવાનને એક ફૂલ પણ ભાવપૂર્વક ચઢાવે, તેને અગણિત ઘણું પુણ્ય બંધાય છે એમ જાણવું. તેઓના કરતાં ઉત્તમ શ્રેષ્ઠ જિનમંદિરો બંધાવનારા સદ્બુદ્ધિવાળા ઘણાં નમ્ર એવા ભવ્યજનો વિશેષે કરીને ધન્ય છે અને તેઓ પોતાની ભવ-તતિ એટલે ભવની પરંપરાને દૂર કરે છે અથવા તેઓને આ સંસારમાં ઘણો ટાઈમ રખડવું પડતું નથી. અહીં 'બહુનમ્ર' આ પદથી એમ સમજવું કે જિન પ્રાસાદ બંધાવવામાં બહુ લક્ષ્મીને વાપરીને પણ એવું અભિમાન ન કરવું જોઇએ કે મારા જેવો કોઇ નથી. તેમણે લઘુતાના વિચારો કરવા તે આ પ્રમાણે—શ્રી ભરત મહારાજા શ્રેણિકરાજા કુમારપાલ-રાજા વિગેરે મહાધનિકોએ આ જિનપ્રાસાદ બંધાવવા વિગેરેમાં જેટલું દ્રવ્ય વાપર્યું, તેની આગળ મેં વાપરેલું ધન શા હિસાબમાં ? એમ ભાવના ભાવવી જોઇએ. ૯૨

જિનમંદિર તૈયાર થયા પછી તેના નભાવને માટે શું કરવું ? તે જણાવે છેઃ—

**હોય જો બંધાવનારા ભૂપ શ્રેષ્ઠિ મહા ધની,**
**તો જિનાલયને નભાવે તેહવા સાધન તણી;**

**કરતા વ્યવસ્થા વિપુલ પુર ભંડાર ગોકુલ આપતા,**
**ગ્રામ ક્ષેત્ર દુકાન ઘર પ્રાસાદના કરી થાપતા. ૯૩**

**અર્થ**:—જિનમંદિર બંધાવનાર જો રાજા હોય અથવા ઘણા ધનવાળો શેઠ હોય તો પોતે બંધાવેલા જિનાલયનો જેથી કાયમનો નિભાવ થાય, તેવા સાધનની જોગવાઇ જરૂર કરવી જોઇએ એટલે જેમાંથી જિનેશ્વરની પૂજાના અંગે થતા ખરચ તથા કાંઇ ભાંગે તૂટે તો સમરાવી શકાય તેવી આવક કાયમની આવે તેવી વ્યવસ્થા કરે છે. અને તેને માટે અમુક પુર એટલે નગર આપે, કે જેની આવક દેરાસરમાં વપરાય. તેવી રીતે ભંડાર, ગોકુલ એટલે ગાયોનું કુળ, ગામ, ખેતર, દુકાન, ઘર વગેરે પ્રાસાદના એટલે દેરાસરના કરી થાપતા એટલે દેરાસરને અર્પણ કરે છે. જેથી ભવિષ્યમાં પોતાના બંધાવેલા જિનમંદિરના નભાવમાં અને પ્રભુના પૂજનાદિ કાર્ય નિર્વિઘ્ને ચાલુ રહે. ૯૩

જીર્ણોદ્ધારમાં પણ અનિત્ય લક્ષ્મીને વાપરવી, એમ જણાવે છે:—

**પ્રાસાદ હોવે જીર્ણ તો ઉદ્ધાર તાસ કરાવતા,**
**ન વિરાધના ગણતા જરી ગણનારને સમજાવતા;**
**કુટુંબ પોષણ કાજ જે ધનને ઉપાર્જે તે નરે,**
**ધનને સફલ કરવા નિમિત્તે તે ઉચિત આવું કરે. ૯૪**

જીર્ણોદ્ધાર શા માટે કરાવવો તે કહે છે:—

**અર્થ**:—જો દેરાસર જીર્ણ હોય એટલે જુનું થઇ ગયું હોય કે તેનો અમુક ભાગ પડી ગયો હોય અથવા પડે તેવો

થઈ ગયો હોય તો તેનો ઉદ્ધાર કરાવતાં પૂજાની માફક વિ-રાધના ન ગણાય. અને જેઓ જીર્ણોદ્ધાર કરાવવામાં વિરાધના ગણતા હોય તેમને એમ સમજાવવું કે-જે મનુષ્યે કુટુંબના પોષણ માટે ધન ઉપાર્જ્યું હતું તે મનુષ્ય પોતાના તે ધનને જીર્ણોદ્ધાર વગેરે ધાર્મિક કાર્યોમાં વાપરીને સફલ કરે, તે વ્યાજબીજ છે. જીર્ણોદ્ધાર કરાવનારને મોટા પુણ્યનો બંધ થાય છે, એવું જાણીને ધનિકોએ આવા કામમાં પોતાના અનિત્ય દ્રવ્યને જરૂર વાપરીને સફલ કરવું. ૯૪

જીર્ણોદ્ધાર કરાવવાનું ફલ જણાવે છે:—

**રત્ન કેરી ખાણ જેવો સંઘ અહિંયા આવતો,**
**પ્રભુને અપૂરવ ભાવથી વિવિધ પ્રકારે પૂજતો;**
**વ્રતને લિયે નિર્ગ્રંથ ઉત્તમ દેશનાને આપતા,**
**જિનગેહને બંધાવનારા લાભ બહુ ઇમ પામતા. ૯૫**

અર્થ:—આ નવા કે સમરાવેલા દેરાસરમાં જેને શ્રી-નંદીસૂત્રાદિમાં રત્નની ખાણની ઉપમા આપેલી છે ( કારણ કે જેમ રત્નની ખાણમાંથી વિવિધ પ્રકારના રત્નો નીકળે છે તેમ સંઘ રૂપી ખાણમાંથી પણ ઉત્તમ શ્રાવક, પ્રભાવિક આચાર્યો, પૂર્વધરો, તીર્થંકરો વગેરે ઉત્પન્ન થાય છે) તે સંઘ પૂર્ણ ઉલ્લાસથી પ્રભુની જુદા જુદા પ્રકારની પૂજા કરે તેમાં તેનો બંધાવનાર નિમિત્ત હોવાથી તે પણ તેના પુણ્યમાં ભાગીદાર થાય છે. વળી સંઘની અંદર રહેલા નિર્ગ્રંથ એટલે સાધુ મુનિરાજ ઉત્તમ ધર્મોપદેશ આપે છે, તે સાંભળીને ભવ્ય જીવો વૈરાગ્ય પામીને દીક્ષા વિગેરેનો ઉત્તમ લાભ પામે છે.

એવી રીતે પ્રભુ દેવનું દેરાસર બંધાવનારા પુણ્યશાલી જીવો ઘણો લાભ મેળવે છે. ૯૫

આ ચાલુ પ્રસંગે જયણા વિગેરે રાખવી એમ કહે છે:—

**બંધાવનાર ગૃહસ્થ જયણા તીવ્ર કરૂણા રાખતા,**
**સૂક્ષ્મ પણ જીવો બચાવે તે ન જીવ વિરાધતા;**
**પારિણામિક બંધ નિશ્ચય એમ મનમાં માનતા,**
**ભરત ચક્રી પ્રમુખના દૃષ્ટાંત ખૂબ વિચારતા. ૯૬**

**અર્થ:**—શ્રી જૈન દેરાસરના બંધાવનાર ગૃહસ્થો જયણા એટલે ઉપયોગ રાખે. વળી તીવ્ર કરૂણા એટલે અત્યંત દયાના ભાવ રાખે છે. તથા નાના જીવોને પણ બચાવે. એમ નિર્દયપણે જીવની વિરાધના ન થાય તેમ પ્રવર્તે. વળી મનમાં એ વાત સારી રીતે સમજે છે કે બંધ તો નિશ્ચય પારિણામિક એટલે પરિણામને આધીન છે. જેવા પ્રકારના શુભાશુભ પરિણામ ચાલતા હોય તેવા પ્રકારનો શુભાશુભ કર્મબંધ થાય છે. તેથી દેરાસર બંધાવનારને તો તે બંધાવતી વખતે શુભ પરિણામની ધારા ચાલતી હોય છે તેથી દેરાસર બંધાવતાં જયણા સાચવતાં છતાં પણ અજ્ઞાનાદિ કારણે કદાચ કાંઈ જીવહિંસા થાય તો પણ તેને તો ઉત્તમ પુણ્યબંધાદિનો લાભજ મળે છે અને તેઓ આવા દેરાસરો બંધાવનાર ભરત ચક્રવર્તી વગેરેના દૃષ્ટાંતોનો ખૂબ વિચાર કરે છે. ૯૬

કોણે કયાં જિનપ્રાસાદ બંધાવ્યા? તે જણાવે છે:—

**ભરતચક્રી આદિ ભવ્યો સિદ્ધગિરિ આદિ સ્થલે,**
**મંદિર વિશાલ જિનેશના બંધાવતા સંપદ વરે;**
**સિદ્ધગિરિ માહાત્મ્ય આદિક શાસ્ત્રથી ઇમ જાણિએ,**
**શ્રેણિકે પ્રાસાદ બંધાવ્યા કહ્યું આવશ્યકે. ૯૭**

**અર્થ:**—ઋષભદેવ ભગવાનના પુત્ર મહારાજા ભરત ચક્રવર્તી વગેરે ભવ્ય જીવોએ શ્રી શંત્રુજય પર્વત વગેરે સ્થળો ઉપર જિનેશ્વર પ્રભુના મોટાં મોટાં સુશોભિત દેરાસરો બંધાવ્યા છે અને તેના ફળરૂપ અપૂર્વ આત્મિક સંપત્તિને મેળવી છે. એમ શ્રી શત્રુંજય માહાત્મ્ય વગેરે શાસ્ત્રોના વચનથી જણાય છે. વળી શ્રેણિક મહારાજાએ પણ પ્રાસાદો એટલે દેરાસરો બંધાવ્યા છે એ પ્રમાણે શ્રી આવશ્યક સૂત્રમાં કહ્યું છે. ૯૭

કોણે ઘર દહેરાસર કરાવ્યું? તે જણાવે છે:—

**યોગશાસ્ત્ર વૃત્તિમાં પણ એમ બીના વર્ણવી,**
**ગોભદ્ર શેઠે નિજ ઘરે મંદિર કરાવ્યું ખૂશ થઇ;**
**શાલિભદ્ર ચારિત્રમાંથી જોઇ લેજો આ બીના,**
**પ્રભાવતી પણ ઇમ કરે એ વેણ આવશ્યક તણા. ૯૮**

**અર્થ:**—યોગશાસ્ત્રની ટીકામાં પણ આ પ્રમાણે હકીકત જણાવી છે કે ગોભદ્ર શેઠે પોતાના ઘરમાં બહુ રાજી થઇને જિનમંદિર કરાવ્યું. આ હકીકત શ્રી શાલિભદ્ર ચરિત્રમાં પણ જણાવી છે. વળી પ્રભાવતી રાણી પણ એ

પ્રમાણે કરે છે એટલે મ્હેલમાં જિનમંદિર બંધાવે છે એમ આવશ્યક સૂત્રના વચનથી જાણી શકાય છે. ૯૮

મ્હેલાંની માફક નવા જિનમંદિર બંધાવનારના દૃષ્ટાંતો આપે છે:—

**પુરિમતાલ નગર વિષે ખરચી ઉમંગે ધન ઘણું,**
**દાનવીર વાગુર શ્રાવક મલ્લિનાથ જિનેશનું;**
**મંદિર કરાવે એમ આવશ્યક વિષે જે વર્ણવ્યું,**
**તેજ વર્ણન હૈમવીર ચરિત્રની માંહે કહ્યું. ૯૯**

**અર્થ:**—પુરિમતાલ નામના નગરને વિષે ઉમંગથી એટલે આનંદપૂર્વક ઘણુ ધન ખરચીને દાન દેવામાં અગ્રેસર વાગુર નામના શ્રાવકે ઓગણીસમા જિનેશ્વર શ્રી મલ્લીનાથનું દેરાસર બંધાવ્યું એમ આવશ્યક સૂત્રને વિષે વર્ણન કરેલું છે. અને તેજ બાબતનું વર્ણન આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યરચિત શ્રી વીર ચરિત્રની અંદર પણ કર્યું છે. ૯૯

ચાલુ પ્રસંગે જીર્ણોદ્ધાર કરાવનારના દૃષ્ટાંતો જણાવે છે:—

**નવીન જિન પ્રાસાદ લાખ સવા સહસ છત્તીસ વલી,**
**પ્રાસાદ જૂના ઉદ્ધર્યા નૃપ સંપ્રતિએ હિત કલી;**
**હાલ પણ દીસે બહુ પ્રાસાદ સંપ્રતિ ભૂપના,**
**ઉપદેશ આર્ય સુહસ્તિનો બહુ પાઠ કલ્પાદિક તણા.૧૦૦**

**અર્થ:**—સંપ્રતિ મહારાજાએ પોતાનું આત્મહિત સમજીને સવા લાખ નવા જિનેશ્વરના પ્રાસાદ એટલે દેરાસર બંધાવ્યા તથા છત્રીસ હજાર જુના દેરાસરોનો જીર્ણોદ્ધાર

કરાવ્યો. તેમાંના હાલ પણ સંપ્રતિ મહારાજાના બંધાવેલા ઘણાં દેરાસરો હયાત જણાય છે. આ પ્રમાણે સંપ્રતિ મહારાજાએ દેરાસર બંધાવ્યા તેમાં આર્ય સુહસ્તિસૂરિનો ઉપદેશ હતો. આ બાબતમાં કલ્પસૂત્ર વગેરે શાસ્ત્રોના ઘણાં પાઠ મળી શકે છે. ૧૦૦

**નિષ્ક ઓગણીસ લાખ ખરચી તીર્થવર સિદ્ધાચલે,**
**એકસો ને આઠ વિક્રમ સાલમાં ઉત્તમ પલે;**
**શેઠ જાવડશાહ તીર્થોદ્ધાર કાર્ય કરાવતા,**
**પ્રભુ પ્રતિષ્ઠા વજ્રસ્વામિ ગુરૂ કનેજ કરાવતા.૧૦૧**

**અર્થ:**—વિક્રમ સંવત એકસો ને આઠમાં સારા મુહૂર્તે ઓગણીસ લાખ નિષ્ક એટલે સોનામહોરો ખરચીને જાવડશાહ નામના શેઠે તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચળનો તીર્થોદ્ધાર કરાવ્યો. અને પ્રભુ શ્રી ઋષભદેવ સ્વામીની મૂર્તિની પ્રતિષ્ઠા પૂજ્ય શ્રી વજ્રસ્વામીજીની પાસે કરાવી. ૧૦૧

તીર્થોદ્ધાર કરનારનો દાખલો આપે છે:—

**શેઠ સમરાશાહ સંવત તેરસો એકોત્તરે,**
**તેમ કર્માશાહ પંદરસો અને સત્યાશીએ;**
**ભવ્ય તીર્થોદ્ધાર ખરચી દ્રવ્ય પ્રચુર કરાવતા,**
**સાર્થક કરી નર જન્મને સંપત્તિ નિશ્ચલ પામતા.૧૦૨**

**અર્થ:**—વિક્રમ સંવત તેરસો ઇકોતેરની સાલમાં સમરાશાહ નામના શેઠે, તથા સંવત પંદરસો સત્યાસીની સાલમાં કર્માશાહ નામના શેઠે પ્રચુર એટલે ઘણું દ્રવ્ય ખર-

ચીને શ્રીશત્રુંજય તીર્થનો ભવ્ય-મનોહર તીર્થોદ્ધાર કરાવ્યો. એ પ્રમાણે અસ્થિર લક્ષ્મીનો ધર્મકાર્યમાં સદુપયોગ કરીને પોતાનો મનુષ્ય જન્મ સાર્થક એટલે સફળ કર્યો. અને તેથી તેઓ નિશ્ચલ સંપત્તિ એટલે ઋદ્ધિને ભવિષ્યમાં પામશે. ૧૦૨

આમ રાજાના મંદિરનું વર્ણન કરે છેઃ—

**ગોપગઢના આમ રાજા ગોપગઢમાં વીરનું,**
**એકસો ને એક કર ઉંચું જિનાલય સુંદરૂ;**
**ગુરૂબપ્પ ભટ્ટિ તણા વચનથી હોંશથી બંધાવતા,**
**દસ આઠ ભાર પ્રમાણ કંચનબિંબને પધરાવતા.૧૦૩**

**અર્થ**:—ગોપગઢના મે નગરના આમ નામના રાજાએ ગોપગઢની અંદર શ્રી મહાવીર સ્વામીનું સુંદર જિનાલય એટલે દેરાસર બંધાવ્યું. તે જિનાલય એકસો એક હાથ ઉંચું હતું. આ દેરાસર આમરાજાએ પોતાના ગુરૂ શ્રી બપ્પ-ભટ્ટ સૂરીશ્વરના ઉપદેશ વચન સાંભળીને હોંસથી-આનંદપૂર્વક બંધાવ્યું. અને તે દેરાસરને વિષે અઢાર [1]ભાર પ્રમાણ કંચનના એટલે સોનાના પ્રતિમાજીને મહોત્સવપૂર્વક પધરાવ્યા. ૧૦૩

આ મંદિરના રંગમંડપ વિગેરેની બીના જણાવે છે.—

**દુગવીસ લખ પણવીસ સહસ પ્રમાણ સોનામ્હોરને,**
**ખરચી કરાવે મુખ્ય મંડપ રંગમંડપને અને;**

---

૧ ચાલુ રીતિ પ્રમાણે ૪૦ તોલાનો શેર, ૪૦ શેરનો મણ, ને ૨૪ મણનો ભાર હોવાથી એક ભાર ૩૮૪૦૦ તોલાનો થાય.

**નવલખ સિંહાસનની ઉપર ગુરૂરાજને બેસાડીને,**
**દુગ કોડિ પચવીશ લાખ સોનામ્હોર શ્રી ગુરૂપૂજને.૧૦૪**

અર્થ:—વળી આમ રાજાએ તે દેરાસરમાં દુગવીસ લખ એટલે બાવીસ લાખ અને પણવીસ સહસ એટલે પચીસ હજાર સોનામહોરો ખરચીને મુખ્ય મંડપ અને રંગમંડપ કરાવ્યા. ત્યાર પછી નવલખ એટલે નવ લાખ મહોરની કિંમતવાળા સિંહાસન ઉપર પોતાના ગુરૂ શ્રીબપ્પભટ્ટસૂરિ-મહારાજને આમ રાજાએ બેસાડયા. અને શ્રી ગુરૂપૂજનને વિષે રાજાએ એક ક્રોડ અને પચીસ લાખ સોનામહોરો મૂકી. ૧૦૪

વિમલમંત્રીના દહેરાનું વર્ણન કરે છેઃ—

**નૃપ મૂકતા તે દ્રવ્યથી તે સો જિનાલય ઉદ્ધરે,**
**ગુરૂના વચનથી ઇમ પ્રબંધ ગ્રંથમાં ગુરૂ ઉચ્ચરે;**
**વિમલશાહ પ્રધાન ગૂર્જર દેશ નૃપ ભીમદેવના,**
**ધર્મિષ્ઠ દાની શીરોમણિ ધીર થંભ જિનશાસન તણા.૧૦૫**

અર્થ:—ત્યાર પછી ગુરૂના વચનથી તે દ્રવ્ય વડે આમ રાજાએ સો દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ પ્રમાણે શ્રી પ્રબંધ ગ્રંથમાં એટલે શ્રી પ્રબંધચિંતામણિ વિગેરે ઐતિહાસિક ઘણા ગ્રંથોમાં તે તે ગ્રંથના બનાવનાર ગુરૂમહારાજ જણાવે છે. એ પ્રમાણે આમરાજાએ બંધાવેલા દેરાસરની હકીકત જણાવી.

ગુર્જર દેશ એટલે ગુજરાત દેશના ભીમદેવ ( પહેલો )

નામના રાજાના વિમલશાહ નામના પ્રધાન હતા. આ વિમલશાહ મંત્રીશ્વર ધર્મ ઉપર શ્રદ્ધાવાળા, દાન આપનારાઓમાં અગ્રેસર અને શ્રી જિનશાસનના મજબુત સ્તંભ એટલે થાંભલા અથવા અગ્રેસર હતા. ૧૦૫

વિમલમંત્રીએ કઇ સાલમાં આબૂ ઉપર જિનાલય બંધાવ્યા? વિગેરે જણાવે છેઃ—

**બાર કોડી લાખ તેપન માન રૂપિયા વાપરી,**
**અર્બુદ ગિરિપર મંદિરો બંધાવતા ધન ચલ કલી;**
**ઇગિ સહસ અઠયાસી વિક્રમ સાલ કેરી વાત એ,**
**દેખતાં એ મંદિરો મનમાં અચંબો પામિએ.૧૦૬**

**અર્થ**:—આ વિમલશાહ મંત્રીશ્વરે પોતાના ધનને ચલ કલી એટલે અસ્થિર જાણીને શ્રી અર્બુદગિરિ (આબુ) ઉપર બાર ક્રોડ અને ત્રેપન લાખ રૂપીઆ ખરચીને મંદિરો એટલે દેરાસરો બંધાવ્યા. અને તે દેરાસરોમાં એવી ઉત્તમ કારીગરીઓ કરાવરાવી કે જે મંદિરોની કારીગરી અને કલા જોઇને જોનારના મનમાં ઘણું આશ્ચર્ય થાય છે. આ દેરાંઓ બંધાવ્યાની વાત વિક્રમ સંવત એક હજાર અઠયાસીની સાલના વખતની છે, અર્થાત્ એ દેહરાસરો વિ૦ સં૦ ૧૦૮૮ની સાલમાં બંધાવ્યાં છે. ૧૦૬

પેથડશાના મંદિરોનું વર્ણન ચાલે છેઃ—

**મંડપાચલ દેવગિરિ સિદ્ધાચલાદિક શુભ સ્થલે,**
**પ્રાસાદ ચોરાશી કરાવ્યા પેથડે શુભ અવસરે;**

**શ્રી ધર્મઘોષ સૂરીશનો ઉપદેશ તેણે સાંભળી,**
**આવાં ઘણાંએ કાર્યમાં ઓછાશ નથી રાખી જરી.૧૦૭**

**અર્થ**:—મંત્રી પેથડશાહે મંડપાચલ ગઢ એટલે માંડવગઢ, દેવગિરિ અને સિદ્ધાચલ વગેરે ઉત્તમ સ્થાનોમાં શુભ અવસરે એટલે સારા મુહૂર્તમાં ચોરાસી પ્રાસાદ એટલે દેરાંઓ બંધાવ્યા. આ પેથડશાહે આચાર્યશ્રી ધર્મઘોષસૂરીશ્વરનો ઉપદેશ સાંભળીને આવા પ્રકારના ઘણા ધાર્મિક કાર્યો કરવાના અને કરાવવાના પ્રસંગે દ્રવ્ય વાપરવામાં જરા પણ ઓછાશ એટલે ઊણપ આવવા દીધી નથી. ૧૦૭

સિદ્ધરાજે પણ નવા જિનમંદિરો બંધાવ્યા, તે કહે છે:—

**અગીઆરસો ને તેરમાં નૃપ સિદ્ધરાજે પત્તને,**
**પ્રાસાદ રાજવિહાર નામે આદિ પ્રભુનો શુભ મને;**
**પંચાશી અંગુલ માન પ્રતિમા ઋષભની પધરાવતા,**
**કંજૂસને કેમ ખરચવાનો દાખલો બેસાડતા.૧૦૮**

**અર્થ**:—વિક્રમ સંવત અગીઆરસો ને તેરની સાલમાં ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહે પાટણ નગરમાં પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથનો રાજવિહાર નામનો પ્રાસાદ સારા ભાવથી બનાવરાવ્યો. અને તે જિનાલયમાં ઋષભદેવ પ્રભુની પંચાસી આંગલ પ્રમાણ પ્રતિમા પધરાવી અને તે પ્રસંગે ઘણા દ્રવ્યનો ખરચ કરીને તે રાજાએ કંજૂસોને પણ દ્રવ્ય ખરચવાનો દાખલો બેસાડયો. ૧૦૮

નાહડે બંધાવેલા જિનમંદિરોનું વર્ણન કરે છેઃ—

કોરંટકાદિક શુભ સ્થલે શ્રી દેવસૂરિ ઉપદેશથી,
બ્હોતેર "નાહડ વસહિ" આદિ મંદિરો ઉમંગથી;
મંત્રિ નાહડ ભૂરિ ધનને વાપરી બંધાવતા,
બિંબ પ્રતિષ્ઠા દેવસૂરિની પાસ તેમ કરાવતા.૧૦૯

અર્થઃ—આચાર્ય મહારાજ શ્રી દેવસૂરિજીના ઉપદેશથી નાહડે (કોરટા વિગેરે) સારા સારા સ્થળોમાં 'નાહડ વસહિ' વગેરે નામથી બ્હોંતેર દેરાસરો આનંદથી બંધાવ્યા. અને આ દેરાસરો બંધાવવામાં તે મંત્રીએ પોતાનું ઘણું દ્રવ્ય વાપર્યું. તથા તે દેરાસરની પ્રતિમાઓની પ્રતિષ્ઠા પણ તેજ શ્રી દેવસૂરિજીની પાસે કરાવી હતી. ૧૦૯

કુમારપાલે બંધાવેલા નવા જિનમંદિરોનું બે શ્લોકમાં વર્ણન કરે છેઃ—

શ્રી હેમચંદ્ર સૂરીશના ઉપદેશથી સિદ્ધાચલે,
તારંગતીર્થે સ્તંભતીર્થાદિક ઘણાં ઉત્તમ સ્થલે;
શ્રાદ્ધ ભૂપ કુમારપાલ સહસ ઉપર શત ચાર ને,
ચુમ્માલિ નવ્ય જિનાલયો બંધાવતા ધરી ખંતને.૧૧૦

અર્થઃ—કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરના ઉપદેશથી પરમ શ્રાવક થએલા ગુર્જરેશ્વર કુમારપાલે શ્રી સિદ્ધાચલ તીર્થ ઉપર, તારંગા તીર્થને વિષે, તથા સ્તંભતીર્થ (ખંભાત) વગેરે ઘણા ઉત્તમ સ્થાનોને વિષે એક હજાર

ચારસો અને ચુમ્માલિશ નવા જિનાલયો એટલે દેરાસરો ઉલ્લાસપૂર્વક અનેક કોટિ દ્રવ્ય ખરચીને બંધાવ્યાં. ૧૧૦

**નિજ જનકના સ્મરણાર્થ બ્હોતેર દેવકુલિકાએ કરી,**
**બહુ શોભતો પ્રાસાદ વલિ બંધાવતા વિધિ મન ધરી;**
**ત્રિભુવન વિહાર પ્રસિદ્ધ મંદિર, દેવ કુલિકામાં અને,**
**ખુશ થતા રત્નાદિના બ્હોતેર બિંબો સ્થાપિને.૧૧૧**

**અર્થઃ**—કુમારપાલે પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલની યાદગીરી રાખવા માટે બ્હોતેર (૭૨) દેવકુલિકા એટલે દેરીઓ વડે શોભાયમાન પ્રાસાદ એટલે જિનાલય વિધિ પૂર્વક મન ધરી એટલે ઘણા ઉમંગથી બંધાવ્યું. તે દેવાલયનું નામ "**ત્રિભુવન વિહાર**" રાખ્યું. કાલક્રમે તે નામથી તે પ્રસિદ્ધ થયું. અને તે દેરીઓમાં રત્નો વગેરેના બહોંતેર બિંબો એટલે પ્રતિમા સ્થાપન કરીને રાજી થયા. ૧૧૧

કુમારપાલના સ્નાત્રની બીના બે શ્લોકમાં જણાવે છેઃ—

**દ્રવ્ય છન્નુ ક્રોડ સોનામ્હોર તેમાં ખર્ચતા,**
**સહસ અડદસ શ્રાવકોની સાથ સ્નાત્ર ભણાવતા;**
**આમ્રદેવ કુબેરદત્ત ઉદાયનાદિક ભૂપની,**
**સાથે રહે તે સ્નાત્ર સમયે ન્યૂનતા નહિ વિધિ તણી.૧૧૨**

**અર્થઃ**—તે ત્રિભુવનવિહાર નામનો પ્રાસાદ બંધાવવા કુમારપાલ મહારાજાએ છન્નુ ક્રોડ સોનામહોરોનો ખર્ચ કર્યો. અને તે પ્રાસાદમાં અઢાર હજાર શ્રાવકોની સાથે સ્નાત્ર મહોત્સવ કરતા હતા. તે સ્નાત્ર વખતે ત્યાં આમ્રદેવ (અંબડ)

મંત્રી કુબેરદત્ત, તથા મંત્રીશ્વર ઉદાયન (ઉદા મહેતા) વગેરે મંત્રીઓ રાજાની સાથે ઉભા રહેતા હતા. એ સ્નાત્ર મહોત્સવમાં તેઓ વિધિની એટલે સ્નાત્રની ક્રિયામાં કોઇ પણ જાતની ન્યૂનતા (ઓછાશ) રાખતા નહિ. ૧૧૨

**બહુ સ્નાત્રિયા વાજિંત્રસાથે ગીત ગાતા નાચતા,**
**પ્રભુભકિત માંહે રમણ કરતાં સાત્ત્વિકાનંદી થતા;**
**આત્મિક રમણતા પામતા પુદ્ગલ રમણતા ઠેલતા,**
**આવો સમય મલજો ભવોભવ ભાવના ઇમ ભાવતા.૧૧૩**

**અર્થ:**—ત્યાં ઘણા સ્નાત્રીયા એટલે સ્નાત્ર ભણાવનારાઓ વિવિધ પ્રકારના વાજિંત્રો વગાડતા હતા. ગીત ગાતા હતા અને નૃત્ય કરતા હતા. એવી રીતે પ્રભુની ભકિતમાં રમણ કરતાં એટલે તલ્લીન બનતા સાત્વિકાનંદને પામતા હતા. જે આનંદ પ્રભુના ભક્તિભાવથી ઉત્પન્ન થાય છે, તે સાત્વિકાનંદ જાણવો, સાત્વિકાનંદી થઇને આત્મિક રમણતા પામતા હતા, જેની અંદર આત્માનાં જ્ઞાનાદિ ગુણોને વિષે રમણતા એટલે તલ્લીનતા હોય, તે આત્મિક રમણતા જાણવી, અને તેઓ આત્મિક રમણતાને પામીને પુદ્ગલ રમણતા ઠેલતા એટલે દૂર કરતા હતા. પુદ્ગલ એટલે જેનો પૂરણ ગલન અથવા મીલન વીખરણ ગુણ છે, જે અનિત્ય અને નાશવંત છે તેવા ધન, ધાન્ય, વસ્ત્રાદિકમાં જીવના જે પરિણામ વર્તે તે પુદ્ગલ રમણતા કહેવાય. જીવ જ્યારે પોતાના જ્ઞાનાદિક સ્વભાવમાં રમણતા કરે ત્યારે તેની પુદ્ગલ રમણતા નાશ પામે છે. અને આત્મિક રમણતા થવાથી સંવર અને નિર્જરા

થાય છે અને તે વખતે તે સ્નાત્રીયા વિચારે છે કે આવો ઉત્તમ અવસર અમને ભવોભવ મલજો. ૧૧૩

બાહડમંત્રિના તીર્થોદ્ધારાદિનું વર્ણન કરે છે:—

**વળી બારસો ને તેરમાં સિદ્ધાચલે ઉદ્ધારમાં,**
**મંત્રીશ બાહડ ક્રોડ બે સગ નેવું લખ રહી હર્ષમાં;**
**નિષ્ક ખર્ચે લાખ તેસઠ નિષ્કના ખરચે કરી,**
**રૈવતાચલ પગથિયાં બંધાવતા હોંશે કરી.૧૧૪**

**અર્થ**:—વિક્રમ સંવત બારસોને તેરની સાલમાં બાહડ નામના મંત્રીશ્વરે તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલના ઉદ્ધારમાં બે ક્રોડ અને સત્તાણુ લાખ સોના મહેરો ઘણા આનંદ પૂર્વક ખરચી. વળી રૈવતાચલ એટલે શ્રી ગિરનાર પર્વત ઉપર જવાનો રસ્તો કઠીન હોવાથી ત્રેસઠ લાખ સોના મહોરો ખરચીને ઘણા ઉલ્લાસ પૂર્વક પત્થરનાં પગથીયાં બંધાવ્યાં. ૧૧૪.

આભડ શ્રાવકે બંધાવેલા મંદિરોનું વર્ણન કરે છે:—

**ચોવીસ પ્રભુ પ્રાસાદ ચોવીસ શ્રાદ્ધવર પાટણતણા,**
**આભડ ગુણી બંધાવતા સાચા ધનિક એ ધર્મના;**
**લખ નેવું સોનામ્હોર સાતે ક્ષેત્રમાં તે વાપરે,**
**નહિ ભરોસો કાલનો ઇમ ભાવતાં ઢીલ ના કરે.૧૧૫**

**અર્થ**:—ગુજરાતની પ્રાચીન રાજધાની પાટણના ગુણવંત ઉત્તમ શ્રાવક આભડે શ્રી ઋષભાદિક ચોવીસ જિનેશ્વરોના ચોવીસ પ્રાસાદ એટલે દેરાં બંધાવ્યાં. એ પ્રમાણે જેઓ ધન ખરચે, તેઓ જૈન ધર્મના સાચા ધનવાન કહેવાય. તેમણે સાત ક્ષેત્રમાં નેવું

લાખ સોનામહોરો વાપરી અને કાલનો શો ભરોંસો ? એમ વિચારીને તે ધર્મ કાર્યોને સાધવામાં જરી પણ ઢીલ કરતા ન હતા. ૧૧૫

વળી વસ્તુપાલાદિના મંદિરાદિનું વર્ણન કરે છે:—

**વળી વસ્તુપાલ સુતેજપાલ જિનાલયો બંધાવતા,**
**તેમાં નવીન શતતેર જીર્ણોદ્ધાર બાવીસસો હતા;**
**જિનબિંબ લાખ સવા ભરાવ્યા આબુના જિન મંદિરો,**
**ક્રોડો તણા ખરચે કરાવે ઇમિ સુણી ધનમદ હરો.૧૧૬**

**અર્થ**:—મંત્રીશ્વર વસ્તુપાલ તથા તેમના ભાઈ તેજપાલ એ બંને ગુજરાતના મંત્રીઓએ શત તેર એટલે તેરસો મંદીરો તો નવાં બંધાવ્યાં. તથા બાવીસસો મંદીરોના જીર્ણોદ્ધાર કરાવ્યા. વળી સવા લાખ જિનબિંબ એટલે પ્રભુની પ્રતિમાઓ ભરાવી. આ કાર્યોમાં અઢળક દ્રવ્ય વાપર્યું. તથા આબુ ઉપર ક્રોડો રૂપીઆનો ખર્ચ કરીને સુંદર કારીગરીવાળા જિનમંદિરો બંધાવ્યા. જેની કારીગરી જોઈને આ જમાનાના મનુષ્યો પણ આશ્ચર્ય પામે છે. અને જેની કારીગરી જોવાને હજારો મનુષ્યો આ તીર્થને વિષે આવે છે. આ હકીકત સાંભળીને હે ધનવંતા ભવ્ય જીવો! તમે તમારા ધનના અભિમાનનો ત્યાગ કરો. અને સાતે ક્ષેત્રોમાં લક્ષ્મીને વાપરીને તમે તમારો માનવ જન્મ સફલ કરો. ૧૧૬.

દેરાણી જેઠાણીના ગોખલાનું વર્ણન કરે છે—

**વરબુદ્ધિ નારી અનુપમા મંત્રીશ વસ્તુપાલની,**
**તેમ લલિતા તેજપાલ તણી અડગ રૂચિ ધર્મની;**

**દ્રવ્ય અડદસ લાખ ખરચી ગોખ બેઉ કરાવતી,**
**દેરાણિ જેઠાણિ તણા શુભ ગોખલા કહે જનતતિ.૧૧૭**

**અર્થ**:—વસ્તુપાલ મંત્રીને ઉત્તમ બુદ્ધિવાળી અનુપમા દેવી નામે પત્ની હતી. તથા તેજપાલને લલિતાદેવી નામે પત્ની હતી. આ બંનેને ધર્મ ઉપર ઘણી શ્રદ્ધા હતી. આ દેરાણી જેઠાણીએ પણ અડદસ એટલે અઢાર લાખ દ્રવ્યનો ખર્ચ કરીને બે ગોખલા ઉત્તમ કારીગરીવાળા તૈયાર કરાવ્યા. જેની કારીગરી કોતરતાં પત્થરનો જેટલો ભુકો પડે તેટલી ચાંદી કારીગરોને આપવામાં આવતી હતી. આ બંને ગોખલાઓને જનતતિ એટલે માણસોનો સમૂહ **દેરાણી જેઠાણીના ગોખલા** આવા નામથી ઓળખે છે.

વસ્તુપાળ તેજપાળને દેરાસરમાં પૈસો વાપરવામાં પ્રેરણા કરનાર પણ આ અનુપમાદેવી જ હતી. જેની ટૂંક હકીકત આ પ્રમાણે—એક વખત બંને ભાઈઓ તેમની બંને પત્નીઓ સાથે ચતુર્વિધ સંઘ સહિત શ્રી શત્રુંજયની જાત્રા માટે નીકળ્યા છે. રસ્તે જતાં ચોરોના ભયને લઇને તેમને વિચાર થયો કે બધું દ્રવ્ય સાથે લઈ જવા કરતાં જરૂર પૂરતું દ્રવ્ય સાથે લઇને બાકીનું દ્રવ્ય કોઇ ન જાણે તે પ્રમાણે જમીનમાં દાટી દેવું. એવો વિચાર કરીને રાત્રીએ દ્રવ્ય અમુક જગ્યાએ દાટવા લાગ્યા. ખાડો ખોદતાં ભાગ્ય યોગે બીજું ઘણું ધન તે ઠેકાણેથી નીકળ્યું. બંને ભાઇઓ વિચારમાં પડયા કે આપણે આપણું દ્રવ્ય દાટવાનો વિચાર કરીએ છીએ, ત્યારે ઉલ્ટું આપણને બીજું દ્રવ્ય મળે છે. હવે આ નવા દ્રવ્યનું કરવું શું

આ બાબતમાં અનુપમાદેવીને પૂછ્યું ત્યારે તે કહેવા લાગી કે આમ ધનને જમીનમાં દાટવા કરતાં બધા લોકો જુએ તે છતાં ચોર પણ ચોરી ન જાય તેવી રીતે આ દ્રવ્યને પર્વત ઉપર વાપરો. એટલે કે આ દ્રવ્યનો તમે પર્વત ઉપર જિનમંદિરો બાંધવામાં સદુપયોગ કરો. જેથી કોઇ તેને ઉપાડી ન જાય. બંને ભાઇઓને આ વાત પસંદ પડી, તેથી બધું દ્રવ્ય આબુ વિગેરે તીર્થો ઉપર દેરાસર બંધાવવામાં વાપર્યું. ૧૧૭.

રાણકપુરના જિનાલયનું વર્ણન કરે છે:—

**ધનિ ધનાશા પોરવાડે તીર્થ રાણકપુર વિષે,**
**નલિનીગુલ્મ વિમાન સમ પ્રાસાદ બંધાવ્યો દીસે;**
**શહેર અમદાવાદના ગુણિ નગરશ્રેષ્ઠી જે હતા,**
**તેહ શાંતિદાસ બહુ જિન ચૈત્યને બંધાવતા.૧૧૮**

**અર્થ:**—ધની એટલે ધનવાન ધનાશાહ નામે પોરવાડ હતા. તેણે રાણકપુર નામના તીર્થને વિષે નલિનીગુલ્મ વિમાન સરખો પ્રાસાદ એટલે જિનાલય બંધાવ્યું. તે ઘણું શોભીતું છે. ગુજરાતની હાલની રાજધાની અમદાવાદ અથવા રાજનગરના ગુણવાન નગરશેઠ શાંતિદાસ નામે હતા જેમણે ઘણા પૈસા ખરચીને બહુ દેરાંઓ બંધાવ્યાં હતાં. ૧૧૮

આધુનિક મંદિર બંધાવનારાનાં દૃષ્ટાંતો ચાર શ્લોકમાં જણાવે છે:—

**હઠીસિંહ શેઠ વિશાલ વર બાવન જિનાલય ચૈત્યને,**
**તેમ જ રાજનગર તણી બંધાવતા ધરી હર્ષને;**

**બિંબ પ્રતિષ્ઠા પણ તિહાં બહુ દ્રવ્યના ખરચે કરી,**
**રંગે કરાવે જાણવી એની કમાણી શુભ ખરી.૧૧૯**

**અર્થ:**—તેજ અમદાવાદ શહેરના રહીશ શેઠ હઠીસિંહ કેસરીસિંહ નામના ઓશવાલ શેઠે રાજનગર એટલે અમદાવાદના દિલ્હી દરવાજાની બહાર ઘણું વિશાલ એટલે મોટું અને ફરતી બાવન દેરીઓ વડે શોભાયમાન એવું ઉત્તમ દેરાસર ઘણા ઉલ્લાસ પૂર્વક બંધાવ્યું. જે દેરાસર હાલ '**બહારની વાડીના દેરાસર**' તરીકે પ્રસિદ્ધ છે. વળી તે દેરાસરમાં ઘણા ધનનો વ્યય કરીને તેજ શેઠે શ્રી જિનબિંબની પ્રતિષ્ઠા ઘણા ઉમંગ પૂર્વક કરાવી- આવા ધાર્મિક કાર્યોમાં પોતાનો પૈસો વાપરનારની કમાણી ખરેખર ઉત્તમ ગણાય ૧૧૯

**મુજ પૂજ્ય ગુરૂવર નેમિસૂરિની દેશનાને સાંભલી,**
**પ્રાગ્વાટ મનસુખભાઇ શેઠે કલોલમાં ધન વાપરી;**
**મંદિર કરાવ્યું નિજ ગૃહે પણ સ્વપરના હિતકારણે,**
**તેમ જીર્ણોદ્ધાર પ્રમુખે વાપર્યું બહુ દ્રવ્યને.૧૨૦**

**અર્થ:**—મારા પરમ પૂજ્ય ગુરૂવર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરની દેશના એટલે ધર્મોપદેશ સાંભળીને પ્રાગ્વાટ એટલે પોરવાડ જ્ઞાતિના આભૂષણ સમાન દેવગુરૂધર્માનુરાગી દાનવીર શેઠ મનસુખભાઇ ભગુભાઈએ કલોલ નામના ગામની અંદર પોતાનું ધન વાપરીને મંદિર એટલે જિનાલય બંધાવ્યું. વળી પોતાના ઘર (બંગલા)માં પણ સ્વપરની એટલે પોતાના તેમજ પર (કુટુંબ)ના હિતની ખાતર દેરાસર બંધાવ્યું.

વળી તેમણે જીર્ણોદ્ધાર વગેરે ધાર્મિક કાર્યોમાં પણ પોતાનું ઘણું ધન વાપર્યું હતું. ૧૨૦.

**કદંબગિરિમાં શેઠ કર્માશા શ્રમણ પ્રભુવીરના,**
**શેઠ તારાચંદ ધરી આનંદ આદિ જિનેશના;**
**શેઠ માણેકલાલ અમદાવાદના નમિનાથના,**
**પ્રાસાદને બંધાવતા રંગે કરી શાસન તણા.૧૨૧**

**અર્થ:**—શ્રી શત્રુંજય તીર્થની પાસે આવેલા કદંબગિરિ તીર્થને વિષે કર્માશાહ નામના શેઠના સ્મરણાર્થે તેમની પુત્રી પુંજી બ્હેને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનો પ્રાસાદ એટલે દેરાસર બંધાવ્યું. જાવાલના તારાચંદ નામના શેઠે આનંદ પૂર્વક પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથનું દેરાસર બંધાવ્યું તથા અમદાવાદના શેઠ માણેકલાલ મનસુખભાઇએ જિનશાસનના રાગને લઇને એકવીસમા જિનરાજ શ્રી નમિનાથનું દેરાસર બંધાવ્યું. એ પ્રમાણે દેરાસર બંધાવનારા ભવ્ય જીવો શ્રી જૈનશાસનના પ્રભાવક કહેવાય. ૧૨૧.

**હઠીસીંહ કેસરીસિંહ પૌત્ર શ્રેષ્ઠિ દલપતભાઇના'**
**શ્રેયોઽર્થ લક્ષ્મીબાઇ તાલધ્વજ ઉપર શ્રીપાર્શ્વના;**
**પ્રાસાદને બંધાવતા રૂપિયા હજારો વાપરી,**
**બિંબ પ્રતિષ્ઠા પણ કરાવે પૂર્ણ શ્રદ્ધાને ધરી.૧૨૨**

**અર્થ:**—૧૧૯મા શ્લોકમાં જણાવેલા શેઠ હઠીસિંહ કેસરીસિંહના પૌત્ર શેઠ દલપતભાઈ મગનભાઇના શ્રેયોઽર્થ એટલે કલ્યાણના માટે તેમની સુપત્ની શેઠાણી લક્ષ્મીબાઇએ

શ્રી શત્રુંજય તીર્થની ટુંક (સજીવનકૂટ) ગણાતા શ્રી તાલધ્વજ (તલાજા) ગિરિને વિષે તેવીસમા શ્રી પાર્શ્વનાથ પ્રભુનું દેવાલય હજારો રૂપિઆ વાપરીને બંધાવ્યું. વળી પૂર્ણ શ્રદ્ધા પૂર્વક તે પાર્શ્વનાથ પ્રભુના બિંબની પ્રતિષ્ઠા પણ ઘણી ધામધુમપૂર્વક કરાવી. ૧૨૨.

જીર્ણોદ્ધારની બીના ત્રણ શ્લોકમાં જણાવે છેઃ—

**જીર્ણ મંદિરને ધનિક ધન વાપરી સમરાવતા,**
**કારીગરી જળવાય પ્રાચીન કીંમતી એવું થતાં;**
**પ્રાચીન વસ્તુ ટકે ઘણાં જન પૂજનાદિકને કરી,**
**પાવન કરે નરજન્મ પણ ઇણ જીર્ણ ઉદ્ધારે કરી.૧૨૩**

**અર્થ**:—ધનવાન ભવ્ય જીવો પોતાનું ધન વાપરીને જીર્ણ થએલા મંદિરને સમરાવે એટલે જરૂર સુધરાવે. કારણ કે જીર્ણ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવવાથી અત્યંત કિંમતી એવી પ્રાચીન કારીગરી સચવાય છે. તેમ પ્રાચીન એટલે જુની વસ્તુનો ટકાવ થાય છે. વળી તેનો થોડા ખરચે નાશ થતો અટકે છે. ઘણાં મનુષ્યો તેની પૂજા કરવાથી પોતાના મનુષ્ય ભવને પણ પવિત્ર કરે છે. માટે ધનવાનોએ પોતાના દ્રવ્યનો જીર્ણોદ્ધારમાં અવશ્ય ઉપયોગ કરવો જોઇએ. ૧૨૩.

**લાભ બીજા પણ કહ્યા વિસ્તારથી બહુ શાસ્ત્રમાં,**
**નવીન કરતાં આઠ ગુણ ફલ જીર્ણના ઉદ્ધારમાં;**
**તાત્પર્ય એનું ઇમ સમજ મંદિર ન હોવે જે સ્થલે,**
**બહુજનો પ્રભુભક્તિ આદિક ના કરે તેવા સ્થલે.૧૨૪**

અર્થ:—શાસ્ત્રમાં જીર્ણોદ્ધારના બીજા પણ ઘણા પ્રકારના લાભ જણાવ્યા છે એટલું જ નહિ પણ જે જીર્ણ એટલે જૂના દેરાસરનો ઉદ્ધાર કરાવે છે તેને નવીન દેરાસર બંધાવનારને જે ફળ થાય તે કરતાં આગળ કહેશે, તેવી અપેક્ષાએ કરીને આઠગણું અધિક ફળ (ફળ) મળે છે. એમ શ્રી શ્રાદ્ધવિધિ વિગેરેમાં કહ્યું છે. એનું તાત્પર્ય એટલે ભાવાર્થ એ છે કે–જે સ્થળે જિનમંદિર ન હોય તેવા સ્થાનને વિષે ઘણા મનુષ્યો પ્રભુની ભક્તિ વગેરે કરતા નથી. માટે જીર્ણોદ્ધાર કરવાની જરૂર છે. ૧૨૪

**પ્રાચીન તીર્થાદિક વિષે મંદિર નવીન બંધાવતાં,**
**બોધિલાભ પ્રમુખ લહે પુષ્કલ જનો ખૂશી થતાં,**
**આવા અનેક વિચારથી મંદિર નવાં બંધાવિએ;**
**એકાંત ના કદિ ખેંચીએ ને લાભ હાનિ વિચારિએ.૧૨૫**

અર્થ:—પ્રાચીન એટલે જૂનાં તીર્થાદિકને વિષે એટલે જે સ્થળે પ્રભુના કલ્યાણકાદિ થયાં હોય તેવા સ્થાનમાં નવાં દેરાસર બંધાવવાથી બોધિલાભ એટલે સમક્તિ વગેરે ઉત્તમ ગુણોને ઘણા ભવ્ય જીવો ખૂશી થતાં એટલે ઉમંગથી મેળવે છે. આવા અનેક એટલે ઘણા વિચારથી નવા મંદિરો એટલે દેરાસરો બંધાવીએ. અહીં કદાપિ એકાંત ખેંચવો નહિ એટલે જીર્ણોદ્ધાર જ કરાવવો અથવા નવીન દેરાસરજ કરાવવું, એવો એકાંત કદાગ્રહ ન કરવો. પરંતુ લાભ હાનિ એટલે જીર્ણોદ્ધારથી વધારે લાભ છે કે નવીન દેરાસર કરાવવાથી વધારે લાભ છે તેનો વિચાર જરૂર કરવો. એટલે ધનિક શ્રાવકોએ બંનેમાં ધન વાપરવું જોઇએ. ૧૨૫

જીર્ણોદ્ધાર કરાવનારના દૃષ્ટાંતો ત્રણ શ્લોકમાં જણાવે છે:—

**બહુ લાભ જીર્ણોદ્ધારમાં ઇમ જાણતાં નૃપ સંપ્રતિ,**
**સહસ નવ્યાશી જિનાલય ઉદ્ધરી લહે સદ્ગતિ;**
**ઇગકોડિ નિષ્કે ભૂપ વિક્રમ ગુરૂચરણને પૂજતા,**
**તેથી ઘણા પ્રાસાદનો ઉદ્ધાર તેહ કરાવતા.૧૨૬**

અર્થ:—જિનરાજના દેરાસરના જીર્ણોદ્ધારમાં ઘણો લાભ રહેલો છે, એવું જાણીને સંપ્રતિ રાજાએ નવ્યાસી હજાર જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને સદ્ગતિ મેળવી. વળી વિક્રમ રાજાએ એક ક્રોડ સોનામહોરો વડે પોતાના ગુરૂ મહારાજના ચરણ કમલની પૂજા કરી. અને તે દ્રવ્ય વડે તેમણે ઘણાં જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ૧૨૬

**આમ રાજા સો જિનાલય ઉદ્ધરે તિમ સોલસો,**
**શ્રાદ્ધ ભૂપ કુમારપાલ સુવસ્તુપાલ દુવીસસો;**
**વાગ્ભટ્ટ સિદ્ધાચલ તણા ઉદ્ધારની આદિ કરે,**
**તેવા પ્રસંગે અન્યની જિમ ભીમ મૂંડી વાપરે.૧૨૭**

અર્થ:—આમ નામના રાજાએ એકસો જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમજ ગુજરાતના રાજા કુમારપાલ મહારાજે સોલસો જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તથા વસ્તુપાલ મંત્રીશ્વરે દુવીસસો એટલે બાવીસસો જિનાલયનો ઉદ્ધાર કરાવ્યો. વળી વાગ્ભટ્ટ મંત્રીએ શ્રી સિદ્ધાચળ તીર્થના ઉદ્ધારની શરૂઆત કરાવી. તે પ્રસંગેની અનુમોદના કરીને બીજા શ્રાવકોની માફક ભીમ નામના શ્રાવકે પણ પોતાની ઘણી મુંડી વાપરી. ૧૨૭

**તેના પ્રતાપે નિધિ લહે તિમ શકુનિકા પ્રાસાદનો,**
**અંબડ કરે ઉદ્ધાર કરીને ખર્ચ પુષ્કલ દ્રવ્યનો;**
**શેઠ જમનાભાઇ માણેકલાલ મનસુખભાઇએ,**
**ઉદ્ધર્યા પ્રાસાદ માતરસ્તંભ તીર્થાદિક વિષે.૧૨૮**

**અર્થ:**—તે જીર્ણોદ્ધારના પ્રતાપથી તે ભીમ શ્રાવકે નિધિ એટલે ભંડાર મેળવ્યો. તેવીજ રીતે અંબડે શકુનિકા પ્રાસાદનો ઘણા ધનનો ખરચ કરી ઉદ્ધાર કરાવ્યો. વળી અમદાવાદના શેઠ જમનાભાઇ ભગુભાઇએ અને શેઠ માણેકલાલ મનસુખભાઇએ અનુક્રમે માતર તીર્થનો તથા સ્તંભતીર્થાદિક એટલે ખંભાત વગેરેનાં જિનાલયોનો હજારો રૂપીઆ ખરચીને જીર્ણોદ્ધાર કરાવ્યો.

આ પ્રમાણે નવીન દેરાસર બંધાવવાનું તથા જીર્ણોદ્ધાર કરાવવાનું વિસ્તારથી વર્ણન કર્યું તે એમ જણાવવાને માટે કે જો કે ધન અનિત્ય–અસ્થિર–ચંચળ છે. તે છતાં તેની સામગ્રી જેને મળી હોય તે જો ઉપર કહ્યાં તેવાં ધાર્મિક કાર્યોમાં તેનો ઉપયોગ કરે તો ઘણા સારા ફળને મેળવે છે. ૧૨૮

હવે શ્રુતજ્ઞાન લખાવવામાં લક્ષ્મી વાપરવી; એમ જણાવતાં આગમનો મહિમા જણાવે છે:—

**આગમ અશુભ ભાવો હઠાવે તિમ જણાવે વસ્તુને,**
**દીપ સુરતરૂ દીપ જેવો સુલભ ના એ સર્વને;**
**આગમ પ્રમાણે દેવ ગુરૂ ને ધર્મ નિર્ણય ધારિએ,**
**આગમ તણા બહુમાનથી દેવાદિ બહુમત જાણિએ.૧૨૯**

**અર્થ:**—આગમ એટલે જિનેશ્વરે પ્રરૂપણા કરેલ

સિદ્ધાન્ત અશુભ ભાવોને એટલે આર્ત તથા રૌદ્ર ધ્યાનના પરિણામોને દૂર કરે છે, તેમજ વસ્તુને એટલે જીવ અજીવ વગેરે દ્રવ્યોને જણાવે છે. એટલે સિદ્ધાન્ત દ્વારાએ છ એ દ્રવ્યાદિ પદાર્થોનું સ્વરૂપ સમજાવે છે. આ સિદ્ધાન્તને દ્વીપની, સુરતરૂ એટલે કલ્પવૃક્ષની તથા દીપ એટલે દીપકની ઉપમા શાસ્ત્રમાં આપેલી છે. વળી આ આગમ બધાને સહેલાઇથી મળી શકે તેવો નથી. આ આગમને દ્વીપની ઉપમા આપવાનું કારણ એ છે કે જેમ સમુદ્રમાં ડૂબતા માણસને દ્વીપ (બેટ) આધાર રૂપ થાય છે તેમ આ સંસાર રૂપ સમુદ્રમાં ડૂબતા જીવોને આગમ આધાર રૂપ થાય છે. વળી સિદ્ધાન્તને કલ્પવૃક્ષ સમાન કહેવાનું કારણ એ કે જેમ કલ્પવૃક્ષ મનોવાંચ્છિત આહારાદિ વસ્તુ આપે છે, તેમ સિદ્ધાન્ત પણ મુમુક્ષુ જીવોએ ઇચ્છેલાં જ્ઞાનાદિ અથવા મોક્ષ આપે છે. તથા સિદ્ધાન્તને દીપકની ઉપમા એ કારણથી આપવામાં આવે છે કે જેમ દીપક વડે અંધારામાં રહેલી વસ્તુ દેખી શકાય છે. તેમ સિદ્ધાન્ત રૂપી દીપકથી પણ વસ્તુઓનું યથાર્થ સ્વરૂપ જાણી ( દેખી ) શકાય છે. આ આગમના પ્રમાણથી સુદેવ અને કુદેવ, સુગુરૂ અને કુગુરૂ તથા સુધર્મ અને કુધર્મના સ્વરૂપનો નિર્ણય કરી શકાય છે. વળી આ આગમ ઉપર બહુમાન એટલે ભક્તિભાવ રાખવાથી દેવ ગુરૂ ધર્મનું પણ બહુમાન જળવાયું એમ સમજવું. ૧૨૯

**શ્રેષ્ઠ કેવલનાણથી પણ શ્રુત અધિક પ્રામાણ્યથી,**
**ઉપયોગવંત અશુદ્ધ લ્યે કદિ તે ખવાય જિનેશથી;**

**તેમ ન કરે તો ઠરે શ્રુત અપ્રમાણ વળી હુવે,**
**ભવનાશકારક એક પણ આગમ વચન જો પરિણમે.૧૩૦**

અર્થ:—સર્વ જ્ઞાનોમાં કેવલજ્ઞાન શ્રેષ્ઠ કહ્યું છે. તેથી પણ અપેક્ષાએ શ્રુતજ્ઞાન શ્રેષ્ઠ ગણાય છે. કારણ કે કેવલી ભગવંતો પણ શ્રુતજ્ઞાનને પ્રમાણ તરીકે સ્વીકારે છે, તે આ પ્રમાણે-શ્રુતોપયોગી એટલે શ્રતજ્ઞાનના ઉપયોગવંત મુનિ કદાચ પોતાને શુદ્ધ જણાય તે છતાં કેવલીની દૃષ્ટિએ અશુદ્ધ હોય તેવો આહાર ગ્રહણ કરે તો પણ તે કેવલજ્ઞાની વાપરે (ખાય) છે. કારણ કે જો તે પ્રમાણે કરવામાં ન આવે તો શ્રુતજ્ઞાન અપ્રમાણ છે એમ સાબીત થાય. વળી આગમનું એક પણ વચન જો યથાર્થપણે પરિણમે એટલે સમજીને તે પ્રમાણે વર્તન કરવામાં આવે તો તે ભવનાશકારક એટલે સંસારનો નાશ કરનારૂં થાય છે. ૧૩૦

**સિદ્ધિ લહ્યા જીવો અનન્તા એક સામાયિક પદે,**
**આગમ તણી શ્રદ્ધાબલે કલ્યાણ હોય પદે પદે;**
**પ્રવચન તણા અભ્યાસથી અદૃષ્ટ અર્થ પ્રમાણિએ,**
**વિચ્છિન્ન હાલ જણાય તેમાં કાલ દોષ વિચારિએ.૧૩૧**

અર્થ:—સિદ્ધાન્તની અંદર આવેલા એક સામાયિક (કરેમિભંતે વગેરે) પદ વડે પણ અનન્તા જીવો સિદ્ધિ પદને પામ્યા છે. કારણ કે આગમ એટલે સિદ્ધાન્તની ઉપર શ્રદ્ધા રાખીએ તો તેના દરેક પદ વડે કલ્યાણ (આત્મહિત) થાય છે. આ આગમનો અભ્યાસ કરવાથી અદૃષ્ટ અર્થ એટલે

નહિ દેખાતાં દ્રવ્યોને પણ પ્રમાણિએ એટલે શ્રદ્ધાપૂર્વક જાણી શકીએ છીએ. હાલ જો કે સિદ્ધાન્તનો ઘણો ભાગ વિચ્છિન્ન થયો છે, તેમાં હાલના અવસર્પિણીના પાંચમા દુઃખમ નામના આરાનો દોષ છે એમ વિચારવું. ૧૩૧

**આ કારણે નાગાર્જુનાદિક પુસ્તકે તે થાપતા,**
**ઇમ વિચારી લખાવતા શ્રાવક નિરંતર પૂજતા;**
**તેમ કરતાં દુર્ગતિને ટાળતા મૂગાપણું,**
**ના પામતા અંધાપણુંને જડ પણું મતિહીન પણું. ૧૩૨**

અર્થ:—આ કારણથી એટલે આ અવસર્પિણી કાલમાં માણસોનાં બુદ્ધિ બલ વગેરે ઘટતાં હોવાથી શ્રી નાગાર્જુન સ્કંદિલાચાર્ય વિગેરે મહાપુરૂષોએ તે સિદ્ધાન્તનો જેટલો ભાગ મોઢે હતો તે પુસ્તકે સ્થાપ્યો એટલે તાડપત્ર તથા પાનાંને વિષે લખાવ્યો. એ પ્રમાણે લખાવવાથી સિદ્ધાન્તનો નાશ થતો બચ્યો. એવું વિચારીને શ્રાવકો પણ પુસ્તકો લખાવે છે. અને તે પુસ્તકારૂઢ આગમનું હંમેશાં પૂજન પણ કરે છે. આ પ્રમાણે આગમની ભક્તિ કરવાથી શ્રાવકો નરકાદિ દુર્ગતિને દૂર કરે છે. તેમજ મુંગાપણું અથવા બોબડાપણું અને તોતડાપણું નાશ પામે છે. વળી આગમભક્તિ કરનારા શ્રાવકો આંધળાપણું, જડપણું એટલે અજ્ઞાન અને મતિહીનપણું એટલે બુદ્ધિરહિતપણું પણ પામતા નથી. ૧૩૨

**આવરણ ક્ષય ઉપશમ લહી સવિ શાસ્ત્રને અવધારતા,**
**સર્વભાવ પ્રકાશતા ને મુક્તિપદ પણ પામતા;**

પાઠકતણું વસ્ત્રાદિથી સન્માન કરતાં ભક્તિથી,
સર્વજ્ઞ પદવી પામીએ મેં એમ જાણ્યું શાસ્ત્રથી.૧૩૩

**અર્થ**:—આવરણ એટલે જ્ઞાનાવરણી કર્મનો ક્ષય ઉપશમ એટલે ક્ષયોપશમ પામી સર્વ શાસ્ત્રનો નિર્મલ અભ્યાસ કરે છે. તેથી સર્વ ભાવો એટલે પદાર્થોનું અથવા અવસ્થાઓનું સ્વરૂપ પ્રગટ જણાવે છે. અને બીજા ભવમાં નિર્વાણ એટલે મોક્ષ પણ મેળવે છે. વળી જેઓ પાઠકતણું એટલે વિદ્યાગુરૂનું વસ્ત્ર વગેરેથી ભક્તિપૂર્વક સન્માન કરે છે, તેઓ સર્વજ્ઞ પદવીને પામે છે એ પ્રમાણે મેં શ્રી જૈનેન્દ્ર શાસ્ત્રથી જાણ્યું છે. ૧૩૩

બહુ માનથી નિર્મલ ધને હુંશિયાર લેખકની કને,
શ્રી તાડકાગદ પ્રમુખમાં અંગાદિ ઉત્તમ શાસ્ત્રને;
ચોખ્ખા લખાવી વાંચવા સંવિગ્ન ગુણિ ગીતાર્થને.
બહુમાન ધરીને આપિએ સુણિએ વિધાને પૂજીને.૧૩૪

**અર્થ**:—બહુ માન પૂર્વક હોંશિયાર સારા અક્ષર લખનાર લેખક એટલે લહીયાની પાસે તાડપત્ર તથા કાગળ વગેરેને વિષે શ્રી આચારાંગ વગેરે અંગો અને ઉપાંગો રૂપ શ્રી જિનરાજ પ્રણીત ઉત્તમ શાસ્ત્રોને લખાવવાં. એ રીતે પોતાના નિર્મલ એટલે ન્યાયથી ઉપાર્જન કરેલા ધનનો ઉપયોગ કરવો, અને એ પ્રમાણે ચોખ્ખા એટલે શુદ્ધ લખાવીને સંવિગ્ન એટલે વૈરાગ્યવાન અને ગુણવાન ગીતાર્થને એટલે સૂત્ર અર્થના યથાર્થ જાણકાર ગુરૂને શ્રાવકોએ બહુમાનથી

વહોરાવવાં. અને વિધાને એટલે વિધિપૂર્વક પૂજીને વિનયથી સાંભળવાં. ૧૩૪

**અંગ પેથડ સાંભળે શ્રી ધર્મઘોષસૂરિ કને,**
**ગોયમા પદ મ્હોર મૂકે પંચમાંગે પૂજને;**
**છત્રીસ સહસ તે દ્રવ્યથી આગમ સમસ્ત લખાવતા,**
**ભરૂચાદિ ક્ષેત્રે જ્ઞાનના ભંડાર સાત કરાવતા.૧૩૫**

**અર્થ:**—શ્રી ધર્મઘોષ નામના આચાર્ય મહારાજની આગળ પેથડકુમાર જ્યારે પાંચમું અંગ સાંભળે છે તે વખતે તે પંચમાંગે એટલે શ્રી ભગવતી સૂત્રમાં જ્યારે 'ગોયમા' પદ આવે ત્યારે તે પદની પૂજામાં સ્થિર મનથી એક એક સોનામહોર મૂકે છે. તે 'ગોયમા' પદ સાંભળીને મૂકેલી ૩૬ હજાર સોનામહોરોથી સમસ્ત એટલે સઘળાં આગમને લખાવ્યાં. તથા ભરૂચ વગેરે સાત ક્ષેત્રોને વિષે જ્ઞાનના સાત ભંડારો કરાવ્યા. ૧૩૫

**વળી શ્રાદ્ધભૂપ કુમારપાલ છ લાખ અધિકા શાસ્ત્રની.**
**પ્રતિઓ કરી પ્રત્યેકની ઇગવીસ ગુરૂકૃત શાસ્ત્રની,**
**ત્યાં સાતસો લહીયાકને જ લખાવીને નિધિ નાણના;**
**ઇગવીસ કરાવે એહ સાચા ભક્તિરંગી જ્ઞાનના.૧૩૬**

**અર્થ:**—વળી શ્રદ્ધાવંત પરમ શ્રાવક કુમારપાલ રાજાએ આગમાદિ શાસ્ત્રોની છ લાખ અધિક ( ૬ લાખ ૩૬ હજાર ) પ્રતો લખાવી, તેમાં દરેક આગમની સાત સાત પ્રતો સોનાની લખાવી, અને ગુરૂ શ્રી હેમચન્દ્રાચાર્યે સાડા ત્રણ ક્રોડ શ્લોક

પ્રમાણ વ્યાકરણ આદિ સર્વ શાસ્ત્રો બનાવ્યાં, તે વ્યાકરણ આદિકની દરેકની એકવીસ એકવીસ પ્રતિઓ લખાવી. એ સર્વ પ્રતિઓ સાતસો લહીયા રાખીને તેમની પાસે લખાવી. અને નાણુના-જ્ઞાનના એકવીસ નિધિ-ભંડાર કરાવ્યા, માટે એ પ્રમાણે જે શ્રાવકો જ્ઞાનની ભક્તિ કરે તેજ જ્ઞાનના સાચા ભક્તિરાગવાળા જાણવા. ૧૩૬

**મતિમંદતાના કારણે પુસ્તક વિના ચાલે નહિ,**
**તે કારણે શ્રાવક લખાવે શાસ્ત્ર એ સંગત સહી;**
**આ જ્ઞાનથી પ્રતિમા મહત્તા દાનશાલા ધર્મની.**
**ભંડાર વિદ્વત્તા મળે જો ભક્તિ કરીએ જ્ઞાનની.૧૩૭**

અર્થ:—આ પાંચમા દુઃખમ નામના આરામાં મતિમંદતા એટલે બુદ્ધિની ઓછાશથી પુસ્તક વિના ચાલતું નથી. તે કારણથી શ્રાવકો શાસ્ત્ર લખાવે તે વ્યાજબીજ છે. આ શ્રુત જ્ઞાનથી પ્રતિમા મહત્તા એટલે પ્રતિમાનું માહાત્મ્ય સમજાય છે. તથા જ્ઞાન ભંડાર એ ધર્મની દાનશાળા સમાન છે. કારણ કે તેથી જૈનધર્મ અને આત્મતત્વ વિગેરે પદાર્થો સંબંધી જ્ઞાન મેળવી શકાય છે. તેમજ જ્ઞાનની સાચી ભક્તિ કરવાથી વિદ્વત્તા (પંડિતાઇ) પ્રાપ્ત થાય છે. ૧૩૭

**ઇમ સાંભળી શ્રી વસ્તુપાલ અઢાર કોડી દ્રવ્યને,**
**વાપરી ત્રણ નિધિ કરાવે જ્ઞાનમાં ધરી નેહને;**
**શેઠ આભૂ વાપરી ત્રણકોડિ ધન સવિ સૂત્રની.**
**એકેક પ્રત સોનેરી સહીથી ઘણી પ્રતો પરગ્રંથની.૧૩૮**

**અર્થ**:—એ પ્રમાણે જ્ઞાનની મહત્તા સાંભળીને શ્રી વસ્તુપાલ મન્ત્રીશ્વરે અઢાર ક્રોડ પ્રમાણ દ્રવ્ય ખરચીને જ્ઞાનમાં નેહ એટલે સ્નેહ ધારણ કરીને ત્રણ જ્ઞાનભંડારો કરાવ્યા. વળી આભૂ શેઠે ત્રણ ક્રોડ ધન વાપરીને સર્વ સૂત્રની એટલે સર્વ આગમોની એક એક પ્રત સોનેરી અક્ષરે લખાવી. તથા તેણે પર ગ્રંથની એટલે બીજા ગ્રંથોની પણ ઘણી પ્રતો લખાવી. ૧૩૮

સાત ક્ષેત્રોમાં અનિત્ય લક્ષ્મી વાપરવાનું જણાવે છે:—

**શુભ સાધુ સાધ્વી શ્રાવકો તિમ શ્રાવિકા શ્રી સંઘએ**
**ત્યાં શ્રેષ્ઠસંયમ સાધનારા સાધુ સાધ્વી જાણિએ;**
**ધનવાન અશનાદિક દવા ધર્મધ્વજાદિક પાતરાં,**
**દાંડા પ્રમુખ મુનિને દીએ નહિ શક્તિ છૂપાવે જરા.૧૩૯**

**અર્થ**:—ઉત્તમ સાધુ, સાધ્વી, શ્રાવકો તથા શ્રાવિકા એ ચારને ચતુર્વિધ સંઘ કહેલ છે. તેમાંથી સંયમ એટલે ચારિત્રને સાધનારા સાધુ અને સાધ્વીને શ્રેષ્ટ જાણવા. કારણ કે તેઓએ પાપવાળા બધા વ્યાપારનો ત્યાગ કર્યો છે. માટે પોતાથી શ્રેષ્ટ એવા સાધુ સાધ્વીને–ધનવાન શ્રાવકોએ અશનાદિક એટલે આહાર, પાણી, ખાદિમ તથા સ્વાદિમ, આપવા. વળી કોઈને દવાની જરૂર હોય તો દવા આપવી. તથા ધર્મની ધ્વજા રૂપ ઓઘો પાતરાં, દાંડા વગેરે પોતાની શક્તિ પ્રમાણે આપે. તેમાં જરા પણ શક્તિ છુપાવે નહિ. એટલે શક્તિ પ્રમાણે મુનિને ઉપકરણો આપે, પરન્તુ છતી શક્તિએ સુપાત્રદાનની ઉપેક્ષા (અવગણના) ન કરે ॥ ૧૩૯ ॥

સાધુની ભક્તિ કઇ રીતે કરવી? તે જણાવે છે:—

**શુભ દ્રવ્ય ક્ષેત્રાદિક વિચારી આશ્રયાદિક આપતા,**
**ચારિત્ર લેવા સજ્જ પુત્રાદિક વળી વ્હોરાવતા;**
**મુનિ જેમ સંયમ સાધના સાધી શકે તેવું કરે,**
**તો ધનિક શ્રાવક નિશ્ચયે શિવસંપદા વેગે વરે.૧૪૦**

**અર્થ**:—વળી શ્રાવકે સારા દ્રવ્ય, ક્ષેત્ર વગેરેનો વિચાર કરીને મુનિરાજને ઉતરવા માટે મકાન વગેરેમાં આશ્રય આપવો. તથા અનુક્રમે ચારિત્ર લેવાને સજ્જ એટલે તત્પર થયેલા એવા પોતાના પુત્ર વિગેરે તેમને વ્હોરાવવા. વળી જે સ્થાને ઉતારો આપ્યો હોય ત્યાં મુનિરાજને સંયમ સાધના એટલે ચારિત્ર સાધવામાં અડચણ ન પડે પણ યોગ્ય અનુકૂળતા થાય તેવી વ્યવસ્થા કરી આપવી. આ પ્રમાણે જો ધનવાન શ્રાવક મુનિની ભક્તિ સાચવે તો તે જલ્દી શિવસંપદા એટલે મોક્ષ સુખ મેળવે. ૧૪૦.

સાધ્વીની ભક્તિ કરવાનો વિધિ જણાવે છે:—

**તિમ વારવા મુનિ નિંદકોને સજ્જ રહે શક્તિ છતાં,**
**એવી રીતે સાધ્વી તણી પણ ભક્તિને ના ભૂલતા;**
**અશનાદિને વ્હોરાવતા કરજોડિ સાતા પૂછતા,**
**એ મુનિ પથના બેઉ સાધક એમ પ્રતિદિન ભાવતા.૧૪૧**

**અર્થ**:—ઉત્તમ શ્રાવકો મુનિ નિંદકો એટલે મુનિરાજની નિન્દા કરનારને પોતાની શક્તિ પ્રમાણે વારવાને એટલે રોકવાને તત્પર રહે. આ પ્રમાણે ધનિક શ્રાવક મુનિ-

રાજની ભક્તિ કરે તે સાથે એ સાધુ મહારાજની કહેલી ભક્તિ પ્રમાણે સાધ્વી વર્ગની એટલે સાધ્વીઓના સૂમૂહની પણ ભક્તિને ભૂલે નહિ. તેમને પણ અશનાદિક તથા સંયમના ઉપકરણો વ્હોરાવવા. બંને હાથ જોડી સુખશાતા પૂછવી. અને દરરોજ એવી ભાવના ભાવે કે સાધુ મુનિરાજ તથા સાધ્વીજી એ બંને મુક્તિપથના એટલે મોક્ષ માર્ગના સાધનારા છે. માટે હે જીવ? તે બંનેની તું જરૂર ભક્તિ કરજે. ૧૪૧

**વળી ઉતરવાને ઉચિત ઘર નિજગેહ પાસે દીજીએ,**
**નાસ્તિક દુરાચારી ન ફાવે એજ મુદ્દો જાણિએ;**
**સ્ત્રી વર્ગ પાસે તેમની ભલી ભક્તિ નિત્ય કરાવિએ,**
**પરિવાર પણ જિન ધર્મ રંગી થાય એવું યોજીએ.૧૪૨**

**અર્થ:**—વળી સાધ્વીજીને ઉતરવાને માટે પોતાના ઘર પાસે ઉચિત ઘર એટલે જ્યાં સાધ્વીઓની મર્યાદા સચવાય તેવું સ્થાન આપીએ. અહીં મુખ્ય મુદ્દો એ ધ્યાનમાં રાખવાનો કે નાસ્તિક તથા દુરાચારી એટલે ખરાબ આચારણવાળા પોતાનો દુષ્ટ હેતુ સાધવામાં ફાવી ન જાય. વળી સ્ત્રી વર્ગ એટલે પોતાના ઘરનાં બૈરાં (માતા, બહેન, પુત્રી સ્ત્રી વગેરેની) પાસે હંમેશાં તેમની સારી રીતે ભક્તિ કરાવીએ. તથા શ્રાવકે પોતાના પુત્ર, પુત્રી વગેરે પરિવાર પણ જિન ધર્મ રંગી એટલે જિન ધર્મને વિષે રાગવાળો થાય તેવી યોજના કરીએ. ૧૪૨

**ચારિત્ર લેવા સજ્જ પુત્રી આદિ ઝટ વ્હોરાવીએ,**
**ને સ્મારણાદિક સાધને નિજ માર્ગમાં થિર કીજીએ;**

**પુત્રાદિથી પણ અધિક આ બે એમ નિશ્ચય માનીએ,**
**અહિં શાલિભદ્રાદિકતણાં દૃષ્ટાંત બહુ સંભારીએ.૧૪૩**

**અર્થ**:—ચારિત્ર લેવાને સજ્જ એટલે સાધ્વીજીની પાસે દીક્ષા લેવાને તત્પર એવી પોતાની પુત્રી વગેરેને જલ્દી વહોરાવવી. અને સાધુ સાધ્વીને સ્મારણાદિક એટલે તેમના માર્ગનું સ્મારણા-**સ્મરણ કરાવવું** વગેરે સાધન વડે નિજ માર્ગમાં એટલે પોતાના મુનિ માર્ગમાં થિર એટલે નિશ્ચલ કરવા. આ બે એટલે સાધુ તથા સાધ્વીજી પુત્ર, પુત્રી વગેરેથી પણ અધિક છે એમ નક્કી માનવું. આ મુનિભક્તિને વિષે શ્રી શાલિભદ્ર વગેરેનાં ઘણા દૃષ્ટાન્તો સંભારવાં. ૧૪૩

ત્રણ શ્લોકમાં શ્રાવકાદિની ભકિત કરવાનું જણાવે છેઃ—

**શ્રાવક તણા સાધર્મિ શ્રાવક શ્રાવિકા અવધારિએ,**
**બહુ લાભદાઈ સંગ પણ સાધર્મિનો ના ભૂલીએ;**
**તસ ઉચિત ભક્તિ લાભ અધિકો આપતી અચરિજ નહી**
**સાધર્મિની સાચી સગાઈ પ્રભુ તણા શાસ્ત્રે કહી.૧૪૪**

**અર્થ**:—શ્રાવકે પોતાના સાધર્મિક (સમાન ધર્મી) શ્રાવક તથા શ્રાવિકા અવધારીએ એટલે જાણવા એ સાધર્મિકનો સંગ-મેળાપ ઘણો લાભ આપનાર છે તે વાત ભૂલવી નહિ. કારણ કે સાધર્મિકને ધર્મ કાર્ય કરતાં જોઈને આપણને પણ ધર્મ કાર્ય કરવામાં પ્રેરણા મળે છે. માટે સાધર્મિકની કરેલી યોગ્ય ભક્તિ આધકો લાભ આપે છે તેમાં જરા પણ આશ્ચર્ય નથી. અને આથી જ કરીને પ્રભુના

શાસ્ત્રમાં સાધર્મિકની સગાઇને સાચી સગાઈ કહી છે. કારણ કે આ સગાઇ જીવને ઉચ્ચ સ્થિતિએ ચઢાવવામાં હેતુ રૂપ બને છે. જે સંસારની સગાઇ તે તો સ્વાર્થની સગાઈ છે. ૧૪૪

**પુત્રાદિના જન્મોત્સવે લગ્નાદિમાં ધરી હર્ષને,**
**કરીને નિમંત્રણ ભૂષણાદિક આપવા સાધર્મિને;**
**નિજ સંપદાના ભોગથી પણ તેમનાં દુઃખ ટાલીએ,**
**લક્ષ્મી જતાં તનમન ધને તસ પૂર્વ ભૂમિ પમાડીએ.૧૪૫**

**અર્થ**:—પુત્ર વગેરેના જન્મ મહોત્સવના પ્રસંગમાં, તેમજ લગ્ન વિગેરે વ્યવહારના પ્રસંગે પણ સાધર્મિક ભાઈને હર્ષ પૂર્વક નિમંત્રણ કરવું તેમજ તેમને ઘરેણાં વસ્ત્ર વગેરે આપવાં. અને પોતાના ધનના ભોગે પણ સાધર્મિક ભાઇના દુઃખ દૂર કરવાં. સાધર્મિક ભાઇ પાપના ઉદયે તેની લક્ષ્મી જતી રહેવાથી ગરીબ થઇ ગયો હોય તો તેને તેની પ્રથમની અવસ્થા પ્રાપ્ત કરાવવા માટે પોતાના તન મન અને ધનથી બની શકે તેટલો પ્રયત્ન કરવો. તે તરફ બેદરકારી રાખવી નહિ. ૧૪૫

**વળી ધર્મમાં સીદાય તો દૃઢ કીજીએ સાધન બલે,**
**સ્મારણાદિક યોજીએ તિમ જિમ પ્રમાદ બધો ટલે;**
**વ્રત પૌષધાદિક ઉચિત પૌષધશાલ પ્રમુખ કરાવીએ**
**જ્યાં દેશનાદિક લાભ પુષ્કલ એમ કરતાં પામીએ.૧૪૬**

**અર્થ**:—વળી જો સાધર્મિક ભાઈ ધર્મ કરવામાં સીદાતો હોય એટલે ધાર્મિક કાર્યોમાં બેદરકાર રહેતો હોય

અથવા પ્રમાદ સેવતો હોય તો તેને સ્મારણાદિકે યોજીએ એટલે સ્મારણા, વારણા વગેરે સાધનો વડે તેને ધર્મ કાર્યમાં જોડીએ. સ્મારણા એટલે સંભારી આપવું કે હે ભાઇ! આ ધર્મ કાર્ય અવશ્ય કરવું જોઇએ. આ કાર્યમાં બેદરકારી કરવી યોગ્ય નથી. તથા વારણા એટલે કોઇક અયોગ્ય કાર્ય કરતો હોય તેને કહેવું કે આ કાર્ય આપણા જેવા ધર્મી જીવોથી ન થાય. એટલે આવું કાર્ય આપણને શોભે નહિ. એમ સમજાવીને તે કાર્ય કરતાં રોકે એ પ્રમાણે ચોયણા એટલે ધર્મ કાર્ય માટે મીઠાશથી એકવાર પ્રેરણા કરવી અને પ્રતિચોયણા એટલે કઠોર શબ્દથી પણ વારંવાર ધર્મ કાર્ય કરવામાં પ્રેરણા કરવી, એવી રીતે તેનો બધો પ્રમાદ-આળસ દૂર થાય તેમ યત્ન કરવો. એ પ્રમાણે સાધર્મિક ભક્તિની બીના જણાવી હવે પૌષધશાળાની બીના શરૂ થાય છે તે આ પ્રમાણે— પૌષધાદિક વ્રત એટલે પૌષધ, પ્રતિક્રમણ વગેરે ધર્મ કાર્યને ઉચિત પૌષધશાલા વગેરે કરાવવાં. કારણ કે એ પ્રમાણે પૌષધશાલા કરાવવાથી તે સ્થળે ગુરૂ મહારાજ ધર્મોપદેશ વગેરે આપે તેથી ઘણા જીવોને અને પોતાને ઘણો લાભ થાય. ૧૪૬

પૌષધ શાલા શી વસ્તુ છે? તે જણાવે છે:—

**જે પુણ્ય કેરૂં હાટ પૌષધશાલ શ્રાદ્ધ ઘરાક એ,**
**જે ક્રમેજ અનન્ત લાભ દિએ વ્રતાદિ પુણ્ય તે;**
**ખરીદતાં જિમ સ્નેહિને પણ યુદ્ધમતિ કુરૂક્ષેત્રમાં,**
**અધમને પણ ધર્મ બુદ્ધિ તેમ પૌષધશાલમાં.૧૪૭**

**અર્થ**:—પૌષધશાલાને પુણ્યના હાટની ઉપમા આપી

છે. તે પુણ્ય રૂપી હાટનો શ્રાદ્ધ એટલે શ્રાવક ઘરાક છે. તે પૌષધશાલામાંથી વ્રતાદિ એટલે પૌષધ સામાયિક, પ્રતિક્રમણ રૂપી પણ્ય એટલે કરિયાણાં ખરીદે છે. ( ધર્મકાર્યો કરે છે. ) તે ધર્મકાર્યો અનુક્રમે અનન્ત લાભ આપે છે. અને જેવી રીતે સ્નેહીને પણ કુરૂક્ષેત્રમાં યુદ્ધમતિ એટલે લડવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે તેવી રીતે અધમ એટલે ધર્મ રહિતને પણ પૌષધશાલામાં જતાં ધર્મ કરવાની બુદ્ધિ જાગ્રત થાય છે. કારણ કે આવી ભાવના થવામાં તે સ્થળનું શુદ્ધ વાતાવરણ મુખ્ય કારણ છે. ૧૪૭

પૌષધશાલા બંધાવનાર ભવ્ય જીવોનાં નામ જણાવે છેઃ—

**સિદ્ધિ લલના પામવા વરમાલ પૌષધશાલ એ,**
**તેને કરાવે હોંશથી જે ધન્ય તેને જાણીએ;**
**વિમલ બોધિ બીજ કમલા પામિને ભવને તરે,**
**આમ સાંતૂ દેદ આભડ ભીમ શ્રાવકને સ્મરે.૧૪૮**

અર્થઃ—સિદ્ધિ લલના એટલે મોક્ષ રૂપી સ્ત્રીને મેળવવા માટે પૌષધશાલા વરમાલા સમાન છે. ને જે પૌષધશાલા કરાવે તે પુરૂષને ધન્ય જાણવો. તેનો જન્મ સફળ છે. કારણ કે પૌષધશાલા કરાવવાથી નિર્મલ બોધિબીજ એટલે સમક્તિ પ્રાપ્ત થાય છે અને તેના વડે એટલે પૌષધશાલા બનાવીને શ્રાવક ભવ તરે એટલે સંસાર સમુદ્રને તરે છે. આ વિષે આમ રાજા સાંતૂમંત્રી, દેદશેઠ, આભડશેઠ, તથા ભીમ શ્રાવકનાં દૃષ્ટાંતો યાદ કરવાં. ૧૪૮

**જેમાં હજારો થંભ સાધુ શ્રાદ્ધ શ્રાવિકા ત્રણે,**
**આવે સુખે જિમ જાય એવાં ગોઠવી ત્રણ દ્વારને;**

**ત્યાં ઘંટ શોભે મધ્ય ભાગે સાધુ જાણે વાગતાં,**
**પ્રતિ લેખનાદિક સમયને સ્વાધ્યાય ક્ષણ પણ જાણતાં૧૪૯**

**અર્થ:**—જેમાં હજારો થાંભલા મૂકેલા હતા; અને જેમાં સાધુ, શ્રાવક તથા શ્રાવિકા એ ત્રણે સુખ પૂર્વક આવી શકે તથા જઇ શકે એવી રીતે ત્રણ દ્વાર ગોઠવેલાં હતાં, જેના મધ્ય ભાગમાં ઘંટ શોભી રહ્યો હતો, તે ઘંટ વાગે ત્યારે સાધુઓ પ્રતિલેખનાદિક એટલે પડિલેહણ વગેરેનો સમય તથા સ્વાધ્યાય એટલે અભ્યાસ કરવાનો ક્ષણ એટલે સમય પણ જાણતા હતા. ( આવી પૌષધશાલા આમ રાજાએ બંધાવી હતી. ) ૧૪૯

**વર્ય પૌષધશાલને શ્રી આમભૂપ કરાવતા,**
**તેહમાં વ્યાખ્યાન મંડપમાં ત્રિલખ ધન ખરચતા;**
**મણિશિલા કુટ્ટિમવડે બહુ ભવ્ય તેહ બનાવતા,**
**જેથી નિશાએ બારસૂરનું તેજ મુનિજન પામતા.૧૫૦**

**અર્થ:**—ઉપર જણાવ્યુ તેવા પ્રકારની ઉત્તમ પૌષધશાલા આમ રાજાએ કરાવી. તે પૌષધશાલામાં રાજાએ વ્યાખ્યાન મંડપની રચના કરાવવામાં ત્રણ લાખ ધન ખરચ્યું. અને મણિશિલાની કુટ્ટિમ એટલે ફરસબંધી કરાવીને તેને બહુ ભવ્ય એટલે શોભાયમાન બનાવી. જેની ચળકતી ફરસબંધીમાંથી રાત્રીએ બાર સૂર્યનું તેજ મુનિજનો પામતા. એટલે રાત્રીએ પણ દિવસ જેવું અજવાળું લાગતું. ૧૫૦

**શ્રુત વાંચતા વલિ જીવ બચાવે રજ ઉઝેહી દોષના,**
**ઉપદેશનો મહિમા સકલ એ બપ્પભટ્ટિ સૂરીશના;**

**મંત્રિસાંતૂ ટંક ચોરાસી સહસ ઉલ્લાસથી,**
**ખરચી બનાવે ઘર નહિ વખણાય શ્રી ગુરૂરાજથી.૧૫૧**

**અર્થ:**—જે પૌષધશાલામાં રાત્રીએ તે ફરસબંધીના પ્રકાશમાં શ્રુત એટલે સિધ્ધાન્તનો અભ્યાસ મુનિઓ કરતા હતા. તેમજ પ્રકાશને લીધે જીવોનો બચાવ થતો. તથા જરા ઉજેહી દોષ લાગતો નહોતો. આ બધો શ્રી બપ્પભટ્ટ સૂરીશ્વરના ઉપદેશનો મહિમા હતો. કારણ કે તેમના ઉપદેશથી આમ રાજાએ તે પૌષધશાલા બંધાવી હતી. અને સાંતૂ મંત્રીએ ચોરાસી હજાર ટંક ખરચીને ઘણા ઉલ્લાસ પૂર્વક ઘર બંધાવ્યું. પણ શ્રી ગુરૂ મહારાજે તેનાં વખાણ કર્યાં નહિ. ૧૫૧

**આને ઉપાશ્રય જો કરો તો પૂજ્યગુરૂજી વખાણતા,**
**આવાં વચન માણિક્ય મુનિવર અવસરે ઉચ્ચારતા;**
**ઇમ સુણી કરતા સુપૌષધશાલ મંત્રી તે ક્ષણે,**
**ગુરૂદેવ સૂરિ વખાણ કરતા ધન્ય તું તુજ લક્ષ્મીને.૧૫૨**

**અર્થ:**—"જો આ ઘરનો ઉપાશ્રય કરવામાં આવે તો ગુરૂ મહારાજ તેનાં વખાણ કરે" આવાં પ્રકારનાં વચન શ્રી માણિક્ય નામના મુનિરાજે યોગ્ય અવસરે મંત્રીને સંભળાવ્યાં. તે વચન સાંભળીને મંત્રીશ્વરે તે ઘરને પૌષધશાલા બનાવી. તે વખતે ગુરૂ શ્રી દેવસૂરિ મહારાજે તે મંત્રીની પ્રશંસા કરતાં કહ્યું કે તને ધન્ય છે તથા તારી લક્ષ્મી પણ સફલ છે. ૧૫૨

**હેમચંદ્રસૂરીશ પાસે શેઠ આભડ પરિગ્રહે,**
**ત્રણ લાખ ધનનો નિયમ લેતા ભાગ્યથી કોટી લહે;**

**ભવ્ય પૌષધશાલ ચોરાશી વિશાલ કરાવતા,**
**લાખ નેવું દ્રવ્ય સાતે ક્ષેત્રમાં પણ ખરચતા.૧૫૩**

**અર્થ:**—આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજીની પાસે આભડશેઠે પાંચમા પરિગ્રહ પરિમાણ વ્રતને વિષે ત્રણ લાખ પ્રમાણ ધનનો નિયમ લીધો. ત્રણ લાખથી વધારે ધન થાય તો ધર્મકાર્યમાં વાપરવું. ભાગ્ય યોગે શેઠે ક્રોડ ધન મેળવ્યું. (કરોડાધિપતિ થયા) તે દ્રવ્ય વડે તેમણે મોટી અને ભવ્ય એટલે સુંદર ચોરાસી પૌષધશાલાઓ બંધાવી તેમજ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા દેરાસર, પ્રતિમા તથા જ્ઞાન એ સાત ક્ષેત્રમાં નેવુ લાખ દ્રવ્યનો ખરચ કર્યો. ૧૫૩

**વસ્તુપાલે સાતસો ભીમ શ્રાવકે ખંભાતમાં,**
**શ્રેષ્ઠ પૌષધશાલ બંધાવી રહી ઐાદાર્યમાં;**
**દેદશેઠે દેવગિરિમાં સહસ બાવન ટંકને,**
**ખરચી સુપૌષધશાલને બંધાવતા ધરી હર્ષને.૧૫૪**

**અર્થ:**—વસ્તુપાલ મન્ત્રીશ્વરે સાતસો પૌષધશાલાઓ બંધાવી. તથા ભીમ શ્રાવકે ખંભાત નગરમાં ઉદારતા પૂર્વક દ્રવ્ય ખરચીને ઉત્તમ પૌષધશાલા બંધાવી. તેમજ દેદ નામના શેઠે દેવગિરિને વિષે બાવન હજાર ટંક ખરચીને હર્ષ પૂર્વક સારી પૌષધશાલા બંધાવી. એ પ્રમાણે પૌષધશાલાની બીના ટુંકામાં જણાવી. ૧૫૪

સાધર્મિ બંધુઓને જ્ઞાનાદિના ઉપકરણ આપવા એમ જણાવે છે:—

**જ્ઞાનાદિના ઉપકરણ દઇએ હોંશથી સાધર્મિને,**
**પાઠશાલા બાલકોની તેમ કન્યાશાલને;**

**થાપતાં શ્રાવક તણા પુત્રાદિ બહુ ધર્મી બને,**
**આ ભવે જિનધર્મ સાધી પરભવે લ્યે મુકિતને.૧૫૫**

અર્થ:—જ્ઞાનનાં ઉપકરણ એટલે ઉપયોગી સાધનો જેવાં કે પુસ્તક વગેરે તે સાધર્મી બંધુને હોંશથી એટલે ઉમંગથી આપવાં. અને બાલકોને ભણવા માટે પાઠશાળાઓની તેમજ કન્યાઓને ભણવા માટે કન્યાશાલાની સ્થાપના કરવી જેથી કરીને શ્રાવકનાં બાળકો તથા બાલિકાઓ ધર્મી એટલે ધર્મમાં આસ્થાવાળા બને. જેથી આ ભવમાં જૈન ધર્મની સાધના કરે અને તેથી પરભવમાં મુક્તિને એટલે મોક્ષને મેળવે.

કોણે ધાર્મિક બાલશાલાદિની સ્થાપના કરી? તે જણાવે છે:--

**નેમિસૂરિ ગુરૂરાજના ઉપદેશને અવધારતા,**
**શેઠ મનસુખભાઇ ધાર્મિક બાલશાલા થાપતા;**
**બાલક હજારો ધર્મના સંસ્કાર ઉત્તમ પામતા,**
**દેશવિરતિ સર્વવિરતિ સાધીને સુખિયા થતા.૧૫૬**

**અર્થ**:—મારા ગુરૂવર્ય આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરના ઉપદેશને ધ્યાનમાં લઇને પોરવાડ વંશના વિભૂષણ રૂપ શેઠ મનસુખભાઇ ભગુભાઇએ બાલકોને ભણવા માટે બાલશાલા તથા કન્યાશાલા એટલે નિશાળની સ્થાપના કરી. જેમાં અભ્યાસ કરતા હજારો બાલકો અને બાલિકાઓ ધર્મના ઉત્તમ સંસ્કાર પામ્યા અને પામે છે. અને તેનાજ પ્રતાપે દેશવિરતિ ધર્મ તથા સર્વવિરતિ ધર્મ સાધીને સુખી થયા અને થાય છે. ૧૫૬

શેઠ કસ્તુરભાઈ "ગંગાબાઈ કન્યાશાલને,
થાપતા શુભ આશયે ખરચી હજારો દ્રવ્યને;
બાલ સંસ્કૃતિ કામ આવે યૌવનાદિક કાલમાં,
ઝાડ કુમળું જેમ વાળો તિમ વળે લ્યો ધ્યાનમાં.૧૫૭

**અર્થઃ**—શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ પોતાના દાદીમાની યાદગિરિમાં હજારો રૂપીઆનો ખરચ કરીને બાળાઓને ધર્મના સારા સંસ્કાર પડે એવા સારા ઈરાદાથી "ગંગાબાઇ કન્યાશાલા" નામની કન્યાશાલાની સ્થાપના કરી. બાલપણમાં ધર્મના સારા સંસ્કાર જો પડયા હોય તો તે યૌવન અવસ્થામાં એટલે જુવાનીમાં બહુ ઉપયોગી નિવડે છે. કારણ કે કુમળા ઝાડને જેમ વાળવું હોય તેમ વાળી શકાય છે પરંતુ ઝાડ મોટું થયા પછી જેમ તેને વાળી શકાતું નથી તેમ નાનપણમાં બાળકો ઉપર જેવા સંસ્કાર પાડવા હોય તેવા પાડી શકાય છે. પરંતુ મોટા થયા પછી તેવા સંસ્કાર પાડી શકાતા નથી. આ કારણથી ધાાર્મક પાઠશાળા તથા ધાર્મિક કન્યાશાલા વિગેરની જરૂર સ્થાપના કરવી જોઈએ. ૧૫૭

શ્રાવિકાની ભકિત કઇ રીતે કરવી? તે જણાવે છેઃ—

શ્રાવક તણી જિમ શ્રાવિકા વાત્સલ્ય પણ ના ભૂલીએ,
જ્ઞાનાદિ શીલ શુભ સાધતી સાધર્મિણી અવધારિએ;
સર્વ નારી દોષ કેરી ખાણ ઇમ ન માનીએ,
દીર્ઘ દષ્ટિ વાપરીને શાસ્ત્ર વચન વિચારિએ.૧૫૮

**અર્થઃ**—જેવી રીતે શ્રાવકનું વાત્સલ્ય કરીએ તેવી રીતે

શ્રાવિકાનું વાત્સલ્ય કરવાનું પણ ભૂલવું નહિ. જે શ્રાવિકાઓ જ્ઞાનાદિ એટલે જ્ઞાન દર્શન વિગેરેને સાધતી હોય તથા સારા શીયલ વ્રત વિગેરે ઉત્તમ ગુણોને ધારણ કરતી હોય તે શ્રાવિકાઓને સાધર્મિણી જાણવી. સ્ત્રીને દોષની ખાણ કહી છે. તે માટે સર્વ સ્ત્રીને દોષની ખાણ ન માનવી. કારણ કે શાસ્ત્રમાં કહેલા વચનનો એકાંત વિચાર-નિર્ણય ન કરતાં સ્યાદ્વાદશૈલીએ દીર્ઘદૃષ્ટિથી નિર્ણય કરવો, અથવા બીજા સમજુ વડીલોની પાસેથી મેળવવો. ૧૫૮

સ્ત્રી જાતિની બાબતમાં થતા પ્રશ્નાના ખુલાસા ત્રણ શ્લોકમાં કરે છે:--

**રાગ કરવો નહિ પુરૂષે એહમાં આ આશયે,**
**શાસ્ત્રકારે શાસ્ત્રમાં નિંદી અધિક શાસ્ત્રે દીસે;**
**અમુક નારી વર્ગમાં દેખાય દોષો જિમ ઘણા,**
**તેમ દોષો ધારનારા અમુક પુરૂષો પણ ઘણા.૧૫૯**

**અર્થ:**—સ્ત્રીને દોષની ખાણ કહી છે તેમાં એ આશય રહેલો છે કે પુરૂષોએ સ્ત્રીને વિષે રાગ કરવો નહિ. કારણ કે સ્ત્રીને વિષે જે મનુષ્યો આસક્ત થાય છે તેઓ અંતે દુ:ખી થાય છે માટે શાસ્ત્રકારોએ શાસ્ત્રમાં સ્ત્રીની અધિક નિંદા કરેલી જણાય છે. જેમ અમુક સ્ત્રીઓમાં ઘણા દોષો દેખાય છે. તેમ દોષોના ધારણ કરનારા પુરૂષો પણ ઘણા જણાય છે. ૧૫૯

ગુણદૃષ્ટિથી ગુણ લીજીએ આ વિબુધ રીતિ જાણીએ,
જ્ઞાનાદિ રૂપ શિવમાર્ગ સાધન બેઉમાંહી દેખીએ;
દોષવંતા અમુક હોવે તિણ બધા તેવાજ શું ?
દોષવંતી અમુક હોવે તિણ બધી તેવીજ શું ?૧૬૦

**અર્થ**:—દરેક સ્ત્રી અથવા પુરૂષમાં સંપૂર્ણ ગુણો હોતા નથી. માટે ગુણની દૃષ્ટિ રાખીને દોષ તરફ નહિ જોતાં ગુણને ગ્રહણ કરવા જોઈએ. આવા પ્રકારની વિદ્વાન પુરૂષોની રીત છે, સ્ત્રી અને પુરૂષ બંનેમાં શિવ માર્ગના એટલે મોક્ષ માર્ગનાં સાધન જે જ્ઞાન દર્શન ચારિત્ર તે જણાય છે. અમુક પુરૂષ દોષવાળા છે માટે શું બધા પુરૂષો દોવવાળા કહી શકાય ? ન જ કહેવાય. તેવી જ રીતે અમુક સ્ત્રીઓ દોષવાળી જણાય, તેથી શું બધી સ્ત્રીઓ દોષવાળી કહેવાય ? એટલે બધી સ્ત્રીઓ દોષવાળી ન જ કહેવાય. ૧૬૦

દૃષ્ટાંત પ્રભુની માતને ભાવે સ્તવે મુનિ સુરવરા,
અન્ય પણ આવું કબૂલે સત્ય કેમ ફરે ! જરા;
વિશ્વગુરૂ હોનાર અદ્ભુત ગર્ભને સ્ત્રી ધારતી,
તે ધન્ય નારી ઇમ પ્રશંસા અન્ય દર્શનમાં થતી.૧૬૧

**અર્થ**:—અહીં દૃષ્ટાન્ત આ પ્રમાણે:—મુનિ એટલે સાધુ મહારાજ તથા સુરવરા એટલે દેવેન્દ્રો પણ પ્રભુ એટલે તીર્થંકરની માતાની ભાવથી સ્તુતિ કરે છે કે આ પૃથ્વીને વિષે પ્રભુનો જન્મ આપનાર હે રત્ન કુક્ષિણી માતાજી! તમને ધન્ય છે. કારણ કે તમારી કુક્ષિને વિષે તીર્થંકરે જન્મ લીધો

છે. બીજાઓ પણ આજ પ્રમાણે કબુલ કરે છે. જૈન સિવાયની બીજા દર્શનોમાં પણ આ પ્રમાણે સ્ત્રીની પ્રશંસા કરી છે કે વિશ્વના ગુરૂ થનાર એવા ઉત્તમ પુરૂષના ગર્ભને ધારણ કરનારી તે સ્ત્રીને ધન્ય છે. ૧૬૧

સતી સ્ત્રીનો પ્રભાવ જણાવે છેઃ—

**શીલવંતી નાર પાણી જેહવો અગ્નિ કરે,**
**સ્થળ બનાવે પાણિને ગજને શિયાલ સમો કરે;**
**દોરડી સમ સર્પને અમૃત સમું વિષને કરે.**
**એથીજ ચોથું અંગ ઉત્તમ શ્રાવિકા શ્રુત ઉચ્ચરે.૧૬૨**

**અર્થ**:—ઉત્તમ શીયળને ધારણ કરનારી સ્ત્રી શીલના પ્રભાવથી અગ્નિને પાણી જેવો ઠંડો બનાવે છે. પાણી હોય ત્યાં સ્થળ બનાવી શકે છે. હાથીને શિયાલ જેવો બનાવી દે છે. અને સર્પને દોરડી જેવો એટલે વિષ રહિત બનાવે છે. તથા ઝેર પણ અમૃત સમાન કરે છે એટલે ઝેરની પણ અસર થતી નથી. આજ કારણથી સિદ્ધાન્તમાં ઉત્તમ શ્રાવિકાને ચતુર્વિધ સંઘમાં ચોથું અંગ ગણવામાં આવ્યું છે. ૧૬૨

ઉત્તમ શ્રાવિકાના ગુણો જણાવે છેઃ—

**જિનધર્મ માંહિ અડગ સુલસા શ્રાવિકા ને રેવતી.**
**પ્રભુદેવ ઇંદ્રાદિક થકી નિજગુણ પ્રશંસા પામતી;**
**જિનનામ ઉત્તમ બાંધતી મિથ્યાત્વિને પણ થકવતી,**
**અમુક તે ભવ અમુક બે ત્રણ ભવ કરી શિવ સાધતી.૧૬૩**

**અર્થ**:—સુલસા શ્રાવિકા તથા રેવતી શ્રાવિકા જૈન-

ધર્મની અંદર અડગ એટલે નિશ્ચલ શ્રદ્ધાવાળી હતી. જેમની પ્રભુ મહાવીર સ્વામીએ તથા ઇંદ્ર વગેરેએ પ્રશંસા કરી. જેમણે ઉત્તમ જિનનામ કર્મનો બંધ કર્યો. તથા જેમની શ્રદ્ધા આગલ મિથ્યાદૃષ્ટિઓ પણ થાકી ગયા. તથા શ્રાવિકાઓમાં પણ કોઈ સ્રી તે ભવમાં મોક્ષને સાધે છે. તો કોઈ બે ત્રણભવ કરીને મોક્ષે જાય છે. ૧૬૩

કઈ રીતે શ્રાવિકાની ભક્તિ કરવી? તે જણાવે છેઃ—

**આવા વિચારે નાર મોટી માત જેવી માનિને,**
**સરખી ઉંમરની બ્હેન જેવી પુત્રી સમ લઘુનારને;**
**વાત્સલ્ય કરવું જરૂર ખરચી દ્રવ્યને ધરી હર્ષને,**
**એમ કરતાં લાભ ઉત્તમ સાંભળો દૃષ્ટાંતને.૧૬૪**

**અર્થ**:—આગલી ગાથામાં જણાવ્યા પ્રમાણે સ્રીઓમાં પણ ઉત્તમ શીલવંતી સ્રીઓ હોય છે માટે બધી સ્રીઓ દોષવાળી નથી એવું વિચારીને પોતાથી મોટી સ્રીઓને પોતાની માતા સમાન ગણવી. લગભગ સરખી ઉંમરની જે સ્રીઓ હોય તેમને બ્હેન જેવી તથા પોતાથી નાની સ્રીઓને પુત્રી સમાન માનવી. એવી રીતે શ્રાવિકાને વિષે હર્ષ પૂર્વક એટલે ઉમંગથી દ્રવ્ય ખરચીને સાધર્મીવાત્સલ્ય કરવાથી ઘણો ઉત્તમ લાભ મળે છે. તે વિષે દૃષ્ટાન્તને સાંભળો. ૧૬૪

સાધર્મિની ભકિત કોણે કરી? કેવો લાભ મેળવ્યો? તે જણાવે છેઃ—

**ધાતકી વરખંડમાં ઐરવ્રતે ક્ષેમાપુરી,**
**ત્યાં વિમલવાહન નૃપતિએ શુભ ભાવના હૃદયે ધરી;**
**ભોજનાદિક દેઈને સાધર્મિની ભક્તિ કરી,**
**જિનનામ બાંધી આનતે સુર ઋદ્ધિ પામ્યા તે ખરી.૧૬૫**

**અર્થ**:—જંબૂદ્રીપ પછી બીજો ધાતકીખંડ નામે દ્વીપ આવે છે બંનેની વચમાં લવણુ સમુદ્ર આવેલો છે. આ ધાતકી ખંડમાં અરવ્રત નામનું ક્ષેત્ર છે. તેને વિષે ક્ષેમાપુરી નામની નગરી હતી. તે નગરીમાં વિમલવાહન નામનો રાજા હતો. તે રાજાએ ઉત્તમ ભાવના પૂર્વક સાધર્મી ભાઈઓને ભોજન વગેરે આપીને તેમની ભક્તિ કરી. તે સાધર્મીકની ભક્તિના પ્રતાપથી તેણે જિનનામ કર્મનો બંધ કર્યો. તથા છેવટે આનત નામના નવમા દેવલોકની સમૃદ્ધિ મેળવી. ૧૬૫

આનત દેવલોકે ગયા પછીની બીના તથા જગસિંહનું દૃષ્ટાંત જણાવે છેઃ—

**ત્યાંથી ચવી ત્રીજા જિનેશ્વર દેવ સંભવ પ્રભુ થયા,**
**ચ્યવન કાલે પ્રભુ પ્રભાવે જગતનાં દુઃખડાં ટલ્યાં;**
**જગસિંહ ત્રણસોસાઠ વાણોતર કરે નિજની સમા**
**ટંક બ્હોતેર સહસ ખરચી દેવગિરિ શુભ નગરમાં.૧૬૬**

**અર્થ**:—તે આનત દેવલોકથી આવીને આ ભરતક્ષેત્રની ચાલુ ચોવીશીમાં ત્રીજા સંભવનાથ નામના જિનેશ્વર થયા. તેમના ચ્યવન વખતે પ્રભુના પ્રભાવથી જગતનાં દુઃખો દૂર થયાં. વળી જગસિંહ નામના શેઠે દેવગિરિ નામના શ્રેષ્ઠ

નગરને વિષે બ્હોંતેર હજાર ટંક (સોનાના સિક્કા) ખરચીને ત્રણસો સાઠ વાણોતરોને (ગુમાસ્તાઓને) પોતાના સરખા બનાવ્યા. ૧૬૬

આભૂસંઘવીની બીના જણાવે છે—

**તેમની પાસે કરાવે ભક્તિ સાધર્મિક તણી,**
**વર્ષ દિન સમ લાભ લેતા ધન્ય માતા એહની;**
**એમ આભૂસંઘવીની ભક્તિ ઉત્તમ જાણીએ,**
**નવકારના ગણનારને સારંગ સોનૈયા દીએ. ૧૬૭**

**અર્થ**:—તે જગસિંહ શેઠ તે વાણોતરની પાસે અનુક્રમે ૩૬૦ દિવસ સુધી સાધર્મિક ભાઇઓની ભક્તિ કરાવતો હતો. એ પ્રમાણે વર્ષના ત્રણસો સાઠ દિવસ જેટલો લાભ મેળવતો હતો. આવા ઉત્તમ પુરૂષની માતાને ધન્ય છે. એવી રીતે આભૂ સંઘવીની સાધર્મિક ભક્તિ અપૂર્વ હતી. તેમજ સારંગ નામના શેઠ નવકારના ગણનારને સોનામહોર આપતા હતા. ૧૬૭

**રૂપ્ય કંચન પર્વતો મોટા ભલે શા કામના,**
**નિંબાદિ ચંદનમય બનાવે મલય આખરી નામના;**
**ધનિક ધનને તીર્થ યાત્રા તીર્થમાલોદ્ઘટ્ટને,**
**જરૂર ખરચે યાદ કરી ગોવાલના દૃષ્ટાંતને. ૧૬૮**

**અર્થ**:—રૂપાના અથવા સોનાના મોટા પર્વતો ભલેને હોય પણ તે શા કામના એટલે નિરર્થક જાણવા. પરંતુ જે લીમડા વગેરે અન્ય જાતિના વૃક્ષોને પણ ચંદનમય બનાવે

છે તે મલયગિરિની જ ખરી પ્રસિદ્ધિ જાણવી. તેવી રીતે જે ધનવાન પુરૂષો પોતાના ધનને તીર્થયાત્રા તીર્થમાં માલોદ્ઘાટન, સાધર્મીવાત્સલ્ય વગેરે ધર્મકાર્યોમાં ગોવાલના[1] દૃષ્ટાંતને સંભાળીને વાપરે છે તેમના જ ધનની સાર્થકતા જાણવી. ૧૬૮

સંઘ સાથે યાત્રા કરનારા કોણ? વિગેરે જણાવે છે--

**નયરી અયોધ્યાથી ભરત નૃપ સંઘને લઈ આવતા,**
**સિદ્ધાચલે બહુ ઠાઠથી યાત્રા કરી સુખિયા થતા;**
**તે સંઘમાં બત્રીસ સહસ નૃપ મુકુટબદ્ધ વિરાજતા,**
**લાખ ચોરાશી તુરંગમ તેટલા હાથી હતા. ૧૬૯**

અર્થ:—અયોધ્યા નગરીમાંથી ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તી ચતુર્વિધ સંઘને સાથે લઈને શ્રી સિદ્ધાચલ-(શત્રુંજય) તીર્થને વિષે ગયા. ત્યાં ઘણા ઠાઠમાઠથી તીર્થની યાત્રા કરી તે સુખી થયા. આ સંઘની અંદર બત્રીસ હજાર તો મુગટબદ્ધ રાજાઓ શોભતા હતા. વળી ચોરાસી લાખ તુરંગમ એટલે ઘોડાઓ તથા તેટલાજ હાથીઓ હતા. ૧૬૯

**તેટલા રથ તેમ વાજિંત્રો અપૂરવ વાગતા,**
**ક્રોડ છન્નુ પાય દળ ઇમ ઠાઠ સુંદર રાખતા;**
**માર્ગમાં બહુ દાન દેતાં કરત ધર્મ પ્રભાવના,**
**પ્રબલ પુણ્યે હું લહ્યો તક એમ ભાવે ભાવના.૧૭૦**

---

૧ આ કથા શ્રી શ્રાવકધર્મ જાગરિકામાં જણાવી છે તે ત્યાંથી જોઇ લેવી. ધન વિગેરે પદાર્થોનું અનિત્યપણું સમજવાને આ દૃષ્ટાંત બહુજ ઉપયોગી છે.

**અર્થ**:—વળી તે સંઘ સાથે ૮૪ લાખ રથ હતા. તે સંઘની અંદર અપૂર્વ પ્રકારના વાજિંત્રો વાગતા હતા તથા છન્નુ ક્રોડ પાયદળ હતું. એવી રીતે ઘણો સરસ ઠાઠ રાખ્યો હતો. તીર્થરાજની યાત્રાએ જતાં રસ્તામાં ઘણાં જીવોને દાન આપીને ધર્મની પ્રભાવના કરતા હતા. વળી મનમાં એવી ભાવના ભાવતા કે મહા પુણ્યોદયે મને આવી સુંદર તક (પ્રસંગ) મળી છે. ૧૭૦

**સિદ્ધસેન વચન સુણી વિક્રમ લઈને સંઘને,**
**સિદ્ધગિરિ યાત્રાર્થ ચાલે વાપરે બહુ દ્રવ્યને;**
**સંઘમાં સો ઉપર અગણોતેર કંચન મંદિરો,**
**પાંચસો દંતાદિમય આશ્ચર્યકારક મંદિરો. ૧૭૧**

**અર્થ**:—સિદ્ધસેન દિવાકરનાં વચન સાંભળીને વિક્રમ રાજા સંઘને સાથે લઈને સિદ્ધગિરિની યાત્રા કરવાને નીકળ્યા. અને ઘણું દ્રવ્ય વાપર્યું. તે સંઘમાં એકસો અગણોતેર (૧૬૯) સોનાનાં મંદિરો એટલે દહેરાં હતાં. અને આશ્ચર્યમાં ગરકાવ કરનારા બીજાં પણ દાંત વિગેરેનાં પાંચસો જિન મંદિરો હતા. ૧૭૧

વિક્રમ રાજાના સંઘની બીના ચાલે છે—

**સહસ પણ આચાર્ય ચૌદ નરેશ શ્રેષ્ઠ મુકુટધરા,**
**પ્રવર શ્રાદ્ધ કુટુંબ લખ સિત્તેર ખામી નહિ જરા;**
**ઇગ કોડિ દસ લખ પણ સહસ ગાડાં હતાં તે સંઘમાં,**
**લાખ અડદસ અશ્વ છત્રીસ સો કરી પણ સાથમાં. ૧૭૨**

અર્થ:—વળી તે વિક્રમ રાજાના સંઘમાં પાંચ હજાર તો આચાર્યો હતા. તથા શ્રેષ્ઠ મુગુટબદ્ધ ચૌદ રાજાઓ હતા. સિત્તેર લાખ ઉત્તમ શ્રાવકોના કુટુંબો હતા. તેઓના ઉત્સાહમાં જરીપણ ખામી ન હતી એક ક્રોડ દશ લાખ અને પાંચ હજાર ગાડાં હતાં. અઢાર લાખ ઘોડાઓ હતા અને છત્રીસસો હાથીઓ હતા. ૧૭૨

વસ્તુપાલના સંઘની બીના ત્રણ શ્લોકમાં જણાવે છે—

**આજ અનુમાને કરી વૃષભાદિ માન વિચારીએ,**
**વસ્તુપાલ કુમારપાલ નરેશ પણ સંભારીએ;**
**પ્રવર કીર્ત્તિકૌમુદીમાં કાવ્ય એકાશી કરી,**
**વસ્તુપાલ તણી પ્રથમ યાત્રા કહી બહુ વિસ્તરી. ૧૭૩**

અર્થ:—આગલા શ્લોકમાં વિક્રમ રાજાના સંઘમાં આચાર્યો વગેરેની જે સંખ્યા કહી તેના અનુસારે વૃષભાદિ માન એટલે બળદ વગેરેની સંખ્યાનું પ્રમાણ જાણવું. વળી મંત્રીશ્વર વસ્તુપાલે તથા કુમારપાલ મહારાજાએ કાઢેલા સંઘોનું પણ સ્મરણ કરવું. તેમાંના વસ્તુપાલ મંત્રીશ્વરે કરેલ પ્રથમ યાત્રાનું "કીર્તિકૌમુદી" નામના ઉત્તમ ગ્રંથમાં એકાશી કાવ્યો વડે વિસ્તારથી વર્ણન કર્યું છે. ૧૭૩

**તેહનો સંક્ષેપ ઇમિ અવધાર જો હે ભવિજના?,**
**દંતમય પ્રાસાદ ચોવીસ; એકસો વીસ કાષ્ઠના;**
**શકટ પીસ્તાલીસસો તિમ પાલખીઓ સાતસો,**
**પાંચસો કારીગરો આચાર્ય સંખ્યા સાતસો. ૧૭૪**

**અર્થ**:—હે ભવ્ય જનો! તે મંત્રીશ્વર વસ્તુપાલના સંઘનું ટુંકમાં વર્ણન આ પ્રમાણે જાણવું. તે સંઘમાં ચોવીસ તો દાંતના જિનાલયો હતા. એકસો ને વીસ લાકડાના દેરાસરો હતા. પીસ્તાલીસ સો ગાડાં હતાં. સાતસો પાલખીઓ હતી. પાંચસો કારીગરો હતા. અને આચાર્ય મહારાજની સંખ્યા સાતસો હતી. ૧૭૪

**દુ હજાર શ્વેતાંબર શ્રમણ તિમ સાધવી ઓગણીસસો,**
**ચઉ સહસ ઘોડા દિગંબર જાણવા અગીઆર સો;**
**ઉંટ દુ સહસ સાત લક્ષ જનો અપૂરવ ઠાઠથી,**
**પ્રથમ યાત્રા એમ કરતા વસ્તુપાલ વિનોદથી. ૧૭૫**

**અર્થ**:—વળી તે વસ્તુપાલ મંત્રીશ્વરના સંઘમાં બે હજાર શ્વેતાંબર મતના સાધુઓ હતા અને ઓગણીસ સો સાધ્વીજી હતા. ચાર હજાર ઘોડા હતા. અગીઆરસો દિગંબર મતના સાધુઓ હતા. બે હજાર ઉંટ હતા. તથા સાત લાખ માણસો હતા. આવા અપૂર્વ ઠાઠમાઠથી મંત્રીશ્વર વસ્તુપાલે આનંદપૂર્વક શ્રી શત્રુંજય મહાતીર્થની પહેલી યાત્રા કરી ૧૭૫

કુમારપાલના સંઘનું વર્ણન કરે છે:—

**એમ સાડીબાર યાત્રા વધત વધતા વિસ્તરે,**
**પાલતાં ષટરી કરંતા શ્રાદ્ધવિધિ ઇમ ઉચ્ચરે;**
**શ્રાદ્ધ ભૂપ કુમારપાલે સિદ્ધગિરિ ગિરિનારનો,**
**સંઘ કાઢયો તેહમાં બ્હોતેર રાણા આદિનો.૧૭૬**

**અર્થ**:—એ પ્રમાણે સાડી બાર યાત્રાઓ વધતા વધતા

વિસ્તારથી ષટરી એટલે [1]છ,રી પાળીને કરી. હવે કુમારપાલ મહારાજાએ સિદ્ધગિરિ એટલે શત્રુંજયનો તથા ગિરિનારનો સંઘ કાઢયો, 'શ્રાદ્ધવિધિ' નામના ગ્રંથમાં તેનું વર્ણન આ પ્રમાણે કર્યું છે:—તેમના સંઘમાં બહોંતેર રાણાઓ હતા. ૧૭૬

દેસલશાની બીના જણાવે છે--

**બહુ ઠાઠ તેમ અઢાર સો કોટી ધ્વજો સાથે હતા,**
**રત્નમંદિર ઇગ સહસ અડસો ચુમોતેર દીપતા;**
**શત્રુંજયાદિક સાત તીર્થે ચૌદ કોડી દ્રવ્યને,**
**વાપરી યાત્રા કરંતા ચૌદ દેસલશા અને. ૧૭૭**

**અર્થ**:—તે કુમારપાલ ભૂપાલના સંઘમાં તે ૭૨ રાણાઓનો ઘણો ઠાઠ હતો. સાથે અઢારસો કોટીધ્વજો એટલે ક્રોડાધિપતિઓ હતા. એક હજાર આઠસો ચુમોતેર રત્ન વગેરેના મંદિરો શોભતાં હતાં. તથા શેઠ દેસલશાએ શત્રુંજય ગિરનાર વગેરે સાત તીર્થોમાં ચૌદ ક્રોડ દ્રવ્યનો ખરચ કરીને ચૌદ યાત્રાઓ કરી. ૧૭૭

આભૂ શેઠની બીના જણાવે છે--

**શ્રીમાલિ આભૂ શેઠ કોડી બાર મ્હોરો વાપરી,**
**સંઘ સાથે વિમલગિરિ યાત્રા કરંતા શમ ધરી;**

---

૧ છરી આ પ્રમાણે:—
૧–એકાહારી–એકાસણું કરવું જોઇએ.
૨–ભૂસંસ્તારી–ભોંય સંથારો કરે.
૩–સચિત્ત પરિહારી–સચિત્તનો ત્યાગ કરવો જોઇએ.
૪–નારી સંગ પરિહારી–શિયલ પાળે
૫–પાદચારી ગુરૂસાથે પગે ચાલે.
૬–સમકિત ધારી–સમ્યકત્વ દઢ રાખવું.

**તે સંઘમાં પ્રાસાદ સગ સય ચઉ સહસ ગાડાં હતાં,**
**છત્રીસ સૂરિ અશ્વ પાંચ હજાર ઉત્તમ દીપતા.૧૭૮**

**અર્થ**:—શ્રીમાલી આભૂ શેઠે બાર ક્રોડ સોનામહોરો વાપરીને ચતુર્વિધ સંઘની સાથે વિમલગિરિ મહાતીર્થની યાત્રા સમતા પૂર્વક કરી, તે સંઘની અંદર સાતસો જિન પ્રાસાદ હતા. ચાર હજાર ગાડાં હતાં. છત્રીસ આચાર્યો હતા. તથા પાંચ હજાર ઉત્તમ ઘોડાઓ હતા. ૧૭૮

વીસમા સૈકામાં સંઘ કાઢનારના નામ જણાવે છે:—

**શેઠ છોટાલાલ લલ્લુભાઇ રાજનગર તણા,**
**ખરચી હજારો સંઘ કાઢે ભાવમાં ન જરી મણા;**
**શેઠ માણેકલાલ મનસુખભાઇ લાખો દ્રવ્યને,**
**ખરચી અપૂરવ સંઘ કાઢે ધન્ય આવા ધનિકને.૧૭૯**

**અર્થ**:—રાજનગર એટલે અમદાવાદના રહીશ ઓસવાલ શેઠ છોટાલાલ લલ્લુભાઈએ હજારો રૂપીઆ ખરચી સંઘ કાઢયો. તેમણે ઉદારતામાં લેશ માત્ર ખામી રાખી ન હોતી. વળી મારા ગુરૂ મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના ઉપદેશથી શેઠ માણેકલાલભાઇ મનસુખભાઇએ લાખો રૂપીઆ ખરચીને આ જમાનામાં અપૂર્વ વિશાલ શ્રી શત્રુંજયતીર્થનો સંઘ કાઢયો હતો. ધન્ય છે આવા ધનવંત શ્રાવકોને ૧૭૯

શેઠ માણેકલાલના સંઘની બીના જણાવે છે—

**તેમાં શ્રમણ શ્રમણી છસો દસ સહસ જન માને હતા,**
**શકટાદિ પોણા તેરસો વર બેંડ ડંકા શોભતા;**

**ભાવનગર નરેશ ધાંગધ્રા નરેશ તણી દીસે,**
**પલ્ટન જિનાલય ઈંદ્ર ધ્વજ રથ ચાંદીના સાથે વસે.૧૮૦**

અર્થ:—તેમના સંઘમાં આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી વિગેરે મોટા આચાર્યાદિ સાધુ તથા સાધ્વીઓની સંખ્યા છસો હતી. યાત્રાળુઓની સંખ્યા દશ હજારની હતી. ગાડાં વિગેરે વાહનોની સંખ્યા પોણા તેરસોની હતી. સાથે ઉત્તમ બેંડ વાજિંત્ર તથા નિશાન ડંકા શોભી રહ્યા હતા. તે સાથે ભાવનગરના રાજાની અને ધાંગધ્રાના રાજાની પલ્ટનો ચાંદીનું જિનાલય, ઇન્દ્રધ્વજ તથા ચાંદીના રથ વિગેરે પણ સંઘમાં શોભતા હતા. ૧૮૦

**હાથી વધારે સંઘ શોભા દાન પણ રસ્તે દીએ,**
**નેમિસૂરિ ગુરૂના વચનથી સાત ક્ષેત્રો સાચવે;**
**તીર્થમાલા પ્હેરવામાં પણ દ્રવિણને ખરચિએ,**
**પ્રાગ્વાટ જગડુશા પ્રમુખ દૃષ્ટાંત નિત સંભારીએ.૧૮૧**

અર્થ:—આ સંઘમાં હાથી પણ સાથે હતો. સંઘવી માણેકલાલ મનસુખભાઇ દાન પણ આપતા હતા. સંઘમાં સાથે આવેલા ગુરૂ મહરાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના ઉપદેશથી સાતે ક્ષેત્રોમાં ઉલ્લાસથી દ્રવ્યનો સદુપયોગ કરતા હતા એ પ્રમાણે તીર્થમાલા પહેરવામાં પણ અનિત્ય દ્રવ્યને જરૂર વાપરવું. આ બાબતમાં ભવ્ય જીવોએ પોરવાડ જગડુશા વિગેરેનાં દૃષ્ટાન્તો હંમેશાં યાદ કરવાં. ૧૮૧

અનુકંપા દાનમાં લક્ષ્મી વાપરવી એમ જણાવે છે—

**લાવી દયા દુઃખ દીન જનનાં દ્રવ્ય ભોગે ટાલીએ,**
**પાત્ર તેમ કુપાત્રને આવા ક્ષણે ન વિચારિએ;**
**કૂપજલના જેહવું ધન તો વધે જો વાપરે,**
**બંધાય તો ગંધાય બુધજન હાથ ઘસતા ના મરે.૧૮૨**

**અર્થ**:—ભવ્ય જીવોએ ગરીબ દુઃખી મનુષ્યનાં દુઃખો પોતાના દ્રવ્યના ભોગે પણ દૂર કરવાં. તેવા પ્રસંગે પાત્ર કુપાત્રનો વિચાર કરવો નહિ. કારણ કે દાનમાં વાપરતાં દ્રવ્યનો ઘટાડો થતો નથી પણ જેમ વાપરે તેમ વધારો થતો જાય છે. શાસ્ત્રકારે ધનને કૂવાના પાણી જેવું કહ્યું છે. જેમ કૂવામાંથી પાણી કાઢવામાં આવે છે તે છતાં ખૂટતું નથી અને નવું સ્વચ્છ પાણી આવે તથા નિર્મલ રહે છે. પાણી બાંધ્યું રહે તો ગંધાય છે તેમ દ્રવ્ય પણ બાંધી રાખવામાં આવે એટલે વાપરવામાં ન આવે તો છેવટે નાશ પામે છે. આથી પંડિત સમજુ પુરૂષો હાથ ઘસીને મરતા નથી અથવા દ્રવ્યને દાટી નહિ રાખતાં સદ્ઉપયોગ કરે છે. ૧૮૨

અનુપમા દેવીનું બુદ્ધિચાતુર્ય જણાવે છે—

**અનુપમા દેવી વિચક્ષણ બુદ્ધિશાલી જે હતી,**
**મંત્રીશ વસ્તુપાલને તે ઇમ શિખામણ આપતી;**
**ના દાટીએ લક્ષ્મી કદાપિ મસ્તકે ધૂલ નાંખવી,**
**દાટવાનો અર્થ એ તિમ ના કરે બુધ માનવી.૧૮૩**

**અર્થ**:—મંત્રીશ્વર વસ્તુપાલની પત્ની અનુપમાદેવી

ઘણી બુદ્ધિશાળી હતી. તેણે જ્યારે વસ્તુપાલ પોતાનું ધન જમીનમાં દાટવાનો વિચાર કરતા હતા. ત્યારે શિખામણ આપી કે લક્ષ્મીને કદાપિ દાટવી નહિ. કારણ કે લક્ષ્મી દાટવાનો અર્થ તેના "**માથામાં ધૂળ નાખવી**" એમ થાય છે માટે પંડિત માણસ એ પ્રમાણે કરતા નથી એટલે લક્ષ્મીને દાટતા નથી. ૧૮૩

**લક્ષ્મી રીસાએ એમ કરતાં જરૂર શુભ મતિને ધરો,**
**કોઇ નાંખે ધૂલ તમારા મસ્તકે તો શું કરો ?;**
**લક્ષ્મી ઉઘાડી રાખીએ મંત્રી સુણી આ વચનને,**
**જિનમંદિરાદિક ધર્મ કાર્યે ઝટ ખરચતા દ્રવ્યને.૧૮૪**

**અર્થ:**—લક્ષ્મીને જમીનમાં દાટવાથી દાટનાર ઉપર લક્ષ્મી રીસાય છે માટે જરૂર સારી બુદ્ધિને ધારણ કરો. તમારા માથા ઉપર કોઇ ધૂળ નાખે તો તમે શું કરો ? એટલે આપણા માથા ઉપર ધૂળ નાખનાર ઉપર આપણને રીસ ચઢે તેમ લક્ષ્મીને પણ તેને દાટનાર પુરૂષની ઉપર રીસ ચઢે છે એટલે તે તેની પાસેથી જતી રહે છે. માટે લક્ષ્મીને ઉઘાડી રાખવી. એટલે તેનો દાનાદિ સત્કાર્યોમાં ઉપયોગ કરવો અથવા એવી રીતે ખુલ્લી રાખવી કે જેથી બધા તેને જોઇ શકે અને તેની ચોર ચોરી કરી શકે નહિ. આ પ્રમાણેનાં અનુપમા દેવીનાં વચનો સાંભળીને મંત્રીશ્વરે જિનમંદિર બંધાવવા વગેરે ધર્મ કાર્યોમાં જલ્દી પોતાના ધનને વાપર્યું. ૧૮૪

ધનવંતને શીખામણ આપે છે—

**દુઃખના સમયમાં ધૈર્ય રાખે પ્રભુ વચનને દીલ ધરી,**
**સુખના સમયમાં ધર્મ માર્ગે વાપરે ધન ફરી ફરી;**
**માની બને ના અંશથી પણ જે વિવેક ગુણો ધરે,**
**સાચોજ નાણી તેહ ઇમ જિનરાજ પ્રવચન ઉચ્ચરે.૧૮૫**

**અર્થ**:—જિનેશ્વર ભગવંતના વચનને દીલમાં ધારણ કરીને જે ભવ્ય જીવો દુઃખના વખતે ધીરજ ધારણ કરે, તેમજ પોતાનો સુખનો સમય હોય એટલે પોતાની પાસે ધનાદિકનું સાધન હોય, ત્યારે પોતાનું ધન વારંવાર ધર્મ કાર્યોમાં વાપરે. ચઢતીના સમયમાં લેશ માત્ર પણ અભિમાની ન બને તથા વિવેક ગુણને ધારણ કરે આવા પ્રકારનું ઉત્તમ વર્તન રાખનાર ભવ્ય જીવ સાચો જ્ઞાની કહેવાય છે. એ પ્રમાણે જિનેશ્વરનું આગમ કહે છે. ૧૮૫.

સુખના અને દુઃખના પ્રસંગે શું વિચારવું? તે જણાવે છે:—

**અનુભવ કરંતા શર્મનો પુણ્યાઇ ખાલી થાય છે,**
**તો એ તને અફસોસને બદલે હરખ કિમ થાય છે;**
**અનુભવ કરંતાં પાપનો તે કર્મ ખાલી થાય છે,**
**તો એ તને આનંદને બદલે અરૂચિ કિમ થાય છે.૧૮૬**

**અર્થ**:—હે જીવ! જ્યારે તું સુખનો અનુભવ કરે છે ત્યારે તારી પુણ્યાઇ એટલે પ્રથમ બાંધેલું શુભ કર્મ ખાલી થવા માંડે છે તે છતાં તને શોક થવાને બદલે ઉલ્ટો હરખ

કેમ થાય છે? અથવા તે પ્રસંગ હરખનો નથી પણ શોકનો છે. વળી જ્યારે તું દુઃખને ભોગવે છે તે વખતે તેં પ્રથમ બાંધેલા તારા પાપ કર્મો ખાલી થવા માંડે છે. તે પ્રસંગે તને આનંદ થવો જોઈએ તેને બદલે તું દીલગીર શા માટે થાય છે. અથવા તે આનંદનો પ્રસંગ છે એમ તારે સમજવું જોઈએ. ૧૮૬

વિષય ( ભોગના સાધન ) ની અનિત્યતા વિગેરે જણાવે છે—

**દેહ ધનની જેમ કારણ વિષયનાં ન ટકે સદા,**
**તિમ શબ્દ રૂપ રસ ગંધ સ્પર્શે જીવ પામે આપદા;**
**સંકલ્પના યોગે જ ઉપજે કામ કેરી વાસના**
**એ કામ સંકલ્પો હઠંતાં જરૂર ટળશે કામના.૧૮૭**

અર્થ:—જેમ આ શરીર હંમેશાં ટકી રહેતું નથી તથા જેમ ધન પણ કાયમ સ્થિર રહેતું નથી તેની જેમ વિષયના કારણો અથવા સાધનો પણ હંમેશાં કાયમ રહેતાં નથી. વળી શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ વડે જીવ દુઃખને પામે છે. તથા વિષયની વાસના એટલે ઇચ્છા તે સંકલ્પના યોગથી એટલે મનના વિચારથી ઉત્પન્ન થાય છે. માટે કામ સંકલ્પો એટલે વિષય વાસના ( ભોગતૃષ્ણા ) દૂર થતાં કામના એટલે વિષય વિકાર પણ નાશ પામે છે. ૧૮૭

ચાલુ પ્રસંગે મનની મુખ્યતા જણાવે છે:—

**મનની મદદથી ઇંદ્રિયો નિજ વિષય પ્રત્યે દોડતી,**
**નિમિત્તવાસી આતમાની તેહવી વૃત્તિ થતી;**

કારણ તણે અનુસાર હોવે કાર્ય એ ના ભૂલીએ,
નિંબ બીજને વાવતાં કિમ શેલડીને પામીએ.૧૮૮

અર્થ:—આપણી ઇન્દ્રિયો મનની મદદથી એટલે મનમાં ઉત્પન્ન થતા સંકલ્પથી પોત પોતાના વિષયો પ્રત્યે દોડે છે એટલે પોત પોતાને ઇષ્ટ વિષયની ઇચ્છા કરે છે. આ આત્મા પણ નિમિત્તવાસી છે એટલે જેવું નિમિત્ત મળે તેવી આત્માની વૃત્તિ એટલે પરિણામ થાય છે. યાદ રાખવું કે-કારણ ને અનુસારે કાર્ય થાય છે એટલે જેવું કારણ મળે તેવું કાર્ય નીપજે છે. એ ભૂલવું નહિ. કારણ કે જો લીંમડાનું બી વાવ્યું હોય તો તેમાંથી શેલડી શી રીતે મેળવાય? એટલે તેમાંથી શેલડી ન મળે. એમ ચાલુ પ્રસંગે એમ સમજવું જોઈએ કે-ધન અને વિષયાદિની મમતા દુઃખનું કારણ છે. તેવી મમતાથી સુખ મળે જ નહિ. વૈરાગ્ય, તપ, સંયમની નિર્મલ સાધના પ્રભુપૂજા-સામાયિક-પ્રતિક્રમણ, પૌષધ, ઉપધાનવહન દાન-શીલ, ભાવના વિગેરે સુખના સાધનોને સેવીએ, તો જ સુખ મળી શકે. ૧૮૮

વિષયરાગી જીવોનું સ્વરૂપ જણાવે છે:—

જિમ બિલાડી દૂધ પીતાં લાકડીના મારને,
વિષયરાગી જીવ પણ તિમ મરણ ભયને ના ગણે;
દુનિયા તણા પુષ્કલ પદાર્થો ભય સહિત ઇમ દીસતા,
તોયે અબોધે મૂઢ જીવો સત્યને ના સમજતા.૧૮૯

અર્થ:—જેવી રીતે બિલાડી દૂધ પીતી હોય તે વખતે

તેને કોઈ લાકડી મારવા જાય ત્યારે તે બિલાડી મારના ભયને પણ ગણકારતી નથી તેવી રીતે વિષયમાં આસક્ત થએલો જીવ પણ મરણના ભયને ગણકારતો નથી. તેજ પ્રમાણે આ દુનિયાના ઘણા પૌદ્ગલિક પદાર્થો ભય સહિત જણાય છે તે છતાં બીન સમજણને લઇને મુઝાએલા સંસારી જીવો તે તે પદાર્થના ખરા સ્વરૂપને સમજતા નથી. ૧૮૯

ભોગથી સુખ હોયજ નહિ. વિગેરે જણાવે છે:—

**હે ભાઇ ? તું સુખિયો થવાને સેવતો બહુ ભોગને,**
**પણ સમજજે કે જરૂર દેશે તે ભયંકર રોગને;**
**તેની પીડાઓ વેદતાં ચતુરાઇ તુજ શા કામની,**
**પાપ કરતાં ચેતવું ના એ નિશાની ખેદની.૧૯૦**

**અર્થ:**—હે ભાઈ! તું સુખી થવાને માટે ઘણા પ્રકારના ભોગોનું સેવન કરે છે, પરંતુ તું ચોક્કસ જાણજે કે તે વિષયો તને ભયંકર રોગમાં સપડાવશે. પછી તે રોગની પીડાને ભોગવતાં તારી ચતુરાઈ શા કામમાં આવશે: એટલે રોગની પીડા ભોગવતાં તારી ચતુરાઈ તને બચાવી શકશે નહિ. માટે પાપ કરતી વખતે જો ચેતે નહિ એટલે તે પાપ કાર્ય કરતાં પાછો ન હઠે તો તે ખરખર પસ્તાવાની નિશાની જાણવી. અથવા પાપ કરતાં ચેતવું એ ખેદની નિશાની નથી. એટલે જેઓ પાપ કર્મને કરતી વખતે સમજીને દૂર ખસે, તો તે ભયંકર રોગોની પીડા ભોગવતા નથી. અને એવી સાવચેતી ન રાખે, તે દુ:ખી થાય છે. ૧૯૦

ખેદ કેવો થાય ? એ બતાવે છે:—

**ચેત્યો નહિ હું બંધ સમયે ઉદયક્ષણ ડહાપણ ધરૂં,**
**શા કામનું ? પણ બંધ સમયે રાખ ડહાપણ તે ખરૂં;**
**કફ વ્યાધિવાળો ખાઇ દહીંને જેમ પીડા ભોગવે,**
**ખાતાં ન રાખે ભાન તિમ તું બંધ ઉદયે જાણજે.૧૯૧**

**અર્થ:**—કર્મબંધની વખતે હું ચેત્યો નહિ અથવા પાપ કાર્ય કરતી વખતે મેં કાંઈ વિચાર ન કર્યો, ત્યારે આ તે કર્મનું ફળ ઉદય આવ્યું અને જ્યારે દુઃખ આવવા માંડયું ત્યારે ડહાપણ રાખું કે મેં પાપ કર્મ ન કર્યાં હોત તો મારે આવું દુઃખ ભોગવવાનો વારો આવ્યો ન હોત. આવું ડહાપણ ઉદય વખતે શા કામનું ? અથવા તે વખતે આ ડહાપણ કામમાં આવતું નથી. કારણ કે આવા ડહાપણથી દુઃખ નાશ પામતું નથી. માટે પાપનો બંધ કરતી વખતે ડહાપણ રાખવું એટલે પાપ કાર્ય કરતાં ચેતી જવું જોઇએ. જેવી રીતે કફના વ્યાધિવાળો જીવ દહીં ખાતી વખતે વિચાર ન કરે કે દહીં ખાવાથી મને પીડા વધશે અને સ્વાદને લીધે દહીં ખાય પછી દહીં ખાવાથી થતી પીડા ભોગવે. અહીં જેમ રોગીને દહીં ખાતાં સાવચેત રહેવું જોઇએ, તેમ તારે કર્મને બાંધતી વખતે ડહાપણ રાખવું જોઇએ. ૧૯૧

**સ્વાધીન ક્ષણ છે બંધનો, ના ઉદયનો છે તેહવો,**
**નિત ચેતજે બંધક્ષણે બલવાન ક્ષણ છે ઉદયનો;**

**આશા તણા જે દાસ તે નર સર્વજગના દાસ છે,**
**દાસી બનાવે તેહને જે સર્વજગ તસ દાસ છે.૧૯૨**

**અર્થ:**—હે જીવ ! બંધનો એટલે કર્મબંધનો ક્ષણ એ સ્વાધીન કાલ છે એટલે કર્મબંધથી બચવું એ પોતાના તાબાની વાત છે. કારણ કે પરિણામે બંધ કહ્યો છે. માટે શુભ પરિણામવડે અશુભ બંધ થતો અટકાવી શકાય છે. તેથી બંધ વખતે ચેતજે એટલે ચેતતો રહેજે. પરંતુ ઉદયનો ક્ષણ તેવો નથી. કારણ કે ઉદયને રોકી શકાતો નથી. ઉદય સમય બલવાન છે માટે તે ભોગવ્યા સિવાય છુટકો નથી. આ પ્રસંગે યાદ રાખજે કે-જેઓ આશાના (ઇચ્છા, તૃષ્ણાના) દાસ થએલા છે તેઓ સર્વ જગતના દાસ છે. એટલે જ્યાં સુધી આશા દૂર કરવામાં આવતી નથી ત્યાં સુધી જગતમાં ગુલામ જેવી સ્થિતિ ભોગવવી પડે છે. અને જેઓ આશાને દાસી બનાવે તેઓની આગળ સર્વ જગતના જીવો દાસ થઇને રહે છે. ૧૯૨

ચાલુ વાતમાં યોગીનું દૃષ્ટાંત જણાવે છે—

**જાણજે આ અવસરે નૃપ યોગિના દૃષ્ટાંતને,**
**રાજકુંવરી પરણવા રાજા ગુલામ સમો બને;**
**યોગી કહે જે સત્ય બીના તેહને નૃપ સાંભળી,**
**વૈરાગ્ય પામી યોગિચરણે કરત વંદન ફરી ફરી.૧૯૩**

**અર્થ:**—આ પ્રસંગે તું રાજા અને યોગીના દૃષ્ટાન્તને જાણજે. રાજકુંવરીને પરણવાના લોભથી રાજા યોગીના

ગુલામ જેવો બન્યો. પરંતુ યોગીએ જે સાચી બીના જણાવી, તે સાંભળીને [1]રાજા વૈરાગ્યને પામ્યો. અને યોગીના ચરણમાં વારંવાર વંદન કરવા લાગ્યો. ૧૯૩

સાચું જ્ઞાન કયું? વિગેરે જણાવે છે--

**તે જ્ઞાન કિમ કહેવાય જેમાં રાગ મસ્તી આદરે,**
**ત્યાં તિમિરની શક્તિ કિહાં જ્યાં સૂર્ય કિરણો વિસ્તરે;**
**જ્ઞાનનું ફલ વિરતિ છંડો હેય વિષયાદિક રતિ,**
**મોહે નહિ લેપાય જે જન તેહ નાણી શુભ મતિ.૧૯૪**

**અર્થ**:—જે જ્ઞાનની હયાતીમાં રાગ મસ્તી આદરે એટલે પૌદ્ગલિક ભાવોમાં આસક્તિ વધે, તેને જ્ઞાન કેવી રીતે કહી શકાય? અથવા સાચું જ્ઞાન હોય ત્યાં રાગની ઓછાશ થવી જોઇએ. કારણ કે જ્યાં સૂર્યનાં કિરણોની જ્યોતો ફેલાય, ત્યાં અંધકાર રહેજ નહિ. અથવા અંધકાર દૂર થાયજ. માટે જ "**ज्ञानस्य फलं विरतिः**" એમ કહ્યું છે તેથી હેય એટલે ત્યાગ કરવા યોગ્ય જે વિષયાદિક તેની પ્રીતિનો ત્યાગ કરો. અને જે માણસ મોહમાં આસક્ત થાય નહિ તે શુભમતિ એટલે સારી બુદ્ધિવાળો જ્ઞાની જાણવો. ૧૯૪

વિષયો ચોરના જેવા છે, એમ દૃષ્ટાંત દઇને સમજાવે છે:--

**જ્ઞાનાદિ ધનને ચોરનારા વિષય સઘલા જાણિએ,**
**શેઠ શેઠાણી તણાં દૃષ્ટાંતને સંભારીએ;**

---

૧ રાજા અને યોગીનું દૃષ્ટાન્ત મેં શ્રીસિદ્ધચક્રપૂજામાં જણાવ્યું છે તે ત્યાંથી જોઇ લેવું.

**ચોર ધન લઇને ગયા પણ શેઠ "જાણું છું" કહે,**
**જાણ્યું હવે શા કામનું? નિત ચેતતાનું ધન રહે.૧૯૫**

અર્થ:—બધા વિષયો આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી ધનને ચોરે છે,એમ જાણવું. આ બાબતમાં શેઠ અને શેઠાણીનું [1]દૃષ્ટાન્ત યાદ કરવું. ચોર શેઠના ઘરમાંથી ધન ચોરીને જતા રહ્યા તોપણ શેઠ ઠેઠ સુધી 'જાણું છું' એમ કહ્યા કરે છે. પરંતુ તે જાણ્યું શા કામનું? અથવા જાણ્યા છતાં પણ ધન ન સચવાય તો તે ધનનું જાણવું શા કામનું? માટે જે ચેતતા રહે છે, તેનું ધન સચવાય છે. ૧૯૫

પાપનું કારણ અને તેનું સ્વરૂપ જણાવે છે—

**પાપ કરવાની કુટેવ પડી તને બહુ કાલથી,**
**તેહિજ કરાવે ભોગ તૃષ્ણા છોડ તેને આજથી;**

૧ શેઠ શેઠાણીનું દૃષ્ટાન્ત આ પ્રમાણેઃ—શિયાળાની રાતે શેઠ શેઠાણી વિગેરે સૂઈ ગયા છે. અડધી રાત્રે ચોર ઘરમાં પેઠો. તે જાણીને શેઠાણીએ શેઠને કહ્યું કે ચોર આવ્યા. ત્યારે શેઠ કહે છે કે 'જાણું છું.' પણ આળસથી ઉઠતા નથી. ત્યાર પછી ચોરે પટારાનું તાળું તોડવા માંડયું તે વખતે શેઠાણીએ પ્હેલાંની માફક કહ્યું ત્યારે પણ શેઠે 'જાણું છું' એમ કહ્યું. તાળું તોડીને પટારો ઉઘાડયો ત્યારે પણ 'જાણું છું' કહ્યું. છેવટે ચોર દાગીના લઈને જવા લાગ્યો ત્યારે 'જાણું છું' કહ્યું પણ શેઠ ઉઠયા નહિ અને ચોર ધન લઇને પલાયન થઇ ગયો. તે વખતે શેઠાણીએ શેઠને કહ્યું કે, દુહો:—જાણ્યું જાણ્યું શું કરે, તારા જાણપણામાં પડી ધૂળ; શેઠાણી કહે શેઠને, ચોર ધન લઈ ગયા દૂર. આમાંથી સમજવાનું એકે–જેઓ સાવચેત થઇને વિષયાદિને ન સેવે, તે ભવ્ય જીવોજ ઉત્તમ જ્ઞાનાદિ ધનને સાચવી શકે છે.

**અગ્નિ ધરાયે લાકડાથી નહિ જલધિ જિમ વારિથી;**
**ભોગો ઘણાએ ભોગવ્યા પણ તેહ રજ ઘટતી નથી.૧૯૬**

**અર્થ**:—હે જીવ! તને ઘણા વખતથી પાપ કરવાની કુટેવ એટલે ખરાબ ટેવ પડેલી છે તે તને ભોગતૃષ્ણા એટલે વિષયભોગોની ઇચ્છાજ કરાવે છે, માટે તે ભોગતૃષ્ણાને આજથી છોડી દે. જેમ અગ્નિ લાકડાથી સંતોષ પામતો નથી, તથા સમુદ્ર જેમ પાણીથી સંતોષ પામતો નથી તેવી રીતે તેં ઘણા ઘણા વિષયો ભોગવ્યા, તો પણ તે ભોગની લાલસા જરા પણ નાશ પામી નહિ. ૧૯૬

ભોગતૃષ્ણાનું સ્વરૂપ સમજાવે છે:—

**રજની વધારે તિમિરને તૃષ્ણા તથા રાગાદિને,**
**તેના જ યોગે જીવ કરતો નિંદ્ય સઘલા કર્મને;**
**શબ્દાદિ ભોગવવા થકી તૃષ્ણા કદી શમશે નહિ,**
**જલમાં રહેલા ચંદ્રથી તુજ કાર્ય કદિ સરશે નહી.૧૯૭**

**અર્થ**:—હે જીવ! જેમ રાત્રી અંધકારને વધારે છે તેમ તૃષ્ણા એટલે વિષયની ઈચ્છા રાગ દ્વેષ વગેરેને વધારે છે, અને તેથી કરીને જીવ સઘળી જાતના નિંદવા યોગ્ય પાપ કર્મને કરે છે. જેવી રીતે પાણીમાં રહેલા ચંદ્રથી તારૂં કાર્ય સિદ્ધ થાય નહિ તેમ શબ્દ રસ વગેરે ઇન્દ્રિયોના વિષયોને ભોગવવાથી તારી તૃષ્ણા-વિષય લાલસા કદાપિ શાંત થશે નહિ. એમ તારે નક્કી સમજવું. ૧૯૭

ભોગ તૃષ્ણાએ આ જીવને કેવો હેરાન કર્યો? તે જણાવે છેઃ—

**સારી ગણીને ભોગતૃષ્ણા મોહથી મોહ્યા નરા,**
**આ વિકટ સંસારે ભમે ન નિરાંતથી જપતા જરા;**
**આણે બનાવ્યો જીવ! તને કંગાલ ભીખારી સમો,**
**તેથીજ ધાર્મિક કાર્ય કરતાં રાખતો તું અણગમો.૧૯૮**

**અર્થઃ**—મનુષ્યો મોહને લીધે ભોગતૃષ્ણાને સારી ગણીને મુંઝાઇ જાય છે, તેથી આ ભયંકર સંસારને વિષે રખડયા કરે છે. અને કોઈ ઠેકાણે શાંતિથી જરા પણ જપતા નથી. હે જીવ! આ તૃષ્ણાએ તને ગરીબ ભીખારી જેવો બનાવ્યો છે, અને તેથી કરીને ધર્મનાં કાર્યો કરતાં તને કંટાળો થાય છે. ૧૯૮

મનને વશ કરવાથી થતા ફાયદા જણાવે છેઃ—

**રઝળાવનારી ભીમ ભવસાગર વિષે મુજ જીવને,**
**એવું વિચારી દેહ ઘરથી દૂર કાઢી તેહને;**
**જેહ મનને વશ કરે તે ટાળતા સવિ દુઃખને,**
**સવિ કર્મબંધન દૂર ફેંકી પામતા નિર્વાણને.૧૯૯**

**અર્થઃ**—આ તૃષ્ણા મારા જીવને ભયંકર ભવરૂપી સમુદ્રમાં રખડાવનારી છે, એવું વિચારીને શરીરરૂપી ઘરમાંથી તેને દૂર કાઢીને જે જીવ મનને વશ કરે છે તે પોતાના સર્વ દુઃખને દૂર કરે છે. અને પોતાનાં સઘળાં કર્મનાં બંધનોને દૂર કરી એટલે સઘળાં કર્મોનો નાશ કરીને મોક્ષ મેળવે છે. ૧૯૯

ભોગ તૃષ્ણાને છોડનારા જીવોની ઉત્તમ સ્થિતિ જણાવે છે:-

**જે ભોગતૃષ્ણા છોડનારા તેજ જગમાં વંદ્ય છે,**
**તેહને વશ જે થયા તે સર્વ જનથી નિંદ્ય છે;**
**અનુકૂલતા આની દીએ છે દુઃખને પ્રતિકૂલતા,**
**સુખ શાશ્વતા ઝટ આપતી સમજુ જનો સમજી જતા.૨૦૦**

**અર્થ**:—જેઓ ભોગતૃષ્ણાનો ત્યાગ કરે છે તેઓજ જગતમાં વંદન કરવા યોગ્ય બને છે. અને જેઓ ભોગતૃષ્ણાને વશ થયા છે તેઓ બધા સજ્જનો વડે નિંદવા લાયક બને છે. આ ભોગતૃષ્ણાની અનુકૂલતા દુઃખને આપે છે એટલે જે અજ્ઞાની જીવોને વિષયભોગોની સામગ્રી મળે છે તેઓ તેના ઉપભોગમાં આસક્ત થવાથી દુઃખી થાય છે અને આસક્તિ રહિત બનીને જો વિષયોની પ્રતિકૂલતા કરે, એટલે સ્વાધીન વિષયના સાધનોમાં પણ જે ભવ્ય જીવો આસક્તિ રાખતા નથી, તેઓ શાશ્વતા સુખને એટલે મોક્ષ સુખને મેળવે છે. આ વાત સમજુ પુરૂષો તરત સમજી જાય છે. ૨૦૦

ભોગ તૃષ્ણાના જુલ્મો જણાવે છે:—

**દીલમાં વસી આ જ્યાં સુધી જીવ ત્યાં સુધી સંસારને,**
**સારો ગણે બીન સમજથી નરસો ગણે છે મોક્ષને;**
**તે ભોગ તૃષ્ણા દૂર થતાં સંસાર ધૂળ જેવો ગણે,**
**બગડયું ઘણું હે જીવ! તારૂં ચેત ઝટ તું આ ક્ષણે.૨૦૧**

**અર્થ**:—હે જીવ! જ્યાં સુધી આ ભોગતૃષ્ણા તારા દીલમાં રહેલી છે ત્યાં સુધી તું સંસારને સારો ગણે છે અને

સમજ નહિ હોવાથી મોક્ષને નરસો–અશુભ ગણે છે. પરંતુ જ્યારે ભોગતૃષ્ણા દૂર ખસે છે, એટલે જ્યારે ભોગતૃષ્ણા નાશ પામેછે, ત્યારે તું સંસારને ધૂળ જેવો અસાર ગણે છે. હે જીવ! અત્યાર સુધીમાં તારૂં ઘણું બગડ્યું છે, માટે હવે આ અવસરે તું જલ્દી ચેત. પ્રમાદને દૂર કર અને તારા કર્ત્તવ્યો બજાવવામાં સાવધાન થા. ૨૦૧

સ્ત્રીના શરીરનું સ્વરૂપ વિગેરે જણાવે છે:—

**વિષ્ઠા અને મૂત્રે ભરેલો દેહ આ છે નારનો,**
**મુખ આદિનો દેખાવ કેવલ પિંડ માંસ રૂધિર તણો;**
**આ ભોગ તૃષ્ણાનાજ પાપે મુખ કમલશશિ સમ ગણે,**
**વલિ હાડકાં રૂપ દંતગણને કુંદકલિકા સમ ગણે.૨૦૨**

અર્થ:—આ સ્ત્રીનું શરીર વિષ્ઠા અને મૂત્રથી ભરેલું છે, માટે અપવિત્ર છે. મુખ વગેરે અવયવોની જે શોભા જણાય છે તે તો ફક્ત માંસ અને લોહીનો પિંડ છે. તે છતાં આ ભોગતૃષ્ણાના જ પાપ લઇને તું માંસ અને લોહીના બનેલા મુખને કમલ અને ચંદ્રમા જેવું ગણે છે. તથા હાડકાંના બનેલા દાંતના સમૂહને કુંદ એટલે મોગરાની કલિકા જેવો ગણે છે. ૨૦૨

ભોગતૃષ્ણા મનને ચપલ કરે છે, એમ જણાવે છે:—

**દારૂ પીધેલા વાંદરાને ડંખનો વીંછી અને,**
**ભૂત વળગ્યું એહના જેવું સમજજે ચિત્તને;**
**ભોગતૃષ્ણાથી અથીર થઇ સર્વ જગ્યાએ ભમે,**
**દૂર કરતા તેહને શું અશુચિ પુંજે મન રમે?.૨૦૩**

**અર્થ**:—વાંદરાની જાત ઘણી ચંચળ છે, એક ઠેકાણે સ્થિર રહેતી નથી. જેમ તે વાંદરાને દારૂ પાયો હોય, વળી તેને વીંછી કરડે અને ભૂત વળગે, ત્યારે તે જેમ ચારે તરફ કૂદાકૂદ કરી મૂકે, તેના જેવું તું ચિત્તને સમજજે. એટલે ચિત્ત ઘણું ચંચળ છે, તેથી તે જરા વાર પણ ચપળતા મૂકતું નથી. અને ભોગતૃષ્ણાને લઇને સર્વ સ્થળે ભમ્યા કરે છે. પરંતુ તે ભોગતૃષ્ણાને દૂર કરવામાં આવે તો અશુચિપુંજ એટલે અપવિત્ર વસ્તુના ઢગલા સમાન સ્ત્રી વિગેરેના વિષયભોગોમાં મન શું આનંદ માને? એટલે તે વિષયોમાં આનંદ નજ માને. ૨૦૩

ભોગતૃષ્ણા ભયંકર પાપ કરાવે છે એમ જણાવે છેઃ—

**સરખું મનુજપણું બેઉમાં દેખાય છે આ આંખથી,**
**ત્યાં દાસ થઇને નિંદ્યકર્મ કરાય એક મનુષ્યથી;**
**તેમાંહિ હેતુ ભોગતૃષ્ણા તેહને જે પરિહરે,**
**તે ના કદાપિ પાપ કરતાં સર્વ સ્થલ મોજે ફરે.૨૦૪**

**અર્થ**:—આ આપણી આંખથી બંને મનુષ્યોમાં મનુષ્યપણુ સરખું જણાય છે, છતાં તેમાંના એક મનુષ્ય વડે નોકર થઇને નિંદ્ય-નિંદવાલાયક કાર્યો કરાય છે તેમાં હેતુ રૂપ ભોગતૃષ્ણાજ કહી શકાય. પરંતુ તે ભોગતૃષ્ણાને જે દૂર કરે છે તે કદાપિ પણ પાપકર્મો કરતા નથી. અને દરેક સ્થળે મોજથી ફરે છે. ૨૦૪

નિષ્કામવૃત્તિ સુખદાયક છે, એમ જણાવે છેઃ—

**તેહીજ નાયક ઇંદ્રના વખણાય પંડિત વર્ગથી,**
**તે સંત સાચી શાંતિ પામે ચક્રિને પણ તે નથી;**

**તૃષ્ણા વગરના સાધુઓને જેહ સુખ અહિંયાં મલે,**
**તે ધનિક મોટા કિમ લહે? તૃષ્ણાનલે તેઓ બલે.૨૦૫**

અર્થ:—તે ભોગતૃષ્ણા રહિત ઉત્તમ મનુષ્યો ઇન્દ્રના પણ નાયક ગણાય છે અને પંડિતોના સમૂહથી વખણાય છે. તૃષ્ણાના અભાવે સન્ત પુરૂષો જે ખરી શાંતિને પામે છે તે શાંતિ ચક્રવર્તીને પણ હોતી નથી, એ પ્રમાણે તૃષ્ણા એટલે કોઇ પણ પ્રકારની આશા રહિત નિરભિલાષ સાધુઓને અહીંઆં જે સુખ મળે છે તે મોટા ધનવાનને પણ કયાંથી મળે? એટલે મોટા ધનવાનને પણ તે સાચું સુખ હોતું નથી, કારણ કે તેઓ તો તૃષ્ણાનલથી એટલે તૃષ્ણા રૂપી અગ્નિથી બળી રહ્યા છે, જેથી તેમને સંતોષ નહિ હોવાથી ખરૂં સુખ ( તેઓને ) મળતું નથી. ૨૦૫

ચક્રવર્ત્તીની ઉત્તમ ભાવના જણાવે છે:—

**જેને વડીલ હઠાવતા તે કામને કિમ પોષીએ,**
**એમ નીચ ગણાઇએ તિણ વૃદ્ધ માર્ગે ચાલીએ;**
**એવું વિચારી ચક્રવર્ત્તી સકલ ઋદ્ધિ છોડતા,**
**આપ કુણ ઇમ પૂછતાં હું ભિક્ષુ છું ઇમ બોલતા.૨૦૬**

અર્થ:—પોતાના વડીલ શ્રી ઋષભદેવ પ્રભુ વિગેરે મહાપુરૂષોએ જે કામને હરાવ્યો. ( હઠાવ્યો ) એટલે વિષયોનો ત્યાગ કર્યો, તેજ વિષયોનું મારાથી કેવી રીતે પોષણ કરી શકાય? અર્થાત્ તે વિષયોનો ત્યાગ કરવો જોઇએ. જો એ પ્રમાણે ન ચાલીએ, તો અમે નીચ ગણાઇએ તેથી અમારે વૃદ્ધ પુરૂષોના

માર્ગે ચાલવું જોઇએ.એવું વિચારીને ભરત ચક્રવર્તી વિગેરે ભવ્ય જીવોએ પોતાની છ ખંડની ઋદ્ધિ વિગેરેનો ત્યાગ કર્યો. અને ભિક્ષુક બન્યા એટલે ચારિત્ર ધર્મને અંગીકાર કર્યો. અને તમે કોણ છો ? એમ પૂછવામાં આવે ત્યારે હું ભિક્ષક છું એ પ્રમાણે કહેતા. એટલે ચક્રવર્તી કરતાં પણ ભિક્ષુકપણામાં તેમને પરમ શાંતિ સુખનો અનુભવ થતો હતો. ૨૦૬

ખરૂં સુખ ત્યાગમાંજ છે, એમ જણાવે છે:—

**"હું ચક્રવર્ત્તી" એમ કહેતાં જે ન પામે હર્ષને,**
**"હું ભિક્ષુ" આવું બોલતાં તે અધિક પામે હર્ષને;**
**આથીજ સાબીત થાય છે સુખ ત્યાગમાં નહિ ભોગમાં,**
**વખણાય ધન્ય મુનીશ તિણ ઇમિ જાણ નવમા અંગમાં.૨૦૭**

**અર્થ:**—ચક્રવર્તીપણામાં 'હું ચક્રવર્તી છું' એમ કહેતાં જે સાત્ત્વિક હર્ષ પામતા નહોતા, તેવો સાત્ત્વિક આનંદ "હું ભિક્ષુ–સાધુ છું' આ પ્રમાણે બોલતાં તેઓ પામે છે. આથી સાબીત થાય છે કે ત્યાગ (સંયમની સાધના) માં ખરૂં સુખ છે પણ ભોગમાં ખરૂં સુખ નથી. આ કારણથી એવા ગુણવંત ધન્ય મુનીશ્વરનાં નવમા અંગમાં (અનુત્તરોવવાઇમાં) બહુ વખાણ કર્યા છે. ૨૦૭

મમતા રાખવાનું સ્થલ જણાવે છે:—

**વિષયાદિમાં જેવી રમણતા તેમ દ્રવ્યાદિક વિષે,**
**તેવીજ અથવા તો વધારે રાખ જો શાસન વિષે;**
**તો નિશ્ચયે થોડા ક્ષણે હે જીવ ? થોડી મ્હેનતે,**
**પામીશ અવિચલ મુક્તિ કેરા શર્મ વાજતે ગાજતે.૨૦૮**

અર્થ:—હે જીવ! તને વિષયાદિમાં તથા સ્ત્રીદ્રવ્ય વગેરે સાંસારિક પદાર્થોને વિષે જેવી રમણુતા-આસક્તિ છે તેવી અથવા તેથી વધારે જો તું શાસનને વિષે એટલે જિનધર્મની આરાધના કરવામાં રાખે, તો તું નક્કી થોડા વખતમાં અને થોડી મ્હેનતે અવિચલ એટલે નાશ રહિત મોક્ષના સુખને વાજતે ગાજતે એટલે અતિ આનંદ પૂર્વક પામીશ. ૨૦૮

વિષ કરતાં વિષયની અધિકતા વિગેરે જણાવે છે:—

**વિષને વિષયમાં જો તફાવત ઝેર ખાતાં મારશે,**
**પણ આ વિષય તો ધ્યાવતાં પણ મરણ બૂરૂં આપશે;**
**જેથી વીંટાએ જીવ ચીકણાં કર્મથી વ્યુત્પત્તિ એ,**
**ભાખી પ્રભુએ વિષયની જો જે વિચારી શાંતિએ.૨૦૯**

અર્થ:—હે જીવ! તું 'વિષ' અને 'વિષય' એ બંનેનો તફાવત જરૂર વિચારજે. વિષ એટલે ઝેર તો ખાય ત્યારે ખાનાર માણસ મરણ પામે છે, પરંતુ આ 'વિષય' તો ધ્યાવતાં એટલે યાદ કરતાં પણ બૂરૂં એટલે ખરાબ મરણ પમાડે છે. 'વિષય'ની વ્યુત્પત્તિ એટલે શબ્દાર્થ પ્રભુએ આ પ્રમાણે કહ્યો છે:-જેનાથી જીવ ચીકણાં કર્મો વડે વીંટાય તે વિષય કહેવાય. માટે તું શાંતિથી તેનો વિચાર કરીને તેવા તીવ્ર દુ:ખદાયી શબ્દાદિ વિષયોનો જરૂર ત્યાગ કરજે. ૨૦૯

વિષયથી કયા કયા જીવો દુ:ખી થયા? તે જણાવે છે:—

**વિષયો વિનશ્વર નિશ્ચયે વિકરાલ દુ:ખને આપતા,**
**અહિં ભૂલનારા આર્દ્ર કુંવરે સંયમે ખાધી ખતા;**

**રાવણ સરીખો રાજવી પણ નરક ચોથી પામિયો,**
**આ ભવ વિષે પણ તેહની વ્હારે ન કોઇ આવિયો.૨૧૦**

**અર્થ:**—આ વિનશ્વર એટલે નાશવંત વિષયો નિશ્ચયે વિકરાળ એટલે ભયંકર દુઃખને આપનારા છે. આ મુદ્દો ભૂલી જનારા આર્દ્રકુંવરે સંયમને વિષે ખત્તા ખાધી એટલે ચારિત્રથી ભ્રષ્ટ થયા. રાવણ જેવો રાજા પણ વિષયના પાપને લીધે ચોથી નરકે ગયો, તેમજ આ ભવમાં પણ તેની મદદે કોઇ આવ્યું નહિ. ૨૧૦

વિષય મરણ પમાડે છે, વિગેરે દૃષ્ટાંત સાથે ત્રણ શ્લોકમાં જણાવે છે:—

**એક પણ વિષયાનુરાગે જીવ મૃત્યુ પામતા,**
**પાંચ વિષયો માંહિ રાગી નર મરણ બહુ પામતા;**
**સ્પર્શમાં આસક્તિ કરતાં હસ્તિ દુઃખિયો થઈ રડે,**
**હાથિણી ચિતરેલ જોઈ કામ વશ ખાડે પડે.૨૧૧**

**અર્થ:**—પાંચ ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોમાંના એક પણ વિષયથી જીવો મૃત્યુને વશ થાય છે, તો પછી શબ્દાદિ પાંચે વિષયોમાં આસક્ત મનુષ્યો ઘણીવાર મરણને પામે. અહીં દરેકનાં દૃષ્ટાંત આ પ્રમાણે–એક સ્પર્શ ઇન્દ્રિયના વિષયમાં આસક્ત થવાથી ખાડામાં પડેલો હાથી દુઃખી થઇને રડે છે, તેથી તે આનંદથી હરી ફરી શકતો નથી, અને મનુષ્યના બંધનમાં રહેવું પડે છે. હાથી ખાડામાં ચિતરેલી હાથણી જોઇને કામવશ થઈ ખાડામાં પડી ઘણાં દુઃખો ભોગવે છે.૨૧૧

માછલું રસના રસે ઝટ કણકને ખાવા જતાં,
કાંટા વિષેજ ભરાય જીભ કપાય મૃત્યુ પામતા;
વશ થાય શીઘ્ર શિકારીને શબ્દ શ્રવણ રાગે કરી,
હરિણ છેવટ મૃત્યુ પામે વેદના સહી આકરી.૨૧૨

**અર્થઃ**—રસના રસે એટલે જીભના સ્વાદમાં આસક્ત થએલું માછલું કાંટામાં ભરાએલ કણકને ખાવા જતાં તેની જીભ કાંટામાં ભરાઇ જાય છે, તેથી કપાઈને મરણ પામે છે, તથા શબ્દ સાંભળવાના રાગને લઇને હરણીયાં જલ્દી શિકારીને વશ થાય છે, અને આકરી વેદના સહન કરીને અંતે મૃત્યુ પામે છે. ૨૧૨

વળી ગંધ કેરી લાલચે ભમરા કમળ ડોડા વિષે,
બીડાઇ મૃત્યુ પામતા દીવા તણી જ્યોતિ વિષે;
ઝપલાઇ મરત પતંગિયા દેખી દીપકની જ્યોતને,
આ ભાવના હૃદયે ઉતારી ચેત જીવ! તું ચેતને.૨૧૩

**અર્થઃ**—વળી નાકના વિષય ગંધને વિષે આસક્ત થએલા ભમરા કમળના ડોડાને વિષે બીડાઇને મૃત્યુ પામે છે. તથા આંખના વિષય રૂપને વિષે આસક્ત થવાથી પતંગીયા દીપકનો પ્રકાશ દેખી તેને વિષે ઝંપલાઈને મરણ પામે છે. આ પ્રમાણે એક એક ઇન્દ્રિયના વિષયમાં આસક્ત થવાથી દુઃખ અને મરણની પ્રાપ્તિ થાય છે એ ભાવના એટલે વિચારણાને હૃદયમાં ઉતારીને હે જીવ! તું ચેતજે. એટલે ઇંદ્રિયોના વિષયોમાં લગાર પણ આસક્તિ રાખીશ નહિ. ૨૧૩

પ્રમાદને અને ગાડરિયા પ્રવાહને છોડવાનું કહે છે:—

**જાગતાની ભેંસ પાડો ઉંઘતાનો વાત એ,**
**સુણીને તજી પરમાદ ગાડરવાહ વેણ વિચારજે;**
**મદનિયાની કાણમાં રાણી નૃપતિ આદિ ગયા,**
**બીના ગધેડીના શિશુની સાંભળો દીલગીર થયા.૨૧૪**

અર્થ:—'જાગતાની ભેંસ[1] ને ઉંઘતાનો પાડો' એ કહેવત સાંભળીને પ્રમાદ છોડો, તેમજ એવી ગાડરીયા પ્રવાહની પણ વાત છે તે આ પ્રમાણે--જેવી રીતે ગાડરીયા પ્રવાહની જેમ રાજા રાણી વગેરે [2]મદનીયાની કાણમાં ગયા. પરંતુ ત્યાં ગધેડીના બચ્ચાના મરણની વાત સાંભળીને દીલગીર થયા. એટલે તેમને પસ્તાવો થયો, તેથી ગાડરીયા પ્રવાહની માફક વગર વિચારે કોઈ કાર્ય કરવું નહિ. ૨૧૪

ઇંદ્રિયોને વશ કરવાનું સાધન જણાવે છે:—

**જિનવચન રૂપ લગામ ઇંદ્રિય અશ્વને વશ રાખતી,**
**ને ચરણપંથે દોરતી મનની ચપલતા ટાળતી;**

---

૧ એક ભેંસને પાડી વિઆઈ તે વખતે પાડોશીની ભેંસને પાડો આવ્યો, પ્હેલી ભેંસનો માલિક ઉંઘતો જાણીને બીજી ભેંસના જાગતા માલિકે પાડીને ઠેકાણે પાડો મૂકી દીધો, બીજે દિવસે ખબર પડતાં પાડોશીએ કહ્યું કે એ તો જાગતાની ભેંસ ને ઉંઘતાનો પાડો.

૨ આ કથા મેં સંવેગમાલાના અર્થમાં જણાવી છે તે ત્યાંથી જોઈ લેવી. અર્થ સહિત તે શ્રી જૈનધર્મ પ્રસારક સભાએ છપાવી છે.

**આ કારણે પરતંત્રતા આગમ તણી નિત રાખીએ,**
**જિમ આત્મવીર્યોલ્લાસ વધતાં મોહ ભૂપ હરાવીએ.૨૧૫**

અર્થ:—જિનેશ્વરના વચન રૂપી લગામ ઇન્દ્રિય રૂપી ઘોડાને વશ રાખે છે. અને ચારિત્રના માર્ગે લઈ જાય છે, અને મનની ચંચળતાને દૂર કરે છે. આ કારણથી આગમની પરતંત્રતા એટલે આગમના વચનને અનુસારે ચાલવાપણું હંમેશાં રાખવું, જેથી આત્માના વીર્યનો ઉલ્લાસ વધવાથી મોહ રૂપી બળવાન રાજાનો નાશ કરી શકાય. ૨૧૫

વિષયની વિડંબના સમજાવે છે:—

**નિંબકીટક નિંબને કડવો છતાં મીઠો ગણે,**
**વિષય કડવા તે છતાં મોહી જનો મીઠા ગણે;**
**બળખા વિષે જિમ માંખ ચોંટે વિષય બળખામાં તથા,**
**અજ્ઞાન જન ચોંટી જતાં મોહે લહે પુષ્કલ વ્યથા.૨૧૬**

અર્થ:—જેવી રીતે લીંબડામાં ઉત્પન્ન થએલો કીડો લીંબડો કડવો છતાં તેને મીઠો ગણે છે, તેવી રીતે વિષયો પણ કડવા એટલે દુઃખદાયી હોવા છતાં મોહાસક્ત મનુષ્યો તે વિષયોને મીઠા એટલે સુખ આપનારા છે, એમ માને છે. જેમ લીંટના બળખામાં માખી ચોંટે છે તેમ વિષય રૂપી બળખામાં અજ્ઞાની મનુષ્ય ચોંટે છે એટલે વિષયમાં આસક્ત થાય છે, જેથી કરીને ઘણી વેદના ભોગવીને તરફડી તરફડીને મરણ પામે છે. ૨૧૬

રાગ એ ખૂરી ચીજ છે, એમ દૃષ્ટાંત દઇને બે શ્લોકમાં સમજાવે છેઃ—

**જીવન અલ્પ કરાવનારા સાત હેતુ સમૂહમાં,**
**રાગ અધ્યવસાય ભાખ્યો વિષયરાગી વિષયમાં;**
**કરતાં પ્રવૃત્તિ ઘટાડતો પ્રિય જીવનને ના ભૂલજે,**
**ને પરબવાળી નારનું દૃષ્ટાંત ખૂબ વિચારજે.૨૧૭**

અર્થ:—આયુષ્યને ઓછું કરનારા સાત હેતુઓમાં રાગના અધ્યવસાયને પણ ગણાવ્યો છે. સમજવાનું એ કે વિષયમાં રાગનો અધ્યવસાય કરનાર જીવ વિષયમાં પ્રવૃત્તિ કરીને પોતાના પ્રિય જીવનને એટલે આયુષ્યને ઓછું કરે છે, એ વાત ભૂલીશ નહિ. અને શ્રી લોકપ્રકાશમાં રાગના અધ્યવસાયથી મરણ પામનાર પરબવાળીનું દૃષ્ટાન્ત કહેલું છે તેનો તું ખૂબ વિચાર કરજે. ૨૧૭

પરબવાળી સ્ત્રીનું દૃષ્ટાન્ત આ પ્રમાણેઃ—

**જલપાન કરવા એક માનવ પરબ સ્થાને આવિયો,**
**ત્યાં પરબવાળી નારિને બહુ રાગ જોતાં જાગિયો;**
**જલ પી જનારા પુરૂષ દિશિએ વિષય રાગે દેખતી,**
**છેટે જતાં ના દેખતાં ઝટ મરણ ખૂરૂં પામતી.૨૧૮**

અર્થ:-એક માણુસ પરબ આગળ પાણી પીવાને આવ્યો, માણુસને જોઈ પરબવાળી સ્ત્રીને તેના ઉપર ઘણો રાગ-કામ-રાગ ઉત્પન્ન થયો, તે માણુસ પાણી પીને ત્યાંથી ચાલી નીકળ્યો. તે જે દિશા તરફ જતો હતો તે તરફ તે પરબવાળી સ્ત્રી

વિષય રાગથી જોઇ રહી છે. તે પુરૂષ જ્યાં સુધી દેખાયો ત્યાં સુધી તેના તરફ તે જોઇ રહી; પરંતુ છેટે જતાં જ્યારે તે દેખાતો બંધ થયો ત્યારે તરતજ તે સ્ત્રી બુરા-અશુભ મરણને પામી. આ પ્રમાણે વિષયના રાગે કરીને પરબવાળી સ્ત્રી મરણ પામી, એમ સમજીને હે જીવ! લગાર પણ વિષયમાં પ્રેમ રાખીશ નહિ. ૨૧૮

કામની દશ દશા સ્પષ્ટ રીતે સમજાવે છેઃ—

**કામ કેરૂં પ્રબલ સાધન રાગ ઇમ શ્રીવીર કહે,**
**રાગિ માનવ કામની અંતિમ દશા મૃત્યુ લહે;**
**તે કામની છે દશ દશા ત્યાં પ્રથમ ચિંતવના કરે,**
**બીજી દશા તે ધારિએ જે દેખવા ઇચ્છા કરે. ૨૧૯**

અર્થઃ—ત્રિશલાનંદન શ્રી મહાવીર પ્રભુએ કહ્યું છે કે કામ એટલે વિષયનું મુખ્ય બળવાન સાધન રાગ છે. અને તે રાગવાળો માણસ કામની છેલ્લી દશા મૃત્યુને પણ પામે છે. તે કામની દશ દશાઓ આ પ્રમાણેઃ—(૧) રાગી જેની પ્રત્યે રાગ-વિષય વાસના જાગે તેની ચિન્તવના અથવા વિચારણા કરે છે. અને (૨) બીજી દશામાં તે રાગી જીવ સામાને જોવાની ઇચ્છા કરે છે. ૨૧૯.

એ દશ દશાનુંજ વર્ણન ચાલે છે—

**લાંબા નીસાસા નાંખવા એ જાણવી ત્રીજી દશા,**
**તાવ આવે એહ ચોથી તનુ દહે પંચમ દશા;**

**ખાતાં અરૂચિ હોવે દશા છઠ્ઠી જિણંદા બોલતા,**
**સાતમી મૂર્છા કહી તિમ આઠમી છે ગાંડછા.૨૨૦**

**અર્થ**:—(૩) ત્રીજી દશામાં તે રાગી લાંબા નિસાસા નાખે છે. (૪) ચોથી દશામાં તેને તાવ આવે છે. (૫) શરીર બળ્યા કરે તે પાંચમી દશા તથા (૬) ખાવા ઉપર અરૂચિ-અપ્રીતિ ઉપજે છે તે છઠ્ઠી દશા જાણવી, એ પ્રમાણે જિનેશ્વરો કહે છે (૭) સાતમી દશામાં તેને મૂર્છા આવે છે. હિતાહિતનું ભાન રહેતું નથી. (૮) ગાંડછા એટલે જેમ તેમ બોલે તે કામી પુરૂષની આઠમી દશા જાણવી. ૨૨૦.

છેલ્લી બે દશા અને ચાલુ પ્રસંગે ગીતાની પણ સંમતિ જણાવે છે:—

**બેશુદ્ધિ નવમી મરણ પામે એહ દશમી જાણિએ,**
**રાગના પરિણામ આવા વિષયરતિને છોડીએ;**
**આ વાત પણ રૂપાન્તરે ગીતા કબૂલે એહની,**
**ટૂકમાં બીના સુણીને છોડ વૃત્તિ વિષય તણી.૨૨૧**

**અર્થ**:—નવમી દશામાં તેને બેશુદ્ધિ આવે છે એટલે કે તેને ભાન રહેતું નથી. તથા મરણ થાય તે તેની છેલ્લી દશમી અવસ્થા જાણવી. રાગના પરિણામ આવા દુઃખ આપે છે, એવું જાણીને વિષય રતિ એટલે કામ ક્રીડાનો ત્યાગ કરવો. આજ વાતને રૂપાન્તરે એટલે બીજી રીતે ગીતા પણ કબૂલ રાખે છે. તેની હકીકત ટુંકમાં સાંભળીને તું વિષયની વૃત્તિ એટલે ભાવનાનો ત્યાગ કરજે. ૨૨૧.

ગીતાની બીના ટૂંકમાં જણાવે છે:—

**વિષયો તણી ચિંતા કરંતા પ્રેમ તેમાં સંપજે,**
**પ્રેમથી નીચ કામ પ્રકટે ક્રોધ કામે ઉપજે;**
**ક્રોધથી સંમોહ આથી મતિ તણો વિભ્રમ હુવે,**
**મતિ વિભ્રમે લય બુદ્ધિનો નિજ નાશ બુદ્ધિલયે હુવે.૨૨૨**

અર્થ:—વિષયોની વિચારણા કરવાથી તેની ઉપર પ્રેમ ઉત્પન્ન થાય છે. પ્રેમને લઇને નીચ કામ એટલે વિષય ભોગની ઇચ્છા પ્રગટ થાય છે. કામને લીધે ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી સંમોહ થાય છે. સંમોહને લીધે બુદ્ધિનો વિભ્રમ થાય છે. જેથી યોગ્યાયોગ્યની વિચારણા નાશ પામે છે. મતિ-વિભ્રમ થવાથી બુદ્ધિનો નાશ થાય છે. અને બુદ્ધિનો નાશ થવાથી છેવટે પોતાનો નાશ થાય છે. ૨૨૨.

રોગને જીતવાના પાંચ કારણો અને રોગના ૯ કારણ જણાવે છે:—

**શાસ્ત્રે કહ્યા છે પાંચ કારણ રોગને જીતવા તણાં,**
**વિષયજય તેમાં ગણ્યો તિમ પ્રવર શ્રી સ્થાનાંગના,**
**નવમાધ્યયનમાં ઉક્ત ગદ નવ કારણોમાં ગણધરે,**
**વિષય લોલુપતા જણાવી મૂઢ તે ના પરિહરે.૨૨૩**

અર્થ:—સિદ્ધાન્તમાં રોગને જીતવાનાં પાંચ કારણો જણાવ્યા છે તેની અંદર વિષયજય એટલે વિષયોને જીતવા અથવા ઇન્દ્રિયોના વિકારોને રોકવા એમ પણ એક કારણ જણાવ્યું છે. તથા ઉત્તમ શ્રી સ્થાનાંગ સૂત્રના નવમા અધ્ય-

યનમાં ગણધર મહારાજે રોગની ઉત્પત્તિના નવ કારણો જણાવ્યા છે. તેમાં વિષયની લોલુપતાથી રોગ થાય એમ કહ્યું છે. છતાં મૂર્ખ જીવો વિષયોનો ત્યાગ કરતા નથી, એ આશ્ચર્ય છે. હે જીવ! ઉપરની બીના યાદ રાખીને જરૂર કામરાગને છોડજે. ૨૨૩

મધુબિંદુનું દૃષ્ટાંત દશ શ્લોકમાં જણાવે છે:—

**વિષયના ઉપભોગથી બહુ દુઃખ ઇમ જિનવર કહે,**
**સર્ષપ તણાં દાણાં થકી પણ બહુજ થોડું સુખ લહે;**
**દૃષ્ટાંત મધુના બિંદુનો આસ્વાદ કરનારા તણું,**
**વૈરાગ્ય રંગ વધારવા સંક્ષેપથી હું તે ભણું.૨૨૪**

અર્થ:—વિષયના સેવનથી મોહી જીવોને ઘણું દુઃખ ભોગવવું પડે છે એ પ્રમાણે જિનેશ્વરે કહેલું છે. તથા તેઓ સરસવના દાણાથી પણ ઘણું થોડું સુખ મેળવે છે, આ બાબતમાં મધુબિંદુનો સ્વાદ ચાખનાર જીવનું દૃષ્ટાન્ત જાણવું. તે દૃષ્ટાન્ત વૈરાગ્ય ભાવના વધારવા માટે ટુંકાણમાં હું આગળ જણાવું છું. ૨૨૪

**સાર્થ ભૂલ્યો એક જન જંગલ વિષે દાખલ થતાં,**
**તેહને જોયો ભયંકર હાથીએ જોયા છતાં;**
**મારવાને દોડતો આકાશમાંહિ ઉછાળતો,**
**જાન જાળવવા કૂવામાં પુરૂષ પડતું મૂકતો.૨૨૫**

**અર્થ:**—એક માણસ ચાલતાં ચાલતાં રસ્તામાં પોતાના સાર્થ (સથવારા)થી જૂદો પડી ગયો. આગળ જતાં તે એક

જંગલમાં દાખલ થયો. ત્યાં તે માણસને એક ભયંકર હાથીએ જોયો. જોઇને તેને મારવાને દોડયો. તે તેને પકડીને આકાશમાં ઉછાળવા લાગ્યો, મહા મ્હેનતે છૂટેલા તે માણસે પોતાનો જીવ બચાવવા માટે રસ્તામાં આવેલ કૂવામાં પડતું મૂકયું. ૨૨૫

**કૂપકંઠ વિષે લબડતી વડ તણી વડવાઇને,**
**અવલંબતાં નીચે નિરખતાં નિરખતો અજગર અને;**
**ચારે ખુણામાં ચાર સર્પો ઉપર વડની ડાળને,**
**શ્વેત કાળા બેઉ ઉંદર છેદતા કરી યત્નને.૨૨૬**

**અર્થ:**—તે કૂવાના કાંઠાને વિષે ઉગેલા એક વડની વડવાઈ પકડીને તે લબડી રહ્યો. નીચે નજર કરી તો કૂવામાં તેણે એક મોટા અજગરને મ્હોં પહોળું કરીને પોતાને ગળી જવા તૈયાર થઇને રહેલો જોયો. તથા કૂવાના ચાર ખુણામાં ચાર સર્પોને જોયા. વળી તેણે વડની તે ડાળને વળગીને એક કાળો ઉંદર અને એક ધોળો ઉંદર એમ બે ઉંદરો તે ડાળને કાપી નાખવાનો ઉદ્યમ કરતા જોયા. ૨૨૬

**ગજ હલાવે ડાળ સૂંઢથી મારવાને તેહને,**
**એમ થતાં ત્યાં મધપુડાની માંખ મારે ડંખને;**
**નીકળવાને બ્હાર ઉંચું મુખ કરે કંટાળીને,**
**મધુબિંદુના આસ્વાદથી પણ માનતો કંઇ શર્મને.૨૨૭**

**અર્થ:**—તે કૂવાના કાંઠે આવી પહોંચેલો હાથી તે માણસને મારવાને માટે પોતાની સૂંઢ વડે વડની ડાળને

હલાવવા લાગ્યો. તે ડાળ હાલવાથી તે વડમાં ડાળને ચોંટેલો મધપુડો હતો તેમાંથી મધમાખો ઉડીને તેને ડંખ મારવા લાગી. આ પ્રમાણે તે માણસ ચારે તરફથી વેદના ભોગવી રહ્યો છે. છેવટે કંટાળીને બહાર નીકળવાનો રસ્તો જોવાને તેણે ઉંચું મુખ કર્યું. તે વખતે તેની ઉપરના ભાગમાં આવેલા મધપુડામાંથી મધનું એક ટીંપું તેના મ્હોંમાં પડયું. તેના સ્વાદથી આવી દુ:ખી અવસ્થામાં સપડાએલો છતાં પણ તે સુખ માનવા લાગ્યો. ૨૨૭

**દુ:ખમય સ્થિતિ આ જોઇને વિદ્યાધરે કરૂણા કરી,**
**કહ્યું મુજ વિમાને બેસીને તું થા સુખી ચિંતા હરી;**
**કૂપજન બોલે જરા મુજ રાહ જૂઓ બિંદુને,**
**ચાટી લઉં રોકાય ખેચર તોય ન તજે સ્વાદને.૨૨૮**

**અર્થ**:—આ પ્રમાણે મધનું ટીંપું પડે છે તેમાં તે માણસ સુખ માને છે. પણ ચારે તરફ દુ:ખથી ઘેરાએલો છે તેનો તેને વિચાર નથી. આવી દુ:ખવાળી અવસ્થામાં રહેલ તેને ઉપર થઇને જતા વિદ્યાધરે જોવાથી તેને તેના ઉપર દયા આવી, તેથી તેણે કહ્યું કે હે ભાઇ! તું મારા વિમાનમાં બેસ અને તારી ચિંતા દૂર કરીને તું સુખી થા. ત્યારે તે કૂવામાં વચ્ચે લબડી રહેલા માણસે કહ્યું કે હું હમણાં આવું છું. જરા મારી વાટ જુઓ. કારણ કે આ મધનું બિન્દુ પડવાની તૈયારીમાં છે, તેને હું ચાટી લઉં. તે સાંભળીને તે વિદ્યાધર થોડી વાર રોકાયો. તો પણ તે કૂવામાં લબડેલો માણસ મધના બિન્દુને ચાટવાની લાલસા છોડતો નથી. ૨૨૮

મધુબિંદુનું દૃષ્ટાંત ઘટાવે છે:—

**પ્રથમ જેમ જવાબ સુણતાં છેવટે તે થાકીને,**
**નિજ નગરમાં જાય એમ ઘટાવજે દૃષ્ટાંતને;**
**સાર્થ ભૂલેલા મનુજ સમ વિષય રાગી ભવિજના,**
**ગજ તેહ મૃત્યુ સર્વની કેડે ભમે તું ભૂલ ના.૨૨૯**

**અર્થ:**—થોડી વારે તે વિદ્યાધરે તેને કહ્યું કે હે ભાઇ હવે તો ચાલ આ મારા વિમાનમાં બેસીજા. ત્યારે તેણે ફરીથી પણ પ્હેલાંની માફક જવાબ આપ્યો. એમ વારંવાર કહ્યા છતાં ન માનવાથી છેવટે તે વિદ્યાધર કંટાળીને પોતાના સ્થળે ચાલ્યો ગયો. અને તે માણસ ત્યાંને ત્યાં રહ્યો. આ દૃષ્ટાન્તનો ભાવાર્થ આ પ્રમાણે ઘટાવવો:-સાર્થ એટલે ટોળાથી ભૂલા પડી ગયેલા માણસના જેવા વિષયમાં આસક્ત ભવ્ય જનો જાણવા. હાથીના જેવું મૃત્યુ જાણવું, જે સર્વ જીવોની પાછળ ભમી રહ્યું છે. હે જીવ ! એ વાત તું ભૂલીશ નહિ. ૨૨૯

વસ્તુપાલ પ્રશ્નનો જવાબ આપે છે:—

**મંત્રીશ વસ્તુપાલને પૂછે કુશલ બીજા જનો,**
**આયુ ઘટે છે નિત કુશલ કયાં? દે જવાબ વિવેકનો;**
**ઇંદ્રના અર્ધાસને તે બેસતા શ્રેણિક ગયા,**
**મરણનો ન ઇલાજ જન્મ્યા જેહ તેહ મરી ગયા.૨૩૦**

**અર્થ:**—આ પ્રસંગે યાદ રાખવા જેવી બીના એ છે કે બીજા માણસો મંત્રીશ્વર વસ્તુપાલને કુશલ સમાચાર પૂછે છે

ત્યારે મન્ત્રીશ્વર વિવેકપૂર્વક જવાબ આપે છે કે હંમેશાં ક્ષણે ક્ષણે મારૂં આયુષ્ય ઘટતું જાય છે, તો કુશળતા કયાંથી હોય ? ઈન્દ્રના અર્ધા આસન ઉપર જે બેસતા હતા તે શ્રેણિક મહારાજા પણ ચાલ્યા ગયા. મરણથી બચવાનો કોઇ ઉપાય નથી, કારણ કે જેટલા જન્મ્યા તેટલા અવશ્ય મરવાના છે. કોઈ અમર રહ્યું નથી. ૨૩૦

આયુષ્ય વધેજ નહિ, એમ દૃષ્ટાંત દઇને જણાવે છે:—

**અલ્પ જીવનને વધારો એમ સુરપતિ વીનવે,**
**વીર પ્રભુ ઉત્તર દીએ ત્રણ કાલ ઇમ ના સંભવે;**
**જિનરાજ ચક્રી કેશવો બલદેવ બલવંતા હતા,**
**પણ આઉખું સંપૂર્ણ હોતાં મરણપંથે ચાલતા.૨૩૧**

અર્થ:—જ્યારે વીરપ્રભુનો મરણ કાલ નજીક આવ્યો ત્યારે ઇન્દ્ર મહારાજે ભગવાન શ્રી મહાવીર સ્વામીને કહ્યું કે હે પ્રભુ ! આપ આપનું આયુષ્ય જરાક વધારો, ત્યારે પ્રભુ મહાવીર દેવ જવાબ આપે છે કે ત્રણે કાળમાં એમ બની શકેજ નહિ. એટલે ભૂત કાળમાં કોઇનું આયુષ્ય વધ્યું નથી, વર્તમાન કાળમાં કોઇનું વધતું નથી અને ભવિષ્ય કાળમાં કોઈનું વધશે નહિ. કારણ કે તીર્થંકરો ચક્રવતીઓ કેશવો એટલે વાસુદેવો તથા બલદેવો જેઓ બળવાન હતા, તેઓ પણ જ્યારે પોતાનું આયુષ્ય પૂરેપૂરૂં ભોગવાઇ રહ્યું. એટલે તેઓનું આયુષ્ય જ્યારે પૂરૂં થયું ત્યારે બીજા મનુષ્યોની પેઠેજ મરણના માર્ગે સંચર્યા છે. એટલે અહીંથી મરીને બીજા ભવમાં ગયા. ૨૩૧.

ચાલુ પ્રસંગે મરણનો કાયદો વિગેરે સમજાવે છે:—

સર્વ જગના જીવને આ કાયદો લાગુ પડે,
ધનવંત કે નિર્ધન ભલે તોલાય સવિ એકે ધડે;
કૂપ તે સંસાર ગમનાગમન જલપૂરે ભર્યો,
ને ભયંકર નરકભૂમિ જેહ અજગર અહીં કહ્યો.૨૩૨

અર્થ:—પાછલા શ્લોકમાં જણાવ્યું કે જેટલા જન્મ્યા તે બધાને મરણ પામવાનું છે. આ કાયદો તમામ જગતના જીવોને લાગુ પડે છે. કારણ કે ધનવાન હોય કે ધન રહિત હોય તે બધા એકજ ધડે તોલાય છે, એટલે બધાને આયુષ્ય પૂરૂં થયે મરણ અવશ્ય આવવાનું છે. પૂર્વે જણાવેલા મધુબિંદુના દૃષ્ટાંતમાં કૂવો તે આ સંસાર જાણવો. અને તે ગમનાગમન એટલે એક ભવમાંથી બીજા ભવમાં જવું અને ત્યાંથી આવવું તે રૂપ પાણીથી ભરેલો છે. તથા કૂવામાં મોઢું પ્હોળું કરીને રહેલો જે અજગર કહ્યો તે ભયંકર નરકભૂમિ જાણવી. ૨૩૨

ચાલુ દૃષ્ટાંતની ઘટના સમજાવે છે:—

સર્પ તેહ કષાય વડનું ઝાડ જીવન જાણવું,
જેહ ઉંદર બેઉ તે અજવાલિઉં અંધારિઉં;
મધમાખિયો તે વિવિધ વ્યાધિ જાણવી સંસારમાં,
ટીપું મધનું તે વિષયનો રાગ સુખ વૈરાગ્યમાં.૨૩૩

અર્થ:—ચાર સર્પો તે ચાર કષાયો જાણવા. અને વડનું ઝાડ તે પોતાનું જીવન (આયુષ્ય) જાણવું. તથા બે

ઉંદરો જે વડની ડાળી કાપી રહ્યા છે તે બે ઉંદરના જેવું અજવાળીયુ અને અંધારીઉ ( બે પક્ષ ) જાણવું. તથા મધમાખીઓ તે સંસારમાં જીવોને ઉત્પન્ન થતી જુદા જુદા પ્રકારની વ્યાધિઓ ( રોગો ) જાણવી. તથા મધનું ટીપું તે ઇન્દ્રિયના વિષયો તરફનો રાગ–આસક્તિ જાણવી. એમ વિચારીને જરૂર સમજવું કે ખરૂં સુખ તો વૈરાગ્યમાં એટલે ત્યાગ દશામાંજ રહેલું છે. ૨૩૩

ભોગના દુઃખો વિગેરે સમજાવે છેઃ—

**નિગોદાદિક દુઃખ આગળ દેવસુખ પણ અલ્પ છે,**
**સ્વર્ગથી ચ્યવનારને પણ ભ્રમણકાલ અનંત છે;**
**કંઠ સુધી ખાનારને લંઘન વિગેરે દુઃખ ઘણું**
**દેવને ભાવિ વિકટ સુખ કામ ભોગાદિક તણું.૨૩૪**

**અર્થ**:—આ પ્રસંગે હે જીવ! તું યાદ રાખજે કે જીવને નિગોદાદિક એટલે નિગોદ વગેરે એકેન્દ્રિયમાં પડતા દુઃખો આગળ દેવતાનાં પણ વૈષયિક સુખો કાલની અપેક્ષાએ અલ્પ એટલે થોડાંજ કહેવાય. અને સ્વર્ગમાં વધારેમાં વધારે આયુષ્ય ૩૩ સાગરોપમનું હોય છે તે પણ પૂરૂં થઇ જાય છે. અને સ્વર્ગમાંથી ચ્યવેલા જીવો અનંતકાળ સુધી પણ સંસારમાં રખડે છે. જેમ ગળા સુધી ખાનારને પેટમાં દુઃખવું અથવા લાંઘણ કરવી વગેરે ઘણાં દુઃખ ભોગવવાં પડે છે તેમ દેવોને વિષયના સુખો પરિણામે ભયંકર દુઃખ આપે છે. ૨૩૪

વિષયસેવનથી થતા ગેરલાભ જણાવે છેઃ—

**કંપ ભ્રમ મૂર્છા બલક્ષય ખેદ ગ્લાનિ ફેર એ,**
**રાજયક્ષ્માદિક વિપાકો મૈથુને અવધાર એ;**
**દુઃખવિપાક તણા નિદર્શન વિષયરાગ હઠાવતા,**
**ખણવા સમું છે વિષયસુખ ઇમ ધર્મદાસ પ્રભાષતા.૨૩૫**

અર્થ:—મૈથુનનું સેવન કરનાર અજ્ઞાની મોહીજીવોને શરીરનો કંપ, ચિત્તભ્રમ, મૂર્છા આવવી, બલની હાનિ થવી, ખેદ થવો, ગ્લાનિ થવી, ફેર આવવા તથા રાજ યક્ષ્માદિક એટલે ક્ષય વગેરે ભયંકર રોગોની પીડા ભોગવવી પડે છે એમ હે જીવ ! તું નક્કી જાણજે. શ્રી વિપાક સૂત્રમાંથી દુઃખરૂપી ફળને પામનારા જીવોના દૃષ્ટાંતો સાંભળીને વિષયના રાગને દૂર કરવો જોઇએ. આ બાબતમાં ધર્મદાસ ગણિએ કહ્યું છે કે વિષયનું સુખ ખણવા જેવું છે. જેમ ખણવાથી શરૂઆતમાં સારૂં લાગે છે પરંતુ અન્તે બળતરા બળે છે તેવી રીતે વિષયસુખ શરૂઆતમાં સુખાભાસ રૂપ લાગે પણ અન્તે તેમાંથી રોગની ઉત્પત્તિ થાય છે. ૨૩૫

વિષયના પાપે કેટલાએક નરકે પણ જાય છે, એમ જણાવે છેઃ—

**પ્રભુ દ્રવ્યના ભક્ષક અને પરનારી ગામી જીવડા,**
**નરકના સગ વાર દુઃખો ભોગવે થઇ રાંકડા;**
**પરનાર સાથે જેટલા ચાલા કરે આંખો તણા,**
**તે પ્રમાણ હજાર કલ્પ સુધી લહે દુઃખ નરકના.૨૩૬**

**અર્થ:**—પ્રભુદ્રવ્ય એટલે દેવદ્રવ્ય, તેનું ભક્ષણ કરનારા જીવો તથા પરનારી ગામી એટલે પારકાની સ્ત્રીની સાથે વિષય સેવન કરનારા જીવો રાંક જેવા બનીને સાત વાર નરકના દુ:ખોને ભોગવે છે. વળી જેઓ પરસ્ત્રી સાથે આંખો મીચકારીને જેટલા ચાળા કરે, તેટલા હજાર કલ્પ સુધી તે જીવો નરકના આકરા દુ:ખોને ભોગવે છે. ૨૩૬

વિષયનો ત્યાગ કરવા શિખામણ આપે છે.—

**હે જીવ ! આવું દીલ રાખી વિષય બૂરા છંડજે,**
**સાત્ત્વિક જીવનને પામવા શીલધારિ ગુણ સંભારજે;**
**સંસ્કાર સારા જિમ ટકે તેવી પ્રવૃત્તિ રાખજે,**
**નરદેહ જિનશાસન તણું દુર્લભપણું નિત માનજે.૨૩૭**

**અર્થ:**—હે ભવ્ય જીવ ! ઉપર જણાવેલી બીના ધ્યાનમાં રાખીને બુરા એટલે ભયંકર દુ:ખ આપનારા વિષયોનો તું ત્યાગ કરજે. તથા સાત્ત્વિક ઉત્તમ જીવનને મેળવવા માટે ઉત્તમ શીલને ધારણ કરનારા ભવ્ય જીવોના ઉત્તમ ગુણોનું તું સ્મરણ કરજે, વળી સારા સંસ્કાર જેવી રીતે ટકી રહે તેવી પ્રવૃત્તિ અથવા આચરણ રાખજે, તેમજ મનુષ્યદેહ અને જૈનશાસન મળવું ઘણું દુર્લભ છે એ વાત હંમેશાં જરૂર વિચારજે. ૨૩૭

શિયલવંતના દૃષ્ટાંતો જણાવે છે:—

**રોહિણીને જોઇને નૃપ નંદ ઝટ મોહી બને,**
**નિજ કાર્ય સિદ્ધિ કાજ દાસી મોકલે સતીની કને;**

**દાસી વચનને સાંભળી ધરી ખેદ એમ વિચારતી,**
**ધિક્કાર હો મમતા તને તું ભૂપબુદ્ધિ બગાડતી.૨૩૮**

**અર્થ**:—[1]રોહિણીને જોઈને નંદ રાજા તેણીના ઉપર જલ્દી મોહિત થયો. ત્યાર પછી તેણે પોતાના કાર્યની સિદ્ધિને માટે રોહિણી સતીની પાસે પોતાની દાસીને મોકલી. દાસીએ આવીને રોહિણીને નંદ રાજાનાં વચન સંભળાવ્યાં, તે સાંભળીને શોકાતુર થએલી તે સતી આ પ્રમાણે વિચારવા લાગી. હે મમતા એટલે વિષયેચ્છા તને ધિક્કાર થાઓ. કારણ કે તેં રાજાની બુદ્ધિને બગાડી દીધી. ૨૩૮

રોહિણીનું દૃષ્ટાંત ચાલે છે—

**સન્માર્ગ માંહે ભૂપતિને લાવવા ઉત્તર દીએ,**
**આવે ભલે નૃપ આજ રાતે ઇમ સુણી દાસી કને;**
**ખૂશ થઇને રોહિણીના ઘેર નૃપતિ આવતો,**
**સત્કારતી સતીના વચનથી ભૂપ જમવા બેસતો.૨૩૯**

**અર્થ**:—ત્યાર પછી યોગ્ય વિચાર કરીને રાજાને સન્માર્ગમાં એટલે સાચા રસ્તા ઉપર (ઠેકાણે) લાવવા માટે રોહિણીએ દાસીને જવાબ આપ્યો કે આજે રાત્રે રાજા ભલે આવે. આવો જવાબ લઈને દાસી રાજા પાસે ગઈ. અને

---

૧ આ રોહીણી એક શેઠની સ્ત્રી હતી. તેનો ધણી પરદેશ ગયો હતો તેવામાં એક વાર તે પોતાના ઘરના ગોખમાં બેઠેલી હતી તેને જોઇને નંદ રાજા તેના ઉપર મોહિત થયો. અને પોતાની દાસીને તેની પાસે મોકલીને પોતાની ઇચ્છા તેને જણાવી.

દાસી પાસેથી રોહિણીના વચન સાંભળીને ઘણો ખુશી થઇને રાજા રોહિણીના ઘેર આવ્યો. રોહિણીએ રાજાનો આદર સત્કાર કર્યો. ત્યાર પછી સતી રોહિણીના કહેવાથી રાજા જમવા બેઠો. ૨૩૯

રોહિણી નંદ રાજાને શિખામણ આપે છે.—

**એક સરખો સ્વાદ જોઇ ભૂપ ચમકી ચિત્તમાં,**
**રોહિણીને પૂછતો તાત્પર્ય શું ? આ કાર્યમાં;**
**ઉત્તર દીએ આ વિવિધ ભોજન સ્થાનથી ને રંગથી;**
**જુદા છતાં રસમાં તફાવત જિમ જણાતો રજ નથી.૨૪૦**

**અર્થ**:—જમવા બેઠેલો રાજા બધી જુદા પ્રકારની રસોઇનો એક સરખો સ્વાદ અનુભવીને ચિત્તમાં ઘણો ચમત્કાર પામ્યો. અને રોહીણીને પૂછવા લાગ્યો કે આ કાર્યમાં એટલે કે આવા પ્રકારની રસોઇ બનાવવાનું તાત્પર્ય અથવા સાર શો છે ? આ પ્રમાણે રાજાએ પ્રશ્ન પૂછયો ત્યારે રોહીણીએ જવાબ આપ્યો કે જેમ આ જુદાં જુદાં પ્રકારનાં ભોજનો સ્થાનથી તથા રંગથી જુદાં છે તે છતાં તે દરેકના સ્વાદમાં જરા પણ ફારફેર જણાતો નથી અથવા તે દરેક રસોઇનો સ્વાદ સરખો છે. ૨૪૦

**નૃપતિ ! તિમ સ્ત્રી જાતિમાં વેષાદિથી શો ભેદ છે ?**
**ભ્રાંતશશિ દૃષ્ટાંતથી જુદાઇ એ તો ભ્રાંતિ છે;**
**સ્ત્રી જાતિ એક જ છે છતાં કામ ભ્રમે કામીજના,**
**તેને અનેકપણે નિરખતા છોડ ચાળા મોહના.૨૪૧**

**અર્થ**:—હે રાજા! જેમ રસોઇનો રંગ જુદો છતાં તેના સ્વાદમાં ફેર નથી તેમ સ્ત્રી જાતિમાં પણ વેષ વગેરેથી શો ભેદ છે? એટલે સ્ત્રી જાતિમાં કોઇ રૂપવંતી કે કદરૂપી હોય, કોઈ સફેદ કે કોઇ કાળી હોય તેથી સ્ત્રી જાતિમાં ભેદ પડતો નથી. અહીં 'ભ્રાંત શશીના' દૃષ્ટાન્તથી જે જુદાઈ જણાય છે તે તો ભ્રમણા સમજવી. સ્ત્રી જાતિ તો એકજ છે અથવા સરખી છે છતાં પણ કામી પુરૂષો કામની ભ્રમણાથી એટલે વિષય ઇચ્છાની આતુરતાથી તે સ્ત્રીને અનેકપણે એટલે જુદા જુદા સ્વરૂપે નિહાળે છે, માટે હે રાજા મોહના ચાળાનો તું ત્યાગ કર. ભ્રાંતશશિના દૃષ્ટાંતની બીના ટૂંકમાં આ પ્રમાણે—આંખના રોગવાળો માણસ ચંદ્ર એક છતાં ભ્રમણાને લઇને અનેક ચંદ્રમા છે એમ જુએ છે, તેના જેવા કામી જીવો જાણવા. ૨૪૧

**ખાતી વખત કિંપાકફળ મીઠાં ભલે પણ મારતા,**
**તેવા વિષયના ભોગ સમજુ સ્હેજમાં સમજી જતા;**
**કાક જેવા વિષયી જીવો હંસ જેવા સંયતા,**
**રોહિણીના વચન આવા નંદના મન પેસતા.૨૪૨**

**અર્થ**:—જેમ કિંપાકવૃક્ષના ફળ ખાતી વખતે જો કે સ્વાદિષ્ટ લાગે છે પરંતુ પરિણામે મરણ આવે છે, તેવીજ રીતે વિષયોના ઉપભોગો પણ તેના જેવા છે, એટલે ભોગવતાં સુખનો આભાસ જણાવે છે પરંતુ તેના ફળ રૂપે રોગના ભોગ થઇને મરવું પડે છે. એ પ્રમાણે સમજુ માણસો જલ્દી સમજી જાય છે. અને હે રાજન્! વિષયી જીવો કાગડાના જેવા

છે. કારણકે તેઓ જ્યાં ત્યાં ગંદકીમાં પોતાની ચાંચ બોળે છે, અને સંયતા એટલે ઇન્દ્રિયોને વશ રાખનાર જીવો હંસ જેવા કહેલા છે, આ રોહીણીનાં આવાં વચનો નંદ રાજાના મનમાં દાખલ થયાં. જેથી રાજાની મનોવૃત્તિ સુધરી ગઇ.૨૪૨

રાજા રોહિણીનાં આ પ્રમાણે વખાણ કરે છે:—

**ભોગ કેરી ભાવનાને નૃપતિ તે ઝટ કાઢતા,**
**પાપના ઉપદેશકો બહુ વિશ્વમાંહે દીસતા;**
**પણ કોઇ વિરલા હિતતણા ઉપદેશકો ઇમિ બોલતા,**
**તે સતીની શીલવૃત્તિ હર્ષભેર વખાણતા.૨૪૩**

**અર્થ**:—ઉપર પ્રમાણેનાં સતી રોહિણીનાં વચન સાંભળીને રાજાએ વિષયભોગની અભિલાષાનો તરત ત્યાગ કર્યો. જગતમાં પાપના કાર્યોના ઉપદેશ કરનારાઓ તો ઘણા જણાય છે, પરંતુ બીજાને હિતકારી ઉપદેશ આપનાર તો વિરલા એટલે ઘણા થોડા મનુષ્યો હોય છે એ પ્રમાણે કહીને નંદ રાજાએ સતી રોહિણીનાં શીયલવ્રતનાં આનંદપૂર્વક ઘણાં વખાણ કર્યાં. ૨૪૩

રોહિણીની છેવટની બીના વિગેરે જણાવે છે:—

**તેજ શીલ પ્રભાવથી નદી પૂરને ઉતારતી,**
**ધર્મજીવન શીલને નિજ પ્રાણ જેવું માનતી;**
**સહસ યજ્ઞોથી મળે નહિ જેહ સદ્ગતિ તે મળે,**
**દિગ રાત પણ શીલ ધારતાં પરદર્શની ઇમ ઉચ્ચરે.૨૪૪**

**અર્થ**:—આજ શીયલવ્રતના પ્રભાવથી રોહિણીએ

નદીના પૂરને ઉતારીને પોતાના સતીપણાની ખાત્રી કરાવી. કારણકે રોહિણીનો પતિ જે વેપાર અર્થે પરદેશ ગયો હતો, તે જ્યારે પાછો આવ્યો અને તેને ખબર પડી કે પોતાના ઘેર નંદ રાજા રોહિણીની પાસે રાત્રીએ રહ્યા હતા, ત્યારે તેને રોહિણી પ્રત્યે તેના શીયલ વિષે શંકા ઉત્પન્ન થઇ હતી. કારણકે તેનું માનવું એવું હતું કે એકાંતમાં પુરૂષની સોબતમાં સ્ત્રીથી શીયળ સાચવી શકાય નહિ. પરંતુ જ્યારે રોહિણીએ નદીના પૂરને અટકાવ્યું ત્યારે તેને પણ તેણીના સતીપણાની ખાત્રી થઇ, એવી રીતે રોહિણીએ ધર્મના જીવન સમાન શીયલવ્રતને પોતાના પ્રાણ જેવું માન્યું. આ બાબતમાં પરદર્શનીઓ પણ એમ કહે છે કે હજાર યજ્ઞો કરવાથી જે સદ્ગતિ ન મળે તેવી ઉત્તમ ગતિ એક રાત્રી પણ શીયળ પાળનારને મળે છે. ૨૪૪

શિયલની બાબતમાં ઉપદેશ આપે છે:—

**નારીના અંગો વિકારે પૂર્ણ તે જોવા નહિ,**
**દેખવું એ રાગ કારણ તેમ અડવા પણ નહીં;**
**પંથે જતાં પણ પાલવો મન દૃષ્ટિ સંવરને સહી,**
**મર્દન કરી ગોયોનિનું ગોમૂત્ર પણ લેવું નહી.૨૪૫**

અર્થ:—હે જીવ! તારે વિકારથી ભરેલા એવાં સ્ત્રીનાં અંગ ઉપાંગોને વિકારવાળી દૃષ્ટિથી જોવાં નહિ. કારણકે જોવાથી તેની ઉપર રાગ થાય છે, તથા સ્ત્રીનાં અંગોને અડકવું પણ નહિ, કારણકે તેથી પણ વિકાર પેદા થાય છે માર્ગે જતાં

પણ અચાનક તે તરફ નજર જાય તો મનસંવર (મન રોકવું) ને દષ્ટિસંવર (દષ્ટિ રોકવી) એ બન્ને સંવર પાળવા –આચરવા, તેમજ ગાયની યોનિનું મર્દન કરીને એટલે મસળીને ગાયનું મૂત્ર પણ લેવું નહિ, કારણકે તેથી પણ વિકાર જાગ્રત થાય છે. ૨૪૫

સ્વપ્નમાં કુશીલભાવ થાય, તેનો ઉપાય જણાવે છેઃ—

**કાર્ય પ્રસંગે ચિત્તની એકાગ્રતા કરવી નહી,**
**સ્વપ્નમાં સ્ત્રીભોગ હોતાં ઝટ કરી ઇરિયાવહી;**
**એકસોને આઠ શ્વાસોચ્છવાસના કાઉસ્સગ્ગે,**
**નિજશુદ્ધિ કરવી રાખવી શીલભાવના નિત રગરગે.૨૪૬**

**અર્થઃ**—સ્ત્રીની સાથે કોઈ જરૂરી વ્યાવહારિક કાર્યનો પ્રસંગ આવી પડે તો પણ તેણીને વિષે ચિત્તની એકાગ્રતા કરવી નહિ એટલે મનમાં તેની વિચારણા કર્યા કરવી નહિ. કદાચ સ્વપ્નમાં સ્ત્રીભોગની ચિંતવના થઇ જાય તો જલ્દી ઇરિયાવહી પડિક્કમીને એકસો ને આઠ શ્વાસોશ્વાસનો કાઉસગ્ગ કરી એટલે સાગરવર ગંભીરા સુધી ૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરીને આત્મશુદ્ધિ તરત કરવી. એ પ્રમાણે પોતાની રગેરગે હંમેશાં શીયલની ભાવના રાખવી. ૨૪૬

જિનપાલાદિની બીના જણાવે છેઃ—

**સાવચેતી રાખીએ સ્ત્રી સાથ ભાષણ વારીએ,**
**શીલરક્ષા એમ કરતાં કીર્ત્તિ અનહદ પામીએ;**

**જિનપાલ જિનરક્ષિત જલધિમાં રત્નદ્વીપની દેવીના,**
**જુલ્મે રીબાયા આશરો લઇ તેહ શૈલક યક્ષના.૨૪૭**

અર્થ:—એ પ્રમાણે પોતાના શીલનું રક્ષણ કરવાની સાવચેતી રાખવી, અને સ્ત્રીની સાથે ભાષણ એટલે બીન-જરૂરી બોલવું નહિ આ પ્રમાણે શીયલનું રક્ષણ કરવાથી ઘણી કીર્તિની પ્રાપ્તિ થાય છે. જિનપાલ અને જિનરક્ષિત સમુદ્રની અંદર રત્નદ્વીપની દેવીની જાળમાં ફસાઇને તેણીના ત્રાસથી દુઃખી થયા, પરંતુ શૈલક નામના યક્ષનો તેઓને આશરો મળ્યો. ૨૪૭

શિયલથી જિનપાલને થયેલો લાભ જણાવે છે:—

**સુખ પામતા પણ યક્ષ કેરૂં વેણ જિનરક્ષિત નહી,**
**પાળે મરે દેવી તણા હસ્તે ન કામે સુખ સહી;**
**જિનપાલ યક્ષતણું કહ્યું કરતાં લહે નિજ ગેહને,**
**આ ભાવ આત્મામાં ઘટે કહ્યું જોઇ જ્ઞાતા સૂત્રને.૨૪૮**

અર્થ:—યક્ષનો આશરો મલવાથી તેઓ સુખ પામ્યા, પરંતુ જિનરક્ષિતે દેવીના મોહમાં ફસાઇ યક્ષનું વચન પાળ્યું નહિ તેથી દેવીના હાથે તેનું મરણ થયું. આથી સમજી લેવું કે વિષયમાં નક્કી સુખ નથી. જિનપાલે દેવીના મોહમાં નહિ ફસાતાં યક્ષનું કહેવું માન્યું, તેથી તે પોતાના ઘેર પહોંચ્યો અને સુખી થયો. આ દૃષ્ટાન્તનું રહસ્ય આત્મામાં પણ ઘટે છે, એમ શ્રી જ્ઞાતાસૂત્ર જોઇને મેં કહ્યું છે. ૨૪૮

આ દૃષ્ટાંત આત્મામાં બે શ્લોકથી ઘટાવે છે:—

**શબ્દાદિ કેરા ભોગને જે ચાહતા તે ભવ ભમે,**
**વાસનાને છોડનારા મુક્તિમાં જઇને રમે;**
**યક્ષ પીઠ સમાન જિનપતિ વચન ઉત્તમ માનીએ;**
**જલધિ તે સંસાર નિજ ઘર તેહ મુક્તિ જાણિએ.૨૪૯**

**અર્થ**:—જે જીવો શબ્દ વિગેરેના ભોગને ચાહે છે તે ભવમાં ભમ્યા કરે છે, અને જેઓ વાસનાનો (વિષય વિકારનો) ત્યાગ કરે છે તેઓ મુક્તિમાં જઇને આનંદ પામે છે. યક્ષની [1]પીઠ જેવા જિનેશ્વરનાં ઉત્તમ વચનો જાણવાં, સમુદ્ર જેવો સંસાર જાણવો, અને પોતાના ઘર જેવી મુક્તિ જાણવી. ૨૪૯

**મોહિની નારી સમી તે દ્વીપ દેવી ધારિએ,**
**આસક્ત જિનરક્ષિત સમા વિષયીજનો અવધારિએ;**
**જિનપાલસમ શુભશીલજનો નિજઘરસમી મુક્તિલહે,**
**તેજ પામે શાંતિ સાચી નિર્વિકારી જે રહે.૨૫૦**

**અર્થ**:—રત્નદ્વીપની દેવીના જેવી મોહિની નારી એટલે માયા અથવા વિષયવાસના જાણવી, તે દેવી ઉપર આસક્તિ રાખનાર જિનરક્ષિત સરખા વિષયમાં આસક્ત જીવો જાણવા. તેઓ વિષયમાં આસક્ત થઇને દુ:ખી થાય છે. જિન-

---

૧ અહિં રત્નદ્વીપમાંથી શૈલક યક્ષ જિનપાલ જિનરક્ષિતને પોતાની પીઠ ઉપર બેસાડી સમુદ્રના કાંઠે લઇ જતો હતો, માટે પીઠ શબ્દ છે.

પાલ સરખા સારા શીયલવંત જીવો જાણવા, જેઓ સારા આચારથી જિનપાલના ઘર જેવા મોક્ષને મેળવે છે. આ દૃષ્ટાંતનો સાર એ છે કે જેઓ નિર્વિકારી એટલે વિષય વાસનાથી દૂર રહે છે, તે ભવ્ય જીવોજ સાચા શાંતિસુખના અપૂર્વ આત્મિક આનંદને અનુભવે છે. ૨૫૦

વિષયથી તાપસની ખરાબી થઇ એમ જણાવે છેઃ—

**તાપસીની ચાહનાથી દ્વારમાં મુખ નાખીને,**
**મૃત્યુ લહે તાપસ પુરાવો દેખ લિંગ પુરાણને;**
**કામ પાપે તાપસે છોડી નહી ચંડાળણી,**
**વિસ્તાર માટે વૃત્તિ જો જે હરિભદ્રાષ્ટકતણી.૨૫૧**

અર્થ:—તાપસીની ઉપર આસક્તિ રાખવાથી તાપસ ઘરના બારણામાં મુખ ભરાવીને મરણ પામ્યો. આ બાબત લિંગપુરાણમાં વિસ્તારથી કહી છે. કામ પાપે એટલે વિષય વાસનાના પાપને લીધે તાપસે ચંડાલણીને પણ છોડી નહિ, અથવા તે તાપસે ચાંડાલણી સાથે વિષય સુખ ભોગવ્યું. આ બાબતનો વિસ્તાર જાણવા માટે પૂજ્યશ્રી હરિભદ્રસૂરીશ્વરકૃત અષ્ટક પ્રકરણની ટીકા જોવી. ૨૫૧

મૈથુનથી પ્હેલું વ્રત નાશ પામે એમ જણાવે છે:—

**બેઇંદ્રિ લક્ષ પૃથક્ત્વ નારીયોનિ માંહે ઉપજતા,**
**મૈથુને નળીને સળીની જેમ તે ઝટ વિણસતા;**
**નવ લાખ ગર્ભજ ઉપજતા અધિકાયુ જીવો જીવતા,**
**ભંગ પ્હેલા વ્રત તણો ઇમ શેષ જીવ વિણાસતા.૨૫૨**

અર્થ:—સ્ત્રીની યોનિને વિષે લક્ષ પૃથકત્વ (બેથી નવ લાખ) બેઈન્દ્રિય જીવો ઉપજે છે. તેઓ મૈથુન સેવન કરવાથી જેમ નળીની અંદર રહેલા રૂમાં તપાવેલી સળી નાખવાથી રૂ બળી જાય તેમ જલ્દી નાશ પામે છે. તથા નવ લાખ ગર્ભજ જીવો ઉત્પન્ન થાય છે, તેમાં જેમનું આયુષ્ય વધારે હોય તે જીવતા રહે છે અને બાકીના જીવો વિનાશ પામે છે. એવી રીતે જીવોનો નાશ થાય છે. આથી સાબીત થયું કે વિષય સેવન કરવાથી પ્હેલું પ્રાણાતિપાત વિરમણ વ્રત દૂષિત બને છે. ૨૫૨

મૈથુનથી બીજા વ્રતનો અને ત્રીજા વ્રતનો નાશ થાય છે એમ કહે છે:—

**વણિગ વેશ્યા ચોર વ્યભિચારી જુગારી જૂઠના,**
**ઘર જાણિયે નાસ્તિક સિપાઇ જૂઠ વદે કામીજના;**
**હે મુમુક્ષુ! છોડ મૈથુન ઇમ કહે શ્રુત નાથનું,**
**મૈથુને ગણીએ વિરાધન એમ ત્રીજા વ્રતતણું. ૨૫૩**

**અર્થ:**—વાણીયો, વેશ્યા, ચોર, વ્યભિચાર સેવનાર, જુગાર રમનાર આ બધા જૂઠના ઘર જેવા જાણવા. એટલે તેઓ જૂઠુ બોલ્યા વગર રહેતા નથી. એ પ્રમાણે નાસ્તિક સિપાઇ તથા કામી પુરૂષો પણ જૂઠું બોલે છે એમ બીજું વ્રત નાશ પામે છે. તથા પ્રભુ શ્રી તીર્થંકર દેવે મોક્ષાભિલાષી ભવ્ય જીવોએ મૈથુનનો જરૂર ત્યાગ કરવો જોઈએ એમ કહ્યું છે. એમ નાથ એટલે ગણધર ભગવંતે રચેલા આગમો જણાવે છે. આમાંથી સમજવાનું એ કે 'મૈથુન

સેવવું ' એ શ્રી તીર્થંકરની આજ્ઞા નથી. આથી વિરૂદ્ધ જે કરાય, તે તીર્થંકરઅદત્ત કહેવાય. એમ મૈથુન સેવનથી ત્રીજું વ્રત ન ટકે. એટલે ત્રીજું અદત્તાદાન વિરમણ વ્રત પણ દૂષિત થાય છે એમ જાણવું. ૨૫૩

મૈથુનથી ચોથું વ્રત અને પાંચમું વ્રત નાશ પામે એમ જણાવે છે:—

**સ્ત્રીસંગ મૂર્છા વિણ નહી મૂર્છા પરિગ્રહ જાણિએ,**
**પાંચમું વ્રત એમ ભાંગે પાંચ એકે ખોઇએ;**
**બહુદોષ મૈથુન એમ જાણી જીવ! તે તું છોડજે,**
**દૃષ્ટાંત શ્રેષ્ઠી વિજય વિજયા રાણીનું ના ભૂલજે.૨૫૪**

**અર્થ**:—મૂર્છા એટલે મમત્વ વિના સ્ત્રી સંગ ન કરાય. અથવા સ્ત્રીસંગમાં મૂર્છા રહેલી છે. અને મૂર્છાને પરિગ્રહ કહ્યો છે. તેથી સ્ત્રીનો સંગ કરવાથી ચોથા વ્રતની સાથે પાંચમા પરિગ્રહ પરિમાણ વ્રતનો પણ જરૂર નાશ થાય છે. એવી રીતે આ એક વિષય સેવનથી પાંચે વ્રતનો ભંગ થાય. આ મૈથુન ઘણા દોષવાળું છે એમ જાણીને હે જીવ! તેનો ઝટ ત્યાગ કરજે. આ બાબતમાં વિજય શેઠ અને વિજયા રાણીનું દૃષ્ટાન્ત તું ભૂલીશ નહિ. ૨૫૪

વિજયશેઠની બીના જણાવે છે:—

**સિદ્ધિ સંપદ આપનારૂં શીલ સુર સેવક કરે,**
**મુનિપાસ આવું સાંભળીને વિજય શ્રેષ્ઠી ઉચ્ચરે;**
**નિજરમા સંતોષ વ્રતમાં શીલવ્રત અજવાલિએ,**
**ઇમ જણાવી ચાહના શુભ નિયમને હોંશે લીએ.૨૫૫**

અર્થ:—શીયલ વ્રત મોક્ષ સુખને આપનારૂં છે. તે શીલ દેવને નોકર-તાબેદાર બનાવે છે એવું મુનિરાજની પાસેથી જાણીને વિજય શેઠે ગુરૂમહારાજની આગળ કહ્યું કે મારે અજવાળીયામાં સ્વદારા સંતોષ વ્રત પાળવાનો નિયમ લેવાની ઇચ્છા છે. એમ જણાવીને શેઠે તે ઉત્તમ નિયમ હોંશથી લીધો. ૨૫૫.

વિજયારાણીની બીના જણાવે છે:—

**સાધ્વી કને વિજયા સુણંતી શીલનો મહિમા ઘણો,**
**કૃષ્ણપક્ષે નિયમ લેતી ભાવિયોગે બેઉનો;**
**લગ્નનો સંબંધ હોતાં વિજય વિજયાને કહે,**
**શુક્લપક્ષે નિયમ કેરા ત્રણ દિવસ બાકી રહે.૨૫૬**

અર્થ:—વિજયાએ સાધ્વીજીની પાસે શીયલનો ઘણો મહિમા સાંભળ્યો. તેથી તેણે કૃષ્ણપક્ષ એટલે અંધારીયા પખવાડીયામાં શીયલ પાળવાનો નિયમ લીધો. ભવિતવ્યતા યોગે (બનાવ જોગે) તે વિજય શેઠ અને વિજયાનો પરસ્પર લગ્ન સંબંધ થયો. રાત્રે વિજય શેઠ વિજયાને કહે છે કે મારે અજવાળીયામાં શીયલ પાળવાનો નિયમ છે તેના ત્રણ દિવસ બાકી રહ્યા છે. ૨૫૬

વિજયા વિજયને પોતાનો નિયમ વિગેરે કહે છે:—

**ઇમ સુણીને ખિન્ન થઈ તે શીલનો અંધારિએ,**
**મારે નિયમ વિજયા કહે સુણતાં વિજય ધરે ખેદને;**
**બીજી રમાને પરણવા વિજયા ઘણું સમજાવતી,**
**વિજય બોલે ના જનકના આગ્રહે આ સ્થિતિ થતી.૨૫૭**

અર્થ:—વિજય શેઠનાં આવાં વચન સાંભળીને વિજયાએ દીલગીરી પૂર્વક કહ્યું કે મારે અંધારા પખવાડીયામાં શીયલ પાળવાનો નિયમ છે. આ પ્રમાણે હકીકત સાંભળીને વિજય શેઠ પણ શોકાતુર થયા. તે વખતે વિજયા શેઠાણીએ શેઠને બીજી સ્ત્રી પરણવા માટે ઘણી રીતે સમજાવ્યા તોપણ શેઠે બીજી સ્ત્રી પરણવાની ના કહી. અને કહ્યું કે આવી સ્થિતિ ( લગ્ન ) પિતાના આગ્રહને લીધે થઇ છે. ૨૫૭

એ શ્લોકમાં વિજયશેઠ વિજયાને પોતાનો વિચાર જણાવે છેઃ—

**શરૂઆતથીજ મુજ ભાવના ચારિત્ર લેવાની હતી,**
**જાણ્યું વિષયથી આયુ કેરી વૃદ્ધિ રજ પણ નથી થતી;**
**પ્રેત જિમ વળગી રમાને સર્વ અંગો થકવતા,**
**સુખ હોય કિમ ! ઇમ વિશેષાવશ્યકાદિક ભાષતા.૨૫૮**

અર્થ:—મારી ભાવના તો શરૂઆતથી જ ચારિત્ર ગ્રહણ કરવાની હતી. પરંતુ પિતાના આગ્રહને લીધે મારે લગ્ન કરવું પડ્યું. વિષય સેવનથી આયુષ્યની જરા પણ વૃદ્ધિ થતી નથી એ મેં જાણ્યું છે. વળી ભૂતની પેઠે સ્ત્રીને વળગીને શરીરના સર્વ અવયવોને થકવનારા વિષય ભોગથી સુખ ક્યાંથી હોય? અથવા વિષય સેવનથી સુખ હોતું નથી. એમ શ્રી વિશેષાવશ્યકાદિક સૂત્રોમાં કહ્યું છે. ૨૫૮

**ઉગતી જુવાની ધર્મ રંગે સાધતાં સફલી બને,**
**વિષયસેવા મૂર્ખચેષ્ટા એમ કરતાં નર અને;**

**પશુમાં દીસે શો ભેદ ? આણે ભોગવ્યા સુરભોગને,**
**તોએ ન પામે તૃપ્તિ જીવો દેખ લોકપ્રકાશને.૨૫૯**

**અર્થ**:—ધર્મને આનંદપૂર્વક સાધવાથી નવી જુવાની એટલે યુવાવસ્થા સફલ બને છે. ઉગતી જુવાની વિષયવાસનામાં ગાળવી તે તો મૂર્ખ એટલે અણુસમજુ માણુસની ચેષ્ટા છે, એમ જાણવું. કારણકે એ પ્રમાણે વર્તનારમાં અને પશુમાં શો ભેદ ગણાય. આ જીવે દેવતાઇ ભોગોને ભોગવ્યા તો પણ સંતોષ પામ્યો નહિ, અથવા આ ભોગો એવા છે કે ગમે તેટલા ભોગવો તો પણ સન્તોષ થતો નથી, એટલે જીવોને શાંતિ થતી નથી, માટે ભોગોનો ત્યાગ કરવામાં ખરૂં સુખ રહ્યું છે. આ બાબતના પુરાવા માટે લોકપ્રકાશ ગ્રંથ જોવો જોઇએ, એટલે આ બીના શ્રી લોકપ્રકાશમાં કહી છે. ૨૫૯

દેવોના ભોગસુખનું વર્ણન કરે છેઃ—

**કલ્પવાસી દેવને એકવાર ભોગ ક્રિયા વિષે,**
**વહી જાય વર્ષ હજાર બે શતપંચ દશ સમ જ્યોતિષે;**
**સહસ વ્યંતરને વરિસ શતપંચ ભુવનાધીશને,**
**અલ્પ આયુ આપણું ધરિએ સદા વૈરાગ્યને.૨૬૦**

**અર્થ**:—કલ્પવાસી એટલે બાર દેવલોકના વૈમાનિક દેવતાઓનું એક વારની ભોગક્રિયામાં બે હજાર વર્ષ પ્રમાણ આયુષ્ય ચાલ્યુ જાય છે. જ્યોતિષિ દેવતાઓનું પંદરસો વર્ષ પ્રમાણ આયુષ્ય, વ્યન્તર દેવતાઓનું પાંચસો વર્ષ પ્રમાણ આયુષ્ય એકવારની ભોગક્રિયામાં ચાલ્યું જાય છે. અને હે પ્રિયા ! આપણું

આયુષ્ય તો ઘણું થોડું છે માટે હંમેશાં જરૂર વૈરાગ્ય ધારણ કરવો જોઇએ અથવા વિષયોનો ત્યાગ કરવો જોઇએ ૨૬૦

વિજય વિજયાને હિતશિક્ષા આપે છે:—

**પુદ્ગલજનિત સુખ તે પરાધીન યોગ જાત ક્ષણિક એ,**
**સત્યસુખના વિષયથી તે દુ:ખ રૂપ અવધારિયે;**
**વાસ્તવિક સુખ નિજરમણતા સિદ્ધપ્રભુને માનીએ,**
**યોગ તેમ વિયોગ સાત અસાતના ફલ જાણીએ.૨૬૧**

અર્થ:—પુદ્ગલ જનિત એટલે પુદ્ગલના સંયોગથી થતું સુખ તે પરાધીન એટલે પરવશ છે, અને સંયોગથી થાય છે માટે તે સુખ ક્ષણિક જાણવું. વિષયથી સત્ય સુખ હોયજ નહિ, એમ વિચારીને તે દુ:ખ રૂપજ છે એમ નક્કી જાણવું. વાસ્તવિક એટલે ખરૂં સુખ તો નિજ રમણતા એટલે પોતાના ઉત્તમ જ્ઞાન દર્શન ચારિત્ર વગેરે ગુણોમાં લીન થવા રૂપ છે અને તે સુખ સિદ્ધ પરમાત્માને હોય છે. યોગ એટલે સુખનો અનુભવ તથા વિયોગ એટલે દુ:ખનો અનુભવ તે અનુક્રમે સાતા વેદનીય તથા અસાતા વેદનીયનું ફલ જાણવું. ૨૬૧

બંને જણા સંપૂર્ણ શીલ પાલવાનો વિચાર કરે છે:—

**દેહના વિરહે ખરૂં સુખ એહથી હે સ્ત્રી ! મને,**
**વિષય ગમતા રજ નથી પાલીશ હું હવે શીલને;**
**ન જણાવવી આ વાત જનની જનકને કદિ આપણા,**
**જાણશે તો આદરીશું શુદ્ધ સંયમ સાધના.૨૬૨**

**અર્થ**:—ઉપર પ્રમાણેનો ઉપદેશ વિજયશેઠે વિજયા શેઠાણીને આપીને કહ્યું કે હે સ્ત્રી! દેહના વિરહમાં એટલે જ્યારે આ જીવ દેહથી સર્વથા મુક્ત થાય ત્યારેજ ખરૂં સુખ પામે છે. માટે મને વિષયો જરા પણ ગમતા નથી, તેથી હું હવે સંપૂર્ણ શીલને પાળીશ. આ વાત આપણા માતા પિતાને આપણે બીલકુલ જણાવવી નહિ, અને જાણશે તો આપણે શુદ્ધ સંયમ માર્ગને સાધીશું. ૨૬૨

બે શ્લોકમાં વિજયાદિની પવિત્ર શીલ ભાવના જણાવે છે:—

**નિજ પ્રાણથી પણ અધિક વ્હાલું શીલ બંને પાલતા,**
**એક શય્યાશયન તો પણ ભાવ ચોખ્ખા રાખતા;**
**એકાંતમાં પણ શીલધર ગુણ ફરી ફરી સંભારતા,**
**ભાવ સંયમ ચંગ રંગ તરંગ સરિતા મ્હાલતા.૨૬૩**

**અર્થ**:—એ પ્રમાણે બંને જણા પોતાના પ્રાણથી પણ વધારે વ્હાલા શીયળને પાળે છે, અને જો કે એકજ પથારીમાં સૂઈ રહે છે તો પણ ભાવ નિર્મલ રાખે છે. એકાંતમાં પણ શીલધર એટલે શીયળ પાળનાર ભવ્ય જીવોના ગુણોને વારંવાર સંભારે છે. તથા ગૃહસ્થપણામાં રહ્યા છે તો પણ ભાવ સંયમ એટલે ચારિત્ર લેવાના પરિણામ રૂપ સુંદર આનંદના મોજાઓવાળી નદીમાં મ્હાલે છે. ૨૬૩

**આ દંપતિને કેવલિશ્રી વિમલશ્રમણ વખાણતા,**
**ઇમ સુણી જિનદાસ કરતાં ભક્તિ અભિગ્રહ પૂરતા;**

**જિનદાસ વચને તેમના માતાપિતા આ વાતને,**
**જાણતા તેહીજ ક્ષણે તે બેઉ લઇ ચારિત્રને.૨૬૪**

અર્થ:—એક વખતે કેવલજ્ઞાની શ્રી વિમલ નામના મુનિમહાત્માએ આ દંપતીના એટલે સ્ત્રી પુરૂષના વખાણ કર્યા કે વિજયશેઠ અને વિજયા શેઠાણી જેવા શીયલ પાળનારા કોઇકજ હોય છે. એમ સાંભળીને જિનદાસ તેમની ભક્તિ કરીને પોતાનો અભિગ્રહ પૂર્ણ કરે છે જિનદાસના વચનથી તે દંપતીના માતા પિતાએ આ વાત જાણી, અને તે વખતે તે બંને જણાએ ચારિત્ર ગ્રહણ કર્યું. ૨૬૪

સ્ત્રીને કામવાસના વધારે હોય છે, એમ જણાવે છે:—

**આત્મ વીર્યોલ્લાસને બહુ ફોરવી લ્યે સિદ્ધિને,**
**એમ જાણી જીવ! ઝટ તું ધારજે શુભ શીલને;**
**આહાર બમણો પુરૂષથી સ્ત્રીને શરમ વલિ ચઉગુણી,**
**વ્યવસાય છ ગુણો કામ આઠ ગુણો ન તૃપ્તિ કામની.૨૬૫**

અર્થ:—આત્મવીર્યોલ્લાસ એટલે પોતાની આત્મશક્તિનો વિકાસ કરીને તે દંપતીએ સિદ્ધિપદ મેળવ્યું, એવું જાણીને હે જીવ! તું સારા શીલવ્રતને જરૂર ધારણ કરજે. સ્ત્રીને પુરૂષ કરતાં બમણો આહાર હોય છે અને શરમ એટલે લજ્જા ચાર ગુણી હોય છે તથા વ્યવસાય છ ગુણો હોય છે અને કામવાસના આઠ ગુણી હોય છે, તેથી તેને કામની તૃપ્તિ થતી નથી. ૨૬૫

ભર્તૃહરિ વિગેરેના ઉદાહરણ જણાવે છે:—

અમર ફળને જોઇને ભર્તૃહરિ ત્યાગી બન્યો,
"जासा" તણો ઉત્તર સુણીને વિપ્ર પણ સાધુ થયો;
ચંડપ્રદ્યોતન તણી તિમ આઠ રાણી મૃગાવતી,
સાથે લીએ સંયમ ઉમંગે કામને ધિક્કારતી.૨૬૬

**અર્થ**:—પોતાની પ્રિયા પિંગલા રાણીને આપેલું અમરફળ બીજાની પાસે જોઈને વૈરાગ્ય પામીને ભર્તૃહરી રાજાએ ગ્રહવાસ છોડયો, તેમજ પોતાની બ્હેન જે પાંચસો ચોરોની સ્ત્રી બની હતી તે છતાં ચોરો તેના પ્રત્યે દયા લાવી બીજી સ્ત્રી લાવ્યા ત્યારે તે સ્ત્રીને કુવામાં નાખી દીધી અને જેનું સ્વરૂપ વચનથી પણ પૂછી શકાયું નહિ તેથી ભગવંતને **जा सा** એમ ટૂંકામાં પ્રશ્ન પૂછતાં ભગવંતે કહેલા '**सा सा**' એવો ઉત્તર સાંભળી બ્રાહ્મણ પણ સાધુ થયો. વળી ચંડ પ્રદ્યોતન રાજાની આઠ રાણીઓએ મૃગાવતી રાણીની સાથે કામનો તિરસ્કાર કરી ઉમંગ પૂર્વક ચારિત્ર ગ્રહણ કર્યું. ૨૬૬

આત્માને આ પ્રમાણે શીલશિક્ષા દેવી જોઇએ:—

નારી તણાં મુખ આદિ જોઇ જીવ! રાજી થા નહી,
ખુશ કરવાનાજ બ્હાને વિકટ દુર્ગતિ દે સહી;
કવિ કહે સ્ત્રીના વદનને ચંદ્ર પણ શ્લેષ્માદિથી,
ભરપૂર નરક પ્રયાણ મુખ એ લેશ પણ જુઠું નથી.૨૬૭

અર્થઃ—હે જીવ! સ્ત્રીનાં મુખ વગેરે અવયવોને જોઇને તું રાજી થઇશ નહિ. કારણકે ખુશ કરવાના બહાનાથી તે ભયંકર દુર્ગતિ (નરકગતિ આદિ) ને નક્કી આપે છે. કવિ સ્ત્રીના મુખને ભલેને ચંદ્રની ઉપમા આપે, પરંતુ શ્લેષ્માદિક એટલે કફ થુંક વિગેરેથી ભરેલું એ મુખ નરકમાં ગમન કરાવવાનું મુખ (દ્વાર) છે એમાં જરા પણ ખોટું નથી. ૨૬૭

સ્ત્રીના અંગોનું ખરૂં સ્વરૂપ આ પ્રમાણે વિચારવું:—

**મુક્તિ જતાં આડી પડેલી સર્પિણી આ કેશની,**
**વેણી તથા સીમંત આપે પીડ સીમંત નરકની;**
**નાસિકા સુખનાસિકા ચુંબન ઘટાડે આયુને,**
**કુચ કુંભ આલિંગન દીએ ઝટ નરક કુંભીપાકને. ૨૬૮**

અર્થ:—આ વાળની વેણી (અંબોડા) તે તો મોક્ષ તરફ જતા માર્ગમાં વચમાં આડી પડેલી સાપણ અથવા નાગણ સરખી છે, તથા સીમંત એટલે માથાની વચમાં પાડેલો સેંથો સીમંત નામના નરકાવાસની પીડા આપનાર છે, અને સ્ત્રીની નાસિકા તો સુખનાશિકા એટલે સુખનો નાશ કરનારી છે. તેમજ ચુંબન આયુષ્યને ઓછું કરે છે. કુચકુંભ એટલે સ્તન રૂપી કળશ:(ઘડો) જલદી નરકના કુંભીપાકની પીડાને આપે છે. ૨૬૮

વિષયની ભાવનાને દૂર કરવાનો ઉપાય જણાવે છે:—

**યોનિયંત્ર થકી નિકલતાં ગર્ભ કેરી વેદના,**
**જો વિચારે જીવ! તો ચાલા ટલે સવિ વિષયના;**

**સિંહાદિ કેરા દુઃખથી પણ સ્ત્રી પરિચય દુઃખને,**
**બહુ સમજ સમતાના જીવનને દર્શનાદિકથી હણે.૨૬૯**

અર્થ:—હે જીવ! સ્ત્રીની યોનિ રૂપી યન્ત્રમાંથી નીકળતાં ગર્ભને જે વેદના થાય છે તેનો જો તું સાચો વિચાર કરે તો વિષયના સર્વ ચાલા એટલે ચેષ્ટાઓ દૂર થાય. સિંહ વગેરે હિંસક પ્રાણીઓના દુઃખ કરતાં પણ સ્ત્રીની સોબત અધિક દુઃખને આપે છે, એમ તું સમજ. કારણકે સ્ત્રી દર્શન વગેરેથી જીવના સમતા જીવનને એટલે શાંતિમય જીવનને નાશ કરે છે. ૨૬૯

સ્ત્રીના જુલ્મોને દૃષ્ટાંત દઈને સમજાવે છે:—

**સ્વચ્છંદિ નારી નર ઉપર જુલ્મો ગુજારે તે નહી,**
**ક્રુદ્ધ સિંહાદિક કરે, સુકુમાલિકા સ્મર તું અહીં;**
**પતિબાહુ કેરૂં લોહી પીતી તેમ સાથળમાંસને,**
**ખાતાં છતાં ગંગા પ્રવાહે ફેંકતી નિજ નાથને.૨૭૦**

અર્થ:—સ્વેચ્છાચારી સ્ત્રી પુરૂષ ઉપર જે જુલ્મો ગુજારે છે તેવા જુલમો કોપેલા સિંહ વગેરે પણ કરતા નથી. આ બાબતમાં તું સુકુમાલિકાનું દૃષ્ટાંત યાદ કરજે. તેણે પોતાના પતિના હાથનું લોહી પીધું, તથા સાથળના માંસને ખાધું તે છતાં પોતાના ધણીને ગંગા નદીના પ્રવાહમાં ફેંકી દીધો.૨૭૦

સ્ત્રીનો વિશ્વાસ કરવો નહિ, એમ જણાવે છે:—

**ગુણવંતને પણ જાલમાંહી ફસાવતી કપટી રમા,**
**શુભ માર્ગ કેરી સાધનામાં વિઘ્ન કરનારી રમા;**

હે જીવ તજજે પાર્વતી શંકર નચાવે સુર હસે,
મેનકાને જોઇ વિશ્વામિત્ર વિષયી ધસમસે.૨૭૧

**અર્થ:**—કપટથી ભરેલી સ્ત્રી ગુણવાનને પણ પોતાની મોહ રૂપી જાળમાં ફસાવે છે. તથા સ્ત્રી શુભ માર્ગ એટલે સાચા માર્ગની સાધનામાં વિઘ્ન એટલે અડચણ કરનારી છે. માટે હે જીવ ! તેનો ત્યાગ કરજે. સ્ત્રીચરિત્ર જો. પાર્વતી શંકર એટલે મહાદેવની કને નાચ કરાવે છે અને દેવતાઓ હસે છે, તથા મેનકાને જોઇને વિષયાસક્ત થએલા વિશ્વામિત્ર તેની પાછળ દોડે છે. ૨૭૧

સ્ત્રીરાગનું ભૂરું ફલ અને વલ્કલચીરીની બીના ત્રણ શ્લોકમાં જણાવે છે:—

સ્ત્રી તણા અનુરાગથી આષાઢભૂતિ અરણિકે,
તિમ આર્દ્ર કુંવરે સાધ્ય ચુક્યું સંયમે ન ટકી શકે;
ભૂલી પિતાને અહીં રહ્યો ધિક્કાર સ્વાર્થીઆ મને,
આજ ઇંદ્રિય પાપ ભાવી એમ વીનવે ભાઇને.૨૭૨

**અર્થ:**....સ્ત્રી ઉપરની પ્રીતિથી આષાઢભૂતિ મુનિ, અરણિક મુનિ તથા આર્દ્રકુમાર નામના મુનિ પોતાના સાધ્ય એટલે આત્મોન્નતિ કરનાર સંયમ સાધના રૂપ સાધ્ય બિંદુથી ચૂકયા અને ચારિત્રમાં સ્થિર રહી શકયા નહિ એટલે લીધેલું ચારિત્ર છોડીને ગૃહસ્થ બન્યા. તથા વલ્કલચિરી નામના તાપસ જે વેશ્યાઓના ભરમાવવાથી પોતાના વૃદ્ધ તાપસ પિતાને છોડી

વેશ્યાની પુત્રી પરણીને પોતાના ભાઇ પ્રસન્નચંદ્ર પાસે રહ્યા હતા તે વિચારવા લાગ્યા કે હું પિતાને છોડીને અહીં ભોગો ભોગવવાને રહ્યો માટે મને ધિક્કાર છે કારણ કે હું સ્વાર્થી બન્યો છું. આ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થવાનું પાપ છે એ પ્રમાણે વિચારી પોતાના ભાઇ પ્રસન્નચંદ્ર રાજાને આ પ્રમાણે વિનંતિ કરે છે. ૨૭૨

**નમવા જનકના ચરણને મુજ ચાહના આવું સુણી,**
**બંધુ સાથ પ્રસન્નચંદ્ર નરેશ ભક્તિ ધરી ઘણી;**
**વંદે પિતાના ચરણને વલ્કલચિરી ઉપકરણને,**
**સંમાર્જતા જાતિ સ્મરણથી પૂર્વ ભવની વાતને.૨૭૩**

અર્થ:—હે પૂજ્ય મોટાભાઈ! પિતાના ચરણમાં નમસ્કાર કરવાની મારી ઘણી ઇચ્છા છે એ પ્રમાણે વલ્કલચિરીનાં વચન સાંભળીને પ્રસન્નચંદ્ર રાજાએ પણ તેમની સાથે જંગલમાં રહેલા પિતા પાસે જઇને ઘણી ભક્તિ પૂર્વક પિતાના ચરણમાં નમસ્કાર કર્યો. તથા વલ્કલચિરી પણ પોતાના ઉપકરણોની સંમાર્જના કરવા લાગ્યા. તે વખતે તાપસપણાના વસ્ત્રાદિને જોઈને તેના ઉપરથી આવાં વસ્ત્ર મેં પહેલાં જોયાં છે એ વિગેરે પ્રકારનો ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન પામ્યા, અને તેમણે તેથી પોતાના પાછલા ભવની બીના જાણી. ૨૭૩

**જાણે "અહો? મેં પૂર્વભવમાં સ્ત્રીવિષય રાગે કરી,**
**ચારિત્ર છોડયું તેહને ધિક્કાર" આ ધ્યાને કરી,**

**કેવલ લહી ઉપદેશ સુણીને સોમચંદ્ર ચરણ લહે,**
**ભવ્યજન ઇમ સાંભળીને શીલમાં મજબુત રહે.૨૭૪**

અર્થ:—જાતિસ્મરણ જ્ઞાનથી પોતાનો પૂર્વ ભવ આ પ્રમાણે જાણ્યો-અરે! પૂર્વ ભવમાં મેં ચારિત્રગ્રહણ કર્યું હતું પણ સ્ત્રી ઉપરના રાગને લીધે મેં તેનો ત્યાગ કર્યો, માટે ચારિત્રનો ત્યાગ કરનાર એવા મને ધિક્કાર થાઓ. આવા પ્રકારનો પશ્ચાત્તાપ કરતાં શુકલ ધ્યાનમાં આરૂઢ થઇ ક્ષપક-શ્રેણિ માંડીને ઘાતીકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા, અને ધર્મોપદેશ દેવા માંડયો. તે સાંભળીને તેમના પિતા સોમચંદ્ર તાપસે તાપસપણાનો ત્યાગ કરી ખરૂં ચારિત્ર ગ્રહણ કર્યું. આ હકીકત સાંભળીને ભવ્ય પુરૂષોએ વિષયોનો ત્યાગ કરી શિય-લવ્રતમાં મજબુત રહેવું જોઈએ. ૨૭૪

બધી જાતના અંધ પુરૂષોમાં કામાંધ મહા ખરાબ છે-એમ જણાવે છે:—

**જન્માંધ લોભાંધાદિમાં કામાંધ અધિકો શાસ્ત્રમાં,**
**ભેદ ન ગણે ઢોર જેવો માત દીકરી બેનમાં;**
**ઢોર ને નરમાં તફાવત શુભ વિવેક ગુણે કરી,**
**હે જીવ! બુઝ દૃષ્ટાંત અઢદસ નાતરાંનું સાંભલી.૨૭૫**

અર્થ:—(૧) જન્મથી આંધળો હોય તે જન્માંધ કહેવાય. (૨) લોભથી વિવેક ભૂલી જાય, તે લોભાંધ કહેવાય. (૩) ક્રોધથી ભાન ભૂલનાર ક્રોધાંધ કહેવાય. માનાંધ માયાંધ વિગેરે આંધળાઓમાં કામ એટલે તીવ્ર વિષયવાસનાને લઈને

જે અંધ બન્યો છે તે કામાન્ધ કહેવાય, તેને શાસ્ત્રમાં સૌથી મોટો આંધળો કહ્યો છે. કારણકે ઢોર સરખો બનેલો તે મનુષ્ય માતા, પુત્રી અગર બ્હેનમાં ભેદ ગણતો નથી. કામાન્ધ નર તેઓ પ્રત્યે પણ સ્ત્રીના જેવી બુદ્ધિ રાખે છે તેથી કામાન્ધને ઢોર જેવો કહ્યો છે. મનુષ્ય અને ઢોરમાં તફાવત એ છે કે મનુષ્યમાં શુભ વિવેક એટલે સારાસાર સમજવાની શક્તિ છે ત્યારે તિર્યંચમાં તે વિવેક નથી તેથી તે જેમ પોતાની માતા, તથા પુત્રી સાથે સ્ત્રીની જેમ વર્તે છે, તેમ કામાન્ધ મનુષ્ય પણ વિવેક ગુણનો ત્યાગ કરે છે ત્યારે ઢોર જેવું વર્તન કરે છે, માટે હે જીવ! અઢાર નાતરાંનું દૃષ્ટાન્ત સાંભળીને તું બોધ પામજે, અને વિષય વાસનાનો જરૂર જલ્દી ત્યાગ કરજે. ૨૭૫

કૂબેરદત્તાની બીના ટૂંકમાં જણાવે છેઃ—

**સોગટાબાજી રમંત કુબેરદત્તા વીંટીને,**
**પારખી વૈરાગ્ય રંગે સાધતી ચારિત્રને;**
**અવધિથી જાણી અઢાર સગાઇ સ્પષ્ટ બતાવતી,**
**નિજબંધુ સાધુ બનેજ વેશ્યા શ્રેષ્ઠ શ્રાવિકા થતી.૨૭૬**

**અર્થ**:—ભવિતવ્યતાને યોગે અજાણ દશામાં કુબેરદત્ત અને કુબેરદત્તાના (સગા ભાઈ બહેનના) લગ્ન થાય છે. તેની સાથે સોગટાબાજી રમતાં વીંટીને ઓળખી પોતાનો ભાઈ છે એમ જાણી કુબેરદત્તાએ વૈરાગ્ય પામીને ચારિત્ર સાધવા માંડયું. તે (બ્હેન) સાધ્વીએ અવધિજ્ઞાનથી " પોતાના ભાઈને પોતાની માતા

સાથે વિષયસેવન કરવાથી પુત્ર થયો છે" એમ જાણીને ત્યાં જઇ સ્પષ્ટપણે [1]અઢાર સગાઇઓ બતાવી. જે સાંભળીને તેનો ભાઇ કુબેરદત્ત સાધુ થયો. અને વેશ્યા કુબેરસેના શ્રેષ્ઠ શ્રાવિકા થઇ. ૨૭૬

---

૧ અઢાર નાતરાંની પ્રસિદ્ધ કથાની બીના ટુંકમાં આ પ્રમાણેઃ— મથુરા નગરીમાં કુબેરસેના નામે એક વેશ્યા હતી, તેણીને રહેલા ગર્ભથી એક પુત્ર અને એક પુત્રીનો સાથે જન્મ થયો. વેશ્યાએ માતાના કહેવાથી તે બંનેનું દશ દિવસ પાલન કરીને તેમને તજી દીધાં. પુત્રની વીંટીમાં કુબેરદત્ત અને પુત્રીની વીંટીમાં કુબેરદત્તા એવા નામવાળી વીંટીઓ પહેરાવીને તેમને એક પેટીમાં પૂરી યમુના નદીમાં વહેતી મૂકી. નદીમાં તણાતી તે પેટી સૌર્યપુર પાસે આવી. ત્યારે બે ગૃહસ્થોએ તે પેટી બહાર કઢાવી એકે પુત્ર અને બીજાએ પુત્રીને રાખી. જ્યારે તે ગૃહસ્થોને ત્યાં ઉછરીને તેઓ યૌવન અવસ્થા પામ્યા ત્યારે તે બંનેના લગ્ન થયાં.

એક વખતે જ્યારે તે બંને સોગટાબાજી રમતા હતા ત્યારે કુબેરદત્તની આંગળીએથી તેની વીંટી કુબેરદત્તાના ખોળામાં પડી. તે વીંટી અને પોતાની વીંટી સરખી હોવાથી તેણીએ કહ્યું કે આપણે બંને ભાઇ બેન હોઇશું. બંનેએ પોતાની ( ઉછેરનાર ) માતાને પૂછવાથી તે વાતની ખાત્રી થઇ. કુબેરદત્તાએ વૈરાગ્યથી ચારિત્ર લીધું. કુબેરદત્ત વ્યાપાર અર્થે પરદેશ ગયો. તે મથુરાપુરીમાં આવ્યો. ત્યાં તેની માતાની (જેને તે ઓળખતો નથી તેની) સાથે તેને સંબંધ થયો. અને તેનાથી તે વેશ્યાએ એક પુત્રને જન્મ આપ્યો. ચારિત્ર પાળતાં કુબેરદત્તાને અવધિજ્ઞાન થયું. તેનાથી "પોતાના ભાઇને માતાના સંબંધથી એક પુત્ર થયો છે તેવું" જાણી પ્રતિબોધ કરવા માટે તે મથુરામાં ગઇ અને પારણામાં સૂતેલા છોકરાની આગળ

શીલવતીએ કરેલી શીલરક્ષા વિગેરે ચાર શ્લોકમાં જણાવે છે:—

**શીલભંગ સાધનકાલમાં પણ જેહ શીલ ટકાવતી,**
**નિજનાથથી સંતોષ રાખે તેહ પણ જાણો સતી;**
**ના ભૂલજે તે શીલવતીને પતિ ગયો જસ યુદ્ધમાં,**
**પુષ્પ માલા જોઇને રાજા પડયો આશ્ચર્યમાં.૨૭૭**

**અર્થ**:—પોતાના શીયલના ખંડન થવાનો પ્રસંગ આવે ત્યારે પણ જે સ્ત્રી મરણથી પણ ભય નહિ પામતાં પોતાના શીયલનું રક્ષણ કરે અને પોતાના પતિથી સન્તોષ માને પણ બીજા કોઇ પુરૂષને સેવવાની ઇચ્છા ન કરે, તેને પણ હે ભવ્ય જીવ! શ્રેષ્ઠ સતી કહેવામાં આવે છે એમ તું

---

હાલરડાં ગાવા લાગી. તેમાં પોતાને તે પુત્રની સાથે ૭ સગાઇ, વેશ્યાની સાથે ૭ સગાઈ તથા ભાઇની સાથે ૭ સગાઇ થાય તે હાલરડામાં ગાયું, જે સાંભળીને કુબેરદત્તે કહ્યું કે હે સાધ્વી આવું અયુકત સંબંધ વિનાનું શું બોલો છો? ત્યારે તેણીએ ઉપરની હકીકત તેને જણાવી અને પોતાની સગાઈઓ ગણાવી તે આ પ્રમાણે:—

બાળકની સાથેની ૭ સગાઇ:-૧ ભાઇ, ૨ પુત્ર, ૩ દીયર, ૪ ભત્રીજો, ૫ કાકો, ૬ પુત્રનો પુત્ર. બાલકના પિતા સાથે ૬ સગાઈ.

આ પ્રમાણે:-૧ સહોદરભાઇ, ૨ પિતા, ૩ પિતામહ (દાદો) ૪ સ્વામી, ૫ પુત્ર, ૬ સાસરો. વેશ્યા સાથે ૬ સગાઇ આ પ્રમાણે:-૧ માતા, ૨ પિતાની માતા, ૩ ભાભી, ૪ વહુ, ૫ સાસુ, ૬ સપત્ની (શોકય) આ પ્રમાણે ૧૮ પ્રકારની સગાઇ ગણાવી. જે સાંભળીને કુબેરદત્તે વૈરાગ્યભાવથી દીક્ષા લીધી અને કુબેરસેના ઉત્તમ શ્રાવિકા થઇ.

જાણજે. આ બાબતમાં તે શીલવતીને તું ભૂલીશ નહિ કે જેનો પતિ યુદ્ધમાં ગયો હતો અને પુષ્પની માલા જોઇને રાજા આશ્ચર્યમાં પડયો હતો. ૨૭૭

**અશોક કામાંકુર અને લલિતાંગ રતિકેલી વલી,**
**શીલ પરીક્ષા કાજ આવ્યા ધન અર્ધલખ સહ લઇ;**
**નિજ શુદ્ધ શીલ બચાવવા ખાડા વિષે એ ચારને,**
**યુક્તિ કરી ઝટ નાંખતી મંત્રી ધરે બહુ ખેદને.૨૭૮**

**અર્થ:**—અશોક, કામાંકુર, લલિતાંગ અને રતિકેલી એ ચાર મંત્રીઓ અનુક્રમે પોતાની સાથે અડધો લાખ અડધો લાખ ધન લઇને શીલની પરીક્ષા કરવા માટે આવ્યા ત્યારે શીલવતીએ પોતાના શીયલનું રક્ષણ કરવા માટે એ ચારેને યુક્તિ કરીને ખાડામાં નાખ્યા. તે વખતે તે મંત્રીઓ ઘણો શોક કરવા લાગ્યા. ૨૭૮

**ભૂપ જમવા શીલવતીના ઘેર આવે જમી રહી,**
**"થઇ જાવ" આવા શબ્દનો શો અર્થ મંત્રીને અહીં;**
**પૂછતાં કહે મંત્રી થયું આ ચાર યક્ષ તણા બલે,**
**લઇ જાય ભૂપ નિજ મ્હેલ ત્યાં તો સકલ શંકા દૂર ટલે.૨૭૯**

**અર્થ:**—શીલવતીના પતિ મંત્રી અજીતસેનના આમંત્રણથી રાજા શીલવતીના ઘેર જમવા આવ્યો. શીલવતીએ રસોઇની એવી ગોઠવણી કરી હતી કે 'થઇ જાવ' એવું કહેતાંની સાથે તે રસોઇ તૈયાર થઇને તરત રાજાની પાસે હાજર થાય. જમી રહ્યા પછી "થઈ જાવ" એ શબ્દનો શો અર્થ

હતો એ પ્રમાણે મંત્રીને પૂછયું. ત્યારે મંત્રીએ કહ્યું કે આ બધું (જે ચાર મંત્રીઓને શીલવતીએ ખાડામાં નાખ્યા હતા) તે ચાર યક્ષોના પ્રભાવથી થાય છે. રાજાએ એ ચાર યક્ષોની માગણી કરી. મંત્રી પાસેથી તેમને લઇને પોતાને મહેલે ગયો. ત્યાં તેની બધી શંકા દૂર થઈ. ૨૭૯

**શીલવતીનું શીલ વખાણે તેમ માલા તત્ત્વને,**
**બુદ્ધિ પ્રકાશવતી સતી અહો? ધન્ય આવી નારને;**
**છેવટે સાધી પ્રવ્રજ્યા બ્રહ્મસ્વર્ગે સુખ લહે,**
**મુક્તિ પણ ઝટ પામશે શ્રોતા સુણી શીલને વહે.૨૮૦**

**અર્થ**:—રાજા શીલવતીના શીલનું તથા પુષ્પમાળાના તત્ત્વનું વખાણ કરવા લાગ્યો અને નિર્મલ બુદ્ધિને પ્રકાશનારી આવી સતી સ્ત્રીને ધન્ય છે એમ શીલવતીને પણ વખાણી. અવસરે સતી શીયલવતીએ પતિ સાથે દીક્ષા લઇને તેનું સારી રીતે આરાધન કર્યું. મરીને પાંચમા બ્રહ્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને થોડા વખતમાં મોક્ષને પણ પામશે. આ પ્રમાણેની શીલવતીની હકીકત સાંભળીને

---

૧ શીલવતીની કથાનો ટુંક સાર આ પ્રમાણેઃ—

નંદન નામના નગરમાં રત્નાકર નામના શેઠને અજિતસેન નામે પુત્ર હતો. તેને શીલવતી નામે સ્ત્રી હતી. તે શીલવતી શકુન-શાસ્ત્ર વગેરે ભણેલી હોવાથી તેને અનુસારે તેણે દ્રવ્ય બતાવેલું હોવાથી ઘરમાં તે અધિષ્ઠાત્રી જેવી હતી. અજિતસેન પણ પોતાના બુદ્ધિબળથી તે નગરના સિંહનામે રાજાનો મંત્રી થયો. એક વખત પડોશના રાજા સાથે સીમાડાની તકરાર થતાં રાજાએ તેના ઉપર ચડાઇ કરી તે

હે ભવ્ય જીવો ! તમે ઉત્તમ શીયલ ગુણને જરૂર ધારણ કરજો. ૨૮૦

વખતે અજિતસેન મંત્રીને પોતાની સાથે આવવા આજ્ઞા કરી. જતી વખતે અજિતસેને શીલવતીને કહ્યું કે મારે રાજાની સાથે જવું પડશે. તું એકલી કેવી રીતે રહી શકીશ, કારણ સ્ત્રીનું શીલ પુરૂષ પાસે હોય ત્યાં સુધીજ રહે છે. આવાં મંત્રીના વચન સાંભળી શીલવતીએ કહ્યું કે તમારે મારા પ્રત્યે આવી આશંકા રાખવી નહિ. મારી પરીક્ષા માટે હું તમને આ ફૂલની માળા પહેરાવું છું તે મારૂં શીલ અખંડ હશે ત્યાં સુધી કરમાશે નહિ.

ત્યારપછી મંત્રી રાજાની સાથે ગયો. ત્યાં મંત્રીની ફૂલની માલા કરમાતી નહિ હોવાથી રાજાએ પોતાના માણસોને પૂછ્યું. ત્યારે તેઓએ કહ્યું કે આ મંત્રીની સ્ત્રીના શીયલનો પ્રભાવ છે. તે જાણીને સભામાં જ્યારે બીજા મંત્રીઓ સાથે અજીતસેન બેઠો હતો ત્યારે મંત્રીઓના સાંભળતાં રાજાએ હાસ્યવિનોદમાં કહ્યું કે આપણા અજિતસેન મંત્રીની સ્ત્રી સાચી સતી છે. તે વખતે એક મંત્રી બોલ્યો કે સ્ત્રીઓમાં સતીપણું છેજ નહિ. મંત્રીને તો તેમની સ્ત્રીએ ભોળવ્યા છે. માટે જો તમારે તેની પરીક્ષા કરવી હોય તો મને મોકલો. રાજાએ તે અશોક નામના મંત્રીને અડધો લાખ દ્રવ્ય આપી શીલવતીની પરીક્ષા માટે મોકલ્યો.

અશોક મંત્રી તે નગરમાં પાછો આવ્યો. અને માલણ દ્વારાએ શીલવતીની પાસે તેના પ્રેમ માટે માગણી કરાવી. શીલવતીએ પણ પર સ્ત્રી ભોગવવાની ઇચ્છા કરનારને પાપનું ફળ બતાવવા માટે તે વાત કબૂલ કરી તેના બદલામાં અડધો લાખ દ્રવ્ય લીધું. અને મળવાનો દિવસ નક્કી કર્યો તે પ્હેલાં શીલવતીએ પોતાના ઘરમાં અંધારા ઓરડામાં ઉંડો ખાડો ખોદાવ્યો. તે ખાડા ઉપર પાટી વગરનો માંચો મૂકયો.

કલાવતીની બીના જણાવે છેઃ—

**દેવ ગુરૂ ને તત્ત્વ સત્ત્વ તણા જવાબો દેઇને,**
**શંખભૂપ કલાવતીને પરણતા ધરી હર્ષને;**

અને તેના ઉપર પોચો પોચો ઓછાડ પાથર્યો. વખત થયે તે મંત્રી આવ્યો, તેને દાસીએ ઘરમાં લઈ જઈ ખાટલા ઉપર બેસવા કહ્યું. મંત્રી બેઠો કે તરતજ તે ખાડામાં પડયો. તે મંત્રી ભૂખ્યો થાય ત્યારે શીલવતી તેને ખાવા માટે ખપ્પરમાં રાખીને અન્ન ખાડામાં નાંખતી હતી. એ પ્રમાણે ઘણો ટાઇમ ગયા પછી કામાંકુર, લલિતાંગ તથા રતિકેલિ નામના ત્રણ મંત્રીઓ પણ અનુક્રમે અડધો અડધો લાખ દ્રવ્ય લઈને આવ્યા. તેમને પણ શીલવતીએ પ્રથમની યુક્તિ વડે ખાડામાં નાંખ્યા. તે ખાડામાં રહેલા તે ચારે દુઃખી થઇને દિવસો કાઢવા લાગ્યા.

કેટલોક સમય વીત્યા બાદ સિંહ રાજા શત્રુને જીતીને પાછા ફર્યા. તે વખતે કૂવામાં પડેલા તે મંત્રીઓએ શીલવતીને કહ્યું કે અમે તમારૂં શીલ જોયું તથા તે બદલે દુઃખ પણ ભોગવ્યું. માટે હવે તમે અમને બહાર કાઢો. ત્યારે શીલવતીએ કહ્યું કે જ્યારે હું 'થઈ જાવ' (ભવતુ) એમ કહું ત્યારે તમારે પણ 'થઈ જાવ' (ભવતુ) એ પ્રમાણે કહેવું તો હું તમને કાઢું. તે ચારે મંત્રીઓએ એ વાત કબુલ કરી.

ત્યાર પછી શીલવતીએ પોતાના પતિ દ્વારા રાજાને ભોજન માટે આમંત્રણ આપ્યું. જમવા આવવાના આગલા દિવસે બધી રસોઇ તૈયાર કરાવી તે ખાડાવાળા ઓરડામાં રાખી. જમવા આવવાના દિવસે દેવતા પણ સળગાવ્યો નહિ. રાજા જમવા બેઠો તે વખતે શીલવતી પણ હાથમાં માળા લઇ બેઠી અને બોલી કે રાજાને જમવા માટે અમુક અમુક મિષ્ટાન્નો થઇ જાવ. તે વખતે અંદર રહેલા ચારે મંત્રીઓ પણ 'થઇ જાવ' એમ કહે છે અને તે તે મિષ્ટાન્નો રાજાના થાળમાં પીરસાય છે. રાજા તો ઘણું આશ્ચર્ય પામ્યો. રાજાએ જમી રહ્યા પછી

**શીલની શંકા ધરી રાણી તણાં બે બાહુને,**
**છેદાવતો નૃપ શીલથી પામે નવા બે બાહુને.૨૮૧**

**અર્થ**:—દેવ, ગુરૂ તથા સત્વ અને તત્ત્વનાં જવાબ આપીને શંખ રાજા આનંદ પૂર્વક કલાવતીને પરણ્યા. અમુક વખત ગયા પછી રાજાએ કલાવતીના શીલમાં શંકા લાવીને રાણીના બે હાથ કપાવી નાખ્યા, પરંતુ કલાવતીને શીલના પ્રભાવથી બે નવા હાથની ફરીથી પ્રાપ્તિ થઇ. ૨૮૧

શંખ કલાવતી પૂર્વભવમાં કોણ હતા ? તે જણાવે છે:—

**પાંખ શુકની પૂર્વભવમાં રાજપુત્રી સુલોચના,**
**છેદતાં આવું લહે દુઃખ જીવ! જો ફલ કર્મના;**
**શંખ હોવે શુક કલાવતી હોય તેહ સુલોચના,**
**વાત આ ચિત્તે ધરીને છોડ ચાળા મોહના.૨૮૨**

**અર્થ**:—કલાવતીએ પોતાના પૂર્વ ભવમાં જ્યારે તે સુલોચના નામે રાજપુત્રી હતી ત્યારે પોપટની બે પાંખો

---

અજીતસેનને આ હકીકત પૂછી ત્યારે તેણે પોતાને ત્યાં ચાર યક્ષો છે તેમનો આ પ્રભાવ કહ્યો. રાજાએ આગ્રહ પૂર્વક તે યક્ષોની માગણી કરવાથી શીલવતીએ ચારે મંત્રીઓને ખાડામાંથી કઢાવી ચારેને મોટા કંડીઆઓમાં પૂરી રાજાને સોંપ્યા. રાજા તેમને પોતાને મહેલે લઇ ગયો અને રસોઇ કરવાની રસોઇઆને ના કહી. ભોજન વખતે રાજાએ યક્ષોની પાસે મિષ્ટાન્ન માટે માગણી કરી. પણ કાંઇ મિષ્ટાન્ન આવ્યું નહિ. ત્યારે કંડીઆ ખોલી જોતાં ચારે મંત્રીઓને જોઇ રાજા બધી હકીકત સમજ્યો અને શીલવતીના શીલની તથા બુદ્ધિ ચાતુર્યની પ્રશંસા કરવા લાગ્યો.

કપાવી નાખી હતી. તે વખતે બાંધેલું કર્મ કલાવતીને આ ભવમાં ઉદય આવ્યું તેથી દુઃખ પામી, માટે હે જીવ! તું કર્મના ફલનો વિચાર કર. તે પોપટનો જીવ મરીને શંખ નામે રાજા થયો. અને તે રાજપુત્રી સુલોચના મરીને કલાવતી થઇ. માટે આ વાત મનમાં બરાબર યાદ રાખીને તું મોહના ચાળાને છોડ એટલે દૂર કર. ૨૮૨

ચંદન મલયાગિરિની બીના ત્રણ શ્લોકમાં જણાવે છેઃ—

**દંપતી શુભ શીલવંતા પુણ્યયોગે ઇમ બને,**
**કર્મફલ દુઃખ તેમને કદી પણ લહે ઝટ શર્મને;**
**સાર્થવાહે લોભ આપ્યો તોય મલયાગિરિ સતી,**
**પ્રાણથી પણ અધિક વ્હાલું શુદ્ધશીલ ટકાવતી.૨૮૩**

**અર્થઃ**—પુણ્ય યોગેજ સારા શીયલવંતા સ્ત્રી ભરતાર હોય, એવું બને છે. કદાચ તેઓને પૂર્વે બાંધેલા કર્મના ફલરૂપ દુઃખ ભોગવવું પડયું હોય, તો પણ તેઓ ઝટ સુખને મેળવે છે. આ બાબતમાં દૃષ્ટાંત એ કે–સાર્થવાહે સતી મલયાગિરિને શિયલથી ભ્રષ્ટ કરવાને લોભ દેખાડયો, તો પણ તેણે પોતાના પ્રાણથી પણ વહાલા શુદ્ધ શિયલ ગુણનું રક્ષણ કર્યું. ૨૮૩

**અગ્નિમાં પડવું ભલું તિમ ઝેર ખાવું પણ ભલું,**
**કૂવે પડી મરવું ભલું પણ શીલ ખંડન ના ભલું;**
**ભૂપ ચંદન કર્મયોગ વિયોગ રાણીનો લહે,**
**જલપૂર તણાતાં બેઉ દીકરા તેહના અલગા રહે.૨૮૪**

અર્થ:—કહ્યું છે કે અગ્નિમાં પડીને મરવું સારૂં, તથા ઝેર ખાઈને મરણ પામવું તે પણ સારૂં, તેમજ કૂવામાં પડીને મરણ પામવું તે પણ સારૂં પણ શુદ્ધ શીલનું ખંડન કરવું તે સારૂં નથી. પૂર્વ કર્મના યોગથી ચંદન રાજાને રાણીનો વિયોગ થયો. તેમજ નદીમાં પાણીનું પૂર આવવાથી તેના બંને દીકરા પણ જુદા ( વિખૂટા ) પડી ગયા. ૨૮૪

**પુણ્યકેરૂં જોર વધતાં શ્રીપુરનો રાજા બને,**
**મલયાગિરિ બે પુત્ર લઈને આવતી તેની કને;**
**દુઃખના સમયમાં શીલ પાલે ધન્ય એ નરનારીને,**
**શણગાર જિનશાસન તણા હું નિત્ય વંદુ તેમને.૨૮૫**

અર્થ:—પરંતુ અંતે પુણ્યનું જોર વધવાથી અથવા પ્રબલ પુણ્યનો ઉદય થવાથી તે શ્રીપુર નગરનો રાજા થયો. તેમજ મલયાગિરિ પણ બંને પુત્રોને લઈને ત્યાં આવી પહોંચી. એવી રીતે વિયોગ પામેલા તે બંને એકઠા મળ્યા. દુઃખના પ્રસંગમાં પણ શીયલનું પાલન કર્યું માટે તે રાજા અને રાણી બંનેને ધન્ય છે. જિનશાસનના આભૂષણ સમાન અથવા જૈન દર્શનને શોભાવનાર તે બંનેને હું વંદના કરૂં છું. ૨૮૫

એલાચી પુત્રની બીના સાત શ્લોકમાં જણાવે છે:—

**મારવા ચાહે પરસ્પર એક સ્ત્રી માટે જનો,**
**આવું વિચારી જરૂર તજજે સંગ નારી જાતિનો;**
**ઇમ કરે જે તેહ નાણી ધન્ય એલાપુત્રને,**
**નાચ કરતાં મોહ છંડી કેવલી ઝટપટ બને.૨૮૬**

**અર્થ**—એક સ્ત્રી માટે માણસો એક બીજાને મારવાની ઇચ્છા કરે છે (અને એક બીજાનાં ખૂન પણ કરી નાખે છે.) આવું વિચારીને નારી જાતિની એટલે સ્ત્રીની સોબત કરવાનો તું ત્યાગ કરજે. એ પ્રમાણે સ્ત્રીની સોબત છોડે તે જ્ઞાની જાણવો. આ બાબતમાં જુઓ દૃષ્ટાંત—

નાચ કરતાં કરતાં સાધુ મુનિરાજને જોઇને ઉત્તમ ભાવના ભાવતાં ભાવતાં મોહનો ત્યાગ કરીને જેણે શીઘ્ર કેવલજ્ઞાન મેળવ્યું તે એલા (એલાચી) પુત્રને ધન્ય છે. ૨૮૬

એલાચી કુંવરની ભાવના ૩ શ્લોકથી જણાવે છે:—

**ભૂપ ચોથી વાર નાચ કરાવતા ચેતી જતો,**
**ધિક્કાર કામદશા નૃપ મને ભાવ જસ અણછાજતાં;**
**શ્રેષ્ઠ કુલ મેલું કર્યું, એ કાર્ય અવિચારિત થયું,**
**મોહ લશ્કર થાપ મારી આત્મધન લુંટી ગયું.૨૮૭**

**અર્થ:**—એલાચી પુત્રે વાંસ ઉપર ચડીને ત્રણ ત્રણ વખત નવા નવા નાચ કર્યાં તે છતાં નાચ જોવા બેઠેલો રાજા રાજી થયો નહિ, કારણ કે તે રાજાની ઇચ્છા એવી હતી કે જો નટ વાંસડા ઉપર નાચ કરતાં પડી જઇ મરણ પામે તો મને નટડીની પ્રાપ્તિ થાય. આથી રાજાએ ચોથી વખત તેને નાચ કરવાનું કહ્યું. તે વખતે એલાપુત્રે રાજાના પરિણામ જાણ્યા. તેથી તે ચેત્યો કે આ મારી કામ દશાને ધિક્કાર છે. તથા રાજાને અને મને ધિક્કાર છે. કારણ કે અમારા બંનેના પરિણામ મહા ખરાબ છે. મે મારાં ઉત્તમ

કુલને મલીન કર્યું. તે વગર વિચારનું અયોગ્ય કાર્ય થઇ ગયું. મોહ રાજાનું લશ્કર મને થાપ મારી એટલે ભુલવીને મારૂં ઘણું આત્મ ધન લુંટી ગયું છે. અને મોહને વશ થઈને મેં મારા આત્માનો લગાર પણ વિચાર કર્યો નહિ. ૨૮૭

એલાચીકુંવર મુનિને જોઈને આ પ્રમાણે ભાવના ભાવે છે:—

**બાજી બધી બગડી ગઈ આ મોહના વિશ્વાસથી,**
**એમ વૈરાગી બની મુનિને જુએ તે દૂરથી;**
**દેખતાંની સાથ ભાવે ધન્ય આ મુનિરાજને,**
**સ્ત્રી સંગથી ન્યારા રહે જે જાણતાં નિજ તત્ત્વને.૨૮૮**

**અર્થ**:—આ મોહનો વિશ્વાસ કરવાથી મારી બધી બાજી બગડી ગઈ. અથવા આ નટડીના મોહમાં ફસાઇને મેં મારૂં જીવતર નકામું ગુમાવ્યું છે. એ પ્રમાણે વૈરાગ્ય પામીને ચોથી વાર નાચ કરવા વાંસ ઉપર ચઢેલો તે છેટેથી મુનિરાજને દેખે છે. જોઇને પોતાના મનમાં વિચાર કરે છે કે આ મુનિ મહારાજને ધન્ય છે, કે જે આત્મ તત્ત્વના સ્વરૂપને સમજીને સ્ત્રીની સોબતથી છેટા રહે છે. ૨૮૮

એજ ભાવના ચાલે છે:—

**દેહની દરકાર ન કરે મોક્ષ ઇચ્છા પણ કરે,**
**સુંદર રમા વ્હોરાવતી પણ દૃષ્ટિ પાત્ર વિષે ધરે;**

**રાગાંધ કેવો નીચ હું નટડી વિષે રાગી થયો,**
**ધિક્કાર આવા કામને ઇમ ભાવતાં કેવલ લહ્યો.૨૮૯**

અર્થ:—જે મુનિરાજ પોતાના શરીરની દરકાર કરતા નથી એટલે જેમને પોતાના શરીર તરફ મમતા નથી પરંતુ મોક્ષ મેળવવાની જેમની ઇચ્છા છે, તથા તેમને નટડી કરતાં પણ વધારે મનોહર સુંદર સ્ત્રી વ્હોરાવે છે તે છતાં મુનિ તે સ્ત્રી પ્રત્યે બીલકુલ નજર પણ કરતા નથી, અને તેને પાત્રાંની ઉપર રાખે છે. રાગમાં અંધ થએલો હું કેવો નીચ છું કે મારૂં ઉંચુ કુળ છતાં હું આ નટડીને વિષે આસક્ત થયો. આવા કામને-વિષયને ધિક્કાર થાઓ. આ પ્રમાણે ભાવના ભાવતાં ક્ષપકશ્રેણિમાં આરૂઢ થઇને તેણે ત્યાંજ કેવલજ્ઞાન મેળવ્યું. ૨૮૯

કેવલી એલાચી પુત્ર પાછલા ભવની વાત કહે છે:—

**દેશનાને આપતાં નિજ રાગ હેતુ જણાવતા,**
**મુજ પૂર્વ ભવની નાર આ જાતિ તણો મદ બહુ થતા;**
**નટડી બની રાગી થયો હું નટ બન્યો જ વણિગ છતાં,**
**નટડી લહે જાતિ સ્મરણને ધ્યાન આજ વિચારતાં. ૨૯૦**

અર્થ:—કેવલજ્ઞાન પામી ધર્મોપદેશ આપતાં પોતાને આ નટડી ઉપર રાગ શાથી થયો? તેનો ઉત્તર જણાવતાં કહ્યું કે આ નટડી પૂર્વ ભવમાં મારી સ્ત્રી હતી. તે વખતે તેણે પોતાની જાતિનો ઘણો મદ કર્યો. તેથી કરીને તે મરીને આ નટડીનો ભવ પામી. હું વણિગ-વ્યવહારી અથવા વેપારી

છતાં પૂર્વભવના સંસ્કારને લઇને આ નટડી ઉપર રાગ ઉત્પન્ન થવાથી હું નટ થયો. આ હકીકત સાંભળીને તેનો વધારે વિચાર કરતાં કરતાં નટડીને જાતિસ્મરણ જ્ઞાન થયું. ૨૯૦

રાણીની તથા નટડીની ભાવના જણાવે છેઃ—

**ધિક્કાર આ મુજ રૂપને ધની પુત્ર રાજાદિક ઘણાં,**
**જે જોઇને રાગાંધ હોતા ભાવતી ઇમ ભાવના;**
**જ્ઞાન કેવલ પામતી રાણી વિષય તરછોડતી,**
**નટડી વિષે મોહી બનેલા ભૂપને ધિક્કારતી.૨૯૧**

**અર્થ**:—હવે નટડી વિચાર કરે છે કે આ મારા રૂપને ધિક્કાર છે કે જે રૂપને જોઇને ધનવાન શેઠનો પુત્ર તથા રાજા વગેરે ઘણા જણ મારા શરીર ઉપર રાગને લીધે આંધળા થયા છે. એટલે મારા રૂપ ઉપર મોહી પડયા છે. આ પ્રમાણે ભાવના ભાવતાં તે નટડી પણ ક્ષપકશ્રેણિએ ચઢીને કેવલજ્ઞાન પામી. તે વખતે રાજાની સાથે જોવા આવેલી રાણી પણ વિષયોનો ત્યાગ કરે છે, અને નટડીના ઉપર મોહીત થએલા રાજાને પણ ધિક્કારે છે. ૨૯૧

રાજાની ભાવના જણાવે છેઃ—

**ભાવના ઇમ ભાવતી તે જ્ઞાન કેવલ પામતી,**
**નૃપ વિચારે જેહને નટડી ઉપર પ્રીતિ થતી;**
**તે દ્રવ્ય કેરી લાલચે અહીં નાચવાને આવતો,**
**ધિક્કાર આ મુજ આત્મને જે નીચ નારી ચાહતો.૨૯૨**

**અર્થ**:—રાણી વિષયોનો ત્યાગ કરીને ભાવના

ભાવતાં કેવલજ્ઞાન પામી. રાજા પણ તે વખતે વિચાર કરે છે કે જેને નટડી ઉપર પ્રેમ બંધાયો તે એલાપુત્ર દ્રવ્ય મેળવવાની લાલચથી નૃત્ય કરવાને મારી પાસે આવ્યો તેની નીચ સ્ત્રી (નટડીની) ઉપર મોહાંધ થનાર આ મારા આત્માને ધિક્કાર થાઓ. ૨૯૨

મોહને તરછોડવાનું કહે છે:—

**કામને ધિક્કારતા નૃપ જ્ઞાન કેવલ પામતા,**
**જ્ઞાની એલા પુત્ર ઇમ બહુ ભવ્યજનને તારતા;**
**હે જીવ ! આ દૃષ્ટાંતને બહુવાર તું સંભારજે,**
**કર્મને લજ્જા કિહાં તિણ મોહને વશ ના થજે.૨૯૩**

**અર્થ**:—કામને એટલે વિષય સેવનને ધિક્કારતા અને ભાવનામાં ચઢેલા તે રાજાને પણ ત્યાં કેવલ જ્ઞાન થયું. એવી રીતે જ્ઞાની બનેલા એલાચી કુમારે ઘણા ભવ્ય જનોને આ સંસાર સમુદ્રમાંથી તાર્યા. હે ભવ્ય જીવ ! આ એલાપુત્રના દૃષ્ટાન્તને તું ઘણીવાર યાદ કરજે અને વિચારજે કે કર્મને શરમ હોતી નથી. તે કર્મ જીવની પાસે નહિ કરવાનાં કાર્યો કરાવે છે. માટે મોહને વશ થઇશ નહિ. ૨૯૩

સત્યકીની બીના ૩ શ્લોકમાં જણાવે છે:—

**મંત્ર વચન રસાદિ સિદ્ધિ કીર્તિ આદિક શુભ ગુણો,**
**મૈથુને ઝટ નાશ પામે દાખલો સત્યકી તણો;**
**મરણ પામે વિષય રાગે નરકની પીડા લહે,**
**રૂદ્ર એ અગિઆરમો શ્રી વિનય વાચક ઇમ કહે.૨૯૪**

અર્થ:—મંત્રસિદ્ધિ વચનસિદ્ધિ વગેરે સિદ્ધિઓ, તથા કીર્તિ વિગેરે સારા ગુણો મૈથુનથી એટલે વિષય સેવનથી ઝટ નાશ પામે છે. આ બાબતમાં સત્યકીનો દાખલો (દૃષ્ટાન્ત) જાણવો. વિષય સેવનના રાગથી મરણ પામીને તે નરકની પીડા પામ્યો. ઉપાધ્યાયજી મહારાજ શ્રી વિનયવિજયજી લોકપ્રકાશમાં એમ કહે છે કે તે સત્યકી અગિઆરમો રૂદ્ર ગણાયો (થયો) છે. ૨૯૪

**કાળસંદીપક હતો તે મિત્ર સત્યકીનો ખરો,**
**મિત્રના અનુરાગથી રાજાદિને થઇ આકરો;**
**ધમકાવતો મૈથુન દશાની પૂજના ફેલાવતો,**
**જેમ ઇશ્વર લિંગ પૂજાનો પ્રચાર ઘણો થતો.૨૯૫**

અર્થ:—તે સત્યકીને કાળસંદીપક નામે સાચો મિત્ર હતો. મિત્ર તરફની પ્રીતિને લીધે સત્યકીનો નાશ કરનાર રાજા વિગેરે તરફ કોપાયમાન થઇને ધમકાવીને મૈથુન દશામાં એટલે વિષય સેવન વખતે તે સત્યકીનું મરણ થયું હોવાથી તેણે મૈથુન દશામાં રહેલા લિંગની પૂજાને પ્રવર્તાવી. તે સત્યકી ઇશ્વર અથવા મહાદેવ તરીકે પ્રસિદ્ધિ પામ્યો અને ત્યારથી ઈશ્વરના લિંગની પૂજાનો વધારે પ્રચાર થયો. ૨૯૫

**પૂર્વ ભવમાં સત્યકીએ કાલ ત્રણ જિનપૂજના,**
**ભાવે કરી જિન નામ બાંધ્યું આવતી ચોવીશીના;**
**સુવ્રત નામે તીર્થપતિ અગીઆરમા ઉત્તમ થશે,**
**સમવસરણે બેસીને દઈ દેશના જન તારશે.૨૯૬**

**અર્થ**:—પૂર્વ ભવમાં આ સત્યકીએ સવાર, મધ્યાન્હ અને સાંજ એમ ત્રણે કાલ જિનેશ્વરની પૂજા ભાવપૂર્વક કરી હતી. તેથી તેમણે જિનનામ કર્મ બાંધ્યું, જેથી આવતી ચોવીસીમાં સુવ્રત નામના અગિઆરમા ઉત્તમ તીર્થંકર થશે. અને સમવસરણમાં બિરાજમાન થઈ ધર્મોપદેશ આપીને અનેક જીવોનો ઉદ્ધાર કરશે. ૨૯૬

નૂપુર પંડિતાની બીના જણાવે છે:—

**ડાહ્યા નરો પણ ના કલે ઝટ કૂડકપટ નારી તણું,**
**યાદ કર દૃષ્ટાંત નૂપુર પંડિતા નારી તણું;**
**તાપસી પતિ છેતરીને જારની સાથે રમે,**
**નૃપ પ્રમુખ ત્રણને તજી અટવી વિષે રાણી ભમે.૨૯૭**

**અર્થ**:—ડાહ્યા મનુષ્યો પણ સ્ત્રીના કૂડકપટ એટલે છળ પ્રપંચને ઝટ જાણી શકતા નથી. આ બાબતમાં નૂપુર-પંડિતા નામની સ્રીનું દૃષ્ટાંત તું યાદ કરજે. આ નૂપુરપંડિતા તાપસી પોતાના પતિને ઠગીને જાર (સ્ત્રીએ રાખેલા પુરૂષ) ની સાથે કામક્રીડા કરતી હતી. તથા એજ નગરના રાજાની દુષ્ટ રાણી પણ રાજાને તથા બીજા બે જારને (મહાવતને અને ચોરને) એમ ત્રણ જણને છોડીને જંગલમાં રખડતી થઇ. એ પણ વિષયનુંજ પાપ જાણવું. ૨૯૭

વૈરાગ્યમય શિખામણ આપે છે:—

**વિષયી જનની દશ અવસ્થા દુઃખથી પૂરી ભણી,**
**વિષયમાં બહુ પાપ જાણી કર ન ઇચ્છા તેહની;**

**કામથી બુદ્ધિ ફરે દુઃખદાયીને સુખકર ગણે,**
**જે જે રમાને દેખતો કામી ચહે તે તેહને.૨૯૮**

**અર્થ**:—વિષયમાં આસકત મનુષ્યોની દુઃખથી ભરેલી દશ અવસ્થાઓ શાસ્ત્રમાં કહી છે. આ વિષય સેવનમાં ઘણું પાપ છે એમ જાણીને હે જીવ! તું તે વિષયની ઇચ્છા કરીશ નહિ. આ વિષય સેવનથી બુદ્ધિ ફરી જાય છે. અથવા ઉચિત અનુચિતનું ભાન રહેતું નથી. તથા જે વસ્તુ દુઃખ આપનાર છે તેને વિષયી જીવ સુખકારી ગણે છે, કામી ( વિષયમાં આસક્ત ) પુરૂષો જે જે સ્ત્રીને જુવે છે, તેની તેની તેઓ ઇચ્છા કરે છે. ૨૯૮

કામી જનની દુર્દશા જણાવે છેઃ—

**તસ જીવ નિત અસ્થિર રહે જો વાયુથી ચલ ઝાડને,**
**પક્ષિની પણ દુર્દશાને જોઈ તજ તું વિષયને;**
**ગર્ભવંતી લાખ નાર તણા ઉદરને ફાડિને,**
**ગર્ભ ટળવળતો હણંતા જેહ બાંધે પાપને.૨૯૯**

**અર્થ**:—કામી પુરૂષનો જીવ નિત્ય અસ્થિર રહે છે. તે બાબતમાં વાયુથી ચપલ એવા વૃક્ષને જો. એટલે જેમ પવનથી ઝાડ અસ્થિર રહે છે તેમ કામીનું ચિત્ત અસ્થિર રહે છે. એટલે તેને કોઇ ઠેકાણે શાંતિ હોતી નથી. વિષયની ઈચ્છાથી પક્ષીની પણ ખરાબ હાલત થાય છે એ જોઇને હે જીવ! તું વિષયોનો ત્યાગ કરજે. કોઈક માણસ એક લાખ ગર્ભવાળી સ્ત્રીઓના પેટ ચીરીને તેમાંના તડફડતા ગર્ભને મારીને જેટલું પાપ બાંધે (આગળની બીના ૩૦૦મા શ્લોકમાં છે) ૨૯૯

બીજી રીતે મૈથુનના દોષ જણાવે છેઃ—

**તેહથી બહુ પાપ નવ ગણું સાધુને સ્ત્રી સેવતા,**
**પાપ હોય હજાર ગણું ઇગવાર સાધ્વી સેવતા;**
**પણ તીવ્ર રાગે તેમ કરતાં પાપ કોડિ ગણું અને,**
**નાશ પામે બોધિ બીજ કહું કલી સિદ્ધાંતને.૩૦૦**

અર્થ:—આગલી ગાથામાં કહ્યા મુજબ ગર્ભ હણનારને જેટલું પાપ લાગે છે તેનાથી નવ ગણું પાપ સાધુને સ્રીનું સેવન કરવાથી લાગે છે. અને જો સાધુ સાધ્વીની સાથે એક વાર વિષય સેવન કરે તો તેથી હજાર ગણું પાપ લાગે છે. પરંતુ તીવ્ર રાગ એટલે અત્યંત આસક્તિ પૂર્વક તેમ કરે તો ક્રોડ ગણું અધિક પાપ લાગે છે. અને તેનું બોધિ-બીજ પણ નાશ પામે છે. આ હકીકત સિદ્ધાન્તને જાણીને કહું છું ૩૦૦

કામને જીતવાનો ઉપાય જણાવે છેઃ—

**યોનિયંત્રે સૂક્ષ્મ જંતુ ઉપજતા આ મૈથુને,**
**પીડાય મરતા એમ જાણી છોડ ભઈ તું તેહને;**
**જે ન છંડે નિરસ ભોજી ભિક્ષુને તે કામને,**
**જીતવાનું એક સાધન સેવવાં સુનિમિત્તને.૩૦૧**

અર્થ:—આ મૈથુને એટલે વિષયસેવનથી યોનિમાં ઉત્પન્ન થતા સૂક્ષ્મ જીવો પણ પીડા પામીને મરણ પામે છે એમ જાણીને હે ભાઈ! તું તે વિષય સેવનનો ત્યાગ કર

કામનો જુલ્મ એટલો બધો છે કે લુખુ ભોજન કરનાર ભિક્ષુને પણ તે કામ છોડતો નથી. અથવા ભિક્ષુ પણ જેની આગળ જિતાય છે તેવા કામને જીતવાનું મુખ્ય સાધન એ છે કે સારા નિમિત્તોને હંમેશાં સેવવા જોઇએ ૩૦૧

શીલની બાબતમાં હિતશિક્ષા ફરમાવે છેઃ—

**કડવા ફલો સ્રીસંગના હૃદયે ઉતારી ભાવથી,**
**સ્રીસંગ ત્યાગી બ્રહ્મચારી એમ જાણ્યું શાસ્રથી;**
**બાંધેલ ઘોડો શીલ પાલે બ્રહ્મચારી તે નહી,**
**દોષ કેરી ખાણ ડાકણ નાર માયાવી સહી.૩૦૨**

અર્થઃ—સ્રીની સોબતનાં ખરાબ પરિણામ ભોગવવાં પડે છે એ હકીકત યથાર્થ પણે હૃદયમાં ધારી રાખીને સ્રીની સોબતનો ત્યાગ કરનાર ભવ્ય જીવો બ્રહ્મચારી કહેવાય છે એમ મેં શાસ્રથી જાણ્યું છે. જેમ ઘોડારમાં બાંધેલો ઘોડો શીયલ પાળે તેથી તે બ્રહ્મચારી ન કહેવાય, તેવી રીતે ભાવ વિના શિયલ પાલે તે બ્રહ્મચારી ન કહેવાય. તથા સ્રી દોષની ખાણ છે, ડાકણ, અને નક્કી માયાવી એટલે છળકપટથી ભરેલી છે, એમ સમજીને હે જીવ! તેવી સ્રીના પરિચયથી તું અલગ રહેજે. ૩૦૨

વૈરાગી જીવ સ્રીસંગને તરછોડે છેઃ—

**સ્રી સંગ ચાલ્યો જા અરે તેં મુંજને દુઃખી કર્યો,**
**ભીખ માગતો પણ તેં કર્યો આવી ફસાયો તે મર્યો;**

સ્ત્રી પાસ ભિક્ષા માગતાં તે મુંજને તરછોડતી,
મુંજ મન સમજી ગયો ગોગણ બલે માની થતી.૩૦૩

અર્થ:—હે સ્ત્રી સંગ ! અરે તું ચાલ્યો જા, કારણ કે તેં મુંજ રાજાને દુઃખી કર્યો. તેને ભીખ માગતો પણ તેં કર્યો. તારી જાળમાં આવીને જે ફસાયો તે મરેલોજ જાણવો. મુંજ રાજાએ સ્ત્રીની પાસે ભિક્ષા માગી ત્યારે તેણે તેનો તિરસ્કાર કર્યો. મુંજ તેના મનનો ભાવ સમજી ગયો કે આ સ્ત્રી ગોગણ એટલે ગાયોના સમૂહની માલીક હોવાથી અભિમાની થઇ છે. ૩૦૩

મુંજ રાજાની બીના પ્હેલાંની માફક બે શ્લોકથી જણાવે છે:—

નાર ! દેખી ગાય ગર્વ ધરીશ ના કો થીર રહ્યા,
ચૌદસો છોતેર હાથી મુંજના ચાલ્યા ગયા;
એક નારી રોટલાને કર લઇ બટકું ભરે,
તેહથી ઘૃત બિંદુ ટપકે જોઇ આ નૃપ ઉચ્ચરે.૩૦૪

અર્થ:—હે સ્ત્રી ! તારી ગાયોને જોઇને તું અભિમાની બનીશ નહિ. કારણકે કોણ સ્થીર રહ્યું છે. અથવા આ બધી પૌદ્‌ગલિક વસ્તુ અનિત્ય છે. યાદ રાખજે કે આ મુંજ જે માલવા દેશનો મહારાજા હતો તેના ચૌદસો ને છોંતેર હાથીઓ પણ ચાલ્યા ગયા, વળી આ મુંજ રાજા બીજી એક સ્ત્રી પાસે ભિક્ષા માગવા ગયા ત્યારે તે સ્ત્રી રોટલાને હાથમાં

લઇ બટકું ભરતી હતી, તેથી તેમાંથી ઘીનાં ટપકાં ભોંય પડતાં હતાં તે જોઇને મુંજ રાજા રોટલાને ઉદ્દેશીને કહેવા લાગ્યા. ૩૦૪

**હે રોટલા ! આણે મને ખંડિત કર્યો આ હેતુથી,**
**તું રો નહી સ્ત્રી જાતિએ ખંડ્યા ઘણાં રજ જૂઠ નથી;**
**રેંટીઆનો સ્વર સુણીને મુંજ બોલે તેહને,**
**આણે ભમાવ્યો બહુ મને આથી ન રો ઇમ ભાવને.૩૦૫**

અર્થ:—હે રોટલા ! આ સ્ત્રીએ તને ખંડિત કર્યો આથી તું રડીશ નહિ. કારણ કે સ્ત્રી જાતિએ ઘણાએ મહાન પુરૂષોને ખંડિત કર્યા છે તો તારો તે શો હિસાબ ? આ મારા કહેવામાં જરા પણ ખોટું નથી. ત્યાર પછી એક ઠેકાણે રેંટીયાનો સ્વર સંભળાતો હતો તે સાંભળીને મુંજ રાજા કહે છે કે હે રેંટીયા ! આ સ્ત્રીએ તને ઘણો ભમાવ્યો માટે તું રડ નહિ, કારણકે તારે આ બાબતમાં આવો ( આગલી ગાથામાં જણાવાતો ) વિચાર કરવો જોઇએ. ૩૦૫

સ્ત્રીનો સ્વભાવ જણાવે છે:—

**નેત્રયુગલ કટાક્ષથી ભરમાવતી જે પુરૂષને,**
**હાથ પકડી ખેંચતી જસ હાથ મૂક તસ વાતને;**
**ચંદ્રરેખા સમ કુટિલ સંધ્યાપરે ક્ષણરાગિણી,**
**સરિતાપરે નીચ થલ જનારી હોય ના કદિ કોઇની.૩૦૬**

અર્થ:—જે સ્ત્રી પોતાની બે આંખના કટાક્ષ વડે પુરૂષને

ભરમાવે છે એટલે વશ કરે છે તે સ્ત્રી જે પુરૂષનો હાથ પકડીને ખેંચે, તે પુરૂષના શા બેહાલ થાય, તેની તો વાતજ મૂકી દે. અથવા તે પુરૂષ તો સર્વથા સ્ત્રીને વશ થઇને પોતાનું તમામ જીવન બગાડે છે. જે સ્ત્રી ચંદ્રની રેખા સરખી કુટિલ એટલે વાંકી છે, તથા સન્ધ્યાના રંગની પેઠે ક્ષણ માત્ર રાગ અથવા પ્રીતિને ધારણ કરનારી છે. એટલે જેની પ્રીતિ એક પુરૂષ પ્રત્યે ટકી રહેતી નથી. તથા જેમ નદી નીચા સ્થાન પ્રત્યે જાય છે તેમ જે નીચ પુરૂષ પાસે પણ જાય છે તે સ્ત્રી કદાપિ કોઈની થઇ નથી ને થતી નથી. ૩૦૬

શીલના ચાર ભાંગામાંનો પ્હેલો ભાંગો જણાવે છે:—

**દ્રવ્ય ભાવે શીલના બે ભેદ ચઉભંગી સુણો,**
**દ્રવ્યથી નહિ ભાવથી લ્યો દાખલો ભવદેવનો;**
**નલભૂપ હોવે શ્રમણ પણ દમયંતી કેરા રાગને,**
**નહિ છોડતા પ્રતિબોધથી થઈ થીર સાધે સ્વર્ગને.૩૦૭**

**અર્થ:**—હે ભવ્ય જીવો! શીલના બે ભેદ છે, ૧ દ્રવ્યથી ૨ ભાવથી. તેની ચતુર્ભંગી અથવા ચાર ભાંગા થાય છે તે તમે સાંભળો. પહેલો ભાંગો દ્રવ્યથી શીલ પાળે પણ ભાવથી ન હોય. અહીં દૃષ્ટાન્ત ભવદેવનું જાણવું, જેણે ચારિત્ર લીધું છે, પણ મન ઘેર મૂકીને આવેલ પોતાની સ્ત્રી નાગિલામાં હતું. બીજું દૃષ્ટાન્ત નલ રાજાનું જાણવું. જો કે તે સાધુ થયા હતા પરંતુ દમયંતી ઉપરના રાગને છોડયો નહોતો. દમયંતીએ પણ દીક્ષા લીધી હતી. તેમને જોઇને નલ રાજાને

રાગ ઉત્પન્ન થવાથી દમયંતી અનશન કરી સ્વર્ગમાં ગઈ, ત્યાંથી આવીને નલ રાજાને પ્રતિબોધ પમાડયો, તેથી ચારિત્રમાં સ્થીર થઈને સંયમ સાધીને છેવટે સ્વર્ગમાં ગયા. ૩૦૭

બીજો ભાંગો ત્રણ દૃષ્ટાંત દઈને ચાર શ્લોકમાં જણાવે છેઃ—

**ભાવથી નહિ દ્રવ્યથી અહીં દાખલો વિજયા તણો.**
**લગ્નટાણે જંબૂસ્વામી ભાવ ધરતા શીલનો;**
**લગ્નની ચોરી વિષે ફેરા ફરંતા કેવલી,**
**ગુણજલધિ પૃથ્વીચંદ્ર વંદુ હાથ જોડી ફરી ફરી.૩૦૮**

**અર્થઃ**—બીજો ભાંગો ભાવથી શીયલ છે અને દ્રવ્યથી નથી. આ ભાંગાનો દાખલો વિજયા શેઠાણીનો જાણવો. તેવોજ બીજો દાખલો જંબૂસ્વામીનો પણ જાણવો. કારણકે તેઓ લગ્ન કરતી વખતે પણ શીલની નિર્મલભાવનાને ધારણ કરતા હતા. તથા લગ્નની ચોરીમાં ફેરા ફરતાં કેવલજ્ઞાન મેળવનાર ગુણસાગર તથા પૃથ્વીચંદ્રને હું બે હાથ જોડીને વારંવાર નમસ્કાર કરૂં છું. બીજા ભાંગના ચાલુ વર્ણનમાં આ પણ ત્રીજું દૃષ્ટાંત જાણવું. ૩૦૮

લગ્નની ચોરીનો મુદ્દો વિગેરે જણાવે છેઃ—

**વાંસ દસ ષટ્ થાપીને ચારે દિશે ચોરી કરે,**
**ચાર ગતિને સૂચવે ફેરા ફરંતા અવસરે;**
**કન્યા અને વર સાવધાન વચન સુણી ઇમ ગોરના,**
**સાવધાન બને સમજુ નર વેણ આ પણ બોધના.૩૦૯**

**અર્થ:**—લગ્ન વખતે ચારે દિશામાં ચાર ચાર વાંસ સ્થાપીને ચોરી બનાવવામાં આવે છે, તેમાં વરકન્યાને ચાર ફેરા ફેરવવામાં આવે છે તે ફેરા ચાર ગતિને જણાવે છે, વળી ફેરા ફરતી વખતે ગોર કન્યા અને વર સાવધાન એ પ્રમાણે બોલે છે. આ પ્રમાણેનું ગોરનું વચન સાંભળીને સમજુ મનુષ્ય તો સાવધાન બને છે. એટલે "વર કન્યા સાવધાન" આ વચન સાંભળીને આત્મહિત સાધવામાં ઉજમાલ થાય છે. કારણકે ઉપર જણાવેલું ગોરનું વચન અપૂર્વ બોધદાયક છે. ૩૦૯

ગોરની સૂચના શો બોધ આપે છે, તે જણાવે છે:—

**ગોર સૂચવે દંપતિને લગ્નગ્રંથિ પડી નથી,**
**ત્યાં સુધીમાં ચેતશો તો રખડપટ્ટી રજ નથી;**
**પગથિયા નહિ જેહમાં તે કૂપ જેવા લગ્નને,**
**ગુણજલધિ જેવા પુણ્યશાલી કેમ ઇચ્છે ? સમજને.૩૧૦**

**અર્થ:**—વળી ગોર આ પ્રસંગે દંપતીને એટલે વરકન્યાને જણાવે છે કે જ્યાં સુધી લગ્નગ્રન્થિ એટલે હસ્તમેલાપ થયો નથી ત્યાં સુધીમાં જો ચેતશો એટલે સંયમ સાધીને આત્મહિત કરશો, તો તમને જરા પણ સંસારની રખડપટ્ટી થવાની નથી. જે લગ્ન રૂપી કૂવામાં પગથીયાં નથી તેવા લગ્ન રૂપી કૂવાને ગુણસાગરની જેવા પુણ્યવંતા જીવો કેવી રીતે ઇચ્છે ? એટલે નજ ઇચ્છે. ૩૧૦

લગ્નગ્રંથિમાં જોડાએલા જીવોની સ્થિતિ જણાવે છેઃ—

**લગ્નગ્રંથિમાં પડેલા જીવ માંખીની પરે,**
**લપટાય સાધે ધર્મ ના નરભવ પ્રયોજન વિસ્મરે;**
**શાંતિ સુખ ચારિત્રયોગે તાસ સાધન નરભવે,**
**એમ ભાવી બેઉ કેવલ પામતા ન ભમે ભવે.૩૧૧**

અર્થઃ—લગ્ન રૂપી ગાંઠથી બંધાએલા જીવો માખી જેમ બળખામાં લપટાય ને નીકળવાને યત્ન કરે તેમ તેમ વધારે લપટાય તેમ સપડાઈ જાય છે, જેથી ધર્મ સાધી શકતા નથી, તથા મનુષ્ય ભવ મેળવીને તેનું પ્રયોજન એટલે ફલ પામવાનું ભૂલી જાય છે. ચારિત્રના યોગથી શાંતિ રૂપી સુખ મળે છે અને તે ચારિત્ર આરાધવાનું સાધન આ મનુષ્યભવ છે, એવું વિચારીને તે ગુણસાગર અને પૃથ્વીચંદ્રે કેવલજ્ઞાન મેળવ્યું. આ પ્રમાણે જે ભવ્ય જીવો પોતાના જીવનને ઉંચ કોટીમાં જોડે, તેમને સંસારમાં ભમવાનું હોયજ કઈ રીતે ? ૩૧૧

શીલનો ત્રીજો તથા ચોથો ભાંગો જણાવે છેઃ—

**વૈરાગ્યમય આ જીવનને સુણનાર વૈરાગી બને,**
**તિમ વીરતા સાચી ધરીને દૂર ભગાડે મોહને;**
**દ્રવ્યથી ને ભાવથી શ્રી મલ્લિપ્રભુ રાજીમતી,**
**દ્રવ્ય ભાવે પણ નહિ એવા જનો દીસે અતિ.૩૧૨**

**અર્થઃ**—શ્રી પૃથ્વીચંદ્ર ગુણસાગરના વૈરાગ્ય ઉપજાવનારા આ જીવનચરિત્રને સાંભળનારા ભવ્ય જીવો જરૂર વૈરાગ્યવાળા

બને છે, અને સાચી શૂરવીરતા ધારણ કરીને તેઓ મોહ રૂપી શત્રુને નસાડી મૂકે છે. હવે દ્રવ્યથી અને ભાવથી એમ બંને રીતે શીયલ પાળનારનો ત્રીજો ભાંગો જાણવા જેવો છે, તેમાં શ્રી મલ્લીનાથ ભગવાન તથા રાજીમતીનાં દૃષ્ટાન્તો જાણવાં, તથા ચોથો ભાંગો જેમાં દ્રવ્યથી પણ શીયલ નથી અને ભાવથી પણ શીયલ નથી તે ભાંગામાં તો ઘણા સંસારી જીવો જાણવા. ૩૧૨

ચાલુ પ્રસંગે તીર્થંકરનો દાખલો આપે છે:--

**અવધિનાણે તે ભવે નિર્વાણ જાણે તે છતાં,**
**તીર્થપતિ પણ શીલ પાલે સ્વપરહિત બહુ માનતાં;**
**તો અન્ય સંસારી જનોએ શીલ ધરવું નેહથી,**
**મલ્લિ પ્રભુના દાખલાને સમજ જ્ઞાતા સૂત્રથી. ૩૧૩**

**અર્થ:**—જેઓ તીર્થંકર થવાના છે તેઓ પોતાના છેલ્લા મનુષ્ય ભવમાં અવધિજ્ઞાન સહિત ઉપજે છે અને પોતાને તે ભવમાં મોક્ષ મળવાનું છે તે નક્કી જાણે છે, છતાં પણ પોતાના અને પરના હિતને ધ્યાનમાં લઇને તીર્થંકર ભગવાન શીયલવ્રતને પાળે છે, તો પછી બીજા સામાન્ય સંસારી જીવોએ તો જરૂર આનંદ પૂર્વક શીયલ પાળવું જોઈએ એમાં નવાઇ શી ? આ બાબતમાં શ્રી જ્ઞાતા સૂત્રમાં કહેલ શ્રી મલ્લીનાથ પ્રભુના દાખલાને તારે સારી રીતે સમજવો. તે બીના ટુંકામાં હવે પછીના શ્લોકમાં હું જણાવીશ. ૩૧૩

શ્રી મલ્લિનાથના પાછલા ભવની બીના જણાવે છે:—

**નૃપ મહાબલ પૂરણાદિ છ મિત્ર સાથ મુનિ બને,**
**તપકાલમાં માયા કરંતા બાંધતા સ્ત્રીવેદને;**
**વીસસ્થાનક સાધતા જિન નામકર્મ ઉપાર્જતા,**
**સાતે મુનિ અંતે જયંતે દેવ ભાવે ઉપજતા.૩૧૪**

**અર્થ:**—મહાબલ નામના રાજાએ પોતાના પૂરણ વગેરે છ મિત્રો સાથે દીક્ષા લીધી. અને તે સાતે જણ એકજ પ્રકારનું તપ સાથે કરે છે. તેમાં મહાબલ રાજા તપ વખતે કપટ કરીને પારણું નહિ કરતાં બીજાઓને છેતરીને અધિક તપ કરે છે, તેથી તેણે માયાના પ્રસંગથી સ્ત્રી વેદનો બંધ કર્યો, અને એજ ભવમાં વીસ સ્થાનક તપની આરાધના કરી જિનનામ કર્મનો બંધ કર્યો. અહીંથી તે મુનિઓ જયંત નામના ત્રીજા અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ૩૧૪

તેમના છ મિત્ર વિગેરેની બીના જણાવે છે:—

**ત્યાંથી મહાબલ મલ્લિ નામે કુંભની દીકરી થતા,**
**અચલજીવ પ્રતિબુદ્ધિ ચંદ્રચ્છાય ભૂપ ધરણ થતા;**
**પૂરણ રૂકમીરાય વસુનો જીવ શંખ નૃપતિ બને,**
**વૈશ્રવણનો જીવ શ્રેષ્ઠ અદીન શત્રુ નૃપ બને.૩૧૫**

**અર્થ:**—ત્યાંથી ચ્યવીને મહાબલ રાજાનો જીવ પૂર્વે બાંધેલ સ્ત્રી વેદના ઉદયથી કુંભ નામના રાજાની મલ્લી નામે પુત્રીપણે ઉત્પન્ન થયો. અચલનો જીવ પ્રતિબુદ્ધિ નામે રાજા, તથા ધરણનો જીવ ચંદ્રચ્છાય નામે રાજા, અને પૂરણનો જીવ રૂકમી નામે રાજા, તેમજ વસુનો જીવ શંખ રાજા, તથા વૈશ્રવણનો જીવ ઉત્તમ અદીનશત્રુ નામના રાજા રૂપે ઉત્પન્ન થયા. ૩૧૫

યુદ્ધ વિગેરેની બીના જણાવે છેઃ--

**અજિતશત્રુ હોય જીવ અભિચંદ્રનો કાંપિલ્યમાં,**
**બીના સુણી દૂત મોકલે ધરી રાગ મલ્લીકુંવરીમાં;**
**નૃપ માગણીને અવગણે તિણ યુદ્ધ કરવા આવતા,**
**મલ્લી ઉપાય બતાવતી એથી જનક નિર્ભય થતા.૩૧૬**

**અર્થ:**—અભિચંદ્ર નામે મિત્રનો જીવ કાંપિલ્યપુર નામના નગરમાં અજિતશત્રુ નામે રાજા થયો. આ છએ રાજાઓએ પૂર્વ ભવના સ્નેહને લીધે મલ્લીકુંવરીની માગણી કરવા માટે દૂત મોકલ્યો. પરંતુ કુંભ રાજાએ તેઓની માગણીની અવગણના કરી તેથી તેઓ યુદ્ધ કરવા માટે કુંભ રાજાના દેશ ઉપર ચઢી આવ્યા, તે વખતે મલ્લીકુંવરીએ ઉપાય જણાવવાથી કુંભ રાજા નિર્ભય એટલે ભયરહિત થયા. ૩૧૬

શ્રી મલ્લીકુંવરી પિતાને યુક્તિ બતાવે છે:---

**દૂત દ્વારા દઈશ પુત્રી એમ સુણતાં આવશે,**
**સમજાવતાં શુભ યુક્તિથી તે બોધ ઝટપટ પામશે;**
**પ્હેલાં અવધિથી મિત્રવાર્ત્તા જાણીને શ્રી મલ્લિએ,**
**પુતળી બનાવી યુક્તિથી તે ગોઠવી ઉત્તમ ઘરે. ૩૧૭**

**અર્થ:**—મલ્લીકુંવરીએ રાજાને સમજાવ્યું કે હે પિતાજી ! તમે દૂત દ્વારાએ “ હું પુત્રી આપીશ ” એ પ્રમાણે કહેવરાવો જે સાંભળીને તેઓ અહીં આવશે. પછી સારી યુક્તિથી પોતાની એક ઉત્તમ પુતળી બનાવી અને સારા ઘરમાં તેને ગોઠવી. ૩૧૭

શ્રી મલ્લિકુંવરી પુતળી બતાવીને મિત્રોને પ્રતિબોધ કરે છેઃ--

**ઉપરના બાકા વિષે નિત કોળિયો પ્રભુ નાખતા,**
**નૃપ આવતાંજ ઉઘાડતા દુર્ગંધિથી કાયર થતા;**
**નાસિકાને મરડતા આ અવસરે પ્રભુ બોલતા,**
**નૃપ ! કરો કિમ આમ બહુ દુર્ગંધ હેતુ જણાવતા.૩૧૮**

**અર્થઃ**—તે પુતળીના ઉપરના ભાગમાં રાખેલા બાકોરામાં પ્રભુ હંમેશાં અનાજનો કોળીયો નાખતા હતા. જ્યારે તે રાજાઓ તેમની પાસે આવ્યા, ત્યારે તે પુતળીનું બાકોરૂં ઉઘાડયું, તેથી તેમાંથી નીકળેલી દુર્ગન્ધિથી તેઓ કંટાળી ગયા અને પોતાનું નાક મરડવા લાગ્યા. તે વખતે પ્રભુ તેઓને કહેતા કે હે રાજાઓ ! તમે આમ શા માટે કરો છો ? ત્યારે તેઓએ તેમ કરવાનું કારણ ઘણી દુર્ગન્ધિ છે એમ જણાવ્યું. ૩૧૮

પ્રસંગે દેહની અશુચિ ભાવના જણાવે છેઃ—

**હે બંધુઓ ! વર ભોજ્યનો હું ગ્રાસ પ્રતિદિન નાખતી,**
**દુર્ગંધરૂપ પરિણામ નિપજ્યો એહવી તનની સ્થિતિ;**
**સાત ધાતુથી બનેલા દેહ ઔદારિક વિષે,**
**કવલનો પરિણામ કેવો ? તે વિચારો મન વિષે.૩૧૯**

**અર્થઃ**--હે ભાઈઓ ! હું હંમેશાં ઉત્તમ ભોજ્ય એટલે ખાવા યોગ્ય પદાર્થોને આ પુતળીમાં નાખતી હતી, પરંતુ તે ભોજ્ય પદાર્થો દુર્ગન્ધ રૂપે પરિણામ પામ્યા, આ શરીરની

પણ તેવીજ સ્થિતિ થાય છે. તેથી સાત ધાતુથી બનેલા આ ઔદારિક શરીરને વિષે નાખેલા અનાજના કોળીઆનો કેવો પરિણામ થાય ? તેનો તમે તમારા મનમાં વિચાર કરો. ૩૧૯

શ્રી મલ્લિપ્રભુ પોતાનો વિચાર મિત્રોને જણાવે છેઃ—

મુજ ઉપર તુમ મોહ રાખો નારીદેહે સાર શો ?
દેવ સુખની પાસ નરસુખ અલ્પ નિશ્ચય જાણશો;
પ્રભુએ કહેલા પૂર્વભવને સાંભળી જાતિ સ્મૃતિ,
પામતાં હું લઇશ દીક્ષા ચાહના શી નરપતિ.૩૨૦

**અર્થઃ**—તમે મારા ઉપર મોહ રાખો છો, પરંતુ આ સ્ત્રીના શરીરમાં શો સાર છે ? દેવતાઓના સુખની આગળ આ મનુષ્યનાં સુખ થોડા અથવા અસાર છે એ નક્કી જાણજો, તથા પ્રભુએ કહેલા પૂર્વ ભવના સ્વરૂપને સાંભળીને તેઓ જાતિ સ્મરણ જ્ઞાન પામ્યા. પ્રભુએ તેમને કહ્યું કે હે રાજાઓ ! હવે હું તો દીક્ષા લઇશ. તમારી શી ઇચ્છા છે ? (તે રાજાઓ પ્રભુને શો જવાબ આપે છે. તે આગળ જણાવે છે.) ૩૨૦

પ્રભુના વિચારને છએ જણા માન આપે છેઃ—

આ પ્રશ્નના ઉત્તર વિષે તેઓ કહે સુવિવેકથી,
આપ જે કરશો અમે પણ તેમ કરશું રંગથી;
એમ બોલી નિજ નગર જઇ રાજ્ય સોંપી પુત્રને,
કેવલી મલ્લિ પ્રભુની પાસ લ્યે ચારિત્રને.૩૨૧

અર્થ:—આ પ્રશ્નના જવાબમાં તેઓએ વિવેક-પૂર્વક જણાવ્યું કે આપ જે પ્રમાણે કરશો, તેજ પ્રમાણે અમે પણ આનંદ પૂર્વક કરીશું. એ પ્રમાણે કહીને પોતાના નગરમાં જઇ પોતાના પુત્રને રાજ્ય સોંપી તે બધા રાજાઓએ કેવલજ્ઞાની મલ્લીનાથ ભગવાનની પાસે દીક્ષા લીધી. ૩૨૧

પ્હેલાં કહેલા ભવદેવની બીના જણાવે છે:—

**અર્ધ શણગારેલ નારી નાગિલાને પરિહરી,**
**ભવદત્તના આગ્રહવશે ભવદેવ લ્યે દીક્ષાતરી;**
**ચારિત્રની આરાધના કરે દ્રવ્યથી નહિ ભાવથી,**
**ભવદત્ત દેવ થયા પછી તે ભગ્ન હોવે ચરણથી.** ૩૨૨

અર્થ:—ભવદત્ત અને ભવદેવ બે ભાઇઓ હતા. તેમાંથી ભવદત્તે દીક્ષા લીધી ત્યાર પછી ભવદેવે લગ્ન કર્યું અને ભવદત્તના આગ્રહથી અર્ધ શણગાર કરેલ નાગિલાનો ત્યાગ કરીને દીક્ષાતરી એટલે ચારિત્ર રૂપી વહાણ ગ્રહણ કર્યું, એટલે દીક્ષા લીધી. દીક્ષા લઇને તે ભવદેવમુનિ ચારિત્રની આરાધના ભાવ પૂર્વક નહિ કરતાં દ્રવ્યથી કરે છે. કારણકે જીવ તો ઘેર અડધી શણગારીને મૂકી આવેલ નાગિલામાં રહ્યો હતો. કેટલોક સમય વીત્યા બાદ ભવદત્ત સ્વર્ગે ગયા પછી તે ચારિત્રથી પતિત થયા, એટલે ઘરે આવ્યા. ૩૨૨

નાગિલા ભવદેવને સ્થિર કરે છે:—

**વાંત ભોજનની સમા આ ભોગને ચાહો નહિ,**
**ઇમ કહીને નાગિલાએ થીર કર્યા શીલમાં રહી;**

**અંતમાં સૌધર્મ સ્વર્ગી હોય સુર સુખ અનુભવી;**
**શિવ કુંવર નામે હોય નૃપનો પુત્ર તે ત્યાંથી ચવી.૩૨૩**

**અર્થ**:—તમે ભોગનો ત્યાગ કરીને ત્યાગી બન્યા છો માટે વમેલા ભોજનની જેવા આ ભોગની ઈચ્છા રાખો નહિ, એ પ્રમાણે ઉપદેશ આપીને ઘેર આવેલા પતિને નાગિલાએ ચારિત્રમાં સ્થિર કર્યા. પછી શુભ સંયમને સાધીને અંતે સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ત્યાં દેવતાનાં સુખ ભોગવીને ત્યાંથી ચ્યવીને શિવકુંવર નામના રાજપુત્ર થયા. ૩૨૩

ભવદત્તની અને શિવકુમારની બીના જણાવે છે:—

**ભવદત્ત સ્વર્ગ થકી ચવીને વજ્રદત્ત ચક્રી તણો,**
**સુત હોય દેખી મેઘને વૈરાગ્ય ધરી મનમાં ઘણો;**
**દીક્ષા લીએ ગુરૂ પાસ પામી અવધિને વિચરે મહી,**
**શિવ કુંવર ઝરૂખાની નીચે થઈને જતાં મુનિને લહી.૩૨૪**

**અર્થ**:—ભવદત્તનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને વજ્રદત્ત નામના ચક્રવર્તીનો પુત્ર થયો. ત્યાં વાદળાંનો દેખાવ જોઈને મનમાં ઘણો વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તેણે ગુરૂની પાસે દીક્ષા લીધી, અનુક્રમે અવધિજ્ઞાન પામીને પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. તે વખતે ઝરૂખામાં બેઠેલા શિવકુંવરે નીચે થઈને જતા મુનિને જોયા. તેમને જોઈને શિવકુંવરને મુનિની ઉપર સ્નેહ ઊત્પન્ન થયો. ૩૨૪

શિવકુંવર મુનિને સ્નેહનું કારણ પૂછે છે:—

**સ્નેહ કારણ પૂછતાં મુનિ સર્વ વાત જણાવતા,**
**માતા પિતાની પાસ સંજમ કાજ આણા માગતા;**

**અફલ હોતાં ખેદ પામી છટ્ઠ તપને સાધતા,**
**પારણે આંબેલ કરીને ભાવ સંયમ પાલતા.૩૨૫**

**અર્થ**:—જ્યારે શિવકુંવરે મુનિ ઉપર સ્નેહ ઉત્પન્ન થવાનું કારણ પૂછયું ત્યારે મુનિએ અવધિજ્ઞાનથી પૂર્વ ભવની સર્વ વાત જણાવી. તેથી વૈરાગ્ય ભાવ જાગ્રત થવાથી માતા પિતાની પાસે ચારિત્ર લેવાની આજ્ઞા માગી. પરંતુ માતા પિતાએ આજ્ઞા નહિ આપવાથી શોકાતુર થઇને છટ્ઠ છટ્ઠનો તપ કરવા માંડયો. તથા પારણાને વિષે આયંબિલ કરવા લાગ્યા. એ પ્રમાણે ઘેર રહીને ભાવ સંયમ પાળવા લાગ્યા. ૩૨૫

શિવકુંવર દેવભવની પછી જંબૂ કુંવર થાય છે, એમ જણાવે છેઃ—

**બ્રહ્મ સ્વર્ગે શ્રેષ્ટ વિદ્યુન્માલી નામે સુર બને,**
**દેવના સુખ ભોગવીને ધરત જંબૂ નામને;**
**રાજગૃહીમાં ઋષભ શેઠ તણો તનય હોવે ક્રમે,**
**સાંભળી ગુરૂ દેશના વૈરાગ્યભાવે પરિણમે.૩૨૬**

**અર્થ**:—એવી રીતે ભાવ મુનિપણું પાળીને તે શિવકુંવર ( ભવદેવનો જીવ ) પાંચમા બ્રહ્મદેવલોકને વિષે વિદ્યુન્માલી નામના દેવ થયા. ત્યાં દેવના સુખ ભોગવીને આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી ચ્યવીને રાજગૃહી નામની નગરીમાં ઋષભદાસ શેઠના જંબુકુમાર નામે પુત્ર થયા. ત્યાં તેમણે સુધર્મા સ્વામીની ધર્મદેશના સાંભળી. તે જંબૂ કુંવરને વૈરાગ્ય રૂપે પરિણમી, એટલે દેશના સાંભળીને જંબૂકુંવર ચારિત્ર લેવાની ઇચ્છાવાળા થયા. ૩૨૬

જંબૂકુંવર સંયમ લેવાની ઇચ્છા જણાવે છે:—

**શીલવ્રત લઇ ઘેર આવી પાસ જનની જનકની,**
**બોલે તમારી આણથી પાસે સુધર્મા સ્વામિની;**
**ચારિત્ર લેવા હું ચહું સુત વેણ આવાં સાંભળી,**
**માતા પિતા સમજાવતા ચારિત્ર દુષ્કરતા વળી.૩૨૭**

**અર્થ**:—ત્યાર પછી ગુરૂ મહારાજની પાસે શીલ પાળવાનું વ્રત (શિયલવ્રત) લઇને ઘેર આવ્યા, અને માતા પિતાની પાસે જઇને કહેવા લાગ્યા કે તમારી આજ્ઞાથી સુધર્મા સ્વામી પાસે હું ચારિત્ર લેવાની ઈચ્છા રાખું છું. આવા પ્રકારના પુત્રનાં વચન સાંભળીને માતા પિતા પુત્રને સમજાવવા લાગ્યા કે ચારિત્ર પાળવું ઘણું દુષ્કર છે. તારી નાની ઉંમર છે માટે તારાથી ટાઢ તડકો વેઠાશે નહિ. ૩૨૭

માતા પિતાને જંબૂકુંવર સમજાવે છે:—

**શૂરને શું હોય દુષ્કર સંયમે સવિ મલ જતા,**
**ઇમ પુત્રના વચનો સુણીને જનક જનની બોલતા;**
**પ્રથમથી નક્કી કરેલી આઠ કન્યા પરણીને,**
**પૂરા મનોરથ કર અમારા કર પછી રૂચતું તને.૩૨૮**

**અર્થ**:—શૂરવીરને દુષ્કર (દુઃખે કરાય તેવું) શું હોય? શૂરવીરને કોઇ કાર્ય દુષ્કર નથી. ચારિત્રવડે બધા મેલ એટલે પાપ રૂપી મેલ નાશ પામે છે. આવાં પુત્રનાં વચન સાંભળીને માત પિતા કહેવા લાગ્યા કે અમોએ પહેલેથી જે આઠ કન્યાઓની સાથે તારો વિવાહ નક્કી કર્યો છે, તેમની સાથે

તું લગ્ન કર, અને અમારી લાંબા વખતની ઇચ્છા પૂર્ણ કરીને પછીથી તને જેમ યોગ્ય લાગે તેમ કરજે. ૩૨૮

કયા અભિપ્રાયથી માતા પિતાએ જંબૂને લગ્ન કરવાનો આગ્રહ કર્યો? તે જણાવે છે:—

**સ્ત્રી રાગના ફંદે પડેલો પુત્ર મુનિ બનશે નહી,**
**આ આશયે બંને જણાંએ એહવી વાણી કહી;**
**પાણિગ્રહણના પૂર્વકાલે ભાવના જંબૂ તણી,**
**જાણતી રમણી કહે ન ફરે કદી જંબૂ ધણી.૩૨૯**

અર્થ:—સ્ત્રીના મોહપાશમાં ફસાએલો પુત્ર દીક્ષા લેશે નહિ, આવા ઇરાદાથી માત પિતાએ તું પરણ્યા પછી દીક્ષા લેજે એવાં વચન કહ્યાં હતાં. પાણિગ્રહણ કરવાની પ્હેલાં જંબૂકુમારની ભાવના દીક્ષા લેવાની છે એ જાણવા છતાં તે સ્ત્રીઓ કહેતી હતી કે અમારો જંબૂ પતિ કદાપિ ફરશે નહિ, એટલે અમે જંબૂકુમાર સિવાય બીજો પતિ કરશું નહિ. ૩૨૯

લગ્ન થયા બાદ સ્ત્રીઓ જંબૂકુંવરને શું કહે છે તે જણાવે છે:—

**જંબૂ કરે પાણિગ્રહણ માતા પિતાના આગ્રહે,**
**શયનઘર નારી કને પણ નિર્વિકારી તે રહે;**
**કામપીડિત આઠ નારી સ્નેહભાવ વધારતી,**
**આઠ વાર્તા બોલતી પણ તે બધી નિષ્ફલ જતી.૩૩૦**

અર્થ:—જંબૂકુમારે માતા અને પિતાના આગ્રહથી તે આઠે સ્ત્રીઓ સાથે પાણિગ્રહણ કર્યું. શયનઘરમાં સ્ત્રીઓની

સાથે રહેતાં છતાં પણ તે વિકારના તોફાનથી અલગ રહ્યા હતા. કામ વાસનાથી પીડાએલી આઠ સ્ત્રીઓ સ્નેહભાવ વધારવાને માટે આઠ વાર્તાઓ કહે છે, પરંતુ તે બધી વાર્તાઓ અહીંઆં નિષ્ફળ ગઈ એટલે તે સ્ત્રીઓ જંબૂ કુમારનો સંયમ લેવાનો નિર્ણય કોઈ રીતે ફેરવી શકી નહિ. ૩૩૦

જંબૂ કુંવર સ્ત્રીઓને પ્રતિબોધ કરે છેઃ—

**જેહ જેવા હોય તે તેવા કરણ મ્હેનત કરે,**
**પણ કુંવર કેરૂં ચિત્ત સંયમ ભાવનાથી ના ફરે;**
**આત્મિક રમણુતા જાસ હઇએ પૂર્ણ રૂપે ઉછળતી,**
**તે કુંવર વૈરાગ્યની વાર્ત્તા કરે મન ઠારતી.૩૩૧**

**અર્થ**:—જે માણુસ જેવા પ્રકારના હોય છે તે બીજાને પોતાની જેવા કરવાને મહેનત કરે છે. તેવી રીતે કામવાસનાવાળી સ્ત્રીઓ જંબૂ કુંવરને સંસારમાં રાખવા મહેનત કરે છે, પરન્તુ જંબૂ કુંવરનું મન સંયમભાવનાથી ફરે એવું નથી. આવા અવસરે જેના હૃદયમાં આત્મરમણુતા સંપૂર્ણ સ્વરૂપે વર્તી રહી છે તે જંબૂ કુંવર સ્ત્રીઓના ચિત્તને શાન્ત કરે એવી વૈરાગ્યની વાર્તાઓ કરે છે. ૩૩૧

પ્રભવ ચોરનું શું થયું ? તે જણાવે છેઃ—

**પરિવાર સાથે પ્રભવ વિદ્યા બલથકી આ અવસરે;**
**ચોરવા આવે બધાને દેવતા સ્તંભિત કરે;**
**પ્રભવ આ વાર્તા જાણી નિજ ચિત્તમાં ઇમ ચિંતવે,**
**સ્તંભિત કર્યા આણેજ અમને વિનયથી ઇમ વીનવે.૩૩૨**

**અર્થ**:—રાત્રે શયનગ્રહમાં જંબૂ કુમારને પોતાની પરણેલી સ્ત્રીઓ સાથે વાર્તાલાપ થઈ રહેલો છે તે વખતે પ્રભવ નામનો ચોર વિદ્યાના બલથી પોતાના પરિવાર સાથે ચોરી કરવા માટે આવ્યો. તે બધાને દેવતાએ સ્તંભિત કરી દીધા. તે પણ આ વાર્તાલાપ સાંભળીને પોતાના ચિત્તમાં એમ વિચારે છે કે આ કુમારેજ આપણને અહીંઆં સ્તંભિત કરી દીધા છે, એમ વિચારીને વિનયથી તે આ પ્રમાણે કુંવરની આગળ વિનંતિ કરવા લાગ્યો. ૩૩૨

જંબૂ કુંવરને પ્રભવ ચોર શું કહે છે?—

**આપ વિદ્યા બે લઇને સ્તંભિની વિદ્યા મને,**
**આપો જવાબ કુંવર દીએ ચારિત્ર લેવાની મને;**
**તીવ્ર ઇચ્છા હાલ વર્ત્તે લઇશ સંજમ ગુરૂકને,**
**વિદ્યાભિલાષી હું નહી સ્તંભિત કર્યો નહિ મેં તને.૩૩૩**

**અર્થ**:—આપ મારી પાસેની બે વિદ્યા લઇને મને સ્તંભિની વિદ્યા આપો. તે વખતે કુંવર જવાબ આપે છે કે મને ચારિત્ર લેવાની ઘણી જ ઇચ્છા હાલમાં વર્તે છે માટે હું ગુરૂ પાસે ચારિત્ર લઇશ. હું વિદ્યાની ઈચ્છાવાળો નથી તેમજ મેં તને સ્તંભિત (સ્થિર) પણ કર્યો નથી. ૩૩૩

જંબૂ કુંવર પ્રભવને જવાબ આપે છે:—

**દેવકૃત આ સંભવે ભવને વધારે એહવી;**
**વિદ્યા કદી લેતો નથી જ્ઞાનાદિ વિદ્યા જાણવી;**
**કુંવરની વાતો સુણીને પ્રભવ જંબૂને કહે,**
**પુણ્યથી પામેલ ભોગો ભોગવ્યા વિણ કુણ રહે.૩૩૪**

**અર્થ:**—કોઇ દેવે તમને બધાને થંભાવ્યા હોય એમ સંભવે છે. હું ભવની વૃદ્ધિ કરનારી વિદ્યા કદાપિ લેતો નથી. ઉત્તમ જ્ઞાન વગેરેને સાચી વિદ્યા તરીકે કહ્યા છે. આ પ્રમાણેની કુંવરની વાત સાંભળીને તે પ્રભવ ચોર જંબૂને કહે છે કે પુણ્યથી મેળવેલા ભોગોને ભોગવ્યા સિવાય કોણ રહે? અથવા ભોગોનો કોણ ત્યાગ કરે? ૩૩૪

જંબૂ કુંવર પ્રભવને શાંતિથી સમજાવે છે:—

**ભોગવીને ભોગ દીક્ષા ધારવી હું માનતો,**
**જંબૂ દીએ ઉત્તર સરલ તે પ્રભવ કાને ધારતો;**
**કિંપાક જેવા વિષયને ડાહ્યા જનો ના ભોગવે,**
**મધુબિંદુનું દૃષ્ટાંત તેઓ નિજ હૃદયમાં ગોઠવે.૩૩૫**

**અર્થ:**—માટે મળેલા ભોગો ભોગવીને દીક્ષાને લેવી તે હું યોગ્ય માનું છું. આ બાબતમાં જંબૂ કુમાર પ્રભવને સરલ રીતે જવાબ આપે છે, તે પ્રભવ ચોર કાને ધારે છે એટલે ચિત્ત દઇને સાંભળે છે. જંબૂ કુમાર તેને કહે છે કે કિંપાક વૃક્ષના ફળ જેવા બહારથી સુંદર જણાતાં પરંતુ પરિણામે દુઃખદાયી એવા વિષયોને ડાહ્યા માણસો ભોગવે? એટલે ડાહ્યા પુરૂષો વિષયો ભોગવતા નથી ને તે સંબંધમાં તેઓ મધુબિન્દુનું દષ્ટાન્ત પોતના હૃદયમાં ખૂબ વિચારે છે. ૩૩૫

જંબૂ કુંવર “ અપુત્રની ગતિ નથી ” આ વાકયને ખોટું ઠરાવે છે :—

**અસુતની હોવે ગતિ ના એહથી સુત જ્યાં સુધી,**
**હોય ના દીક્ષા ન લેવી કુંવર! તારે ત્યાં સુધી;**
**જંબૂ દીએ ઉત્તર પ્રભવને પુત્રથી જો સદ્‌ગતિ,**
**સર્પ સૂકર પ્રમુખની હોવેજ નિશ્ચય શુભ ગતિ.૩૩૬**

**અર્થ:**—પ્રભવ ચોર જંબૂકુમારને કહે છે કે અસુતની એટલે પુત્ર રહિતની (અપુત્રીયાની) સદ્‌ગતિ થતી નથી, માટે હે જંબૂકુમાર! જ્યાં સુધી પુત્ર ન થાય ત્યાં સુધી દીક્ષા લેવી નહિ. તે વખતે જંબૂકુમાર પ્રભવ ચોરને જવાબ આપે છે કે જો પુત્રથીજ સદ્‌ગતિ થતી હોય તો સર્પ અને સૂકર એટલે ભૂંડ વગેરેને ઘણા બચ્ચાંઓ થાય છે તો તેમની જરૂર સારી ગતિ થવી જોઇએ. પરંતુ એવું કાંઇ થતું નથી. કારણ કે સારી ગતિ મળવી કે ન મળવી તે પુત્રને આધીન નથી. પણ પોતે કરેલાં સારાં અથવા નરસાં કર્મોને આધીન છે. ૩૩૬

જંબૂ કુવર સમુદ્રશ્રીને જવાબ આપે છે:—

**અહીં મહેશ્વર વાણિયાનો દાખલો સમજાવતા,**
**પુણ્યે મળેલું દ્રવ્ય છંડી કેમ દીક્ષા ચાહતા;**
**આવું સમુદ્રશ્રી કહે ઉત્તર કુંવર ઇમ આપતા,**
**ચરણ ચાહું વીજળી સમ દ્રવ્યને હું જાણતાં.૩૩૭**

**અર્થ:**—ઉપરના જવાબમાં જંબૂકુમારે મહેશ્વર વાણીયાનો દાખલો પણ સમજાવ્યો. ત્યાર પછી સમુદ્રશ્રી નામની તેમની સ્ત્રીએ કહ્યું કે–આ બધી સમૃદ્ધિ તમોએ

તમારા પુણ્યથી મેળવી છે તો તે પુણ્યની કમાણી છોડીને તમે દીક્ષાની ચાહના કેમ કરો છો? ત્યારે કુંવર ઉત્તર આપે છે કે મેં આ દ્રવ્યને વિજળી સમાન જાણ્યું છે એટલે તે તો વિજળીની જેમ ક્ષણ માત્ર ચમકારો કરીને જતું રહે એવું છે અથવા નાશવંત છે. માટે હું તો તેવા ધનની ઇચ્છા કરૂં છું કે જે સદા કાયમ રહે, અને તેવું ધન ચારિત્રથીજ પ્રાપ્ત થાય છે આ ઇરાદાથી હું ચારિત્ર લેવાની ઇચ્છા કરૂં છું.

મહેશ્વર વાણીયાનું દૃષ્ટાન્ત ટૂંકામાં આ પ્રમાણે:—વિજયપુર નગરમાં મહેશ્વર નામે શેઠ હતો. તેના પિતાએ મરતી વખતે પુત્રને કહેલું કે મારા શ્રાદ્ધના દિવસે એક પાડાને મારીને તેનું માંસ આપણા સર્વ પરિવારને જમાડવું. તેથી પુત્રે (મહેશ્વર વાણીઆએ) શ્રાદ્ધનો દિન આવ્યો ત્યારે જંગલમાંથી પાડો મંગાવ્યો. દૈવયોગે શેઠનો પિતાજ મરીને જંગલમાં પાડો થએલો તેજ પાડો શ્રાદ્ધના નિમિત્તે પકડી લાવ્યા. અને તેને મારી તેના માંસ વડે પરિવારને જમાડવામાં આવ્યો. અહીં પુત્રજ પિતાના મરણમાં નિમિત્ત થયો. માટે પુત્રથી સદ્ગતિની પ્રાપ્તિ કહેવી તે વાત તદ્દન ખોટી છે. ૩૩૭

જંબૂ પદ્મશ્રીને જવાબ આપે છે:—

**તેમ પદ્મશ્રી કહે ગૃહિધર્મ ઉત્તમ સવિ મતે,**<br>**તેહ છંડી ચરણ લેવું આપને શું યોગ્ય તે;**<br>**ગૃહિધર્મ ઉત્તમ છે નહી સાવદ્ય કિરિયાથી ભર્યો,**<br>**ગૃહિ સાધુ ધર્મે ફરક સર્ષપ મેરૂના જેવો કહ્યો.૩૩૮**

અર્થ:—ત્યાર પછી પદ્મશ્રી નામની સ્ત્રી કહેવા લાગી કે ગૃહસ્થ ધર્મને સર્વ મતવાળાએ ઉત્તમ કહ્યો છે. તેવા ઉત્તમ ગૃહસ્થ ધર્મને છોડીને ચારિત્ર લેવું, તે શું આપને ઉચિત (યોગ્ય; ઘટિત) છે? એટલે આવા ઉત્તમ ગૃહસ્થ ધર્મને જરૂર સાધવો જોઇએ. ત્યારે જંબૂકુમાર જવાબ આપે છે કે ગૃહસ્થ ધર્મ ઉત્તમ નથી કારણ કે તે તો સાવદ્ય એટલે પાપવાળા વ્યાપારોથી ભરેલો છે. તેથી જેમાં સર્વ પાપવાળા વ્યાપારનો ત્યાગ રહેલો છે એવા સાધુ ધર્મમાં અને પાપ ક્રિયાવાળા ગૃહસ્થ ધર્મમાં મેરૂ અને સરસવ જેટલું મોટું આંતરૂં (તફાવત) કહ્યું છે. એટલે ગૃહસ્થ ધર્મ સરસવ સમાન નાનો અને સાધુ ધર્મ મેરૂ જેવો મોટો છે. ૩૩૮

પદ્મસેનાને જંબૂકુંવર જવાબ આપે છે:—

**પદ્મસેના બોલતી ઇમ ચરણ કેરા કષ્ટને,**
**ન સહી શકે સુકુમાર તન આ ના ગ્રહો ચારિત્રને;**
**ચલ કૃતઘ્ની દેહમાં પ્રીતિ કરે કુણ બુધ નરા,**
**પલકમાં બહુ રંગ પલટે જિમ ગગનમાં વાદળાં.૩૩૯**

અર્થ:—તે પછી પદ્મસેના બોલી કે આ તમારૂં શરીર ઘણું સુકુમાર એટલે કોમળ છે. તે શરીરથી ચારિત્રના કષ્ટો ટાઢ તડકો સહન કરવો, વિહાર કરવો વિગેરે સહન કરી શકાશે નહિ, માટે તમે ચારિત્રને ગ્રહણ કરો નહિ. તેના ઉત્તરમાં કુમારે કહ્યું કે ચલ એટલે નાશવંત અને કરેલા ઉપકારનો નાશ કરનાર એવા આ શરીર ઉપર કયા પંડિત પુરૂષો પ્રીતિ રાખે. આ શરીર તો આકાશમાં રહેલાં વાદળાંની

જેમ ક્ષણુ માત્રમાં ઘણુા રંગ પલટે છે. જેમ વાદળાંનો રંગ સ્થાયી રહેતો નથી તેમ શરીરની અવસ્થા પણુ એક જ પ્રકારની રહેતી નથી. પણુ માંદું સાજું, જુવાન, વૃદ્ધ વગેરે ઘણી અવસ્થાઓને પામે છે. ૩૩૯

કનકસેનાને જંબૂકુંવર બે શ્લોકમાં જવાબ આપે છે:—

**કનકસેના ઇમ કહે જિનરાજ ભોગો ભોગવી,**
**ચારિત્ર લેતા તો તમે શું સાધશો મુક્તિ નવી;**
**અવધિવાળા પ્રભુ હતા દીક્ષા સમયને જાણતા,**
**હાથીસમા એ ખરસમા સામાન્ય ઇમિ બુધ બોલતા.** ૩૪૦

**અર્થ:**—હવે કનકસેના નામે સ્ત્રી કહેવા લાગી કે કેટલાએ તીર્થંકરોએ રાજ્ય ઋદ્ધિ ભોગવી હતી, અને તેઓ પરણ્યા હતા. તેમને પુત્રો હતા અને સાંસારિક સુખો ભોગવીને તેમણે પછીથી ચારિત્ર લીધું; તો શું તમે તેમનાથી પણુ જુદી નવી મુક્તિ–મોક્ષ સાધવાના છો. ત્યારે જંબૂકુમારે ઉત્તર આપ્યો કે તે તીર્થંકર પ્રભુ તો અવધિ જ્ઞાનવાળા હતા. જેથી પોતાના દીક્ષા સમયને જાણતા હતા. તેથી જ્યારે પોતાના ભોગાવલી કર્મ ક્ષીણુ થયા ત્યારે તેઓએ દીક્ષા ગ્રહણુ કરી. તે માટે બુધ એટલે પંડિત પુરૂષો કહે છે કે એ તીર્થંકરો તો હાથી સમાન હતા અને ઉપર પ્રમાણે તીર્થંકર દેવનું અનુકરણુ કરનારા સામાન્ય મનુષ્યો તેમની આગળ ખર એટલે ગધેડાની જેવા કહેવાય. માટે આ ચાલુ પ્રસંગે તે પૂજ્ય પુરૂષોનો દાખલો દઇ શકાય જ નહિ. ૩૪૦

**આવી અચાનક કાલ તસ્કર જીવન ઉત્તમ રત્નને,**
**ચોરતો આથી વિબુધજન સેવિને ચારિત્રને;**

**જ્યાં કાળનો રજ ભય નહી તેવું પરમપદ પામતા,**
**ધન્ય તે જે બાલ્ય વયમાં વિષયવીરને જીતતા.૩૪૧**

**અર્થ**:—કાલ તસ્કર એટલે મૃત્યુ રૂપી ચોર અચાનક (અકસ્માત્) આવીને જીવન રૂપી ઉત્તમ રત્નને ચોરે છે. એટલે મૃત્યુ ક્યારે આવશે તેની આપણુને ખબર નથી. તેથી વિબુધ જન એટલે સમજુ માણસો ચારિત્ર સેવીને એટલે દીક્ષા લઇને જ્યાં કાળનો લેશ માત્ર ભય નથી તેવા પરમપદ એટલે મોક્ષને મેળવે છે. માટે તેઓને ધન્ય છે. અને જેઓએ બાલ્ય વયમાં એટલે નાની ઉંમરમાં વિષય રૂપી મોટા વીરને અથવા યોદ્ધાને જીત્યો છે તેવા ધર્મવીર ભવ્ય જીવોને પણ ધન્ય છે. ૩૪૧

જંબૂ કુંવર નભસેનાને જવાબ આપે છે—

**સ્વાધીન સુખ છંડી ચહો કિમ તન વિહૂણા શર્મને,**
**એમ નભસેના કહે ઘે કુંવર એમ જવાબને;**
**રોગાદિની પીડા ઘણી જ્યાં તેહવા નરદેહમાં,**
**શું શર્મ ? ઇષ્ટ સમાગમે સમજુ સમજતા શાનમાં.૩૪૨**

**અર્થ**:—હવે નભસેના નામે સ્ત્રી કહે છે કે હે કુમાર! સ્વાધીન એટલે પોતાને પ્રાપ્ત થએલ સુખને છોડીને તનવિહૂણા એટલે શરીર રહિત અવસ્થાના (સિદ્ધના) સુખને તમે કેમ ચાહો છો. આ વિષયભોગ વગેરેના સુખ તો શરીર વડે અનુભવાય છે અને તે તમને મળેલાં છે તે છોડીને તમે મોક્ષનું સુખ ચાહો છો. ત્યાં તો શરીર નથ . અને શરીર

ન હોય તો સુખ કેવી રીતે અનુભવાય ? માટે હમણાં પ્રાપ્ત થએલ સ્વાધીન વિષય સુખને ભોગવો. ત્યારે કુમાર જવાબ આપે છે કે જ્યાં રોગાદિની એટલે રોગ વગેરેની પીડા, તથા ચિંતા વગેરેથી થતી માનસિક પીડા ઘણી રહેલી છે, તેવા નર દેહમાં એટલે મનુષ્ય શરીરમાં ઇષ્ટના સમાગમમાં પણ શું સુખ રહેલું છે ? અર્થાત્ નથી જ. આ હકીકત સમજુ એટલે શાણા પુરૂષો ઈસારા માત્રથી સમજી જાય છે. ૩૪૨

જંબુકુંવર કનકશ્રીને સાડીત્રણ શ્લોકમાં જવાબ આપે છેઃ-

**તેમ કનકશ્રી કહે પ્રત્યક્ષ સુખ આ છંડિને,**
**કિમ ચહો ? નિર્વાણના અદૃષ્ટ એવા શર્મને;**
**દીક્ષા તણાં ફલ ભોગ તે તમને મલ્યા તો ભોગવો,**
**સ્હેજે મલ્યું તે ખીરસમું આગ્રહ કદી ના રાખવો.૩૪૩**

અર્થઃ—વળી કનકશ્રી નામે સ્ત્રી કહે છે કે પ્રાપ્ત થએલા આ પ્રત્યક્ષ સુખ મૂકીને તમે નહિ દેખાતા (મળશે કે નહિ મળે તેની ખાત્રી વિનાના) નિર્વાણના એટલે મોક્ષના સુખને શા માટે ચાહો છો ( ઇચ્છો છો. ) અત્યારે તમને જે ભોગ સુખો મળ્યાં છે તે દીક્ષાના ફલ રૂપ છે તો તે સુખોને તમે ભોગવો. ભોગો મેળવવાને માટે દીક્ષા લેવી તેના કરતાં દીક્ષાના ફળ રૂપ ભોગો જે સહેજે એટલે સ્વાભાવિક મળ્યાં છે તે ખીર સમાન ગણીને ભોગવો. મળેલા પણ સુખને તજીને દીક્ષા લઈને ફરીથી તે મેળવવાનો આગ્રહ કરવો નહિ. ૩૪૩

**અન્ન પાકે વૃષ્ટિથી તો કુણ કુવાથી વારિને,**
**ખેંચે જરૂર વિચાર કરજો સ્વસ્થ કરીને ચિત્તને;**

**કુંવર ઉત્તર ઇમ દીએ આ વેણ તુજ સારાં નહી,**
**નરદેહ શિવ તિમ સ્વર્ગ આપે સફલ ચારિત્રે સહી.૩૪૪**

અર્થ:—જો વૃષ્ટિથી એટલે વરસાદના પાણીથી અનાજ પાકતું હોય તો કૂવામાંથી વારિ એટલે પાણી કાઢીને તે અનાજને પાવાની મહેનત કોણ કરે? અથવા કોઇ ન કરે. માટે તમે ચિત્તને—મનને શાંત કરીને આ બાબતનો વિચાર કરો. તે વખતે કુમાર ઉત્તર આપે છે કે હે કનકશ્રી! આ તારાં વચન સારાં નથી. કારણ કે ચારિત્ર વડે આ મનુષ્ય-દેહ મોક્ષ તથા સ્વર્ગને નક્કી આપે છે. એ પ્રમાણે ચારિત્ર-ની સાધના કરવાથીજ આ દેહનું ફલ પામી શકાય છે. ૩૪૪

**ભોગ સુખમાં જે ગુમાવે તેહને અજ્ઞાનથી,**
**મૂલ ધન ખાનાર જેવા જાણવા રજ જૂઠ નથી;**
**તેમ કરતાં દુઃખ મળે બહુ એહ કારણ હે પ્રિયા !**
**દેહથી ચારિત્ર સાધક પુણ્યવંત તરી ગયા.૩૪૫**

અર્થ:—જેઓ આ ઉત્તમ મનુષ્ય દેહને અજ્ઞાનથી વિષય સુખ ભોગવવામાં ફોગટ ગુમાવી દે છે તેઓ મૂલ ધન (મૂંડી) ખાનાર માણસના જેવા છે. તેમાં જરા પણ ખોટું નથી. કારણ કે જેઓ મૂળ મૂંડી સાચવ્યા સિવાય તેમાંથી ખાનારા છે તેઓ તે મૂળ ધન ખવાઈ જાય ત્યારે ઘણા દુઃખી થાય છે. તે કારણથી હે પ્રિયા! જે પુણ્યવાન જીવોએ પોતાના મનુષ્ય દેહથી ચારિત્રની સાધના કરી છે તેઓ સંસાર સમુદ્રને તરી જાય છે. તેઓને આ સંસારમાં ફરીથી જન્મ લેવો પડતો નથી. ૩૪૫

જંબૂકુંવરને કનકવતી સમજાવે છે:—

**તિમ કરીશ હું જિમ ભવિષ્યે ખેદ ના પ્રકટે મને,**
**કીમતી અવસર મળ્યો સંયમતણો કહું છું તને;**
**કનકવતી નારી કહે નિજ હાથનો રસ ઢોળિને,**
**જેમ કાંઠા પાત્ર કેરા ચાટવા આ ઉક્તિને.૩૪૬**

**અર્થ:**—માટે હું તો તેવી રીતે વર્તીશ કે જેથી મૂળ ધન ખાનારની પેઠે મારે ખેદ કરવાનો એટલે ચિન્તા કરવાનો અથવા દુ:ખી થવાનો ભવિષ્યમાં પ્રસંગ આવે નહિ. માટે હું તને કહું છું કે આ મનુષ્ય દેહ પામીને ચારિત્રને સાધી લેવાનો આ ઉત્તમ અવસર આવેલો છે. તે વખતે કનકવતી નામે સ્ત્રી કહેવા લાગી કે 'પોતાના હાથમાં રહેલ રસને ઢોળી નાખીને વાસણના કાંઠા ચાટવા' આ ઉક્તિ એટલે કહેવતને હે સ્વામિનાથ! તમે સાચી કરી બતાવો છો. ૩૪૬

જંબૂકુંવર કનકવતીને જવાબ આપે છે:—

**સાચી કરી હે નાથ! આપે કુંવર એમ જવાબને,**
**હાથમાં આવ્યા છતાં પણ ભોગ પામે નાશને;**
**એહથી સ્વાધીન કિમ કહેવાય તેમ મનાય? ના,**
**માનનારા ભૂતગ્રસ્ત સમા પ્રિયા! તું ભૂલ ના.૩૪૭**

**અર્થ:**—શ્રી જંબૂકુમાર કનકવતીને આ પ્રમાણે જવાબ આપે છે કે હાથમાં આવેલા ભોગ પણ નાશ પામે છે માટે તે ભોગો સ્વાધીન છે, એમ કહેવાયજ નહિ, તેમ સ્વાધીન કેવી રીતે મનાય? અથવા સ્વાધીન મનાયજ નહિ. માટે હે પ્રિયા! જેઓ આ વિષયોને સ્વાધીન માને છે તેઓ

ભૂતગ્રસ્ત એટલે ભૂત વળગવાથી ઘેલા થએલા માણસની જેવા જાણવા. આ વાત ભૂલીશ નહિ. ૩૪૭

જયશ્રી પોતાના વિચારો બે શ્લોકમાં જણાવે છેઃ—

**ઇમ વિચારી જે તજે ભાખ્યો વિવેકી તેહને,**
**અવિવેકથી ના જેહ છંડે ભોગ છંડે તેહને;**
**બોલે જયશ્રી પરતણા ઉપકારરૂપ વર ધર્મને,**
**સાધનારા આપ કરવા તેમ પર ઉપકારને.૩૪૮**

અર્થ:—એ પ્રમાણે વિચાર કરીને જે વિષય ભોગોનો ત્યાગ કરે છે, તેને વિવેકી અથવા સમજુ કહેવાય છે. પરંતુ જે અવિવેકી એટલે અણસમજુ ભોગોને છોડતો નથી તેને ભોગો પોતેજ તજે છે. ત્યાર પછી જયશ્રી નામની આઠમી સ્ત્રી બોલી કે હે સ્વામી! આપ પારકાના ઉપકાર કરનારા ઉત્તમ ધર્મને સાધનારા છો, તો પરોપકાર એટલે અમારા ઉપર ઉપકાર કરવા માટે પણ તમે મને સેવો એટલે ભોગ ભોગવો. ૩૪૮

**સેવો મને તરૂ મેઘના દૃષ્ટાંતને સંભારીને,**
**મેઘના સંયોગથી જિમ ક્ષાર જલ અમૃત બને;**
**તિમ આપના સંયોગથી પામેલ ભોગ બધા મને,**
**સુખકાજ હોશે સર્વને મૂકો હવે હઠવાદ.૩૪૯**

અર્થ:—તરૂ એટલે વૃક્ષના અને મેઘ એટલે વરસાદના દૃષ્ટાન્તને યાદ કરીને મને સેવો એટલે ભોગ ભોગવો. જેવી રીતે મેઘનો સંયોગ મળવાથી ક્ષાર જલ એટલે ખારૂં પાણી તે પણ અમૃત સમાન બને છે, તેવી રીતે આપનો સંયોગ

મળવાથી પ્રાપ્ત થએલા સઘળા ભોગો મને સુખને માટે થશે એટલુંજ નહિ પણ આ બધી સ્ત્રીઓને સુખદાયી થશે. માટે હવે આપ આગ્રહને મૂકી દો. ૩૪૯

જંબૂકુંવર જયશ્રીને સચોટ જવાબ આપે છે—

**હે પ્રિયા! ક્ષણમાત્ર સુખ છે ભોગમાં પણ દુઃખ બહુ,**
**એહથી હું સ્વપ્નમાં પણ ભોગને કદી ના ચહું;**
**શો લાભ? તમને પણ વિષયથી અહિતકર એ જાણિએ,**
**દુઃખ વિપાકે વિષયથી બહુ દુઃખ કહ્યા સંભારિએ.૩૫૦**

**અર્થ:**—હવે જંબૂકુમાર ઉત્તર આપે છે કે હે પ્રિયા! વિષય ભોગમાં ક્ષણ માત્ર (બહુજ અલ્પ) સુખ છે, પરંતુ પરિણામે ઘણું દુઃખ છે, એટલા માટે હું તો સ્વપ્નમાં પણ કદાપિ ભોગની ચાહના કરતો નથી. તમને પણ એ વિષય સેવનથી શો લાભ થવાનો છે. કારણ કે એ વિષયો મને એકનેજ નુકસાનકારી છે એમજ નહિ પરંતુ તમને પણ નુકસાનકારી છે. વિષય સેવનથી તેના પરિણામે ઘણાં દુઃખની પ્રાપ્તિ થાય છે. શ્રી વિપાક સૂત્રમાં કહ્યું છે કે—વિષયના પાપે જીવને બહુજ આકરા દુઃખો ભોગવવા પડે છે. વિગેરે બીના દુઃખ વિપાક નામના શ્રુતસ્કંધમાં ઘણા દાખલા દઇને સમજાવી છે. ૩૫૦

જંબૂકુંવરે સમજાવવાથી આઠે સ્ત્રીઓ શું કરે છે, તે જણાવે છે—

'જંબૂવચન આવા સૂણી આઠે રમા વૈરાગ્યને,
પામી કબૂલ કરે કુંવરનો માર્ગ લેવા શુભ મને;
જોઈ આજ બનાવ ભાવે પ્રભવ ધરી સંવેગને,
ધન્ય જંબૂ ! જે તજે સ્વાધીન લક્ષ્મી ભોગને.૩૫૧

**અર્થ**:—આવા પ્રકારના જંબૂકુમારનાં વચનો સાંભળીને આઠે સ્ત્રીઓ વૈરાગ્યને પામી, અને તેથી કુંવરે કહેલો સંયમ-માર્ગ લેવાને માટે તે આઠે સ્ત્રીઓએ પરમ ઉલ્લાસથી કબૂલ કર્યું. આ બધો બનાવ જોઈને પ્રભવ ચોર જે તે વખતે જંબૂકુમારના ઘરમાં ચોરી કરવા માટે આવેલો હતો તે પણ સંવેગને એટલે સંસાર પ્રત્યે ઉદાસીનતા આવવાથી ભાવે એટલે વિચાર કરવા લાગ્યો કે આ જંબૂ-કુમારને ધન્ય છે કે જે પોતાને સ્વાધીન રહેલી લક્ષ્મીનો અને સ્વાધીન વિષયભોગોનો ત્યાગ કરે છે. ૩૫૧

પ્રભવ ચોર શું વિચારે છે? તે જણાવે છે—

હું ચહું છું દ્રવ્યને પણ તે મને મલતું નથી,
ઇમ વિચારી તે કુંવરને ઇમ કહે વર વિનયથી;
કરવું હવે શું ? માહરે ઝટ હુકમ ફરમાવો મને,
જે હું કરૂં તે તાહરે કરવું કહે ઈમ પ્રભવને.૩૫૨

**અર્થ**:—વળી તે પ્રભવ ચોર આ પ્રમાણે વિચારે છે કે હું દ્રવ્ય મેળવવાની ઇચ્છા કરૂં છું તે છતાં પણ મને તે મળતું નથી, અને આ કુમાર તો મળેલા દ્રવ્યનો પણ ત્યાગ કરવાને તૈયાર થએલ છે, આવો વિચાર કરીને તે પ્રભવકુમાર

ઉત્તમ વિનયપૂર્વક કુંવરને આ પ્રમાણે કહે છેઃ-હે કુમાર ! મારે હવે શું કરવું તે વિષે મને જલદી હુકમ ફરમાવો એટલે આજ્ઞા કરો, ત્યારે જંબુ કુમાર પ્રભવને કહે છે કે હું જે પ્રમાણે કરૂં તે પ્રમાણે તારે પણ કરવું. ૩૫૨

કુંવર દીક્ષાની પૂર્વ ક્રિયા શું શું કરે છે ? તે જણાવે છે—

**સંઘાદિ પૂજી સ્વજનનું સન્માન કરીને ન્હાઇને,**
**ચંદન વિલેપન શ્વેત વસ્ત્રો ભૂષણોને પ્હેરીને:**
**કુંવર બેસી પાલખીમાં દાન દીનને આપતા,**
**સુર અનાદૃત ચરણ ઓચ્છવ કરત મનમાં હરખતા.૩૫૩**

અર્થઃ—એવી રીતે પોતાની આઠ સ્ત્રીઓને તથા પ્રભવ ચોરને સંસારની અસારતા સમજાવીને સંઘાદિ એટલે પ્રભુદેવની સંઘ તથા વડીલોની પૂજા કરીને અને સ્વજન એટલે સગાંઓનું સન્માન કરીને ત્યાર પછી જંબૂ કુંવરે સ્નાન કર્યું. તે પછી ચંદનનું વિલેપન કર્યું. પછી શ્વેત-ઉજ્વલ વસ્ત્રો તથા આભૂષણો પહેર્યાં. ત્યાર પછી કુંવર પાલખીમાં બેઠા. અને ગરીબને દાન આપવા લાગ્યા. આ અવસરે અનાદૃત નામના દેવે બહુ જ રાજી થઈને શ્રી જંબૂ કુમારાદિનો દીક્ષા મહોત્સવ કર્યો. ૩૫૩

પાંચસો સત્યાવીસની સાથે જંબુએ દીક્ષા લીધી એમ જણાવે છેઃ—

**આઠ પત્ની જનક જનકની કુંવરના માતાપિતા,**
**પ્રભવ પણ સય ચોર સાથે પંચસય સગવીસ થતા;**

**પરિવાર સાથે સોલ વર્ષ તણી વયે બહુ હર્ષતા,**
**સ્વામિ સુધર્મા ગુરૂ કને ચારિત્ર લઇને સાધતા.૩૫૪**

**અર્થ**:—(૮) પોતાની આઠ પત્નીઓ (૧૬) તે આઠેનાં માતાપિતા મળીને ચોવીસ થયા. તે સાથે જંબૂકુમારનાં માતા પિતા (૨) અને પાંચસો ચોર સાથે પ્રભવ ચોર (૫૦૧) મળી કુલ પાંચસો છવીસ થયા. તથા એક પોતે એમ બધા મળીને પાંચસો સતાવીસ જણાંની સાથે કુંવરે ઘણાં હર્ષ પૂર્વક સુધર્મા સ્વામી પાસે જઇને ચારિત્ર અંગીકાર કર્યું. આ વખતે જંબૂકુમારની ઉંમર સોળ વર્ષની હતી. સિંહની પેઠે શૂરવીર બનીને ચારિત્રને અંગીકાર કરીને તે બધા પરમ ઉલ્લાસથી તેની સાધના કરવા લાગ્યા. ૩૫૪.

જંબૂસ્વામિનો વીર જન્મની અપેક્ષાએ જન્માદિ સમય જણાવે છેઃ—

**વીર પ્રભુના જન્મ સંવતથી સત્તાવન વત્સરે,**
**જન્મ જંબૂનો ચરણ તો તેરમા સંવત્સરે;**
**તાંણુમા વર્ષે લહે કેવલ તથા લ્યે મુક્તિને,**
**એકસો છત્રીસ વર્ષે જાણ ઇમ ઇતિહાસમાં.૩૫૫**

**અર્થ**:—મહાવીર સ્વામીના જન્મની સાલથી સત્તાવન વર્ષે જંબૂસ્વામીનો જન્મ થયો. અને તોંતેરમા વર્ષે તેમણે ચારિત્ર લીધું. એટલે સોળ વર્ષની ઉંમરે ચારિત્ર લીધું. તથા તાણુમા વર્ષે કેવલજ્ઞાન પામ્યા. એટલે સાડત્રીસ વર્ષની ઉંમરે જંબૂ સ્વામીને કેવલજ્ઞાન થયું. તેમજ એકસો છત્રીસમા વર્ષે મુક્તિ પદ પામ્યા એટલે એંસીમે વર્ષે પોતાનું આયુષ્ય

પૂર્ણ કરી મોક્ષે ગયા. શ્રી જંબૂસ્વામિજી મહારાજના ૮૦ વર્ષ પ્રમાણ સર્વાયુની સંકલના આ પ્રમાણે જાણવી. ૧-ગૃહસ્થ પર્યાય-૧૬ વર્ષ, ૨-વ્રત પ્રર્યાય-૨૦ વર્ષ, ૩-યુગ પ્રધાન પર્યાય-૪૪ વર્ષ. ૩૫૫

વીરનિર્વાણ સંવતની અપેક્ષાએ તે બીના જણાવે છેઃ--

**નિર્વાણ સંવતની અપેક્ષા એમ મન અવધારિએ,**
**મુક્તિ પૂર્વે સોલ વર્ષે કુંવર જન્મ પિછાણીએ;**
**વીર નિવૃતિ વર્ષમાં દીક્ષા વરસ એકવીસમે,**
**કેવલ લહે નિર્વાણ જંબૂસ્વામી ચોસઠમા સમે.૩૫૬**

**અર્થ**:—હવે શ્રી વીર પ્રભુના નિર્વાણ સંવતની અપેક્ષાએ શ્રી જંબૂસ્વામિના જન્મ વિગેરેની બીના આ પ્રમાણે જાણવી. પ્રભુ મોક્ષે ગયા, તે પહેલાં સોળ વર્ષે જંબૂકુંવરનો જન્મ થયો. અથવા જંબૂકુંવરના જન્મ પછી સોળ વર્ષે વીરપ્રભુ મોક્ષે ગયા. તથા જે વખતે પ્રભુ મોક્ષે ગયા તે વર્ષે જંબૂકુમારે દીક્ષા લીધી. એટલે સોળ વર્ષની ઉંમરે જંબૂકુમારે દીક્ષા લીધી. વીરપ્રભુના નિર્વાણ પછી એકવીસમા વર્ષે એટલે પોતાના સાડત્રીસમા વર્ષે કેવલજ્ઞાન પામ્યા. અને વીરપ્રભુના નિર્વાણથી ચોસઠમા વર્ષે જંબૂસ્વામી મોક્ષે ગયા. એટલે તેમનું સંપૂર્ણ આયુષ્ય એંસી વર્ષનું હતું, તે પૂરૂં થયું. ૩૫૬

વીર સં૦ વિગેરેમાં પરસ્પર ફરક જણાવે છે:--

**વીર સંવતમાં અને વિક્રમ નૃપતિની સાલમાં,**
**ચારસો સિત્તેર કેરો ભેદ ઇમ ઇતિહાસમાં;**

ઇસ્વી સનમાં તેમ વિક્રમ સાલમાં છપ્પન તણો,
ભેદ વર્ષ તણો વિચારી સમય જાણો સર્વનો.૩૫૭

**અર્થ:**—વીરપ્રભુના સંવત્સરમાં અને વિક્રમ રાજાના સંવત્સરમાં ચારસો સીતેર વર્ષનો તફાવત છે. તથા ઇસ્વીસન અને વિક્રમ સંવત્સરમાં છપ્પન વર્ષનો તફાવત છે. એ પ્રમાણે ઇતિહાસના ગ્રંથોમાં કહ્યું છે. આ બીના ધ્યાનમાં રાખીને એટલે (વર્ષના ભેદનો વિચાર કરીને) હે ભવ્ય જીવો! સર્વ કોઇનો સમય જાણવો. ૩૫૭

જંબૂ૦નો યુગ પ્રધાનકાલ વિગેરે જણાવે છે:—

છદ્મસ્થ ભાવે વર્ષ વીસ ગુરૂરાજની સેવા કરે,
વર્ષ ચુમ્માલીસ જંબૂ યુગ પ્રધાનપણે ફરે;
વર્ષ એંશી જીવન પૂરી પામતા શિવસંપદા,
આ જીવન શીલને ટકાવે સર્વ ટાળે આપદા.૩૫૮

**અર્થ:**—જંબૂસ્વામીએ વીસ વર્ષ સુધી છદ્મસ્થ ભાવે રહીને ગુરૂ મહારાજની સેવા કરી. તથા તે ચુમ્માલીસ વર્ષ સુધી યુગ પ્રધાન પણે વિચર્યા. કુલ એંસી વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને શિવસંપદા એટલે મોક્ષ લક્ષ્મી પામ્યા. આમાંથી બોધ એ લેવો કે જે ભવ્ય જીવો ઠેઠ જીંદગી સુધી નિર્મલ-શિયલ પાળે, તે તમામ આપત્તિઓને જરૂર દૂર કરી શકે છે. ૩૫૮

સમુદ્રદત્તની પત્ની શીલવતીની બીના જણાવે છે:—

શીલવતી દૃષ્ટાંતથી દુ:ખમાં ટકાવે શીલને,
સમુદ્રદત્તની તેહ પત્ની ધારતી દૃઢ શીલને;

**પતિ જાય સાથે મિત્રની પરદેશ સાધી કાર્યને,**
**મિત્ર પાછો આવતો શુભ પત્ર તેનો લેઇને.૩૫૯**

**અર્થ**:--શીલવતીના દૃષ્ટાન્તથી દુઃખના સમયમાં પણ પોતાના શીયલ વ્રતને ટકાવી રાખવું જોઇએ. તે દૃષ્ટાન્ત આ પ્રમાણે:-શીલવતી સમુદ્રદત્તની પત્ની હતી. અને નામ પ્રમાણે દૃઢ શીયલને ધારણ કરતી હતી. તેનો પતિ મિત્રની સાથે પરદેશ ગયો હતો. ત્યાં કાર્ય પૂરૂં કરીને મિત્ર તેના પતિના શુભ સમાચારનો પત્ર લઇને પાછો આવ્યો. ૩૫૯

કઈ યુક્તિથી શીલવતીએ શીલરક્ષા કરી ? તે જણાવે છે:--

**પત્ર લેવા જાય શીલવતી જોઇને મોહી બને,**
**રાતના પ્હેલા પ્રહરમાં આવવું કહે તેહને;**
**જાય સેનાપતિ કને પણ ત્યાં જતાં તેવું બને,**
**બીજા પ્રહરમાં આવવું એવું કહે સતી તેહને.૩૬૦**

**અર્થ**:—શીલવતી પત્ર લેવા તેની પાસે ગઈ ત્યારે તે બ્રાહ્મણ મિત્ર તેને જોઇને તેના ઉપર મોહીત થયો. તેથી તેણે તેણીની પાસે ભોગની પ્રાર્થના કરી. યુક્તિ ગોઠવીને તેને પોતાને ઘેર રાત્રીના પહેલા પહોરે આવવાનું કહી તે શીલવતી ત્યાંથી સેનાપતિ પાસે ગઈ, ત્યારે સેનાપતિ પણ તેનું રૂપ જોઇ મોહીત થવાથી તેને રાત્રીના બીજા પહોરે આવવાનું શીલવતી સતીએ કહ્યું. ૩૬૦

તેજ શીલયુક્તિની વાત ચાલે છે:--

**ત્રીજા અને ચોથા પ્રહરમાં આવવા નૃપ મંત્રિને,**
**કહી ઘેર સાસુને વદે ચોથા પ્રહર જાતાં મને;**

**બોલાવજો ઇમ ઉચ્ચરી તૈયાર વાસગૃહે રહે,**
**પ્રથમ પ્રહરે વિપ્ર આવે કામ જેના મન દહે.૩૬૧**

**અર્થ**:—ત્યાંથી તે અનુક્રમે મંત્રી અને રાજા પાસે ગઇ, ત્યારે મોહિત થયેલા એવા તેમને શીલવતીએ અનુક્રમે રાત્રીના ત્રીજા અને ચોથા પહોરે આવવાનું કહ્યું. પછી ઘેર આવીને પોતાની સાસુને "**ચોથા પહોરે મને બોલાવજો**" એમ કહ્યું. રાત્રી પડી એટલે પોતાના આવાસ ઘરમાં તૈયાર થઇને રહી છે. પ્રથમ પહોરે તે બ્રાહ્મણ મિત્ર આવ્યો. તેનું મન કામરૂપી અગ્નિથી બળી રહ્યું હતું. ૩૬૧

વિપ્રાદિને પટારામાં સંતાડે છે, એમ જણાવે છે:—

**સ્નાનાદિ કરતાં પ્હોર વીત્યો આવતો સેનાપતિ,**
**એમ જાણી વિપ્ર બહુ ગભરાય તેને શીલવતી;**
**પેટી તણા ખાના વિષે બહુ યુક્તિથી સંતાડતી,**
**પૂર્વની માફક વીતાવે પ્રહર બીજો પણ સતી. ૩૬૨**

**અર્થ**:—તે વિપ્રની શીલવતીએ સારી રીતે આગતા સ્વાગતા કરી. પછી સ્નાન વગેરે કરાવવામાં પ્હેલો પહોર પૂરો થયો તે વખતે સેનાપતિ આવો પહોંચ્યો. સેનાપતિ આવે છે એમ જાણીને તે વિપ્ર ઘણો ગભરાવા લાગ્યો અને તેણે શીલવતીને કહ્યું કે મને કોઇ પણ ઠેકાણે સંતાડી દે. તેથી શીલવતીએ પોતાની પાસે ખાનાવાળો પટારો હતો. તેના એક ખાનામાં તેને ઘણી યુક્તિથી સંતાડી દીધો. તેટલામાં સેનાપતિ આવી પહોંચ્યો, તેનો પહોર પણ શીલવતીએ પ્રથમ પહોરની જેમ સ્નાન વિગેરે કરાવવામાં પૂરો કર્યો. ૩૬૨

શીલવતીએ ચારેને પટારામાં પૂર્યા બાદ શું કર્યું? તે જણાવે છે:--

**સેનાપતિ મંત્રી નૃપતિને શેષ ત્રણ ખાના વિષે,**
**ઇમ ક્રમે સંતાડીને ઝટ બંધ કરીને દૂર ખસે;**
**બ્હાર આવી રૂદન કરતી સ્વજન પૂછે હેતુને,**
**સ્વામિ કેરી દુઃખ વાત જણાવતી ધરી ધૈર્યને.૩૬૩**

**અર્થ**:—ત્યાર પછી ત્રીજો પહોર થયો ત્યારે મંત્રીને આવેલા જાણીને સેનાપતિને તે પટારાના બીજા ખાનામાં સંતાડયો, મંત્રીનો ત્રીજો પહોર પણ સ્નાન વગેરેમાં પૂરો થયો તેવામાં રાજા આવ્યો. તે જાણીને ભય પામેલા મંત્રીને પટારાના ત્રીજા ખાનામાં સંતાડયો. ત્યાર પછી રાજાનો પણ સત્કાર કરી સ્નાન વગેરેમાં ચોથો પહોર વીતાવ્યો. સંકેત પ્રમાણે શીલવતીને સાસુએ બોલાવી. આ સાંભળીને રાજાએ શીલવતીને સંતાડવા કહ્યું. તેથી તેને પટારાના ચોથા ખાનામાં સંતાડીને પટારો જલ્દી બંધ કરીને ઘરમાંથી નીકળીને બહાર આવીને રૂદન કરવા લાગી. ત્યારે સગાંઓ રૂદનનું કારણ પૂછવા લાગ્યા. ત્યારે ધીરજ ધારણ કરીને પોતાના પતિના મરણની દુઃખ વાર્તા જણાવવા લાગી. ૩૬૩

સગાંઓ દરબારમાં જાય છે એમ જણાવે છે:—

**શેઠ સુતહીન મરણ પામ્યા ઇમિ સગાંજન ખબરને,**
**દરબારમાં દેવા ગયા પણ ના જુએ નૃપ આદિને;**
**કુંવરને ત્યારે જણાવે શીઘ્ર તે આવી ઘરે,**
**ભૂરિ કરત તપાસ પેટી જોઇ લાવે નિજ ઘરે.૩૬૪**

**અર્થ**:—શીલવતીની તે હકીકત સાંભળીને શેઠ પુત્ર-હીન (અપુત્રીયા) મરણુ પામ્યા છે એ ખબર આપવાને સગાંઓ રાજાના દરબારમાં ગયા, પરંતુ ત્યાં રાજા વગેરેને જોયાં નહિ, તેથી તે હકીકત રાજાના કુંવરને જણાવી. તે કુંવરે જલ્દી શીલવતીને ઘેર આવીને ઘણી તપાસ કરી અને જેમાં રાજા વગેરેને પૂર્યા હતા તે પટારામાં ધન ભરેલું છે એમ જાણી પોતાના મ્હેલમાં મંગાવી લીધી. ૩૬૪

શીલવતીની અંતિમ બીના જણાવે છે:—

**ઉઘડાવતાંની સાથ ચારે પેટીમાંથી નીકળતા,**
**ભૂપ બ્રાહ્મણ આદિ ત્રણને દેશ બ્હાર નીકાલતા;**
**શીલવતી સત્કારતા તસ શીલ અધિક વખાણતા,**
**ભવ્ય જીવો એમ જાણી શીલભાવ ટકાવતા.૩૬૫**

**અર્થ**:—પટારામાં શું ધન ભરેલું છે તે જોવાને પટારો ઉઘડાવ્યો, તો તેમાંથી તે ચારે જણા બહાર નીકળ્યા. રાજાએ બ્રાહ્મણ, સેનાપતિ તથા મંત્રી એ ત્રણને દેશનીકાલ કર્યા અને શીલવતીનો ઘણો સત્કાર કર્યો. અને તેના શીય-લની ઘણી પ્રશંસા કરી. આ પ્રમાણેની હકીકત જાણીને ભવ્ય જીવોએ પોતાના શીલ ભાવને દૃઢ કરવો. ૩૬૫

॥ રાજીમતીએ રથનેમિને સંયમમાં સ્થીર કર્યા તે આ પ્રમાણે ॥

રાજીમતી રથનેમિને આ પ્રમાણે હિતશિક્ષા આપે છે:—

**રાજીમતી રથનેમિને મીઠા વચનથી બોલતી,**
**આ ભાવ નરકે લઇ જનારો શું તમારી ફરી મતિ.**

**માતા જનક રાજ્યાદિની પરિવારની મમતા તજી,**
**ફરી તેજ ચાહો હે મુનિજી ! શું તમે લજ્જા તજી.૩૬૬**

અર્થ:—દીક્ષા લીધા પછી સાધ્વી રાજીમતીજી એક વાર રસ્તામાં વરસાદને લઈને કપડાં પલળી જવાથી ગુફામાં આવીને વસ્ત્ર સુકવે છે તે વખતે તે ગુફામાં રહેલા રથનેમિને અંધકારને લીધે રાજીમતીએ જોયા નથી. પરંતુ રથનેમિ રાજીમતીને વસ્ત્રરહિત જોવાથી પોતે ચારિત્ર લીધેલ છે છતાં મોહાતુર થયા અને રાજીમતીની પાસે ભોગની માગણી કરવા લાગ્યા. ત્યારે રાજીમતી રથનેમિને મીઠા વચનથી આ પ્રમાણે શીખામણ આપે છે:—તમારો આ ભાવ (ઇચ્છા) નરકે લઈ જનારો છે. શું તમારી બુદ્ધિ ફરી ગઈ છે? તમે માતા, પિતા રાજ્ય વગેરેની તથા પરિવારની મમતા તજીને ચારિત્ર લીધું છે, અને હવે હે મુનિજી! તમે ફરીથી તેજ વસ્તુઓને ચાહો છો? શું તમે લજ્જાનો પણ ત્યાગ કર્યો છે? ૩૬૬

ચાલુ પ્રસંગે દૃષ્ટાંત આપે છે:—

**સર્પો અગંધન વંશના તિર્યંચપણું છે તે છતાં,**
**ચૂસશે વમેલા ઝેરને શું? દેહના ટુકડા થતાં;**
**તેના થકી હલકા તમે શું? જે તજેલા ભોગને,**
**પાછા ચહો નિર્લજ્જ થઈને આ ઉચિત શું આપને.૩૬૭**

અર્થ:—અગંધન કુલમાં ઉત્પન્ન થએલા સર્પો તિર્યંચપણું પામેલા છે છતાં તેઓ શું વમેલા ઝેરને ચૂસે છે? અથવા તે સર્પો પોતાના શરીરના કકડા થતા હોય અને

અગ્નિમાં બળી મરવાનું હોય તે કબુલ કરે પણ પોતે જેને કરડયા હોય તેનું ઝેર ફરીથી ચૂસતા નથી. તો તમો ઉત્તમ કુલમાં ઉપજવા છતાં અને ઉત્તમ મનુષ્યપણું પામવા છતાં પણ તે તિર્યંચ કુલના નાગોથી પણ શું હલકા છો? જેથી જે ભોગોને તમે તજી દીધા છે તેજ ભોગોને લજ્જા મૂકીને ફરીથી ભોગવવાની ઈચ્છા કરો છો? આપના જેવા ઉત્તમ મનુષ્યને શું આમ કરવું ઉચિત છે? ૩૬૭

વૈરાગ્યના વિચારો જણાવે છેઃ--

ગુરૂદેવને શરમાવનારૂં તેમ જનની તાતને,
આ કાર્ય નક્કી જાણજો સેવો શિવાસુત પાયને;
દુર્ગન્ધમય દ્રવ્યે ભરેલી કોથળી જાણો મને,
ધર્મે પુરૂષની મુખ્યતા સંભાળજો ચારિત્રને.૩૬૮

**અર્થઃ**--તમારૂં આ કામ તમારા દેવ, ગુરૂ તથા માતા પિતાને પણ શરમાવનારૂં છે એ નક્કી જાણજો. માટે તમો શિવા માતાના પુત્ર નેમનાથ પ્રભુના ચરણની સેવા કરો. આ મારા શરીરને તો દુર્ગન્ધી પદાર્થોથી ભરેલી કોથળી જેવું જાણો. ધર્મમાં પુરૂષની મુખ્યતા કહી છે, માટે તમે તમારા ચારિત્રનું રૂડી રીતે પાલન કરો. ૩૬૮

રાજીમતી પોતાની લઘુતા જણાવે છેઃ--

શીખ દેવા યોગ્ય નહિ હું એહ કારજ આપનું,
પંચ સાખે આદર્યું સંયમ તમે કહું શું ઘણું;
જે સાતચાર નરક વિષે લઈ જાય તેવું કિમ કરો,
ભાવી સુધારો આપનું પ્રભુ માર્ગ સાધી પાંસરો.૩૬૯

અર્થ:--તમને શીખામણ આપવાને માટે હું યોગ્ય (લાયક) નથી. પરંતુ એ કાર્ય તો તમારૂં છે. તમે પંચની સાક્ષીએ ચારિત્ર ગ્રહણ કર્યું છે. માટે હવે આથી વધારે તમને શું કહું? જે સાત વખત નરકમાં લઇ જાય તેવું-ચારિત્રને તજવાનું કામ તમે કેમ કરો છો? માટે પ્રભુએ કહેલો સીધો માર્ગ સાધીને આપના ભવિષ્યને સુધારો. ૩૬૯

વગર વિચાર્યું કામ કરવાથી થતા ગેરલાભ જણાવે છે:--

**સહસા કરતા કાર્ય ચુકાએ સુપંથ વિવેકનો,**
**અવિવેક આપત્તિ પમાડે માર્ગ લ્યો સુવિચારનો;**
**સંપત્તિ લબ્ધિ તે લહે કાર્યો વિચારી જે કરે,**
**પ્રભુ નેમિના બાંધવ તમે જે જન્મથી શીલવ્રત ધરે.૩૭૦**

અર્થ:--વગર વિચારે આવેશને વશ થઇને કાર્ય કરવાથી વિવેકનો સારો માર્ગ ચૂકી જવાય છે. હિતાહિત ભૂલી જવાય છે. અવિવેક આપત્તિ એટલે સંકટને પમાડે છે, માટે સુવિચારનો અથવા વિચાર પૂર્વક કાર્ય કરવાનો માર્ગ ગ્રહણ કરો. જે માણુસ વિચાર પૂર્વક કાર્ય કરે છે, તે સંપત્તિ તથા લબ્ધિને મેળવે છે. યાદ રાખવું કે-જેમણે જન્મથી શીયલવ્રત ધારણ કરેલું છે, તે શ્રી નેમિનાથ પ્રભુના તમે ભાઇ છો. તેથી તમારે ભોગની ચાહના કરવી જ નહિ. ૩૭૦

રથનેમિની છેવટની બીના જણાવે છે--

**હાથી હુવે વશ અંકુશે સતીના વચન અંકુશ સમા,**
**હાથી સમા રથ નેમિ બનતા થીર સંયમ માર્ગમાં;**
**પ્રભુ પાસ જઈ નિર્મલ બને આજ્ઞા વહી શ્રી નેમિની,**
**મુક્તિ પામે સંયમે સંપૂર્ણ ઉલ્લાસી બની.૩૭૧**

અર્થ:—હાથી જેમ અંકુશથી વશ થાય છે, તેમ રાજીમતી સતીનાં વચન પણ અંકુશના જેવા છે તેથી હાથી સરખા શ્રી રથનેમિ મુનિ રાજીમતીનાં વચનથી સંયમ માર્ગમાં સ્થિર થયા, અને શ્રી નેમિનાથ પ્રભુની પાસે જઇને તેમની આજ્ઞા અંગીકાર કરીને પ્રાયાશ્ચિત લઇ નિર્મળ થયા, અને સંયમને સાધવામાં સંપૂર્ણ ઉલ્લાસી બનીને ( સંપૂર્ણ પરાક્રમ ફેરવીને ) મોક્ષ પદ પામ્યા. ૩૭૧

રાજીમતીનું જીવન જણાવે છેઃ-

**વર્ષ ચઉ સય ઘર વિષે ઇગ વર્ષ છદ્મસ્થત્વમાં,**
**કેવલ લહી સય પંચ વર્ષ સુધી વિચરતી વિશ્વમાં;**
**વર્ષ નવસો એક આયુ પૂર્ણ કરીને તે સતી,**
**મુક્તિ મ્હેલે મ્હાલતી ને નામ અહિંયાં રાખતી.૩૭૨**

અર્થ:--રાજીમતી સતી ૪૦૦ વર્ષ ગૃહવાસમાં રહ્યા. ૧ વર્ષ છદ્મસ્થપણે રહ્યા. ત્યાર પછી કેવળજ્ઞાન પામીને ૫૦૦ વર્ષ સુધી કેવલિપણે પૃથ્વીપર વિચર્યા, એ પ્રમાણે ૯૦૧ વર્ષનું આયુ પૂર્ણ કરીને તે સતી મોક્ષના સુખ પામ્યા. અને તેમણે સતી તરીકે અહીયાં અમર નામ રાખ્યું. ૩૭૨

મલયાસુંદરી કંદર્પને સમજાવે છે:-

**કંદર્પની નજરે ચઢી દુઃખિયારી મલયા સુંદરી,**
**બહુ દુઃખ દેતો વિષયી ભૂપ જસ દીલમાં ન દયા જરી;**
**દુઃખને વધાવી લે સતી તે એક શીલના કારણે,**
**બોલતી નૃપ આગલે ઇમ વચનને નિર્ભયપણે.૩૭૩**

**અર્થ:**—અત્યંત દુ:ખી મલયાસુંદરી એકવાર કંદર્પ રાજાની નજરે ચઢી. (કંદર્પ રાજાએ દેખી) તેથી જેના દીલમાં જરા પણ દયા નથી એવા તે નિર્દય વિષય રાગી કંદર્પ રાજાએ તેને ઘણું ઘણું દુ:ખ દીધું, છતાં એક શીલ-વ્રત સાચવવાના કારણે તે સતીએ બધાં દુ:ખો વધાવી લીધાં પણ શીલથી ડગી નહિં, અને તેણીએ નિર્ભય બનીને રાજાની આગળ આવાં વચનો કહ્યાં. (જે વચનો આગળ કહેવાય છે.) ૩૭૩

શીલનો મહિમા જણાવે છે:-

**દેહ ખંડો ખંડ હોય વિનષ્ટ મીલ્કત પણ ભલે,**
**પણ સમજજે નરરાય ! મુજ દૃઢશીલ બુદ્ધિ ના ફરે;**
**પરબ્રહ્મનું આ મુખ્ય કારણ શીલ ભગવંતે કહ્યું,**
**ચારિત્રનું વલી પ્રાણ જેવું તેહ શીલને મેં ગ્રહ્યું.૩૭૪**

**અર્થ:**—હે રાજન્! મારા શરીરના ટુકડા થઇ જાય તેમ મારૂં સર્વસ્વ નાશ પામે (સર્વ માલમિલ્કત લૂંટાઈ જાય) તો ભલે, પરન્તુ હે રાજન્ ! તું એટલું નક્કી સમજજે કે મારી શીલવ્રતની દૃઢ બુદ્ધિ (મજબૂત શીયલ) કદી પણ ફરવાની (ફરવાનું) નથી. શીલવ્રત એ પર બ્રહ્મનું (પરમાત્મ સ્વરૂપ પામવાનું) મુખ્ય કારણ છે. એમ શ્રી ભગવંતે કહ્યું છે, અને ચારિત્ર રૂપી જીવનના પ્રાણ સરખું છે, એવા શીયલ વ્રતને મેં અંગીકાર કર્યું છે, તેને હવે હું કોઈ પણ ઉપાયે છોડીશ જ નહિં. ૩૭૪

શીલનું ફલ જણાવે છે:-

**શીલધરને પૂજ્ય પૂજે ઈંદ્ર વાંદે હોંશથી,**
**સંઠાણ તિમ સંઘયણ સારૂં દીર્ઘ આયુ શીલથી;**
**બલ તેજ ઉત્તમ શીલથી વર બુદ્ધિબલ પણ શીલથી,**
**આ દેહનો શણગાર ઉત્તમ શીલ સમ બીજો નથી.૩૭૫**

અર્થ:—શીયલ વ્રત ધારણ કરનારા આત્માર્થી ભવ્ય જીવોને પૂજ્ય પુરૂષો પણ પૂજા-સત્કાર કરે છે, ઇન્દ્રો હર્ષથી વન્દન કરે છે, તેમજ શીલવ્રતથી ઉત્તમ સંસ્થાન (સમચતુરસ્ર સંસ્થાન) તથા ઉત્તમ સંઘયણ (વજ્રર્ષભનારાચ) પ્રાપ્ત થાય છે, લાંબું શુભ આયુષ્ય પામી શકાય છે. તથા શીલ વ્રતથી અતિ ઉત્તમ બળ અને તેજ પ્રાપ્ત થાય છે, અને સર્વથી શ્રેષ્ટ બુદ્ધિબળ પણ શીલથી થાય છે, તથા આ શરીરનો શીલ રૂપી શણગાર વિના બીજો કોઇ ઉત્તમ શણગાર નથી. ૩૭૫

કુલવંતની રીતભાત જણાવે છે:-

**પરનાર સામું ના જુએ ને હાસ્યથી બોલે નહિ,**
**આ ટેક છે કુલવંતની દૃષ્ટાંત ભાખું હું અહીં;**
**સીતા હરણ હોતાંજ પૂછે રામ લક્ષ્મણ બંધુને,**
**કંકણ અને કુંડલ તપાસો ત્યાં કહે શ્રીરામને.૩૭૬**

અર્થ:—જે ઉત્તમ કુલવાન પુરૂષો હોય છે તે પર સ્ત્રીની સ્હામું જોતા નથી અને હાંસી-મશ્કરીનું વચન બોલતા નથી, એવી કુલવાન પુરૂષોની ટેક હોય છે. તે સંબંધમાં હું

એક દૃષ્ટાન્ત કહું છું તે સાંભળો. સીતાનું રાવણે હરણ કર્યું તે વખતે રામે પોતાના ભાઈ લક્ષ્મણને પૂછ્યું કે સીતાનાં કંકણ અને કુંડલની તપાસ કરો. ૩૭૬

મલયાસુંદરી લક્ષ્મણની બીના જણાવે છે:-

**પૂજ્ય બંધુ ! કુંડલો તિમ કંકણો જાણું નહીં,**
**પગમાં પડી વંદન કરૂં તેથી નૂપુર જાણું સહી;**
**આથીજ સાબીત થાય છે સીતા તણાં મુખ હાથને,**
**ના જુએ આથીજ લક્ષ્મણ એમ બોલે બંધુને.૩૭૭**

**અર્થ:**—ત્યારે લક્ષ્મણે વડીલ બન્ધુ રામને વિનંતિ પૂર્વક નમ્રતાથી કહ્યું કે હે પૂજ્ય બંધુ ! સીતાનાં કંકણોને ને કુંડળોને હું ઓળખતો નથી, પરંતુ હું પગમાં પડીને દરરોજ વન્દન કરતો હતો તેથી ઝાંઝરને તો ઓળખું છું. લક્ષ્મણના આ જવાબથી જ સાબીત થાય છે કે સીતાના હાથ ને મુખ તરફ લક્ષ્મણની દૃષ્ટિ જતી નહોતી. તેથી જ બન્ધુને (રામને) લક્ષ્મણે એવો જવાબ આપ્યો. હે કંદર્પ! તું આમાંથી બોધ લઈને તારા જીવનને સુધારજે. ૩૭૭

સતી પર પુરૂષ પ્રત્યેના વિચાર જણાવે છે:-

**પર પુરૂષ માંહી જેહ મોટા તે જનક જેવા ગણું,**
**નાના ગણું પુત્રો સમા સરખી ઉંમરના ભઈ ગણું;**
**ત્હારે મને તો બ્હેન જેવી માનવી કુલ રીત એ;**
**કિંપાક ફલ જેવા વિષય આ નરકદાયક જાણીએ.૩૭૮**

**અર્થ:**—મલયા સુંદરી રાજા કંદર્પને કહે છે કે-પર

પુરૂષોમાં જે મોટા છે તે સર્વને હું પિતા સરખા ગણું છું, ન્હાનાને પુત્રો સરખા ગણું છું, ને સરખી ઉમરના પુરૂષોને ભાઇ સરખા ગણું છું, માટે ત્હારે તો મ્હને બ્હેન જેવી ગણવી જોઇએ. એજ ઉત્તમ કુળની રીતિ છે. વળી આ વિષયો તો કિંપાકના ફળ સરખા નરકને આપનારા છે એમ તું જરૂર જાણજે. ૩૭૮

વિષયના કડવા ફલ જણાવે છેઃ-

**મધુલિપ્ત અસિને ચાટતાં છેદાય જિમ આ જીભડી,**
**તેવા વિષય રાગીજનો દુઃખ ભોગવે બહુ રડી રડી;**
**તિમ અહીં ના દેખતાં હોનાર વધ બંધાદિને,**
**આવા ઘણાં દૃષ્ટાંત સુણ તું ભૂપ ! સૂત્ર વિપાકને.૩૭૯**

**અર્થ**:—મધથી લેપાયલી ખડ્ગની ધારને ચાટતાં જેમ આ જીભ છેદાય છે, તેમ વિષયના રાગવાળા પુરૂષો વિષયના કડવા સુખને અનુભવીને પરિણામે દુર્ગતિનાં મહાદુઃખ પામતાં તે દુઃખોને ઘણું ઘણું રૂદન કરીને ભોગવે છે. તેમજ અહીં પણ વિષયના જ પાપે કરીને જે વધ બંધન વિગેરે પુષ્કલ દુઃખો ભોગવવા પડે છે, તેને પણ દેખતા નથી. અને એવાં ઘણાં દૃષ્ટાન્ત વિપાકસૂત્રમાં દેખાડયાં છે તે તું શ્રી ગુરૂમહારાજની કને જરૂર સાંભળજે. ૩૭૯

ઉત્તમ પુરૂષોની કાર્ય કરવાની પદ્ધતિ જણાવે છેઃ-

**સજ્જન કરંતા કાર્ય તેનું ભાવિ પ્રથમ વિચારશે,**
**જેહનું પરિણામ બૂરૂં તેહવું ના સાધશે;**

**ચાલે નજર નીચી કરી સ્ત્રીને સ્વભાવે દેખતાં,**
**પાપ પ્રજલે તેમને હંમેશ ભાવે વંદતાં.૩૮૦**

**અર્થ**:—સજ્જન પુરૂષો જે કાર્ય કરે છે તેનું ભાવી પરિણામ શું આવશે તે પ્રથમ વિચારે છે, અને જો કાર્યનું ભાવી પરિણામ માઠું જણાય તો તેવું કાર્ય કરે જ નહિં. વળી સજ્જન પુરૂષો સ્વભાવથી જ સ્ત્રીને જોઈ નીચી નજરે ચાલે છે, ને સ્ત્રીની સ્હામું દેખતા પણ નથી, આવા સજ્જન પુરૂષોને હંમેશાં ભાવથી વંદન કરતાં ચીકણાં પાપ કર્મો પણ જરૂર બળી જાય ( નાશ પામે ) છે. ૩૮૦

તેમનો સદાચાર જણાવે છે:-

**ઉત્તમ પુરૂષો આળસુ હોવે દુરિત કરવા ક્ષણે,**
**વધ પ્રસંગે પાંગળાં નિંદા વચન જ્યારે સુણે;**
**ત્યારે બધિર જેવા અપરની નારને પણ દેખવા,**
**જન્માંધ જેવા હોય તેવા સેવજે સુખ પામવા. ૩૮૧**

**અર્થ**:—વળી ઉત્તમ પુરૂષો પાપ કરવાના ટાઇમે આળસુની જેવા બને છે, હિંસાના ( બીજા જીવોને હણવાના ) પ્રસંગમાં પાંગળાની જેવા બની જાય છે. નિન્દાનાં વચન સાંભળવાનો અવસર આવે ત્યારે બ્હેરા જેવા બની જાય છે, અને પર સ્ત્રીને દેખવાના પ્રસંગમાં જન્માંધ પુરૂષની જેવા બને છે. હે રાજન્! જો તારે ઉત્તમ સુખ પામવાની ઇચ્છા હોય, તો એવા સજ્જનોની જરૂર સેવા કરજે. ૩૮૧

શીલનો મહિમા બે શ્લોકમાં જણાવે છે:-

**આ દેહ ઔદારિક મળ્યો જે મુક્તિનું સાધન કહ્યો,**
**શીલથી સફલો બને તે નૃપ! વિચાર કરી જુઓ;**
**શીલથી યશકીર્ત્તિ ચાર દિશા વિષે બહુ વિસ્તરે,**
**વ્હાલો બધાને તેજ લાગે શીલ ઉત્તમ જે ધરે.૩૮૨**

**અર્થ**:—(મલયાસુંદરી કહે છે) હે રાજન્! જે મોક્ષ માર્ગની સાધનામાં સાધન ભૂત એવું આ ઔદારિક શરીર મળ્યું છે તે શીલ (સદાચાર) પાલવાથી જ સફળ થાય છે માટે જરા વિચાર કરો. જે મહાપુરૂષો ઉત્તમ શીલ વ્રતને અંગીકાર કરે છે તેઓની યશકીર્તિ શીલ વ્રતના પ્રભાવથી ચારે દિશામાં અત્યંત ફેલાય છે. અને તે શીલવંતા ભવ્ય જીવો સર્વ જનોને વ્હાલા લાગે છે. ૩૮૨

**કનક કોટીને દીએ જિન ભુવન સોનાનું કર્યે,**
**જે પુણ્ય તેથી પુણ્ય પુષ્કળ શીલવ્રતને આદર્યે;**
**લોહચુંબક લોહને તિમ શીલ ખેંચે સર્વદા,**
**સવિ લબ્ધિ સિદ્ધિ બુદ્ધિ વિમલા આત્મકેરી સંપદા.૩૮૩**

**અર્થ**:—કરોડો સોનૈયાનું દાન આપતાં અને સોનાનું જિન મંદિર બંધાવતાં જે પુણ્ય (લાભ) થાય છે, તેથી ઘણું પુણ્ય શીલવ્રતને હોંશે પાલવાથી થાય (બંધાય) છે. લોહચુંબક જેમ લોહને ખેંચે છે તેમ શીલવ્રત હંમેશાં સર્વ લબ્ધિ સિદ્ધિ તથા નિર્મલ બુદ્ધિ અને આત્માની ઉત્તમ જ્ઞાનાદિ સંપદાઓને ખેંચે છે. મેળવી આપે છે (પમાડે છે.) ૩૮૩

સ્વદારા સંતોષનું સ્વરૂપ જણાવે છે:-

**કાયા થકી પણ શીલ ધરતાં બ્રહ્મલોકે જઈ રમે,**
**તેમાં ભળે જો ભાવના તો મુક્તિ લલનાને ગમે;**
**નિજ નાર સંતોષી બની વિષયે વિરાગી શ્રાદ્ધ જે,**
**ગણધર કહે તે સાધુ જેવો ઇમ સુણી નૃપ ! બૂઝજે.૩૮૪**

**અર્થ**:—મન વચન ને કાયાથી શીયલવ્રત પાળવું એ શ્રેષ્ઠ છે. તેમ ન બની શકે તો કેવળ કાયાથી શીલવ્રત પાળે તો પણ પાંચમા બ્રહ્મ દેવલોકે જઈ આનંદ કરે છે અને એમાં જો ભાવના ભળે તો તેવા જીવો મોક્ષરૂપી સ્ત્રીને પણ ગમે છે તથા જે શ્રાવક પોતાની સ્ત્રીમાં સંતોષ રાખી પર સ્ત્રીની વિષય લાલસાથી વૈરાગ્યવાળો થાય તો, શ્રી ગણધર ભગવાન કહે છે કે તે સાધુની સરખો કહેવાય છે એમ સાંભળીને હે કંદર્પ રાજા ! તું સમજ, ને આ પર સ્ત્રીની ઇચ્છાનો ત્યાગ કર. ૩૮૪

સાચું ભૂષણ જણાવે છે:-

**કરૂણા સમો નહિ ધર્મ પર સંતોષ જેવું વ્રત નહીં,**
**સત્ય વિણ પર શૌચ ના શીલના સમું ભૂષણ નહીં;**
**શીલ સાચું દ્રવ્ય સાચો કલ્પતરૂ પણ શીલ છે,**
**રોગ સંકટ સવિ હઠાવે શીલ મહિમા અધિક છે.૩૮૫**

**અર્થ**:—જેમ દયા સરખો કોઇ ઉત્તમ ધર્મ નથી. સંતોષ જેવું કોઈ વ્રત નથી. સત્ય સરખી કોઇ પવિત્રતા નથી, તેમ શીલવ્રતના સરખું કોઇ આભૂષણ નથી, અને શીલ એજ ખરૂં દ્રવ્ય (સત્ય પદાર્થ) છે, તેમજ સાચો

કલ્પવૃક્ષ પણ શીલવ્રત છે, અને શીલવ્રત સર્વ પ્રકારના રોગ અને સર્વ પ્રકારના સંકટ દૂર કરે છે. શાસ્ત્રમાં શીલવ્રતનો મહિમા ઘણો જણાવ્યો છે. ૩૮૫

ચાલુ પ્રસંગે દાખલો આપે છેઃ-

**ચિંતા અનલને ઠારવાને મેઘ જેવું શીલ છે,**
**જય વિજયને તેજ આપે શીલ ગુણ સરદાર છે;**
**સીતા અનલમાં હોમતી નિજકાયને પણ ના બલે,**
**અગ્નિ બન્યો જલરૂપ તું તે જાણ શુભ શીલના બલે.૩૮૬**

અર્થ:—ચિન્તા રૂપી અગ્નિને શાંત કરવા માટે શીલ મેઘ એટલે વરસાદ સરખું છે, તે શીલના પ્રભાવથી જય અને વિજય મળે છે. તેથી શીલને ગુણોના સરદાર સરખું એટલે શ્રેષ્ઠ કહ્યું છે. સતી સીતાએ કસોટી માટે પોતાના શરીરને અગ્નિમાં નાંખ્યું, પરંતુ તે શરીર બળ્યું નહિ. કારણકે તેના સારા શીલ ગુણના બળથી અગ્નિજ પાણી રૂપ થઇ ગયો. ૩૮૬

ઉત્કૃષ્ટ ભૂષણ જણાવે છેઃ-

**ઐશ્વર્યનું ભૂષણ મધુરતા વચન ગુપ્તિ શૌર્યનું,**
**શમ નાણનું શ્રુતનું વિનય છે તિમ સરલતા ધર્મનું;**
**અક્રોધ તપનું ને ક્ષમા બલવંતનું ભૂષણ ભલું,**
**ઉત્કૃષ્ટ ભૂષણ સર્વ ગુણનું જાણ શીલ સુહંકરું.૩૮૭**

અર્થ:—વળી વૈભવ પ્રાપ્ત થવાથી જે ઠકુરાઈ મળી તેનું ભૂષણ જેમ મધુરતા છે, અને શૂરવીર પુરૂષનું ભૂષણ વચનગુપ્તિ છે, તથા જ્ઞાનનું ભૂષણ સમતા છે, અને શ્રુત-

જ્ઞાનનું ભૂષણ વિનય છે, તેમ ધર્મનું ભૂષણ હૃદયની સરળતા છે તથા તપનું ભૂષણ ક્ષમા (ક્રોધ ન કરવો તે) છે, અને જેમ બળવાન પુરૂષનું ભૂષણ ક્ષમા છે, તેમ શીલવ્રત સર્વ સદ્ગુણોનું ઉત્કૃષ્ટ આભૂષણ છે, અને શીલવ્રત જ સર્વ સુખ આપનાર છે. ૩૮૭

કંદર્પની છેલ્લી બીના જણાવે છે:-

**ઇમ વિનયથી સમજાવતી બહુ વાર મલયાસુંદરી,**
**વિપરીત બુદ્ધિ વિનાશ કાલે પણ સમજતો ના જરી;**
**તંદુલ મત્સ્યતણી પરે નીચ ભાવ તે નહિ છોડતો,**
**અંતે પડી અગ્નિ વિષે દુઃખ દુર્ગતિના પામતો.૩૮૮**

**અર્થ:**—એ પ્રમાણે મલયાસુંદરીએ કંદર્પ રાજાને વિનય પૂર્વક ઘણોએ સમજાવ્યો પરન્તુ "વિનાશ કાળે વિપરીત બુદ્ધિ" (જ્યારે જેનો વિનાશ કાળ નજીક આવે છે ત્યારે તેને વિપરીત બુદ્ધિ સૂઝે છે.) એ કહેવત પ્રમાણે રાજા જરા પણ સમજતો નથી. તન્દુલ મચ્છની માફક પોતાની નીચ વૃત્તિને તે રાજા લગાર છોડતો નથી, ત્યારે અન્તે અગ્નિમાં પડીને દુર્ગતિનાં દુઃખ પામ્યો (અહિં મલયાસુંદરીને મહાબળનો મેળાપ થયો છે. ને મહાબળે આરાધેલા દેવની સહાયથી કંદર્પ રાજાને અગ્નિમાં નાખ્યો છે. આનો વિસ્તાર મલયાસુંદરી ચરિત્રમાંથી જાણવો.) ૩૮૮

શ્રી સ્થૂલિભદ્રજીની બીના બીજા બે શ્લોકમાં જણાવે છે:-

**વેશ્યા સદા રાગી છતાં નિજ વેણને માને છતાં;**
**ભોજન ભલું ખાતાં છતાં પ્રાસાદમાં વસતા છતાં;**

**ઉગતી જુવાની છે છતાં ક્ષણ વૃષ્ટિનો પણ તે છતાં,**
**કંદર્પ જીતતા સ્થૂલિભદ્ર વિરાગતાને ધારતા.૩૮૯**

અર્થ:--શ્રી સ્થૂલિભદ્રજી મહારાજ જે વેશ્યાને ઘેર ચોમાસુ રહેવા ગયા છે તે વેશ્યા હંમેશાં સ્થૂલિભદ્ર ઉપર રાગવાળી છે; તેમજ સ્થૂલિભદ્રજીનું વચન માન્ય કરે એવી છે. તેમજ તેમને ખટરસ ભોજન ખાવાને મળે છે, અને તે કામરાગ ઉત્પન્ન થાય એવી ચિત્રશાળા વાળા મહેલમાં રહે છે. તથા સ્થૂલિભદ્રજીની યુવાવસ્થા પણ ઉગતી-નવીન છે. (ભરજુવાની છે), અને કામ વાસનાને પોષનાર વર્ષાઋતુ જેવો સમય છે. એ પ્રમાણે સર્વ સાધનો કામરાગને ઉત્પન્ન કરે એવા છે છતાં પણ દૃઢ વૈરાગ્યને ધારણ કરીને શ્રી સ્થૂલિભદ્રે ચોમાસામાં પોતાની અનુરાગી વેશ્યાને ત્યાં રહીને કામદેવને જીત્યો ૩૮૯

**વેશ્યા બની વ્રત ધારિણી રથકારને પ્રતિબોધતી,**
**રત્ન કંબલ ખાલ ફેંકી સાધુને પ્રતિબોધતી;**
**કરી નાચ સર્ષપ રાશિમાં રથકારનો મદ ટાલતી,**
**પાલીને જિન ધર્મ હેતે ભવ સફલતા સાધતી.૩૯૦**

અર્થ:—સ્થૂલિભદ્રે કામદેવને જીત્યો એટલુંજ નહિં પરન્તુ પોતાના ઉપદેશથી વેશ્યાને પણ બાર વ્રત ધરનારી શ્રાવિકા બનાવી. અને એ શ્રાવિકાએ રાજાએ મોકલેલા સુથા-રને પણ પ્રતિબોધ પમાડયો. તથા સ્થૂલિભદ્રની ઈર્ષ્યાથ ચોમાસુ રહેવા આવેલા સાધુને કામી બનાવી તેની પાસે મહાકષ્ટે પ્રાપ્ત થતી રત્નકંબલ મંગાવી તેને ખાળમાં ફેંકી દઈને તે સાધુને પ્રતિબોધ પમાડયો. તથા સુતારે પોતાની

કળા દેખાડવા આંબાની લુંબ તોડી ત્યારે વેશ્યા શ્રાવિકાએ સરસવના ઢગલા પર સોય ગોઠવી તેની ઉપર નાચ કરી સુતારનો ગર્વ ઉતાર્યો. ત્યાર બાદ ઘણાંજ હેતથી જૈનધર્મ પાળી વેશ્યાએ પોતાનો મનુષ્ય ભવ સફળ કર્યો. ૩૯૦

શીલવંતના નામ સંભારવા, એમ કહે છે:–

**ઊઠી પ્રભાતે ભાવના એ ભાવવી શીલધારીના,**
**વલિ નામ લેવા હોંશથી રાગી બનીને શીલના;**
**શ્રી મલ્લિ નેમિ જિનેશ્વરા શ્રી જંબૂસ્વામી કેવલી,**
**શ્રી સ્થૂલિભદ્રાદિક નમીએ સતિ સુભદ્રાદિક વલી.૩૯૧**

**અર્થ:**—હંમેશાં સવારે ઉઠીને શીલની ભાવના ભાવવી, અને શીલવ્રતના અનુરાગી બનીને જે જે ગુણવાન આત્માઓએ શીલવ્રત પાળ્યાં છે તેઓનાં હર્ષથી નામ લેવાં. શ્રી મલ્લિનાથ નેમિનાથ જેવા જિનેશ્વરો તથા જંબૂસ્વામી કેવલી અને સ્થૂલિભદ્ર વિગેરે મહાપુરૂષોને તથા સ્ત્રીઓમાં સુભદ્રા સતી આદિ મહાસતીઓ, આ બધાએ અદ્ભુત શીલનું પાલન કર્યું છે. માટે તેમને નમસ્કાર કરવો. ૩૯૧

આયુષ્યની ચપલતા જણાવે છે:–

**પવનથી અસ્થિર ધજા સમ જીવ! જીવિત જાણજે,**
**નિરૂપક્રમાયુ અલ્પ સોપક્રમ ઘણાં અવધારજે;**
**સંવેગ માલામાં કહેલા સાત ઉપક્રમને સ્મરી,**
**ઝટ સાવધાન થજે ફરજ સંભારજે તું ફરી ફરી.૩૯૨**

અર્થ:—હે જીવ! આ જીવતર પવનથી આમ તેમ હાલતી ધજાની જેવું ચપલ (ક્ષણિક) છે, એમ જાણજે. વળી નિરૂપક્રમ અને સોપક્રમ આયુષ્યવાળા જીવોમાં નિરૂપક્રમ

આયુષ્યવાળા જીવો ઘણાં થોડા હોય છે, અને સોપક્રમ આયુષ્યવાળા જીવો ઘણાં હોય છે, એમ સમજજે. તથા સંવેગમાળામાં સાત પ્રકારના ઉપક્રમ કહ્યા છે, તેને સંભારીને જલ્દી સાવધાન થજે. અને તારી ફરજો કઇ કઈ છે ? તે વારંવાર યાદ કરજે. ૩૯૨

જીવનની ઉત્તમતા સમજાવે છે:-

**જે જાય જીવિત સાધતાં જિન ધર્મ તેને જાણજે,**
**ઉત્તમ અને તે નિંદ્ય જીવિત પાપ કરતાં જાય જે;**
**રત્નો કરોડો આપતાં પણ ક્ષણ ગયેલો ના મલે,**
**ચેત જીવ! તું ચેત ઝટપટ આળસે શું દી વળે.૩૯૩**

અર્થ:—જે જીવતર શ્રી જૈનધર્મને સાધતાં સાધતાં જાય (વીતે) ,તે જીવતર ઉત્તમ જાણવું, અને જે જીવતર પાપ કરતાં કરતાં જાય, (વીતે) તે જીવતર નિંદનીય ( નિંદાપાત્ર) જાણવું. અને કરોડો રત્નો આપતાં પણ ગયેલો ક્ષણ--અવસર પાછો મળતો નથી, માટે હે જીવ ! તું જલ્દીથી ચેત ચેત, આળસ કરવાથી તારો શું દી (દિવસ) વળવાનો છે, એટલે ત્હારૂં શું ભલું થવાનું છે? ૩૯૩

બુદ્ધિશાલી જનનું લક્ષણ જણાવે છે:-

**એક પણ નિજ આયુનો ક્ષણ જે પ્રમાદ વડે કરી,**
**ન ગુમાવતા તે બુદ્ધિશાલી કર વિચાર ઠરી ઠરી;**
**પુણ્ય પણ્યે દેહ હોડી તેં ખરીદી બહુ ક્ષણે,**
**ભેદાય તે પ્હેલાં ઉતાવળ કર તું કરવા ધર્મને.૩૯૪**

અર્થ—જે ભવ્ય જીવો પોતાના આયુષ્યનો એક ક્ષણ–સમય પણ પ્રમાદવડે કરીને એટલે પ્રમાદમાં--આળસમાં ગુમા–

વતા નથી, તેઓજ બુદ્ધિશાલી ડાહ્યા કહેવાય. આ બાબતનો તું બહુ સ્થિર થઇને વિચાર કરજે. વળી હે જીવ! પુણ્યરૂપી કિંમત આપીને ઘણાં કાળે તેં આ માનવ દેહરૂપી હોડી ખરીદી છે, માટે તે હોડી ભેદાય એટલે કાણી થાય, અથવા હોડી અથડાઇને ભાગી જાય તે પહેલાંજ તું ધર્મ કાર્યો કરવાને ઉતાવળ કર, પરન્તુ આળસ ન કરીશ. ૩૯૪

બે શ્લોકમાં અચાનક મરણ થશે, એમ જણાવે છેઃ-

**ક્ષણ જાય લાખેણો ગણીને જીવ! ઝટ તું ચેતજે,**
**ત્રણ રાક્ષસો કેડે પડ્યા જન્માદિને ના ભૂલજે;**
**જેમની સાથે રમ્યો હું તેહ ઘરડા થઇ ગયા,**
**જેમની સાથે જમ્યો હું તેહ પણ ચાલ્યા ગયા.૩૯૫**

અર્થઃ—હે જીવ! તારો લાખેણો અવસર (લાખો રૂપીઆ જેટલી કિંમતનો સમય) નકામો વહી જાય છે, એમ વિચારીને ત્હારે જલ્દી ચેતવું જોઈએ, કારણ કે જન્મ જરા ને મરણ એ ત્રણ રાક્ષસો ત્હારી પાછળ પડેલા છે. તે ભૂલીશ નહિં. તથા તારે એમ પણ વિચારવું કે- જેમની સાથે હું બાળપણમાં રમ્યો હતો તેઓ હવે કાળ જતાં ઘરડા થયા. અને જેમની સાથે બેસીને હું જમ્યો હતો, તે પણ કાળ જતાં પરલોકમાં ચાલ્યા ગયા. એ પ્રમાણે વિચારીને તું પણ હવે જલ્દી ચેતી જા. ૩૯૫

**જે કામ કરવા કાલ ચાહે આજ તે લેજે કરી,**
**મધ્યાહ્ન કેરૂં કામ તું પરભાતમાં લેજે કરી;**

**આણે કર્યું આણે કર્યું ના કાર્ય એવી કોઇની,**
**વાટ જોતો મૃત્યુ ના સંભાર શિક્ષા વીરની.૩૯૬**

અર્થ:—જે ઉત્તમ કાર્યોને આવતી કાલે કરવાની ઇચ્છા રાખે છે, તેને આવતી કાલનો ભરોસો ન રાખતાં આજેજ કરી લે, અને જે કાર્ય તું મધ્યાન્હે-બપોરે કરવા ઇચ્છે છે તે કાર્ય ઝટ સવારમાંજ કરી લે, કારણ કે મૃત્યુરૂપી રાક્ષસ આ જીવે કાર્ય કરી લીધું છે ને આ જીવે કાર્ય નથી કર્યું એવી કોઇની રાહ જોતો નથી. એ પ્રમાણે શ્રી વીરપ્રભુની શીખામણ-ઉપદેશ છે, તેને તું યાદ કરજે. ૩૯૬

બાલ્યવયના સંસ્કારનો પ્રભાવ જણાવે છે:—

**મત્ત કરિના કાન જેવી જીવ! જુવાની જાણીએ,**
**બાલ્યમાં સંસ્કાર જેવા યૌવને તે પામીએ;**
**સંસ્કાર સારા જિમ ટકે તેવા નિમિત્તો સેવીએ,**
**નિર્દોષ યૌવન જેહનું તે પુણ્યશાલી માનીએ.૩૯૭**

**અર્થ:**—હે જીવ! મદોન્મત્ત હાથીના ચપળ કાન જેવી આ જુવાની છે અને તે જરૂર જવાની છે એમ જાણજે. તેમજ બાળપણમાં જેવા સારા કે નરસા સંસ્કાર પડ્યા હોય તેવા સંસ્કાર યુવાવસ્થામાં પણ આવે છે, માટે જે રીતે સારા સંસ્કારો ટકી રહે તેવાં સારાં નિમિત્તો--સાધનો સેવવાં અને એવાં ઉત્તમ સાધનો તથા સંસ્કારથી જેનું યૌવન નિર્દોષ વર્ત્તતું હોય, તેજ જીવને ભાગ્યશાળી જાણવો. ૩૯૭

પ્રમાદી જીવો આ પ્રમાણે ખેદ કરે છે:-

**જોયા સીનેમા નાટકો યૌવન મદે ઘેલો બની,**
**ગાયા અધર્મિ ગાયનો મસ્તાન ગાવામાં બની;**
**શબ્દ ફોનોગ્રાફના ને રેડિયાના સાંભળ્યા,**
**કર્મ બાંધ્યા આકરા તે ધર્મ દિન ચાલ્યા ગયા.૩૯૮**

અર્થ:--જુવાનીના મદમાં ગાંડો બનીને તેં ઘણાંએ નાટક જોયાં, ઘણાં સીનેમા જોયા, ઘણાં નાચરંગ જોયા, તેમજ ગાયન ગાવામાં મસ્તાન-ગુલતાન બનીને અનીતિ (અધર્મ)ને પોષનારા ઘણાંએ શૃંગારી ગાયન ગાયાં, ફોનોગ્રાફના અને રેડીયોના ઘણા શબ્દો સાંભળ્યા, એટલે તેમાં ગવાતાં અનીતિનાં ગાયનો અને ભાષણો ઘણાંએ સાંભળ્યાં, તે સાંભળીને અતિશય ચીકણાં ઘણાં કર્મ-પાપ બાંધ્યાં, અને ખરો ધર્મ જે જુવાનીમાં સાધવાનો હોય છે તે જુવાનીના દિવસ તો ત્હારા એ રીતે મોજમજાહમાં ચાલ્યા ગયા. ૩૯૮

ઉત્તમ તક ચૂકે, તેની સ્થિતિ જણાવે છે:-

**ધર્મ કાર્યો સાધવાના તુજ પ્રમાદે રહી ગયા,**
**જાતાં જુવાની જેમ વૃદ્ધજનો આધક દીલગીર થયા;**
**એવું ન હોવે જેમ જીવ! તું તેમ ચેતી ચાલજે,**
**દાનાદિ હોંશે સાધીને નિજ ઋદ્ધિને વિકસાવજે.૩૯૯**

**અર્થ:**—ઉપર કહ્યા પ્રમાણે ધર્મકાર્ય સાધવાના જુવાનીના દિવસો ત્હારા પ્રમાદમાં રહી ગયા અથવા વહી ગયા, અને જુવાનીનું જોર જ્યારે ચાલ્યું ગયું ત્યારે વૃદ્ધાવસ્થામાં તે વૃદ્ધજનો ઉપર કહ્યા પ્રમાણે વિચારીને અત્યંત

દીલગીર થાય છે, અને કહે છે કે યુવાવસ્થામાં કંઈ પણ ધર્મ સાધી શકાયો નહિં, અને હવે કાયબળ શિથિલ થતાં ધર્મસાધન જોઇએ તેવું વધારે થઈ શકતું નથી, માટે હે જીવ! એ પ્રમાણે પાછળથી પસ્તાવો ન કરવો પડે તેમ ચેતીને ચાલજે, અને આનંદથી દાન વિગેરે ચાર પ્રકારના ધર્મને સાધીને પૂરેપૂરા પુણ્યોદયે પ્રાપ્ત થયેલી ત્હારી ઋદ્ધિને તું વિકસ્વર કરજે એટલે ધર્મકાર્યમાં ખરચીને સફળ કરજે. અથવા ઉત્તમ જ્ઞાનાદિ ગુણોને ઉજ્વલ બનાવજે. ૩૯૯

ચાલુ પ્રસંગે જરૂરી દૃષ્ટાંત બે શ્લોકમાં જણાવે છેઃ-

**જોઈ પીલાં પાંદડાંને હસત લીલાં પાંદડાં,**
**બોલે તમારૂં રૂપ ગયું ક્યાં ? કિમ થયા તુમ રાંકડાં ?**
**ઉત્તર દીએ હાંસી કરો ના હાલ હોશે અમસમા,**
**નક્કી તમારા નાચવું ના રહી જુવાની તોરમાં.૪૦૦**

**અર્થ:**—કેટલાંક વૃક્ષનાં પાન પાકાં થાય ત્યારે ફીક્કાં ને પીળાં પડી જાય છે, ત્યારે તે ફીક્કાં અને પીળાં પાંદડાંને લીલાં પાંદડાં હસીને બોલે છે કે તમારૂં રૂપ ક્યાં ગયું? અને તમે આમ રાંક કેમ બની ગયા? ત્યારે તે પીળાં પાંદડાં જવાબ આપે છે કે હે લીલાં પાન! તમે અમારી હાંસી ન કરો, કારણકે થોડાજ ટાઇમે તમારા હાલ પણ અમારા જેવાજ થવાના છે એમ નક્કી જાણજો, માટે તમારે અત્યારે જુવાનીના અભિમાનમાં આવીને નાચવું નહિં અથવા રાચવું નહિં. ૪૦૦

કાલ્પનિક દૃષ્ટાંત આ પણ બોધ ઉત્તમ ઇમ દીએ,
જેમ પીલાં પાંદડાં એવાજ વૃદ્ધો જાણીએ;
જેમ લીલાં પાંદડાં તેવા જુવાનો માનીએ,
વૃદ્ધની કરવી ન હાંસી નિત્ય ચેતી ચાલીએ.૪૦૧

અર્થઃ—એ દૃષ્ટાન્ત જો કે તાત્ત્વિક નથી, પરન્તુ કલ્પનાવાળું (ગોઠવીને કહ્યું) છે તો પણ એ દૃષ્ટાન્ત ઘણોજ ઉત્તમ બોધ (શિખામણ) આપે છે, તે આ રીતે કે જેમ પીળાં પાન કહ્યાં તેના જેવા ઘરડા માણસો જાણવા, અને જેમ લીલાં પાંદડાં કહ્યાં તેના જેવા જુવાનિયા જાણવા. ઉપરની બીના યાદ રાખીને જુવાનોએ વૃદ્ધોની હાંસી નજ કરવી. પરન્તુ વૃદ્ધોની વૃદ્ધાવસ્થા જોઇને જુવાન પુરૂષોએ જરૂર ચેતીને ચાલવું જોઇએ. કારણકે જુવાની જોત જોતામાં જરૂર ચાલી જવાની છે. ૪૦૧

જુવાનીમાં પાપ કરનારના બેહાલ જણાવે છેઃ—

આરોગ્યમાં અજ્ઞાનથી ભૂલી સકલ આચારને,
પાપો કરે અણછાજતા ઉદયે ધરે બહુ ખેદને;
માંદો પડે દુઃખે સડે કૃતકર્મ ભોગવવા પડે,
ડહાપણ હવે શા કામનું વળશે ન રજ પુષ્કળ રડે.૪૦૨

અર્થઃ—હે જીવ! જ્યારે ત્હારી ધર્મને સાધવા લાયક નિરોગી અવસ્થા હતી, ત્યારે એ અવસ્થામાં તું બીનસમજણથી સર્વ સદાચારને ભૂલીને તારે કરવા ન છાજે (ન શોભે) તેવાં અનેક પાપકર્મો કરતો હતો, અને જ્યારે તે પાપકર્મો ઉદયમાં આવે છે, ત્યારે તું બહુ ખેદ કરે છે,

તેમજ તે પાપના ઉદયથી તું માંદો પડે છે, દુઃખમાં સડે છે, અને એ રીતે પૂર્વકૃત કર્મના ફલ ભોગવવાં પડે છે., તે વખતે તું ઘણું રૂદન કરે છે, પણ અત્યારે ત્હારૂં ડહાપણ શા કામનું? તું ઘણોએ રડીશ પણ ત્હારૂં કંઇ વળવાનું નથી. ૪૦૨

કઇ રીતે જુવાની સફલ કરવી? તે વાત જણાવે છેઃ-

**ધર્મથી આરોગ્ય તે આરોગ્ય ધર્મ વડે ફલે,**
**પાપ ભય રાખી વિવેકે ચાલતાને સુખ મલે;**
**ભર જુવાની તેહ પણ નર ભવતણી પુણ્યે મલી,**
**ધર્મ સાધન માંહિ તેને જોડજે નિજ હિત કલી.૪૦૩**

**અર્થઃ**—શરીરનું નિરોગીપણું પૂર્વે કરેલા ધર્મથી પ્રાપ્ત થાય છે, અને તે નિરોગીપણું (આરોગ્ય) ધર્મ કરવાથી સફળ થાય છે, માટે પાપનો ભય રાખી વિવેક પૂર્વક ચાલે તેને જરૂર સુખ મળે છે, તેથી હે જીવ! મનુષ્યભવની જે આ ભરજુવાની તે પૂર્વે કરેલા પુણ્યથી તને મળી છે, માટે તું ત્હારાં પોતાનાં હિત-કલ્યાણ કરવા તરફ લક્ષ્ય રાખીને તે જુવાનીને ધર્મકાર્યમાં જોડજે. ૪૦૩

ઝટપટ ચેતીને ચાલવાનું એ શ્લોકમાં જણાવે છેઃ-

**રોગથી હેરાન હોય ન દેહ ઘડપણ જ્યાં સુધી,**
**નિજ વિષયને જાણવા શ્રોત્રાદિ સાજી જ્યાં સુધી;**
**તૂટી નથી તુજ જીવનદોરી જ્યાં સુધી તે કાલમાં,**
**આત્મહિતને સાધજે હે જીવ! સમજી શાનમાં.૪૦૪**

**અર્થઃ**—હે જીવ! ત્હારૂં આ શરીર જ્યાં સુધી રોગથી

પીડાય નહિં, તેમજ જ્યાં સુધી ઘડપણ આવે નહિ, અને શ્રોત્ર (કાન) વિગેરે ઇન્દ્રિયો જ્યાં સુધી પોતાના વિષયો જાણવાને સાજી હોય (સમર્થ હોય), તથા જ્યાં સુધી ત્હારી જીવનદોરી (ત્હારા આયુષ્યની દોરી) તૂટી નથી, ત્યાં સુધીમાં એટલે તેટલા કાળમાં હે જીવ! તું એ ઉપદેશનું તાત્પર્ય એક ઇશારા માત્રમાં જલ્દી સમજી જઇને ત્હારૂં આત્મહિત જરૂર સાધી લેજે. ૪૦૪

**તેમ જો ન કરીશ તો હદપાર પસ્તાવો થશે,**
**ફુટતાં સર તેજ ટાણે પાળ કુણ કિમ બાંધશે;**
**પ્રથમ ચેતી જેહ બાંધે પાળ તે નીડરપણે,**
**જીવન ગુજારે એમ વ્હેલાં ચેત જીવ! ઝટ ચેતને.૪૦૫**

અર્થ:—હે જીવ! જો તું ઉપર કહ્યા પ્રમાણે નહિ કરે, તો તને અનહદ–અતિશય પસ્તાવો (ખેદ) થશે, કોઇ માણસ સરોવર ફૂટે તે વખતે પાળ બાંધવા જાય તો તે બાંધી શકશે ખરો કે? એટલે નહિજ બાંધી શકે. એમ તું પણ મરણની નજીકના ટાઇમે ધર્મસાધન કરવા ચાહીશ, તો તે શી રીતે બની શકશે? તેથી જે ભવ્ય જીવો સરોવર ફુટતા પહેલાં પાળ બાંધવાની માફક પ્હેલેથીજ ચેતીને ચાલે છે, તે જીવો નિર્ભયપણે પોતાનું જીવન ગુજારે છે, વીતાવે છે, માટે હે જીવ! તું એ પ્રમાણે વ્હેલો ચેતી જા. ૪૦૫

જુવાની કોને સુખ આપે? તે જણાવે છેઃ—

**સંયમાદિક સાધનાને યૌવને જે સાધતા,**
**તેમના પગમાં પડીને નમન કર રાજી થતા;**

**મૂઢને તે ઘે અનર્થો ભવ્ય સુખ વૈરાગીને,**
**જંબૂસમા જીવો તણી ઉત્તમ જુવાની જાણને.૪૦૬**

**અર્થ:**—જે જીવો યૌવન અવસ્થામાં સંયમાદિક ધર્મની સાધના કરે છે તેમના પગે પડીને હે જીવ! તું રાજી થઇને નમસ્કાર કર. વળી જે જુવાન અવસ્થા છે તે મૂઢ પુરૂષોને (અજ્ઞ અને મોહવાળા પુરૂષોને) કામ વાસનાદિકના ફંદમાં ફસાવે છે, તેથી અનર્થ આપનારી છે અને વૈરાગ્યવંત જીવોને ઉત્તમ સુખ આપનારી છે, આ બાબતમાં દૃષ્ટાન્ત એ છે કે જંબૂસ્વામીને જુવાની (તે દ્વારા સંયમ સાધવાથી) સુખ આપનારી થઇ એમ જાણવું. ૪૦૬

મૂઢ જનની ભાવના જણાવે છે:—

**ધર્મ કરણી હું કરીશ નિશ્ચિંત થઇને ઘડપણે,**
**મૂઢ જન એવા મનોરથ રાખતા નિત યૌવને;**
**અર્થ કામ ઉપાર્જતા ના સેવતા રજ ધર્મને;**
**વિકટ દેશે મરણ પામે પણ નહી નવકારને.૪૦૭**

**અર્થ:**—મૂઢ જનો જુવાનીમાં દરરોજ એવા વિચાર રાખે છે કે જ્યારે હું વૃદ્ધ થઇશ ત્યારે ઘડપણમાં નિશ્ચિંત પણે નિરાંતે ધર્મકાર્ય કરીશ, એ પ્રમાણે વિચારીને ધન અને વિષયોનાં સાધનો મેળવ્યા કરે છે, પરંતુ શ્રી જિનધર્મને લગાર પણ સાધતા નથી, તેથી છેવટે કોઇ એવા વિકટ સ્થાનમાં (સમુદ્ર વન વિગેરેમાં) મરણ પામે છે કે જ્યાં નવકાર સરખો પણ પામતા નથી. ૪૦૭

ઘડપણના હાલ ત્રણ શ્લોકમાં જણાવે છેઃ-

ઘડપણ તણી પ્હેલાં પરાક્રમ જેહ તનનું દીસતું,
જલપૂર માફક ઘડપણે તે વેગથી ચાલ્યું જતું;
આજ સાધીશ ધર્મ કાલે એમ કરતાં વય ગઈ,
ઘડપણે તો લોભ લવલવ લાલચો વધતી ગઈ.૪૦૮

**અર્થ**:—શરીરનું જે બળ વૃદ્ધાવસ્થાની પહેલાં જુવાનીમાં દેખાતું હતું તે બળ-પરાક્રમ વૃદ્ધાવસ્થા આવતાં પાણીના પૂરની માફક શીઘ્ર ચાલ્યું જાય છે, અને ધર્મસાધન આજ કરીશ કાલે કરીશ એમ વાયદામાં ને વાયદામાં ઉમ્મર ચાલી ( પૂરી થઇ ) જાય છે, ને ઘડપણમાં તો લોભ લાલચ ને લવરી એ ત્રણ લકાર વધતા જાય છે. ૪૦૮

આવી જરા ત્યાં તો થયો સંકોચ સઘલા ગાત્રમાં,
ચાલતાં ખાવે લથડિયા શિથિલતા વલી દંતમાં;
ચક્ષુ તેજ સ્વરૂપ વિઘટે લાળ મુખમાંથી પડે,
વેણ માને ના સગાંઓ હાડકાં સવિ ખડખડે.૪૦૯

**અર્થ**:—જ્યાં વૃદ્ધાવસ્થા આવી કે તુર્ત સર્વ શરીરમાં સંકોચ થવા લાગે ( અંગ સંકોચાવા લાગે ), ચાલતાં ચાલતાં લથડીયાં ખાય, દાંત ઢીલા પડવા માંડે, આંખનું તેજ ને સ્વરૂપ ( દેહની કાંતિ ) ઘટવા લાગે, મુખમાંથી લાળ ગળે, સગાં સંબંધિઓ કહ્યું માને નહિં, અને સર્વ હાડકાં ખડખડવા માંડે. ૪૦૯

નિજ નાર ભક્તિ કરે નહિ ને પુત્ર પણ તરછોડતો,
તોએ ન તૃષ્ણા છોડતો ના ધર્મને રજ સાધતો;

**સ્વર્ગમાં પણ જીવિતાદિક ક્ષણિક સઘલા ભાળતા,**
**દેવ મોટા પણ તજીને સર્વ પરભવમાં જતા.૪૧૦**

**અર્થ:**—વળી વૃદ્ધાવસ્થામાં પોતાની સ્ત્રી પણ સેવા ચાકરી કરે નહિં, પુત્ર પણ તિરસ્કાર કરે, આ બધું કષ્ટ અનુભવે તોયે વૃદ્ધજનો તૃષ્ણા છોડતા નથી ને લગાર પણ ધર્મસાધન કરતા નથી, વળી દેવલોકમાં દેવોનાં લાંબા આયુષ્ય વિગેરે પણ વિનશ્વર (નાશ પામે તેવા) જાણવા, કારણકે મોટા મોટા દેવો પણ દેવલોક છોડીને બીજા મનુષ્યાદિનો ભવ પામે છે. ૪૧૦

સાહિબીની ક્ષણિકતા ત્રણ શ્લોકમાં દૃષ્ટાંતો દઈને જણાવે છેઃ—

**બાલ રેતીમાં બનાવી મ્હેલ આદિ મોઝમાં,**
**રમતા અને તે ભાંગતાં જિમ સંચરે પરસ્થાનમાં;**
**કાલ થોડો સાહિબી સવિ ભોગવીને તિમ ભવી,**
**કર્મને અનુસાર રખડે પામીને સ્થિતિ નવી નવી.૪૧૧**

**અર્થ:**—જેમ ન્હાના બાળક હર્ષથી રેતીમાં કે ધૂળમાં મ્હેલ વિગેરે બનાવી રમે છે, વળી ભાગી નાખે છે, અને બીજે ઠેકાણે ચાલ્યા જાય છે, તેવી રીતે જીવ પણ થોડો વૈભવ ભોગવીને પોત પોતાના કરેલા કર્મને અનુસારે નવી સ્થિતિ (નવાં નવાં સ્થાન) પામીને સંસારમાં રખડે છે.૪૧૧

**સ્વપ્નમાં રાજ્યાદિ પામી એક ક્ષણ હરખે જના,**
**ખિન્ન હોવે જાગતાં જિમ તિમ ક્ષણિક રાજ્યાદિના;**
**સંયોગથી હરખે અને દીન હોય વલિ તે વિઘટતા,**
**મોહથી સંયોગ જેનો તળ વિયોગ ન સમજતા.૪૧૨**

અર્થ:—જેમ સ્વપ્નમાં રાજ્ય વિગેરે પામીને ક્ષણ વાર જીવો હર્ષ પામે છે, પરન્તુ જાગે ત્યારે કંઇ પણ દેખાતું નથી ત્યારે તે ખેદ પામે છે, તેમ ક્ષણ વનાશી રાજ્ય વિગેરે મળતાં મૂઢ જીવો હર્ષ પામે છે, પરન્તુ જ્યારે તે વિનાશ પામે છે, ત્યારે તે મોહવાળા જીવો જેનો સંયોગ હોય તેનો વિયોગ પણ હોય એમ ન સમજતાં દીન ઉદાસીન બની જાય છે. ૪૧૨

**ઇંદ્ર જાલે કંચનાદિ જણાય બહુ ક્ષણ ના રહે,**
**ક્ષણ દૃષ્ટ નષ્ટ સ્વરૂપવાળા ધન પ્રમુખ ઇમ પ્રભુ કહે;**
**સંધ્યાભ્રરાગ સુરેશ ચાપ સમા ધનાદિક જાણતાં,**
**હે જીવ! કેમ મુંઝાય? જલ્દી ચેત કીંમતી ક્ષણ જતાં.૪૧**

અર્થ:—વળી જેમ ઇન્દ્રજાળની વિદ્યા વડે માટી પત્થર આદિ ક્ષુદ્ર વસ્તુઓ સુવર્ણ રત્નાદિ સ્વરૂપે થોડો ટાઇમ દેખાય પણ વધારે કાળ ટકે નહિ, એ પ્રમાણે ધન વિગેરેના વૈભવો પણ ક્ષણ માત્ર દેખાય ને વળી ઘડીકમાં નાશ પામે એવા છે એમ શ્રી જિનેન્દ્ર પ્રભુ કહે છે. આવા પ્રકારના પ્રભુના વચનથી ધન વિગેરે વૈભવો સંધ્યાનાં—વાદળાંના રંગ જેવા અને ઇન્દ્રધનુષ (મેઘધનુષ) ની જેવા જાણીને હે જીવ! તુ શા માટે એ વૈભવોમાં મુંઝાય છે? એ મોહમાં તારો કિંમતી અવસર ચાલ્યો જાય છે માટે તું જલ્દી સાવધાન થા. ૪૧૩

ધનાદિનો ગર્વ નહિ કરવાનું કહે છે:-

**પ્રાસાદ શાલા યુક્ત વર ગાંધર્વ નગર તતિ અહીં,**
**દેખાય સ્થિર જો ઋદ્ધિ પણ તારી હુવે સ્થિર તો સહી;**

ધન સ્વજનને દેખતાં ઉન્મત્ત જેવો તું થઇ,
શું કામ ફોગટ ગર્વ ધારે લાભ એથી નહિ કંઇ.૪૧૪

અર્થઃ—વળી આકાશમાં શાળા સહિત પ્રાસાદોવાળી ગંધર્વ નગરોની શ્રેણિ જે દેખાય છે તે જો સ્થિર ટકી રહે તો આ ત્હારી ઋદ્ધિ પણ સ્થિર રહે, પરન્તુ જેમ ગાંધર્વ નગરની શ્રેણિ સ્થિર રહેતી નથી તેમ ત્હારી ઋદ્ધિ પણ કાયમ રહેવાની નથી, તો એવાં અસ્થિર ધન સ્વજનાદિને જોઇને ગાંડા જેવો ઉન્મત્ત થઇને તું નકામો ગર્વ શા માટે કરે છે? યાદ રાખજે કે એવો ગર્વ કરવાથી કંઇ પણ લાભ નથી. ૪૧૪

છેવટે ધનાદિને તજીને પરભવમાં જવાનું કહે છેઃ–

અલ્પ કાલે તું નહી ને સ્વજન તારૂં ધન નહી,
ભૂત કાલ અનંત ચક્રી વાસુદેવાદિક અહીં;
ચાલ્યા ગયા તે સર્વ છંડી કોણ તું તુજ સાહિબી,
શા હિસાબે તોય ન તજે મોહ એહ અજાયબી.૪૧૫

અર્થઃ—અલ્પકાળમાં એવો વખત આવશે કે જે વખતે તું નહિં હોય, તેમ સ્વજન અને ધન પણ તે વખતે ત્હારૂં નહિં રહે. ભૂતકાળમાં અનંત ચક્રવર્તીઓ ને વાસુદેવો વિગેરે પોતાની સર્વ ઋદ્ધિ અહિં છોડીને ચાલ્યા ગયા તો તેની અપેક્ષાએ તું કોણ? અને ત્હારી સાહિબી, ઋદ્ધિ શું હિસાબમાં છે? છતાં પણ ત્હારી અલ્પ માયાને તું છોડી શકતો નથી એ મોટું આશ્ચર્ય છે. ૪૧૫

વાહનાદિની અનિત્યતા જણાવે છેઃ-

**વાહનાદિ ન નિત્ય કયારે કોઈનું રક્ષણ કરે,**
**તનયાદિ પ્રીતિ સુભગતા પણ ક્ષણિક ઇમ પ્રભુ ઉચ્ચરે;**
**સંસાર માંહિ જેહ સુંદર તેહ અસ્થિર જાણીએ,**
**નિત્ય જિનવર ધર્મને વિનયાદિથી આરાધીએ.૪૧૬**

**અર્થ:**—હાથી ઘોડા વિગેરે વાહનો આદિ ઋદ્ધિ અનિત્ય છે, અને તે કોઈ પણ વખતે કોઇ પણ જીવનું રક્ષણ કરવા સમર્થ નથી. તેમજ પુત્ર વિગેરેની પ્રીતિ અને સૌભાગ્ય પણ ક્ષણવિનાશી છે એમ પ્રભુએ કહ્યું છે. વળી આ સંસારમાં જે જે સુંદર પદાર્થો દેખાય છે તે બધા અસ્થિર જાણીને હે જીવ ! તું હંમેશાં ઉત્તમ વિનય વિગેરેને જાળવીને પ્રભુદેવે કહેલા શ્રી જિનધર્મની જરૂર આરાધના કરજે, જેથી તારૂં કલ્યાણ થાય. ૪૧૬

કયા જીવો સંસાર સમુદ્રનો પાર પામે ? તે જણાવે છેઃ-

**આ ભાવનાનું તત્વ ખુબ વિચારજે રજ ભૂલ ના,**
**આ દેહથી શુભ લાભ પામે ચેતનારા ગુણિજના;**
**જીંદગી થોડી તિહાં ચાળા અરે શા મોહના,**
**શાશ્વતા ત્રણ રત્ન સાધક તીર લહે ભવ જલધિના.૪૧૭**

**અર્થ:**—હે જીવ ! તું આ ઉપર કહેલી ભાવનાનું ખરૂં રહસ્ય બહુજ વિચારજે. એમ કરવામાં તારે ભૂલ કરવી નહિ. કારણકે જે ગુણવંતા ભવ્ય જીવો પ્હેલેથી ચેતીને ચાલે છે, તે જીવો આ શરીરથી સારો લાભ મેળવે છે. તું યાદ રાખજે

કે જીંદગી ઘણી થોડી બાકી રહી છે, તો થોડા જીવતરને માટે મોહના આ ચાળા શા? થોડા જીવનમાં આમ તોફાન કરવું તે છોડી દે, તારા જેવાને તેમ કરવું ન જોઇએ. જે જીવો શાશ્વતા એવાં ઉત્તમ દર્શન જ્ઞાન ચારિત્ર રૂપી ત્રણ રત્નને સાધે છે તેઓજ ભવસમુદ્રનો પાર પામે છે. આ વાત જરૂર લક્ષ્ય (ધ્યાન) માં રાખજે. ૪૧૭

દૃષ્ટાંત દઇને અનિત્યપણું સમજાવે છેઃ-

**કમલ જેહ પ્રભાતકાલે હર્ષ દે જોનારને,**
**બીડાઇ જાતાં તેમ ના વલિ દેખ માતા બળદને;**
**ભર જુવાની કાલમાં તે ધારતો સૌન્દર્યને,**
**ઘડપણે નિસ્તેજ લાગે જાણ ઇમ દેહાદિને.૪૧૮**

અર્થઃ—કમળનું ફૂલ સવારે સૂર્યના કિરણથી વિકસ્વર બને (ખીલે) છે. તેથી તે જોનારને જેટલો હર્ષ આપે છે, તેજ કમળનું ફૂલ સાંજરે સંકોચાઈ જાય છે ત્યારે દેખનારને તેટલો હર્ષ આપતું નથી. વળી માતેલા સાંઢને કે બળદને પણ દેખજે. તેમાંથી આવો બોધ લેજે કે જુવાનીમાં આખલો વા બળદ જેટલો તેજસ્વી દેખાય છે તેટલો તેજસ્વી ઘરડો થાય ત્યારે દેખાતો નથી, એ પ્રમાણે હે જીવ! તું ભર જુવાનીના કાળમાં જેવો સુંદર દેખાતો હતો. ઘડપણમાં તે કરતાં તું એટલોજ નિસ્તેજ દેખાય છે. આ દૃષ્ટાંતથી શરીરાદિક વસ્તુઓને એ પ્રમાણે ક્ષણિક સમજીને જેમ તું નિર્વાણપદ પામે, તે રીતે નિર્મલ ધર્મની આરાધના પરમઉલ્લાસથી જરૂર કરજે. ૪૧૮

બે શ્લોકમાં હિતશિક્ષા ફરમાવે છેઃ--

**સંપત્તિનાં ટાણે લહે જે માન લક્ષ્મી બલે,**
**એમ જાણે તે છતાં તસ નેહ રજ કિમ ના ટલે;**
**મોહને તજવા તણી કિમ વૃત્તિ નવિ પ્રકટે તને,**
**સન્માર્ગ પણ શોધે નહિ ને ઓળખે ન અનિત્યને.૪૧૯**

અર્થ:—હે જીવ! તું જે માન સન્માન પામે છે તે ત્હારી પાસે સંપત્તિ હોય તેવખતેજ સંપત્તિના બળથી પામે છે. નિર્ધન હોય, તે વખતે તો કોઇ માન આપતું નથી એમ તું જાણે છે તે છતાં તે સંપત્તિનો સ્નેહ સ્હેજ પણ કેમ ઘટતો નથી? અને તે ધન આદિકના મોહને તજવાની ઇચ્છા તને કેમ પ્રગટ થતી નથી? તથા તું સાચા માર્ગને કેમ શોધતો નથી? અને સાંસારિક પદાર્થોના અનિત્યપણાને પણ તું કેમ ઓળખતો નથી? ૪૧૯

**વસવાનું કાયમ આ ભવે મારે ધરે ઇમિ ભાવના,**
**ઘર આદિનો માલીક હું ધન આદિ મારા ભાવના;**
**હું અને મારૂં કહે પણ જીવ! જીવન તપાસજે,**
**દેહાદિ તારા કયાં સુધી ? આ પ્રશ્ન ખુબ વિચારજે.૪૨૦**

અર્થ:—હે જીવ! ત્હારી ભાવના એવી છે કે (તું એમ જાણે છે કે) મારે હંમેશને માટે આ ભવમાંજ રહેવાનું છે, અને મરવાનું છેજ નહિં. ઘર આદિકનો માલિક હુંજ છું અને ધન વિગેરે વસ્તુઓ મારીજ છે. એ પ્રમાણે રાત દિવસ હું અને મારૂં એ બે વચન બોલે છે, પણ હે જીવ! ત્હારૂં જીવન–આયુષ્ય કેટલું છે? તેનો વિચાર કર, અને આ

તારા શરીર વિગેરે પદાર્થો કયાં સુધી રહેવાના છે? અથવા પરભવમાં જતાં તે તારી સાથે રહેશે કે નહિ? એ પ્રશ્નનો ખૂબ વિચાર કરજે. ૪૨૦

**છે તાહરી દુનિયા લઘુ નિંદા પ્રશંસા તેહની,**
**સાંભળી ગુંચવાય કરીને ચિંતના નિત તેહની;**
**અટવાઇ મનમાં મુજ વિના દુનિયા કદી ચાલે નહી,**
**ભાવના આવી નકામી કર તું નિજ ચિંતા સહી.૪૨૧**

અર્થ:—હે જીવ! ત્હારી આ કુટુંબ કબીલાની દુનીયા બહુ ન્હાની છે, તેની નિંદા અને પ્રશંસા સાંભળીને તું મનમાં ગુંચવાય છે અને એ ત્હારી ન્હાની દુનિયાનાં ભરણ પોષણાદિ સંબંધી ચિંતા દરરોજ કરીને તેમાંને તેમાં અટવાયા કરે છે (અથડાયા કરે છે—ભમ્યા કરે છે), કારણકે તું મનમાં એમ જાણે છે કે મારા વિના આ દુનિયા કદી ચાલવાની નથી, પરન્તુ ત્હારે એ દુનિયાની ચિંતા કરવી નકામી છે, ખરી રીતે તો હું કોણ છું? મારા આત્માના હિતને માટે મારે શું કરવું જોઇએ? વિગેરે આત્મચિંતા કરજે. ૪૨૧

**વિષય સુખ સારૂં ગણે તું ભર જુવાની કાલમાં,**
**વિકટ દુઃખ મિશ્રિત ગણી તે રાચ ન રહી મોહમાં;**
**જો ન માનીશ તો જરૂર તું લહીશ પશ્ચાત્તાપને,**
**તેહથી અલગા રહીને સાધજે જિન ધર્મને.૪૨૨**

અર્થ:—તું ભરજુવાની ટાઇમે વિષયસુખને સારૂં ગણે છે પરન્તુ તે વિષયસુખ બહુ ભયંકર (બહુ પરિશ્રમવાળા)

દુઃખોથી ભરેલું છે, એમ જાણીને તેવા સુખમાં તું રાચીશ નહિં. તું આ હિતશિક્ષાને જો નહિ માને તો તારે જરૂર પસ્તાવું પડશે, માટે તે વિષયોથી અલગો રહીને એક જૈન ધર્મનીજ આનંદથી આરાધના કરજે. ૪૨૨

**ભર જુવાની વશ પડેલો જીવ પરવશતા લહે,**
**હું કોણ ? મારૂં કાર્ય શું ? તસ ભાન તેને ના રહે;**
**બુદ્ધિ પણ બદલાય તેની વડીલ સામું ના જુએ,**
**પસ્તાય પરિણામે બહુ આ વૃત્તિને તરછોડીએ.૪૨૩**

**અર્થ**:—અજ્ઞાનથી ભર જુવાનીના પાશમાં સપડાએલો જીવ દરેક પ્રકારની પરવશતા-પરાધીનતા ભોગવે છે, અને તેને હું કોણ ? મારૂં કાર્ય શું ? તે બાબતનું ભાન રહેતું નથી, વળી તેવા વિષયરાગી જીવોની બુદ્ધિ પણ બદલાઈ જાય છે. અને તે વડીલોના સ્હામું પણ જોતો નથી અને અન્તે ઘણો પસ્તાય છે, આ વાત ધ્યાનમાં રાખીને હે જીવ! તેવી વિષયની નીચ ભાવનાને તું જરૂર ધિક્કારજે. ૪૨૩

**વિષયને છોડીશ નહિ તો જરૂર તજશે તે તને,**
**કામદેવ નચાવતો ના છોડતો તે વૃદ્ધને;**
**માનેલ સુખ તુજ હોય સ્થિર તો મોહ કરવો ઉચિત છે,**
**પણ તિમ નથી દીર્ઘાયુ દેવો અંતમાં પસ્તાય છે.૪૨૪**

**અર્થ**:—હે જીવ! તું જો વિષયને નહિં છોડે તો તે વિષયો ત્હને તો જરૂર છોડશે, અને આ કામદેવ (વિષયરાગ) વૃદ્ધને પણ છોડતો નથી. વળી તેં જે વિષયોને

ભોગવવામાં સુખ માનેલ છે, તારૂં તે સુખ પણ જો સ્થિર રહેતું હોય, તો વિષયમાં મોહ રાખવો ઉચિત છે પણ તેમ તો છેજ નહિં. કારણકે ભોગમાં આસક્ત ઘણા મોટા આયુ- ષ્યવાળા દેવો પણ અન્તે ( મરણ વખતે ) પસ્તાય છે (ઘણાં ચિંતાતુર ને દુઃખી થાય છે.) ૪૨૪

**દેવનું તિમ તાહરૂં સુખ જીવન! જરૂર સરખાવજે,**
**તુચ્છ સુખમાં મોહ રાખી નિજ વિવેક ન ભૂલજે;**
**ગોઠીયા માતા પિતા સ્ત્રી આદિ પણ ચાલ્યા ગયા,**
**એમ ભાવી ચેતજે આળસ વિષે બહુ દિન ગયા.૪૨૫**

**અર્થ:**—હે જીવ! જ્યારે આવા દેવો પણ અન્તે પસ્તાય છે તો ત્હારૂં સુખ કોણ માત્ર? ત્હારા સુખની અને મહર્દ્ધિક દેવોના સુખની જરૂર સરખામણી કરજે. તેથી તને ખાત્રી થશે કે તેં માનેલું સુખ થોડું અને તુચ્છ છે, તેમાં મોહ રાખીને તું ત્હારા વિવેકને ભૂલીશ નહિં, વળી તારા મિત્રો માતા પિતા સ્ત્રી વિગેરે સર્વે ચાલ્યા ગયા એમ તારે પણ મોડા વ્હેલા જરૂર ચાલ્યા જવાનું છે, એમ ભાવીને (વિચારીને–જાણીને) હવે તું ચેત, કારણકે આળસમાં ત્હારા ઘણા દિવસ વહી ગયા છે. ૪૨૫

**નયન ખુલ્લાં તે છતાં ખાડે પડે તે મૂર્ખને,**
**ઉપદેશ બહુ શું આપીએ? ડાહ્યા લહે સારાંશને;**
**વિવિધ રૂપ ભવની અને પરમાણુની બહુવિધ સ્થિતિ,**
**ભાવનારા જીવને સાચી ક્ષણિકતા ભાસતી.૪૨૬**

અર્થ:—જે ભવ્ય જીવો આંખ ખુલ્લી હોય તે છતાં (દેખતી આંખે) ખાડામાં પડે તો એવા મૂર્ખ જીવને ઘણો ઉપદેશ શું આપવો ? જે ડાહ્યા પુરૂષો હોય તેઓજ આ ઉપદેશનો સારાંશ-તત્ત્વ સમજી શકે છે, વળી જે ભવ્ય જીવો વિવિધ પ્રકારના સ્વરૂપવાળા સંસારની ઘણી વિચિત્ર સ્થિતિઓનો અને તેવીજ રીતે પરમાણુની પણ ઘણા પ્રકારની વિચિત્ર સ્થિતિઓનો યથાર્થ વિચાર કરે છે, તે ભવ્ય જીવોને ક્ષણિકતાનું સત્ય સ્વરૂપ ભાસે છે (અર્થાત્ તે જીવોજ ક્ષણિકતાને યથાર્થ સમજી શકે છે.) ૪૨૬

**ક્ષણિક મૂર્છા પરિહરીને નિત્ય વસ્તુ સાધજે,**
**જ્ઞાનાદિ ત્રણને સાધીને સુખ મુકિતના ઝટ પામજે;**
**ચીજ તારી તુજ કને ના કોઈની પાસે રહી,**
**હાથ જોડી અન્ય પાસે માગવા જેવી નહી.૪૨૭**

અર્થ:—હે જીવ ! તું ક્ષણિક મૂર્છા એટલે નાશવંત પદાર્થોના મમત્વ ભાવનો ત્યાગ કરીને નિત્ય વસ્તુ એટલે નાશ નહિ પામનાર આત્માના ઉત્તમ જ્ઞાનાદિ ગુણોની સાધના કરજે. તથા તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણને સાધીને ઝટપટ મોક્ષ સુખને મેળવજે. તારી ચીજ જે જ્ઞાનાદિ ગુણો તે તારી પાસેજ રહે છે, એટલે બીજા કોઈની પાસે તે જતા નથી. તે કદાપિ તારાથી જુદા પડતા નથી, આ હેતુથીજ તે ગુણો કોઈની પાસેથી લઇ શકાતા નથી. અથવા પોતામાં રહેલા ગુણો બીજો લઇ શક્તો નથી અને બીજામાં રહેલા જ્ઞાનાદિ તે આપણાથી લઈ શકાતા નથી. માટેજ તે તારી ચીજ બીજાની

પાસે બે હાથ જોડીને માગવા જેવી પણ નથી. એમ સમજીને વિભાવ રમણતાનો ત્યાગ કરી તું નિજ ગુણ રમણતા કરવા તરફ જરૂર લક્ષ્ય રાખજે. ૪૨૭

**ભરત ચક્રી ભાવના આ ભાવતાં કેવલ લહ્યા,**
**કરકંડુ વૃષભ તણી સ્થિતિને જોઇ ઝટ ચેતી ગયા;**
**મોહ ખૂબ હતો શરીરનો ચક્રિ સનતકુમારને,**
**તે બન્યું વિષમય પલકમાં પાલતા ચારિત્રને.૪૨૮**

**અર્થ:**—પ્રભુ ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તી આ અનિત્ય ભાવનાને ભાવતાં ભાવતાં કેવલજ્ઞાન પામ્યા, તથા કરકંડુ રાજા બળદની વૃદ્ધપણામાં થએલી અવસ્થા જોઈને એટલે જુવાની નાશવંત અથવા અનિત્ય છે એમ જાણીને ઝટ ચેતીને સંયમની સાધના કરવામાં ઉજમાલ થયા. સનત્-કુમાર ચક્રવર્તીને પોતાના શરીર ઉપર ઘણો મોહ હતો એટલે મારૂં શરીર કેવું ખૂબસુરત છે? એવું તેમને અભિમાન હતું, પરંતુ તેજ શરીર થોડાજ વખતમાં રોગોથી ભરાઇ ગયું અથવા શરીર કદરૂપું થઈ ગયું જેથી તેઓ સમજ્યા કે શરીરની સુંદરતા પણ અનિત્ય છે, તેથી તેમણે પણ નિર્મલ ચારિત્રને અંગીકાર કર્યું. અને છેવટે તેની સાધના કરીને સનત્કુમાર દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયા. ૪૨૮

**પ્રથમ ભાગે ભાવનારૂપ શ્રેષ્ઠ કલ્પલતા તણા,**
**ગંભીર અર્થ ભરેલ શાસ્ત્રો જોઈ પ્હેલી ભાવના,**
**વર્ણવી મેં સ્વ પર હિત રૂપ હેતુને લઈ ધ્યાનમાં,**
**યાચું ક્ષમા ભૂલચૂકની નિજ ભદ્ર ભાવી ચિત્તમાં.૪૨૯**

**અર્થ**:—એવી રીતે જેમાં ભાવના રૂપી સર્વ વાંછિત દેનારી ઉત્તમ કલ્પલતાનું વર્ણન કરેલું છે, એવા '**ભાવના કલ્પલતા**' નામના આ ગ્રંથના પ્રથમ ભાગમાં, ગંભીર એટલે મહાબુદ્ધિશાલી જીવોથી જાણવા લાયક એવા અર્થથી ભરેલા શાસ્ત્રોને જોઇને મેં પહેલી અનિત્ય ભાવનાનું વર્ણન કર્યું. જો કે આ ગ્રંથની રચના કાળજી પૂર્વક કરી છે, તો પણ અનુપયોગ ભાવે કદાચ કંઇ ભૂલચૂક થઈ હોય, તો "માફી માગનારા ભવ્યજીવો પોતાના આત્માનું હિત સાધી શકે છે." આ હિતશિક્ષાને મનમાં વિચારીને શ્રી ચતુર્વિધ સંઘની અને શ્રી ગુરૂ મહારાજની સાક્ષીએ હું પરમ ઉલ્લાસથી માફી માગું છું. ૪૨૯

**હે ભવ્ય જીવ ! અનિત્યતાની ભાવના નિજ ભાવજે,**
**"ના હં ન મે" આ મોહજાપક મંત્ર ઝટપટ સાધજે;**
**મનજીતનારા મોહ જીતે ભાવનાની સ્હાયથી,**
**વિજય મનનો એહ અનુભવ મેં લહ્યો જિનશાસ્ત્રથી.** ૪૩૦

**અર્થ**:—હે ભવ્ય જીવ! તું આ અનિત્ય ભાવનાને હંમેશાં ભાવજે-વિચારજે; તેમજ 'ના હં ન મે' એટલે હું કોઇનો નથી અને મારૂં કોઇ નથી એ મોહને જીતાવનાર મંત્રને તું ઝટ સાધજે, એટલે જગતને હેરાન કરનાર મોહનો ત્યાગ કરજે. આ બાબતમાં શ્રી જ્ઞાનસારમાં કહ્યું છે કે:-**अहं ममेति मन्त्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् ॥ अयमेव हि नञ्पूर्वः, प्रतिमन्त्रोऽपि मोहजित् ॥१॥** યાદ રાખજે કે મનને જીતનારા એટલે વશ કરનારા ભવ્ય જીવો મોહને જીતે છે. અને

ભાવનાની મદદથી મનનો વિજય થાય છે. આ પ્રમાણે મને જિનશાસ્ત્રના અભ્યાસથી સચોટ અનુભવ થયો છે. ૪૩૦

હેય તજજો ગ્રાહ્ય ભજજો જ્ઞેયને પણ જાણજો,
આદર્શ જીવન જીવીને નિજ નિત્ય લક્ષ્મી પામજો;
નહિ બોધ મુજ મજબૂત તોયે ગુરૂચરણ અનુભાવથી,
શ્રી સંઘ સેવા મુજ મલી મલજો ભવોભવ આજથી.૪૩૧

અર્થઃ—હે ભવ્ય જીવો ! તમે ઉપરનો ઉપદેશ સાંભળી હેય એટલે ત્યાગ કરવા લાયક હિંસાદિનો ત્યાગ કરજો. તેમજ ગ્રાહ્ય એટલે ગ્રહણ કરવા લાયક સંયમાદિને ગ્રહણ કરજો અને સાધજો. તથા જ્ઞેય એટલે જાણવા લાયક જીવાદિ તત્વોને પણ તમે સારી રીતે જાણજો. તથા આદર્શ એટલે બીજાને ધડો લેવા લાયક ઉત્તમ સદાચારમય જીવન જીવીને પોતાની નિત્ય લક્ષ્મી જે જ્ઞાનાદિ ગુણો તેમને મેળવજો. જો કે મારો બોધ એટલે શાસ્ત્રનું જ્ઞાન ઘણું મજબૂત નથી, તે છતાં મારા આત્મોદ્ધારક પરમોપકારિ શિરોમણિ પૂજ્યપાદ શ્રી ગુરૂ મહારાજના ચરણ કમળની સેવાના પ્રતાપથી આ ગ્રંથની રચનારૂપ શ્રી સંઘની સેવા મને આજે પ્રાપ્ત થઇ. (મળી) આવી ઉત્તમ શ્રીસંઘની સેવા મને ભવોભવ મળજો. ૪૩૧

વેદાંક નિધિ શશિમાન વર્ષે ઇંદ્રભૂતિ કેવલદિને,
શ્રી રાજનગરે શીઘ્ર સાધી નેમિસૂરિ ગુરૂમંત્રને;
વિદ્યાપ્રભાદિક શિષ્ય સંઘ તણી વિનયી વિજ્ઞપ્તિથી,
પદ્મસૂરિ બનાવતા ધુર ભાવના ઉલ્લાસથી.૪૩૨

**અર્થ:**—તપોગચ્છાધિપિતિ શાસનસમ્રાટ્ સૂરિચક્રચક્રવર્ત્તિ જગદ્ગુરૂ મહીયાત્મોદ્ધારક પરમોપકારિશિરોમણિ પરમ કૃપાલુ પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય સુગૃહીતનામધેય પરમગુરૂ આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના ચરણકિંકર વિનેયાણુ વિજયપદ્મસૂરિએ શિષ્યમુનિ વિદ્યાપ્રભવિજય વિગેરે શિષ્યોની અને જૈનપુરી રાજનગરના રહીશ દેવગુરૂધર્માનુરાગી શ્રાવક સંઘવી શેઠ માણેકલાલ મનસુખભાઈ, શેઠ ચીમનભાઇ લાલભાઇ, શેઠ પ્રતાપસિંહ મહોલાલભાઈ, શેરદલાલ સારાભાઇ, જેસીંગભાઇ કાલીદાસ વગેરે શ્રી સંઘની વિનયવતી વિનતિથી વેદ (૪) અંક (૯) નિધિ (૯) અને શશી (૧) પ્રમાણવાલા વરસે એટલે વિક્રમ સંવત ૧૯૯૪ની સાલમાં સર્વલબ્ધિ નિધાન પરમ પૂજ્ય શ્રી ગૌતમ સ્વામી ગણધર ભગવંતના કેવલજ્ઞાનના દિવસે એટલે કાર્તિક સુદ એકમે પરમ પૂજ્ય ગુરૂમહારાજ શ્રી વિજયનેમિ સૂરીશ્વરજી મહારાજના પવિત્ર નામ રૂપી પ્રભાવિક ગુરૂમંત્રને એકાગ્રતાથી સાધીને ગુજરાતના પાટનગર જૈનપુરી શ્રી રાજનગર (અમદાવાદ)માં પરમ ઉલ્લાસથી આ શ્રી ભાવના કલ્પલતા નામના વિશાલ ગ્રંથના પહેલા ભાગ (અનિત્ય ભાવના)ની રચના કરી. ભવ્ય જીવો આ ગ્રંથને વાંચીને પોતાનું જીવન નિર્મલ બનાવે. આ ગ્રંથની રચનાના લાભ રૂપે હું એજ ચાહું છું કે સર્વ જીવો નિજગુણ રમણતાના અપૂર્વ આનંદને પામે. ૪૩૨

ઈતિ પરમોપકારી પૂજ્યપાદ પરમગુરૂ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વર ચરણકિંકર વિનેયાણુ વિજયપદ્મસૂરિ પ્રણીતાયાં ભાવના કલ્પલતાયાં પ્રથમભાવનાવર્ણાત્મકઃ પ્રથમો વિભાગઃ સમાપ્તઃ ॥